
શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ વિશ્વવિદ્યા શ્રેણી : ૧૬



# સપનાનાં સોદાગર

ઉષા ભાલ મલજી









ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ઇ-બુક શ્રેણી : 34

શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ વિશ્વવિદ્યાશ્રેણી : 16

# સપનાનાં સોદાગર

## ઉષા ભાલ મલજી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના પ્રકાશનો ઓનલાઈન જોવા માટે લિંક
https://gujarativishwakosh.org/ebooks

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ
અમદાવાદ

SAPNANAN SODAGAR

By Usha Bhal Malaji

Published By

Gujarat Vishvakosh Trust

Ahmedabad 380 013

© ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

પ્રકાશક

**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**

51/2, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે,
ઉસ્માનપુરા, અમદાવાદ-380 013

ફોન : 2755 1703

Email : vishvakoshad1@gmail.com / website : www.vishwakosh.org

પહેલી આવૃત્તિ : 2013
પૃષ્ઠ સંખ્યા : 152 - કિંમત રૂ. 140/-

મુદ્રક

**ભગવતી ઑફસેટ**

મિરઝાપુર, અમદાવાદ-380 001

મુખ્ય વિક્રેતા

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ,
અમદાવાદ-380 001 ફોન નં. 22144663, 22149660

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

# પ્રકાશકીય

શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ વિદ્યાવિસ્તારશ્રેણીમાં 'સપનાનાં સોદાગર' પુસ્તક પ્રકાશિત કરતાં અમે આનંદ અનુભવીએ છીએ. આ સ્રેણી દ્વારા રગટ થઈ રહેલું આ 16મું પુસ્તક છે. આ પુસ્તકોમાં જુદા જુદા વિષયો પર માત્ર પરિચયાત્મક લખાણ આપવાને બદલે એને વિશે વિસ્તૃત, અભ્યા પૂર્ણ અને પ્રમાણભૂત સામગ્રી આપવામાં આવે છે. 'લિપિ', 'તળની બોલી' જેવાં પુસ્તકોની સાથોસાથ 'શહીદ વિનોદ કિનારીવાલા' અને પન્નાલાલ પટેલ જેવા સર્જકનું 'તરસ્યા મલકનો મેઘ' નામે ચરિત્ર પ્રકાશિત થયું છે. આ શ્રેણીનાં 'ઊર્જા', 'ભૂમિતિ : સ્વરૂપ અને પ્રકાર' અને 'આપણાં રાષ્ટ્રીય પ્રતીકો' પુસ્તકોએ સહુનું ધ્યાન ખેંચ્યું છે. જુદી જુદી વિદ્યાશાખાનાં પુસ્તકો પ્રકાશિત કરવાનો આયામ ધરાવતી આ શ્રેણીમાં 'પૃથ્વીનો ભૂસ્તરીય ઇતિહાસ', 'હિંદી મહાસાગર', 'વિશ્વનું શિલ્પ-સ્થાપત્ય' અને 'માનવ જનીનવિજ્ઞાન' જેવાં પુસ્તકો પ્રગટ થયાં છે.

'સપનાનાં સોદાગર' પુસ્તક મુંબઈ મહાનગરના વિકાસમાં યોગદાન આપનાર ચરિત્રોની કથા છે. ગુજરાતના સાહસિકોએ દાખવેલાં અપ્રતિમ સાહસનો માર્મિક ચિતાર આ ચરિત્રોમાંથી મળી રહે છે. મુંબઈ મહાનગરના વિકાસમાં પ્રાણ પૂરનારા ગુજરાતી મહાનુભાવોની આ કથા માત્ર દસ્તાવેજી ચિત્રણ જ નથી બ્લેક નવી પેઢીને પ્રેરણા આપનારી મુંબઈના વિકાસની યશોગાથા છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના આ પુસ્તક પ્રગટ કરતાં આનંદ અનુભવે છે અને તેનાં અન્ય પુસ્તકોની જેમ 'સપનાનાં સોદાગર'ને પણ બહોળો આવકાર મળશે તેવી શ્રદ્ધા છે.

તા. 1-5-2013

**ધીરુભાઈ ઠાકર**

**કુમારપાળ દેસાઈ**

# સ્મરણોની કિતાબનાં પાનાં

1960 સુધી મહારાષ્ટ્ર ગુજરાત એક હતાં. ગુજરાત અને મહારાષ્ટ્ર બંને અમારી કર્મભૂમિ. 1947થી 2001 મુંબઈ અમારું બીજું વતન. સ્વાતંત્ર્યપ્રાપ્તિનું એ વર્ષ. મુંબઈમાં ચારે બાજુ ત્રિરંગા ઝંડા લહેરાતા હતા.

ઐશ્વર્યથી છલછલ થતું, સુખ, સંપત્તિનું દર્શન કરાવતું-આધુનિક સુખસગવડોથી પરિપૂર્ણ, સ્વપ્નોની સિદ્ધિ માટે સંઘર્ષ કરતા અનેક યુવાનોના અંતરમાં રમતું મુંબઈ. લગભગ 300થી વધુ વર્ષો અગાઉ ગુજરાતના સાહસિક ‘સપનાંના સોદાગરો’એ અપ્રતિમ સાહસ અને અથાક પરિશ્રમ કરી મેળવેલી સંપત્તિ દ્વારા આવનારી યુવાન પેઢી માટે મુંબઈનું માછીમારોના બેટમાંથી મોહમયી મુંબઈમાં નવસર્જન કર્યું. વ્યક્તિગત સંપત્તિના બુદ્ધિપૂર્વકના યોગદાનથી મુંબઈનો આર્થિક, શૈક્ષણિક, સામાજિક, ધાર્મિક, સાહિત્યિક ક્ષેત્રે, વિકાસ સમાંતર ચાલતો રહ્યો હતો.

1946થી ખેરસાહેબનું પ્રધાનમંડળ હતું. પ્રામાણિક, અત્યંત વિદ્વાન, બુદ્ધિશાળી, વહીવટી કુનેહ ધરાવતા તેમના સાથીદાર પ્રધાનોએ લોકકલ્યાણની એ ભાવનાની પ્રથામાં પ્રાણ પૂર્યા. સંયમ, સહાનુભૂતિ, સદ્વર્તન, સદાચાર ને સદ્‌ભાવનાનો સામાજિક જીવનમાં વારંવાર અનુભવ થતો હતો.

બાંદ્રા અને ખાર વચ્ચે તૈયાર થયેલી સોસાયટીમાં અમે રહેતાં હતાં. મુંબઈની આજુબાજુનાં પરાં ત્યારે નાનાં ગામો જેવાં હતાં. લોકલ ટ્રેનથી પહોંચાતું.

ઘરથી થોડે દૂર દરિયો અને દરિયાકિનારે આવેલું 50 જેટલાં કુટુંબોની વસાહત જેવું, પથ્થરના નાના આવાસો ને નારિયેળીનાં વૃક્ષોથી આચ્છાદિત માછીમારોનું ગામ ‘ડાન્ડા’. વહેલી સવારથી નાના હોડકામાં જાળ લઈ દરિયામાંથી માછલીઓ પકડે, જાતે ઉગાડેલાં થોડાં શાકભાજી ને નારિયેળ ને માછલીઓ વેચવા મુંબઈના બજારમાં જાય. અમને પણ માછીકન્યાઓ દૂધ-શાકભાજી-ફળ-ફૂલ પહોંચાડે.

મુંબઈના સાંબેલાધાર વરસાદના થોડા દિવસોમાં જ્યારે ચારે બાજુ પાણીનું પૂર આવે ત્યારે આ મીનાક્ષીમાછી-કન્યાઓ નાની હોડીમાં આવી અમને જરૂરી ચીજો આપી જાય. એમના પરંપરાગત વર્ષોજૂના તહેવારોમાં અમે ભાગ લઈએ.

તંદુરસ્ત-ભોળા-મહેનતી સંતોષી એ માછીમારોનાં કુટુંબો અને તેમનાં દરિયાનાં ગીતો એક વાર સાંભળ્યા પછી ક્યારેય ભુલાય નહિ.

સો વર્ષની ઉંમરની આસપાસના માછી વડીલો કહેતા કે તેઓની કોમ મુંબઈની જૂનામાં જૂની રહેવાસી છે. મુંબઈ માછીમારોનો બેટ હતો. દરિયાની આજુબાજુ તેમ જ મુંબઈની આસપાસ આવી બીજી પણ વસાહતો હતી. અંગ્રેજો આવ્યા પણ આ મુંબઈ તો ગુજરાતની વેપારી પ્રજાએ બનાવ્યું.

તો આ મુંબઈ કોનું ? વારંવાર આ વિવાદ થતો. 1955 પછી આ વિવાદ ઉગ્ર બનતો ગયો. એમાં રાજકારણના રંગ ભળ્યા. આ મુંબઈ કોનું ? એ પ્રશ્નનો ઉત્તર આ વિશ્વ કોનું ? એનો જે ઉત્તર છે એ જ છે. આ વિશ્વ જે એને અંતરથી ચાહે જે એનું કલ્યાણ કરે અને જે વિશ્વના કલ્યાણકારી વિકાસમાં નિરંતન યોગદાન આપે તેનું.

આ સરળ વાત રાજકારણના રંગમાં ધોવાઈ ગઈ. ઉગ્ર બનતા વાદવિવાદે હિંસક રૂપ ધર્યું. મારફાડ-તોડફોડ-મનોહર મુંબઈનાં કેટલાંક રમ્ય સ્થળોનો નાશ થયો. ત્યારે સાથીદારમિત્રોને થયું, કે આવનારી પેઢી અને ત્યારની પેઢીએ સત્ય જાણવું જોઈએ. દંતકથા જેવી વાતો નહિ. નક્કર સત્ય હકીકત - માર્ગ કંટકછાયો હતો. એક પક્ષે સૂરજને છાબડે સંતાડવાના પ્રયત્નો થતા હતા. તો સત્ય પ્રત્યે મોટી સંખ્યામાં લોકો ઉદાસ હતા; પરંતુ શાન્તિ અને સહકારનો માર્ગ અપનાવનારો એવો પણ વિશાળ, શિક્ષિત વર્ગ હતો. મુંબઈની પચરંગી પ્રજા હતી.

પત્રકારમિત્રો, મહાનુભાવો, કેટલાક ઉદ્યોગપતિઓ, ટ્રસ્ટીઓ, વિદ્વાન આચાર્યો ને સામાજિક કાર્યકર્તાઓની સંમતિથી મુંબઈ વિશેના આ સંશોધનની અમે શરૂઆત કરી.

ગુજરાત સરકારના માહિતી વિભાગ તરફથી દસ્તાવેજી ચિત્ર તૈયાર કરવાની અનુમતિ મળી. અમે તેજપાલના વતન કચ્છમાં કોઠારા ગયાં. રૂપજી ધનજીની માહિતી માટે દીવ ગયાં. કચ્છ, સૂરત, નવસારી, સૌરાષ્ટ્ર, ભરૂચ, મુંબઈ, અન્ય સ્થળો ને મુલાકાતો દસ્તાવેજી ચિત્રમાં કંડારતાં ગયાં. ડાન્ડાના માછીમારોને પણ ન ભૂલ્યાં. તેઓએ ‘જીવરાજ બાલુ’ની ઓળખાણ આપી. વિશેષ માહિતી મુંબઈનાં પુસ્તકાલયોમાંથી મળી આવી. પાંચ વર્ષના સંશોધન પછી મનોહર મુંબઈના રચયિતા એ ‘સપનાનાં સોદાગરો’નો ઋણસ્વીકાર.

મુંબઈનાં પુસ્તકાલયો, સૌરાષ્ટ્ર ટ્રસ્ટ જન્મભૂમિ પુસ્તકાલયના પૂર્વકર્મચારીઓ, ભારતીય વિદ્યાભવન પુસ્તકાલયના પૂર્વકર્મચારીઓ, ટાઇમ્સ ઑફ ઇંડિયા, સેન્ટ્રલ લાઇબ્રેરી, મુંબઈ સમાચાર, જનશક્તિ, પિટિટ લાઇબ્રેરી ને મણિભવને વિગતો મેળવવામાં સહાય કરી તે માટે આભારી છું.

કચ્છનો ગ્રામીણ સમાજ, દાનવીરોનાં કુટુંબીજનો - અન્ય કેટલીક મુલાકાતો - ગોકુલદાસ તેજપાલના પૌત્ર પદ્મનાભ તેજપાલ, કૃષ્ણરાજ ઠાકરસી, શ્રીમતી સુમતિબહેન મોરારજી, શ્રીમતી મણિબહેન નાણાવટી, જે. જે. સ્કૂલ ઑફ આર્ટના તે વખતના નિયામક, મણિભવનનાં પૂર્વનિયામક ડૉ. ઉષા મહેતા, શ્રી અરવિંદ મફતલાલ, શ્રી ગિરીશ મુનશી, દેના બૅન્ક ને ભારતીય વિદ્યાભવનના પૂર્વટ્રસ્ટી શ્રી પ્રવીણચન્દ્ર, શ્રી ચુનીલાલ મડિયા, શ્રી ચન્દ્રવદન મહેતા, ડૉ. સુધાબહેન રમણલાલ દેસાઈ, શ્રી ચન્દ્રકાન્ત બક્ષી, ટાટા ટ્રસ્ટ સંકુલ, લાએઝન ઑફિસ ગુજરાત, સરકાર મુંબઈ અને રમેશ પુરોહિત તેમજ ગુજરાત સરકારના માહિતી વિભાગના પૂર્વનિયામક શ્રી અમૃતભાઈ, શ્રી દલપતભાઈ પઢિયાર ને હાલનાં માહિતી નિયામક શ્રીમતી વિભૂતિબહેન છાયાનો દસ્તાવેજી ચિત્ર તૈયાર કરવાની અનુમતિ આપવા માટે ને સંશોધનમાં ઉપયોગી કેટલીક માહિતી આપવા માટે આભાર.

અહીં જેમની કાવ્યપંક્તિઓ તેમજ ગદ્યખંડોનો નામ સાથે કે નામોલ્લેખ વિના ઉપયોગ થયો છે તે સૌ કવિ, લેખકો, સાહિત્યકારો ને મહાનુભાવોનો આભાર.

આપણા પ્રતિનિધિ સારસ્વતો સહિતના ગુજરાત અંગેના સંદર્ભગ્રંથો અને અન્ય સામગ્રીના લેખકો, સંપાદકો અને પ્રકાશકોની આભારી છું.

પુસ્તક-પ્રકાશનનો વિશ્વકોશ તરફથી સ્વીકાર કરવા માટે - જરૂરી માર્ગદર્શન આપવા માટે ને પુસ્તકમાં રસ ધરાવવા માટે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની અને મુ. શ્રી ધીરુભાઈ ઠાકરની ઋણી છું. પુસ્તક-પ્રકાશન માટે અત્યંત જહેમત ઉઠાવવા માટે શ્રી કુમારપાળ દેસાઈ અને તેમના સહકાર્યકરોનો આભાર.

ઉષા ભાલ મલજી

# અનુક્રમ


| | | |
|---|---|---|
| | સ્મરણોની કિતાબનાં પાનાં | 5 |
| 1. | મોહમયી મુંબઈના રચયિતા ગુજરાતી | 10 |
| 2. | રૂપજી ધનજી | 12 |
| 3. | જીવરાજ બાલુ | 21 |
| 4. | ગોકુલદાસ તેજપાલ | 23 |
| 5. | કચ્છ-સૌરાષ્ટ્રના સોદાગરો | 26 |
| 6. | કરસનદાસ વલ્લભદાસ મૂળજી | 28 |
| 7. | નર્મદ | 29 |
| 8. | મોબેદ ફરદુનજી મરઝબાનજી | 36 |
| 9. | જમશેદજી જીજીભાઈ | 38 |
| 10. | માણેકજી નસરવાનજી પીટીટ | 41 |
| 11. | સર કાવસજી જહાંગીર | 44 |
| 12. | પ્રેમચંદ રાયચંદ | 45 |
| 13. | જમશેદજી નસરવાનજી ટાટા (જે. એન. ટાટા) | 48 |
| 14. | સર દોરાબજી ટાટા | 53 |
| 15. | મોરારજી ગોકુલદાસ | 76 |
| 16. | નરોત્તમ મોરારજી | 79 |
| 17. | સુમતિ મોરારજી | 86 |
| 18. | ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર | 99 |
| 19. | દામોદરદાસ ઠાકરસી - પ્રેમલીલા ઠાકરસી | 104 |
| 20. | મફતલાલ ગગલભાઈ | 108 |
| 21. | ચંદુલાલ નાણાવટી - મણિબહેન નાણાવટી | 111 |
| 22. | ગાંધીજી અને મણિભવન | 116 |

| | | |
|---|---|---|
| 23. | કનૈયાલાલ માણેકલાલ મુનશી | 140 |
| 24. | દિનકરરાવ નરભેરામ દેસાઈ | 147 |
| 25. | ડૉ. હોમી ભાભા | 150 |
| 26. | માનવકલ્યાણ માટે અભિયાન | 161 |
| 27. | ડૉ. જમશેદજી ભાભા | 167 |
| 28. | મોહમયી નગરી મુંબઈ | 173 |

# 1. મોહમયી મુંબઈના રચયિતા ગુજરાતી

ગુજરાત રાજ્ય 1960માં અગાઉના મુંબઈ રાજ્યથી અલગ થયું તે પહેલાંના મુંબઈના વિકાસમાં ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના સાહસિકોએ અમૂલ્ય ફાળો આપ્યો છે. અન્ય ભૌગોલિક વિસ્તારમાંથી આવેલી પ્રજાના મુકાબલે ગુજરાતની દિશાથી આવી મુંબઈમાં સ્થિર થયેલી હિન્દુ, મુસ્લિમ અને પારસી કોમોએ કોઠાસૂઝથી મુંબઈના ભાવિ વિકાસની તકોનો તાગ મેળવી લીધો અને શહેરની કાયાપલટનો સહિયારો નિરધાર કર્યો. હાલ ભારતના અગ્રગણ્ય શહેર અને બંદર તરીકે નામના ધરાવતા અર્વાચીન મુંબઈનો વિકાસ છેલ્લા સવા ત્રણ સૈકાઓ દરમિયાન થયેલો છે; તેમાં પ્રજાપક્ષે ગુજરાતના સાહસિક વેપારીઓ-ઉદ્યોગપતિઓ અને વિદ્વાનોનો વિપુલ ફાળો રહેલો છે. શરૂઆતથી જ ભાવિ પેઢીના વિકાસનો ખ્યાલ રાખી આ મહાનુભાવોએ સાહસ ખેડ્યાં અને આજે પણ તેમનાં સાહસોનો લાભ દેશને તેમજ ભારતની સમગ્ર પ્રજાને મળે છે.

તેઓ આવ્યા; નિરીક્ષણ કર્યું ને વિજયી બન્યા. એ 'સપનાનાં સોદાગર' હતાં. તેમણે સપનાં જોયાં અને ભારતના યુવાનોને સપનાં જોતાં કર્યા. દેશ-વિદેશમાં ભારતનું નામ રોશન કર્યું.

તેઓએ સ્થાપેલી અનેક સંસ્થાઓ, પ્રસિદ્ધ ઇમારતો, ઉદ્યોગો સાક્ષીરૂપ છે.

ગુજરાતનો વિશાળ રમ્ય સાગરકિનારો જાફરાબાદથી વિસ્તરેલો વેરાવળ પ્રભાસ પાટણનો કાંઠાળ પટ્ટો.

ત્રણ સદીથી પણ અગાઉના એ જમાનામાં નાણું અને કીર્તિ શાહ સોદાગરી કરીને કમાવાતાં. સમુદ્રને કિનારે વસતી કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતની ખડતલ, કલ્પનાશીલ આ યુવાન પ્રજાને વતનની શેરીઓ તેમનાં સાહસો માટે સાંકડી પડી.

રેતીમાં પડેલાં તેમનાં પગલાં ભરતી આવતાં અદશ્ય થયાં, પરંતુ દરિયાખેડુ સાહસિકોની કીર્તિપતાકા લહેરાતી રહી. લહેરાતી જ રહેશે.

આપણી કથાનો આરંભ ઈ. સ. 1660થી તે સમયના પોર્ટુગીઝ રાજના ગામ દીવથી કરીશું.

એ સમયમાં દીવમાં કપોળ પરિવારના રૂપજી ધનજી ફિરંગી સરકારના મોદી તરીકે કામ કરતા. દીવના સામા કાંઠે આવેલા ઘોઘલા ગામમાં એક આવાસમાં એ રહેતા હતા. મુંબઈનો ટાપુ પોર્ટુગીઝ રાજાએ 1661માં ઇંગ્લૅન્ડના રાજાને સુપરત કર્યો ત્યારે રૂપજી ધનજી કંપની સરકારના મોદી તરીકે નિમાયા.

❑

# 2. રૂપજી ધનજી

**કથાનાયક છે રૂપજી ધનજી (1661).**

દીવના એક નેમા પારેખે 10 કલમની શરતો ઈ. સ. 1677માં મુંબઈ સરકાર પર લખી મોકલી ને તેમાં એવી માગણી કરી કે, જો તે પાળવાનું વચન આપવામાં આવે તો દીવના વાણિયા, મુંબઈ આવી વસે. તેમાંની લગભગ બધી શરતો કંપનીના આડતિયાઓએ પાળવાની કબૂલાત આપતાં, દીવના વાણિયાઓએ મુંબઈ જઈ વસવા વિચારણા કરી. એ સમયે એટલે આજથી લગભગ 300થી વધુ વર્ષ ઉપર. જે વ્યક્તિનું આ વૃત્તાંત છે, તેમની પાંચમી પેઢીના વડીલ શાહ રૂપજી ધનજી રોજગાર અર્થે સૌપ્રથમ મુંબઈ દીવથી આવી વસ્યા. તેમને ઇજારો લેવાનો સારો અનુભવ દીવમાંથી જ મળ્યો હતો. તેથી મુંબઈ આવી તે જ ધંધાનો આરંભ કર્યો. તેમના કુળની દંતકથાની નોંધ પરથી જણાય છે કે તેમને શરૂમાં અંગ્રેજ સરકારને અનાજ અને કેટલોક સરંજામ સામટો પૂરો પાડવાનો પ્રથમ ઇજારો લેવાનું શરૂ કર્યું. તેમના ત્રણ પુત્રોમાંના મોટા શેઠ મનોરદાસે પિતાનો સ્વર્ગવાસ થયા પછી તેમનો જ ધંધો ચાલુ રાખ્યો. કંપની સરકારના કામનો વિસ્તાર જેમ જેમ થતો ગયો, ત્યારે તેમને પોતાના પિતા કરતાં પણ સંપત્તિનો વિશેષ લાભ થયો. સાથે શરાફી ધંધો પણ ચલાવ્યો. આ ઉદ્યોગમાં પ્રામાણિકપણે પોતાની પ્રતિષ્ઠા જાળવી રાખવાથી તેમની આબરૂ એટલી બધી વધી કે જનતા અને સરકારમાં ખૂબ માન પામ્યા અને લોકો તેમને મુંબઈના નગરશેઠમાં ગણવા લાગ્યા. એ પદની ગરિમા તેમના વંશજોએ પોતાની યોગ્યતાએ કરી પોતાના કુળમાં જાળવી રાખી.

શેઠ મનોરદાસ પુષ્કળ નામના અને ભરપૂર સંપત્તિ મૂકી ગયા. તેમના પુત્ર રણછોડદાસનો તેમની હયાતીમાં સ્વર્ગવાસ થતાં તેના પુત્ર માધવદાસને વેપાર-વાણિજ્યમાં પોતાના કુળની પરંપરા પ્રમાણે એમણે તૈયાર કર્યા. શરાફીના ધંધામાં પ્રામાણિક અને સ્વતંત્ર સ્વભાવના હોવાથી વેપારીઓમાં તેમજ સરકારમાં (માધવદાસની) સારી કીર્તિ પ્રસરી. કીર્તિવંત શેઠ વરજીવનદાસ એ માધવદાસના સૌથી નાના પુત્ર. શેઠ વરજીવનદાસનો જન્મ ઈ. સ. 1817ની 28મી જાન્યુઆરીએ

થયો હતો.

બાલ્યાવસ્થામાં મહેતાજી પ્રાણશંકર ગોવિંદરાયની નિશાળમાં ગુજરાતીમાં અભ્યાસ કર્યો. ત્યારે ધૂડી નિશાળ કહેતા. ત્યાર પછી બાલવેલવાળી અંગ્રેજી શાળામાં અને વધુ અભ્યાસ ડુંગરી કિલ્લામાંની રેજિમેન્ટલ સ્કૂલમાં દાખલ થઈ અંગ્રેજી કેળવણી સારી રીતે સંપાદન કરી.

શુદ્ધ અને ઉત્તમ અંગ્રેજીનું વધુ જ્ઞાન મેળવવા એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટના પ્રસિદ્ધ પ્રિન્સિપાલ ડૉ. હાર્દનેસનાં ઇતિહાસ વિષય ઉપરનાં ટાઉનહૉલમાં યોજાતાં ભાષણોમાં વરજીવનદાસ નિયમિત જતા. મોટા ભાઈ મૂળજીભાઈના મૃત્યુ સમયે તેમની ઉંમર માત્ર 23 વર્ષની હતી. ભાઈને સંતતિ ન હોવાથી મિલકતની વ્યવસ્થાની જવાબદારી શેઠ વરજીવનદાસ પર આવી. વડીલ ભાઈએ વિશ્વાસપૂર્વક આ ભારે કામ સોંપ્યું તે શેઠ વરજીવનદાસની કાબેલિયતનો પુરાવો છે. પરગજુ સ્વભાવ, વ્યવહારકૌશલ્ય, દીર્ઘદૃષ્ટિ અને નિર્મળ બુદ્ધિને લીધે શેઠ વરજીવનદાસ લોકચાહના પામ્યા અને જનકલ્યાણનાં અનેક કાર્યો કરી કીર્તિમાં વધારો કર્યો.

શેઠ વરજીવનદાસને ગ્રાંડ જૂરીમાં બિરાજવાનું માન મળ્યું હતું. જે ભાગ્યે જ દેશીઓને મળતું. તેમજ રૉયલ એશિયાટિક સોસાયટીની મુંબઈની શાખાના મેમ્બરનું વિશેષ માન ઘણાં વર્ષો સુધી પામ્યા.

એક પછી એક કીર્તિશિખરો હાંસલ કરતા રહ્યા. બૉમ્બે નેટિવ ડિસ્પેન્સરીના ટ્રસ્ટી તથા ડિરેક્ટરનું સ્થાન જીવનપર્યંત સંભાળ્યું.

સ્વ. શેઠ જગન્નાથ શંકર શેઠના ધર્મના દવાખાનાના પણ ટ્રસ્ટીઓની સભાના પ્રમુખ હતા. પ્રજાકલ્યાણનાં તેમનાં કાર્યોના ફળ સ્વરૂપે ઈ. સ. 1853માં તેમને મુંબઈ સરકારે 'જસ્ટિસ ઑફ ધી પીસ' એટલે 'સુલેહના અમલદાર'નો ઇલકાબ આપ્યો - તેમને કપોળ જ્ઞાતિએ ન્યાતના શેઠ નીમ્યા. તે સમયે મુંબઈમાં પ્રખ્યાત, બહુમાન ધરાવતા શેઠ સોરાબજી શાપુટજી બંગાળી, સી. આઈ. ઈ.ની સાથે ભાગમાં મિ. ડબલ્યુ. એ ગ્રેહામની કંપનીના ગૅરંટી બ્રોકરનું કામ સ્વીકાર્યું. તેમના કામથી મેસર્સ ગ્રેહામની કંપનીને ખૂબ વિશ્વાસ પડ્યો ને સંતોષ થયો. 1893માં શેઠ સોરાબજીના દુઃખદ અવસાન પછી પણ તેમને એકલે હાથે એ પેઢીનું કામ ચલાવવાનું સોંપ્યું - ને જીવનપર્યંત મેસર્સ વરજીવનદાસ માધવદાસ ઍન્ડ સન્સના નામથી પેઢીનું કામ સંભાળ્યું.

1864-65માં શૅરબજારનો પવન ફૂંકાતો હતો, ત્યારે અનેક નવી બૅન્કો અને ફાઇનાન્સ કંપનીઓ, લૅન્ડ રેકલેમેશન કંપનીઓ, સ્પિનિંગ અને વીવિંગ કંપનીઓ વગેરે સ્થપાતી હતી. એ બૅન્કોમાંની 'જૉઇન્ટ સ્ટૉક કૉર્પોરેશન' નામની એક બૅન્કના શેઠ વરજીવનદાસ પ્રોમોટર તથા સેંટ્રલ બૅન્કના ડિરેક્ટર નિમાયા હતા. વિશેષમાં

કૉમર્શિયલ અને ઓરિએન્ટલ સ્પિનિંગ સુંદરદાસ સ્પિનિંગ વગેરેમાં તેઓ નિમાયા હતા. આવી મોટી નાણાબજારની ઊથલપાથલના વખતમાં નાનામોટા સૌ કોઈ લાલચથી શૅરસટ્ટા કરતા હતા. શેઠ વરજીવનદાસ ઉપરની કંપનીઓમાં હોવા છતાં સટ્ટાના ખુવારીભર્યા વ્યાપારથી અળગા રહેવાના પોતાના ડહાપણભર્યા મક્કમ નિર્ણયને છેવટ સુધી વળગી રહ્યા હતા. અંતે જ્યારે મોટી મોટી જૂની તથા ઊભી થયેલી નવી પેઢીઓ કટાકટ ભાંગી પડી ત્યારે એમની પેઢી સલામત હતી. વિપરીત સંજોગોમાં તેઓ ક્યારેય વિચલિત થતા નહીં. બીજાઓના વિચારોથી દોરવાઈ જતા નહીં. ઈ. સ. 1873માં મુંબઈની મ્યુનિસિપાલિટીનો વહીવટ ચલાવવાનું નવું ધોરણ સ્થપાયું, ત્યારથી શેઠ વરજીવનદાસને કોટ વિભાગના કર ભરનારાઓએ પોતાના પ્રતિનિધિ તરીકે ચૂંટી કાઢી માન આપ્યું હતું. જ્યાં સુધી તે એ હોદ્દા પર રહ્યા ત્યાં સુધી કર ભરનારાઓનું હિત હૈયે રાખી તેમણે એ કામ સંભાળ્યું. અંગ્રેજ સરકાર સામે પ્રજાના લાભ તેઓએ પોતાના બહોળા અનુભવને લીધે સારી રીતે જાળવ્યા હતા.

શ્રી વરજીવનદાસે સામાજિક ક્ષેત્રે યોગદાન આપ્યા પછી શેઠે ધર્મનાં કામો મોટા પાયા ઉપર કરવાનો આરંભ કર્યો અને જૂના જમાનામાં થતાં ધર્મકાર્યો જે જનતા માટે કલ્યાણકારી હતાં તેની સાથે પોતાની આગવી રીતથી સમયની માંગ પ્રમાણે નવી પદ્ધતિનાં લોકોપયોગી કાર્યોનો આરંભ કર્યો. આ પ્રમાણે વિદ્યાશાળાઓ અને પાઠશાળાઓ, કન્યાઓ માટે અલગ શાળાઓ, રોગીઓ માટે ઇસ્પિતાલો, વિદ્યાના ઉત્તેજનાર્થે સ્કૉલરશિપનો પ્રબંધ, લોકોને થોડા ખર્ચથી પુસ્તકો અને વર્તમાનપત્રો વાંચવા મળે અને તેથી જ્ઞાનનો વધારો થાય માટે પુસ્તકાલયો સ્થાપવાં એ બધાંનો ધર્મનાં કાર્યોમાં સમાવેશ કર્યો. અસલનાં ધર્મકાર્યો સંઘ કહાડવા અન્નક્ષેત્રો સ્થાપવાં, દેવાલયો બંધાવવાં, ધર્મશાળાઓ બંધાવવી, દુષ્કાળ સમયે ગરીબોને અનાજ આપવું, 108 ભાગવતનાં પારાયણ બેસાડવાં કે બ્રાહ્મણભોજન - આ અસલમાં ધર્મકાર્યો જેટલાં ઉપયોગી છે તે શ્રી વરજીવનદાસ જાણતા, તેમ નવીન રીતનાં કાર્યો તેટલાં જ ઉપયોગી છે એવી પણ તેમની માન્યતા હતી, તેમણે ઊંડા વિચારને અંતે કેટલાંક ધર્મકાર્યોમાં નવાજૂના વિચારોનું મિશ્રણ અને કેટલાકમાં જુદી જ રીત અપનાવી ધર્મ કરવાનો એક ન્યારો જ માર્ગ અપનાવ્યો. તેમાં પણ ઉત્તમ અને લોકોને ભવિષ્યની પેઢીને લાભદાયી નીવડે તે જ કાર્યો પસંદ કર્યાં.

પોતાના તીર્થરૂપ બાહોશ પિતા શેઠ માધવદાસ રણછોડદાસનું નામ કાયમ રહે એવા શુભ હેતુથી કાવસજી પટેલના તળાવ આગળની લાલબાગને નામે જાણીતી જગ્યા ઈ. સ. 1874માં પોતાના વડીલ ભાઈ શેઠ નરોત્તમદાસની સાથે મળી ખરીદ કરી ત્યાં હિન્દુઓને લગ્ન જેવા શુભપ્રસંગે અને બીજાં કાર્યોમાં ઉપયોગી થાય તેવી વ્યવસ્થા કરી. ઈ. સ. 1875માં એ જ જગામાં પોરબંદરી પથ્થરનું અતિસુંદર

શિખરબંધ દેવાલય પણ બંધાવ્યું. આ મંદિર પૂર્વાભિમુખે ઊંચા પડથાળ પર બાંધવામાં આવ્યું છે. નિજ મંદિર ચોરસ છે. તેની દરેક બાજુની લંબાઈ 18॥ ફૂટ છે અને શિખર સુધી ઊંચાઈ આશરે 70 ફૂટ છે. મંદિરના શિખરના ઉપલા ભાગને ત્રણ ચોખંડા તબક અથવા થર છે. તે એક પછી એક સાંકડા થતા જાય છે. તે પછી ઘુમ્મટ આવે છે. તેના ઉપર સોનેરી કળશ છે. દરેક થરની દરેક બાજુને ખૂણે પાસાદાર ચોરસ કળશવાળા સ્તંભ છે. તેના ઉપર જટાધારી ઋષિઓ પલાંઠીવાળી બેસાડેલા છે. પહેલા થરની પૂર્વ બાજુના ગોખલામાં મોટા કદની મુરલીધરની, ઉત્તર બાજુમાં કાળભૈરવની, દક્ષિણમાં મહાલક્ષ્મીની અને પશ્ચિમમાં કાલિકાની મૂર્તિઓ છે. એ મંદિરના મુખ આગળ 25 ફૂટ લાંબો અને 18 ફૂટ પહોળો સભામંડપ છે. એ બધામાં નકશીકામ ઉચ્ચ પ્રકારનું છે અને તે સઘળું તે સમયના ઉત્તમ શિલ્પ રા. રા. મુકુંદરાય રામચંદ્રની દેખરેખ નીચે કરાવવામાં આવ્યું છે. તેમાં સંવત 1931ના વૈશાખ સુદ 12ના રોજ શ્રી લક્ષ્મીનારાયણની સ્થાપના કરવામાં આવી હતી. એ પ્રતિમાઓ શ્રી ભીંવા રામજીની કારીગરીનો એક ઉત્તમ નમૂનો છે અને તે મૂર્તિઓ દેશ-પરદેશના કલાકારોમાં વિખ્યાતિ પામી છે.

આ વિશાળ સ્થળ હિન્દુઓની ભરવસ્તીવાળા ભાગમાં આવેલું છે. આશરે 7000 ચોરસવારના વિસ્તારનું છે. દેવાલય ઉપરાંત તેની ઉત્તર બાજુએ એક બંગલો બાંધેલો છે. જે ચારે બાજુએ ખુલ્લો હોવાથી એક શોભીતા મંડપની ગરજ સારે છે. દેવાલયની દક્ષિણ બાજુએ પણ ત્યાં આવેલો બીજો ભાગ કાર્ય કરવા આવનાર હિંદુ ગૃહસ્થોના કુટુંબને રહેવા માટે સગવડ ભરેલો છે. તેની સામેનો ભાગ લોખંડના સુંદર કઠેરાથી છૂટો પાડી, તેમાં આવવા-જવા સારુ દરવાજા મૂકેલા છે. અંદરના ભાગમાં સામસામા બે ફરસબંધી ઓટલા બાંધેલા છે. દરેકની લંબાઈ 128 ફૂટ અને પહોળાઈ 33 ફૂટની છે. મધ્યમાં એક માળની ઇમારત બંધાવી છે. આ ગોઠવણથી વચ્ચે જે ખુલ્લો ચોક રાખવામાં આવ્યો છે તે લગ્ન જેવા શુભ પ્રસંગો પર મંડપ બાંધવા તેમજ ત્યાં એક સુંદર બાગ હોવાથી લોકોને સાંજ-સવાર હરવાફરવા અને વિશ્રાંતિ લેવા ઉપયોગી થઈ પડે છે. પરદેશના નિષ્ણાતોની સહેજ પણ મદદ કે સહાય વિના આ માધવબાગ તે સમયે પ્રખ્યાત મિસ્ત્રી પારસી હીરજીભાઈ રતનજીની દેખરેખ હેઠળ બંધાયો છે.

પિતૃતર્પણ સ્વરૂપે તૈયાર થયેલા આ ધર્મખાતાનું નામ પિતાના નામ ઉપરથી 'માધવબાગ' રાખવામાં આવ્યું છે. તેના હંમેશના નિભાવ માટે સરકારી લોન-વ્યાજનું અનિશ્ચિતપણું જાણી વારસદાર શેઠિયાઓએ વાલકેશ્વર પર આવેલી પોતાની ડુંગરોની જમીનમાં ભોંયભાડાની રૂ. 1200ની વાર્ષિક આવક અને માધવબાગની દુકાનોની આવક ટ્રસ્ટને અર્પણ કરી છે.

આ માધવબાગ હિંદુઓના શુભ પ્રસંગો માટે, સાંસારિક, રાજકીય અને

ધાર્મિક પ્રવૃત્તિઓ માટે અદ્વિતીય સ્થળ થઈ પડ્યું છે; એટલું જ નહીં, સાંજ-સવારે દેવદર્શન જવાનું, હરવાફરવાનું, વિશ્રાંતિ લેવાનું એના જેવું બીજું સ્થળ ભાગ્યે જ હશે - અહીં વૈષ્ણવ વણિક સંપ્રદાયના આચાર્યો, પ્રસિદ્ધ પંડિત શીઘ્ર કવિ ગટ્ટુલાલજી અને બીજા વિદ્વાનોનાં ભાષણોનું વારંવાર આયોજન થતું હતું. કથાકારો અને કીર્તનકારો વારંવાર આવતા. શાસ્ત્રો અંગે અને સામાજિક રીતરિવાજો, રાજકીય પ્રશ્ન પર વાદવિવાદ થતા તે સમયમાં આ ધર્મસ્થાનક પર રૂપિયા બે લાખ પચાસ હજાર ખર્ચાયા છે.

શેઠ વરજીવનદાસ પોતાના ધર્મ ઉપર અચલ શ્રદ્ધા ધરાવતા હતા; તેમ સમયને અનુસરીને જે સુધારા ધર્મમાં લાભકારક જણાતા હતા, તેને પણ ઉત્તેજન આપતા હતા.

'બુદ્ધિવર્ધક' સભાએ જ્યારે પ્રથમ ભાષણ આપી કન્યાશાળા સ્થાપી, ત્યારે જુનવાણી સમાજમાં સુધારા સ્વરૂપે પોતાના ઘરમાંથી બાળાઓને શેઠ વરજીવનદાસ શાળાએ મોકલતા અને સભાને તથા સભાની શાળાઓ અને શાળા અંગેની પત્રિકાઓને નાણાં સંબંધી અને પ્રસંગ વખતે જાતે હાજર રહી યોગ્ય મદદ કરતા.

વેપાર કરવા આવેલી પ્રજાનો આર્થિક વિકાસ સાથે માનવીય વિકાસ થવો જોઈએ એવી માન્યતા ધરાવતા શેઠ વરજીવનદાસે સંવત 1931ના વર્ષમાં મુંબઈમાં વેદ, સ્મૃતિ, પુરાણ તથા આચાર્યોના ગ્રંથોને અનુસરીને ધર્મસંબંધી જ્ઞાનનો પ્રસાર કરવાના ઉદ્દેશથી 'આર્યસુધર્મોદય સભા'ની સ્થાપના કરવામાં આવી ત્યારથી તેમના જીવનકાળ દરમિયાન એ સભાના પેટ્રન હતા.

શેઠ વરજીવનદાસ ઈ. સ. 1880માં તેમના વિશાળ વ્યાપારિક અનુભવોને કારણે મુંબઈ બૅન્કના ડિરેક્ટર નિમાયા; એ જ વર્ષમાં મુંબઈ સરકારે તેમને પૉર્ટ ટ્રસ્ટના ટ્રસ્ટી નીમ્યા. 1880થી 1892 સુધી પૉર્ટ ટ્રસ્ટના ટ્રસ્ટી રહ્યા.

શેઠ વરજીવનદાસે તા. 5મી જાન્યુઆરી, 1882ના દિવસે યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ઑનરેબલ મિ. જસ્ટિસ વેસ્ટને, પુરાતન સંસ્કૃત ભાષાને ઉત્તેજન મળે એવા હેતુથી સરકારી રૂ. 5000ની નોટો એ શરતે આપી કે મુંબઈ યુનિવર્સિટીની ફર્સ્ટ બી.એ.ની પરીક્ષામાં સંસ્કૃત ભાષામાં જે વિદ્યાર્થી પ્રથમ આવે તેને ઉપરની રકમનું વ્યાજ મળે. એ સ્કૉલરશિપનું નામ 'વરજીવનદાસ માધવદાસ સંસ્કૃત સ્કૉલરશિપ' આપવામાં આવ્યું છે. શેઠ વરજીવનદાસનો દાન-પ્રવાહ અવિરત ચાલુ રહ્યો અને તેનો લાભ મુંબઈની જનતાને થયો. એટલું જ નહીં બહારથી આવતા લોકોને પણ મળતો હતો.

ઈ. સ. 1877માં શેઠ વરજીવનદાસને નામદાર સરકારે બૉમ્બે યુનિવર્સિટીના ફેલોની પદવી આપી હતી.

મોટા ભાઈ મૂળજીભાઈએ અવસાન સમયે પરમાર્થના કામમાં વાપરવા સારુ જે રકમ નાના ભાઈને આપી હતી તે તે સમયે માત્ર રૂ. 20,000 હતી. એટલી રકમમાં ઉપયોગી સુંદર સ્મારક બની શકે નહીં. શ્રી વરજીવનદાસે સન 1878 સુધીમાં એ રકમ યોગ્ય વ્યવસ્થા કરીને રૂ. 80,000 સુધી પહોંચાડી અને માધવબાગની સામેની જગા રૂ. 30,000માં વેચાતી લઈ ત્યાં રૂ. 27,000નો ખર્ચ કરી નિરાશ્રિત ગરીબોને તેમજ બહારથી આવતા સારા માણસોને આશ્રય મળી શકે, એવી એક ઉપયોગી ધર્મશાળા મોટા ભાઈ મૂળજીભાઈ માધવદાસના નામથી બંધાવી જનતા માટે ખુલ્લી મૂકી. આ ધર્મશાળામાં બાંધકામ એવી રીતનું કરવામાં આવ્યું છે કે અનેક ગરીબો સુખચેન અને સગવડથી રહી શકે. આ સગવડને કારણે તેમના વતનમાંથી કામ મેળવવા યુવાનો આવવા લાગ્યા. ધર્મશાળાના ઉદ્‌ઘાટન પ્રસંગે તે સમયના લોકપ્રેમી ગવર્નર સર બાર્ટલ ફ્રિયરએ તેમના ભાષણમાં જણાવ્યું હતું કે ‘આ ધર્મશાળા શહેરના એવા ભાગમાં ઊભી થઈ છે કે જ્યાં લોકોને રહેવાની સગવડ સાથે તંદુરસ્તી પણ જાળવી શકાશે. જે વખતે આવી ઉત્તમ જગ્યામાં મુસાફરો આરામ કરશે, તે વખતે તેઓ આ ધર્મશાળા સ્થાપનાર બંને ભાઈઓને ઘણા આશીર્વાદ આપશે.’ આ સ્થળે શેઠ મૂળજીભાઈનું નામ અમર રહેશે. વડીલ ભાઈએ એક નાની રકમ પરમાર્થે આપી તે પોતાની બુદ્ધિ અને વ્યાપારી કૌશલ્ય ને સાવચેતીથી તેને વધારીને શેઠ મૂળજીભાઈ-વડીલ બંધુના નામને પ્રકાશમાન કર્યું.

માધવબાગમાં વર્ષોનાં વર્ષો મુસાફરોને વિશ્રાંતિ મળી છે. ભારતીય સંસ્કૃતિનું સંગોપન થયું છે. નવી પેઢીમાં સંસ્કારસિંચનનું કાર્ય પણ અહીં થયું. શિક્ષણ અને સમાજસુધારાના વિચારો જનતામાં પ્રસરાવવામાં પણ માધવબાગનો ફાળો અદ્વિતીય છે.

શેઠ વરજીવનદાસનું વ્યાપારિક કૌશલ્ય જાહેર સંસ્થાના વહીવટમાં પણ જણાય છે.

શ્રી વરજીવનદાસના સર્વથી નાના પુત્રનો અઢાર વર્ષની જુવાન ઉંમરે સ્વર્ગવાસ થયો. પુત્રની મરણોત્તર ક્રિયા પાછળ રૂઢિગત રીતે પૈસાનો વ્યય ન કરતાં લોકોને કાયમ માટે ઉપયોગી નીવડે અને ભવિષ્યની પેઢી આ પ્રકારના સુકાર્યનો વિચાર કરી દાન કરે તે રીતે તેમણે આયોજન કર્યું. ત્યારે મુંબઈમાં માંદગીથી મુક્ત થયા બાદ હવાફેર માટે કોઈ યોગ્ય અને વિશાળ સ્થળ ન હતાં. પુત્રપ્રેમથી દોરવાઈ તેનું નામ સ્મરણમાં રહે એ માટે ‘આરોગ્યભવન’ બાંધી એ ખોટ પૂરવાનો નિર્ણય કર્યો.

આ નિર્ણય પછી જી.આઈ.પી. રેલવેના સીમના સ્ટેશન પાસે મુંબઈથી ફક્ત ચાર ગાઉ ઉપર આવેલી પોતાની મોટા વિસ્તારની વાડી ભરતમાં આશરે 28,000 ચોરસ વાર દાનમાં આપી. ત્યાં રૂપિયા એક લાખ (એ સમયે મોટી રકમ ગણાય) ખરચી હિંદુ કુટુંબો સુખશાંતિ અને સગવડથી રહી શકે એવું પાકી બાંધણીનું

વિશાળ એક મજલાનું આરોગ્યભવન તૈયાર કરાવી સમર્પિત કર્યું. આરોગ્યભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે બંને ભાઈઓ વરજીવનદાસ અને નરોત્તમદાસે મહેમાનોને પોતાના ખર્ચે સીમ લઈ જવા માટે બોરીબંદરથી સ્પેશિયલ ટ્રેનની વ્યવસ્થા કરી, શ્રીમંત સાધારણ અને મધ્યમ કુટુંબો માટે એકસરખી વ્યવસ્થા હતી.

આ આરોગ્યભવનને સ્વર્ગસ્થ પ્રિય પુત્ર રણછોડદાસના નામ પરથી ‘રણછોડદાસ વરજીવનદાસ માધવદાસ આરોગ્યભવન’ નામ આપવામાં આવ્યું. આ પ્રકારનું હિંદુ વસ્તી માટેનું મુંબઈમાં પ્રથમ આરોગ્યભવન હતું.

શ્રી વરજીવનદાસે આ રીતે ધર્માદા ખાતાં સ્થાપવાનો નવીન માર્ગ અખત્યાર કર્યો. તેમણે દાનકર્મ માટે કંડારેલા રાજમાર્ગ પર ભવિષ્યમાં યુવાન ગુજરાતી શાહસોદાગરો આગળ વધ્યા. એક તો સીમ ગામની ઊંચી ટેકરી પર આ આરોગ્યભવન આવેલું હતું. તેથી આસપાસનો રમણીય દેખાવ આનંદદાયક હતો. ટેકરીની પાસે રેલવે-સ્ટેશન છે. દરિયો પણ દેખાય છે. તાજી રળિયામણી હવા, નિર્મળ પાણી, હરવા-ફરવાની વિશાળ જગ્યા દુઃખ વિસારે પાડવાનાં સર્વ સાધનો આરોગ્ય ભવનમાં હતાં. મધ્યમવર્ગ ને ગરીબવર્ગ માટે આ આરોગ્યભવન દેવાશિષ સમ છે.

જ્યારે શ્રી વરજીવનદાસે મનોમન નોંધ કરી કે સીમ, માટુંગા તથા ધારાવીની ગરીબ વસ્તીમાં એક પણ દવાખાનું ન હતું અને તેથી વારંવાર લોકો બીમાર પડતા અને રોગ ફેલાતા ત્યારે આ ગરીબ વસ્તી માટે આરોગ્યભવનના દરવાજા પાસે દવાખાના માટે રોનકદાર મકાન તૈયાર કર્યું અને ‘શેઠ વરજીવનદાસ માધવદાસ ધર્માદા ઔષધાલય’ના નામથી દવાખાનાની શરૂઆત થઈ. અહીંથી વિનામૂલ્યે દવા દર્દીઓને મળતી.

આ ઔષધાલયના હંમેશના સંચાલન માટે રૂ. 25,000ની રકમની અલગ વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. તે સમયે એ રકમ ઘણી ગણાય. કાલક્રમે તે ફંડમાં ઉમેરો તેમના વારસદારો કરતા હતા.

સંપત્તિનો શુભ કાર્યો માટે ઉપયોગ કરી રૂપજી ધનજીનું ખાનદાન મુંબઈના વિકાસમાં અગ્રેસર રહ્યું. આ આરોગ્યભુવન પાછળ કુલ ખર્ચ રૂ. 1,41,000 - એક લાખ એકતાળીસ હજાર થયો છે. આ સ્થળને ભેટ આપવામાં આવેલી વાડી તથા ચાલીઓની ઊપજમાંથી મરામત તથા બીજો ચાલુ ખર્ચ પૂરો થઈ જાય છે. આરોગ્યભવન જાણીતા શિલ્પકાર શેઠ દીનશાહજી દોરાબજી મિસ્ત્રી એમ. એસ. એ.ની દેખરેખમાં મિ. નવરોજી હોસંગજી કંટ્રાક્ટરે બાંધ્યું. અત્યારના જેવી સાધનસામગ્રી અને યંત્રોની મદદ ન હોવા છતાં આવી આકર્ષક અને મજબૂત ઇમારત તૈયાર કરવા માટે ગુજરાતીઓ ગૌરવ અનુભવે છે.

શેઠ વરજીવનદાસે ફક્ત અંગત હિત, પોતાની જ્ઞાતિ કે જ્ઞાતિબંધુઓનાં હિત કે હિંદુઓનાં હિત પ્રત્યે જ લક્ષ આપ્યું હતું એમ ન હતું. મુંબઈમાં થયેલાં હિન્દુ-મુસલમાનનાં દુઃખદાયક હુલ્લડ પ્રસંગે શ્રી વરજીવનદાસે પોતાના બંગલે બંને કોમના આગેવાનોની સભા મેળવી સલાહ-સંપ વધારવાના અને હુલ્લડના બનાવો નિવારવાના પ્રયત્નો કર્યા. અંગ્રેજોની 'ભાગલા પાડો ને રાજ્ય કરો' એ નીતિ મુંબઈના વિકાસમાં ને અંતે દેશના વિકાસ માટે નુકસાનકારક છે એ વાત બંને કોમને સમજાવવામાં સફળ થયા. એટલું જ નહીં ઉભય કોમને મદદ કરવા માટે ફંડ કરવામાં અગ્રેસર થયા અને તે ફંડના એક વ્યવસ્થાપક તરીકે ઉભય કોમ તરફથી તેમને જ યોગ્ય ગણવામાં આવ્યા.

મુંબઈ બેટમાંથી મુંબઈનગરીનો વિકાસ કરનારા શાહસોદાગરો મુંબઈનગરીની આર્ય પ્રજાની શોભા છે.

વેપાર-ઉદ્યોગક્ષેત્રે-સામાજિક-ધાર્મિક ક્ષેત્રોમાં, શૈક્ષણિક ક્ષેત્રે આપેલા યોગદાનમાં વિદ્યાને ઉત્તેજન આપવાની લગનમાં પ્રજા પ્રત્યેનો પ્રેમ અને નિરભિમાનપણું એ અમૂલ્ય ગુણો આજે પણ મુંબઈના વિકાસમાં નજરે પડે છે .રૂપજી ધનજીના વંશજ શ્રી વરજીવનદાસના મોટા પુત્ર ત્રિભોવનદાસ પિતા પાસેથી પ્રેરણા અને અનુભવ મેળવી વ્યાપાર-રોજગાર અને જનકલ્યાણનો માર્ગ અપનાવી સુયશ પામ્યા.

ત્રિભોવનદાસ 1878માં મુંબઈની મ્યુનિસિપાલિટીમાં ચૂંટાયા અને વીસ વર્ષ મુંબઈના ઉત્કર્ષ માટે સેવા આપતા રહ્યા. તે વર્ષોમાં એમણે મુંબઈને શુદ્ધ પાણી મેળવી આપવા માટે તાનસાના પાણીના નળની મોટી યોજના મુંબઈગરાઓ માટે તૈયાર કરી દાખલ કરાવી. રૂપજી ધનજીના પરિવારે વિક્ટોરિયા જ્યૂબિલી ટૅક્નિકલ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી અને સૌજન્ય દાખવી રાણી વિક્ટોરિયાના નામ પરથી 'વી. જે ટૅક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ'નું નામ આપ્યું. ભારતભરના યુવાનો માટે ટૅક્નિકલ શિક્ષણનાં દ્વાર ખોલ્યાં. આજના સમયે પણ વી. જે. ટી.આઈ. તેમના વિદ્યાર્થીઓને કારણે જગતભરમાં ઊંચી પ્રતિષ્ઠા ધરાવે છે.

આ ઉપરાંત મુંબઈની પ્રખ્યાત હરકિસનદાસ ઇસ્પિતાલ, કપોળનિવાસ, કેટલીક જેલની ઇમારતો પણ રૂપજી ધનજીના વંશજોની ઉદાર સખાવતોને આભારી છે.

રૂપજી ધનજી પરિવારના હરકિસનદાસ નરોત્તમદાસે મુંબઈમાં આરોગ્યભવન - હરકિસનદાસ હૉસ્પિટલ અને કપોળ જ્ઞાતિ માટે 'કપોળનિવાસ' જેવી વિશાળ ઇમારતો બંધાવી - આજે પણ આ સંસ્થાઓ જનસમાજને ઉપયોગી છે જળપ્રલય ધરતીકંપ કુદરતી આપત્તિઓ કે માનવસર્જિત આપત્તિઓ વખતે હરકિસનદાસ હૉસ્પિટલની સહાય મળતી જ રહે છે.

આ પરિવારના સર મંગળદાસે મોટી મંગળદાસ માર્કેટ બંધાવી અને બૉમ્બે યુનાઇટેડ મિલસ્થાપી. મિલઉદ્યોગનો વિકાસ કર્યો ને કામ કરવા માટે વતનમાંથી આવેલા હજારો લોકોનો રોજી-રોટીનો પ્રશ્ન હલ કર્યો.

હરકિસનદાસ ઇસ્પિતાલની સેવાભાવના ઊંચા પ્રકારની છે. દેશમાં પૂર, ધરતીકંપ અન્ય કુદરતી આફતોમાં હરકિસનદાસ ઇસ્પિતાલના ડૉક્ટરો યોગદાન આપે છે. સ્થાપનાનાં આટલાં વર્ષો પછી પણ, કચ્છના ધરતીકંપ વખતે જનતાને પુષ્કળ મદદ મળી હતી.

❑

# 3. જીવરાજ બાલુ

ખેતી અને ખેતમજૂરી કરનારી ગરીબ શ્રમજીવી કોમનો ચૌદ વર્ષનો એક મુફલિસ છોકરો આજથી લગભગ ત્રણસોથી વધુ વર્ષો પહેલાં 1784માં ઘરની કારમી ગરીબીના તનાવ નીચે ગુજરાન શોધવા કચ્છથી કપાસ ભરીને જનારા કોટિયાર્ક વહાણમાં ઓળખદાવે ચઢીને મુંબઈ બંદરે આવ્યો.

1784ની સાલમાં ત્યારે ઈસ્ટ ઇન્ડિયા કંપનીની હકૂમત ચાલતી હતી. કચ્છનાં નાનાં ગામોમાં પારાવાર ગરીબી હતી.

જીવરાજ પાસે એક ફાટેલી ગોદડી અને ખિસ્સામાં કાંઈ જ નહીં.

બંદર પર વહાણના માલની હમાલીની આશા સાથે જીવો આ ટાપુ પર ઊતર્યો. માલસામાનની હેરફેર થતી હતી ત્યાં જઈ એ ઊભો રહ્યો. મુંબઈ આવનારા ભાટિયાઓમાં આ પહેલો મર્દ - નામ જીવરાજ બાલુ (જ. 1770). તેમની થીંગડાંદાર ગોદડી અને એક જ જોડી કપડાં. ખિસ્સામાં કાંઈ જ નહીં. કપાસ-કરિયાણાની હેરફેર ચડઊતર થતી હતી. ત્યાં એક દૃશ્ય ભજવાયું થાક-ભૂખ-તરસથી ત્રસ્ત અજાણ્યા આ ચૌદ વર્ષના અબુધ બાળકને વહાણ પાસે સ્તબ્ધ ઊભો રહેલો જોઈ પારસી મુકાદમે ભિખારી સમજીને એક પાઈ ફેંકી.

જીવાએ કહ્યું, ‘પરદેશી છું. ભિખારી નથી. કોઈ ઓળખતું નથી - કામ જોઈએ છે. કામ કરીશ ને રોટી ખાઈશ. ભીખનો રોટલો તો ક્યારેય નહીં.’ એની ખુમારી અને સાહસ પિછાની મુકાદમે એને મજૂરોને પાણી પાવા રાખ્યો. આવા હતા એ જીવરાજ બાલુ. મુંબઈમાં પગ મૂકનાર એ પ્રથમ ભાટિયા. પહેલા દિવસની કમાણીમાંથી એણે બે દિવસે રોટી ખાધી. ગામમાંથી નીકળતી વખતે લીધેલા શીંગ-ચણા-ગોળ તો વહાણમાં જ ખપી ગયાં હતાં.

ધક્કા પર વહાણમાંથી ચડઊતર થતા માલ વિશે માહિતી મેળવતા, કપાસની નિકાસ કરવામાં માહેર થતા ગયા. અથાગ પરિશ્રમ અને પ્રામાણિક વેપાર કરી નામ અને અઢળક દામ કમાયા. જનકલ્યાણમાં લક્ષ્મી વાપરી.

1843માં તેમનું 73મે વર્ષે અવસાન થયું ત્યારે એ પચાસ લાખના આસામી હતા, અને બ્રિટિશ ઇન્ડિયા કંપની તેમની પાસેથી વ્યાજે રૂપિયા લેવામાં ગર્વ અનુભવતી હતી.

❑

# 4. ગોકુલદાસ તેજપાલ

કવિ નર્મદે શેઠ ગોકુળદાસ તેજપાલની સ્મૃતિમાં આમ કહ્યું છે :

'જન્મ્યા કચ્છ વિશે, છતાંય વસિયા મુંબાપુરીમાં
તમે વાણિજ્યે અતિ કૌશલે વરી રહ્યા લક્ષ્મી અને કીર્તિને
બાંધ્યાં મંદિર ધર્મવીર, પરબો બાંધી તમે જ્ઞાનની
સર્જાવ્યાં 'કુલતેજ' દાન દઈને તે ધન્ય ગોકુલને'

કચ્છના નાનકડા રૂપકડા ગામ કોઠારામાં 11-6-1822ના રોજ એક બાળકનો જન્મ થયો. ગોકુલદાસ તેજપાલ એનું નામ.

વતનમાં બાપદાદા ખેતીવાડી કરે. પ્રપિતામહને બે દીકરા. મોટા નાનજી ખટુ અને નાના તેજપાલ.

જૂના વહાણમાં માલની હેરફેર કરતાં વહાણમાં દરિયો ખેડી પહેલાં નાનજી ખટાઉ અને પછી તેજપાલ મુંબઈ આવ્યા. એ સાંકડમુકડ જે રીતે આવ્યા હતા તે માટે આજ પણ કચ્છમાં કહેવત છે :

'બાપાનું વહાણ, બેસવાની તાણ'

પિતા તેજપાલ મુંબઈમાં રૂનો વેપાર શરૂ કરે છે.

ગોકુલદાસ 11 વર્ષના થયા ત્યાં તો પિતાનું અવસાન થાય છે. કાકા નાનજી ખટાઉ બીમાર રહે છે. 17મે વર્ષે તરાપા પર બેસીને જૂના વહાણમાં ગોકુલદાસ મુંબઈ આવી ધંધાની જવાબદારી કાચી ઉંમરે વિના અનુભવે પોતાને શિરે લઈ એવી નિષ્ઠાથી ધંધાનો વિકાસ કરે કે ધનાઢ્ય વેપારી તરીકે એમની ગણના થાય. પૌત્ર યુવાન પદ્મનાભ તેજપાલના મુખે જાણવા મળ્યું હતું કે કવિ નર્મદ, નાના ભાઈ રૂસ્તમજી, ભાઉદાજી અને કરસનદાસ મુલજીની આ યુવાન(ગોકુલદાસ)ને આવશ્યક લાગે ત્યારે સલાહ સાંપડે.

બચપણથી જ તેજસ્વી, બુદ્ધિશાળી, પરગજુ, નવ-દસ વર્ષનો ગોકુલદાસ કોઠારામાં ત્રાજવાં લઈ માલનો નિષ્ઠાપૂર્વક તોલમાપ કરતો એ જ યુવાન ગોકુલદાસ

મુંબઈમાં લક્ષ્મીની કૃપા પામી મનોમન નિર્ણય કરે છે કે 'સંપત્તિ અને સમૃદ્ધિ ફક્ત પોતાને માટે વપરાય તે ઇષ્ટ નથી. એમાંથી સારો એવો હિસ્સો લોકહિતાર્થે ખરચાવો જોઈએ.'

વતન કોઠારાની ગરીબ પ્રજા અને કુટુંબની ત્યારની ગરીબાઈને તે ભૂલ્યા ન હતા.

પૌત્ર પદ્મનાભ તેજપાલની નોંધ પ્રમાણે 1861થી 1865માં નિકાસમાં એક કરોડની કમાણી કરી અને મુંબઈ શહેરના રસ્તા પર દીવા મુકાવ્યા. 1861માં સિવિલ વૉર થઈ ત્યારે આખા એશિયામાંથી મોટા નિકાસકાર.

તા. 6-9-1867ના રોજ ગોકુલદાસે વસિયતનામું કરી સખાવતો માટે સાત લાખ બાણુ હજાર આપ્યા. તેમાંથી શરૂ થઈ સંસ્કૃત જ્ઞાનના પ્રચાર માટેની સંસ્કૃત પાઠશાળા અને મુંબઈનું વિખ્યાત લક્ષ્મીનારાયણ મંદિર. બે વિદ્યાર્થીઓ માટે ને એક કન્યાઓ માટેની ગોકુલદાસ તેજપાલ શાળાઓ, કાયદા અને આયુ વિજ્ઞાનના શિક્ષણ માટેની સંસ્થાઓ, જ્ઞાતિનાં અનાથ બાળકો, વિધવાઓ અને ગરીબ કુટુંબો માટે અનુદાનની વ્યવસ્થા, વતન કોઠારામાં શિક્ષણ સંસ્થા અને મુંબઈવાસીઓના આરોગ્ય માટે ગોકુલદાસ તેજપાલ હૉસ્પિટલ (જી. ટી. હૉસ્પિટલ). અહીં વિદ્યાર્થીઓ જ્ઞાન મેળવી ડૉક્ટરની પદવી મેળવે છે.

બોરીબંદર પર ગોકુલદાસ તેજપાલ ધર્માદા ટ્રસ્ટના દફતરની વ્યવસ્થા કરી. એવી વહીવટી વ્યવસ્થા પાછળ કરતા ગયા કે આજે પણ આ સંસ્થાઓ ચાલે છે. સંસ્કૃત પાઠશાળા સાથે વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા માટે રહેવાના છાત્રાલયની પણ વ્યવસ્થા છે. આ જ છાત્રાલયમાં રહીને શ્રી કનૈયાલાલ મુનશી ને શ્રી મોરારજી દેસાઈએ મુંબઈમાં રહીને અભ્યાસ કર્યો. જો આ સગવડ ન મળી હોત તો મુંબઈમાં રહી અભ્યાસ થઈ શક્યો ન હોત. ગોકુલદાસ તેજપાલ પાસે આવરદાની ટૂંકી મહેતલ. 19-11-1867ના રોજ 45 વર્ષે તો જીવનલીલા સંકેલાઈ ગઈ; પરંતુ આજે પણ એમની સ્થાપિત સંસ્થાઓનો લાભ દેશભરની જનતાને મળે છે અને એમની ફોરમ અકબંધ છે.

કલાકારો અને બુદ્ધિજીવીઓને ગોકુલદાસ તેજપાલ ટ્રસ્ટ તરફથી ગોકુલદાસ તેજપાલ થિયેટરની સગવડ પ્રાપ્ત છે - અહીં શનિ-રવિ ગુજરાતી નાટકો ભજવાતાં રહે છે.

29-4-1867માં પુત્ર ગોવર્ધનદાસ ગોકુલદાસનો જન્મ મુંબઈમાં. બચપણમાં સોનાના ઘૂઘરે રમતા અને ચાંદીના ચમચે જમતા મોટા થયેલા ગોવર્ધનદાસમાં માતાના ધાર્મિક સંસ્કાર અને પિતાની ઉદારતાના અને નમ્રતાના સંપૂર્ણ ગુણ હતા. પિતા ગોકુલદાસ તેજપાલ ધર્મનિષ્ઠ હતા તે યાદ રાખી કૃષ્ણપ્રિયા જમનાજીને

સાડી પહેરાવવાની વિધિ કરી. પુત્ર ગોવર્ધનદાસે 40 વર્ષ ગોકુલદાસ તેજપાલની ધર્માદા સંસ્થાઓનો એકધારો વહીવટ પ્રામાણિકતાથી કર્યો. અખિલ ભારત રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રથમ અધિવેશન માટે ગોકુલદાસ તેજપાલ સંસ્કૃત પાઠશાળાના સભામંડપ પર નેતાઓની પસંદગી હતી, ત્યારે અંગ્રેજ સરકારની પરવા કર્યા વિના રાષ્ટ્રીય કોંગ્રેસનું પ્રથમ અધિવેશન 28 સપ્ટેમ્બર 1885ના રોજ સંસ્કૃત પાઠશાળાના સભામંડપમાં ભરાય એની નીડરતાથી સંમતિ આપી. પિતા ગોકુલદાસ તેજપાલે ક્યારેય પણ સરકારી ખિતાબોની આશા રાખી ન હતી. પિતાને પગલે પુત્રે પણ હિંમતપૂર્વક નિર્ણય કર્યો અને રાષ્ટ્રીય કોંગ્રેસનું પ્રથમ અખિલ ભારતીય અધિવેશન સંસ્કૃત પાઠશાળાના સભામંડપમાં ભરાયું. દેશભરના નેતાઓ આવ્યા. અને સ્વરાજ્યની પ્રાપ્તિ પછી દેશભક્તોનું આ તીર્થસ્થાન બની રહ્યું. આ રીતે આઝાદીજંગના પ્રથમ કદમમાં શ્રી ગોવર્ધનદાસનો મહત્ત્વનો ફાળો. અધિવેશન માટે સભામંડપ આપવાનો નિર્ણય કર્યો ત્યારે ઉંમર 18 વર્ષની. પિતા ગોકુલદાસ તેજપાલની જેમ તેમનું જીવન અને કારકિર્દી આવતી પેઢીઓને પ્રગતિ અને રચનાત્મક કાર્યની મિશાલ પૂરી પાડે છે.



ગોકુલદાસ તેજપાલ

નિશ્ચય બળથી, નિષ્ઠાપૂર્વક કરેલી સમાજસેવા અને નિર્ધારિત લક્ષે પહોંચવાની તમન્ના આગામી પેઢીઓનો પથ સતત અજવાળતી રહે છે. ગોકુલદાસ તેજપાલના વંશજો દ્વારા ટ્રસ્ટ દ્વારા બધી સંસ્થાઓનો સુચારુ વહીવટ થાય છે અને આજે પણ જનતાને એનો લાભ મળે છે. જનતા ગોકુલદાસ તેજપાલને દાનેશ્વરી તરીકે સંબોધે છે.

❑

# 5. કચ્છ-સૌરાષ્ટ્રના સોદાગરો

## (1) મૂળજી જેઠા

નાની ઉંમરે મુંઈમાં આવી વેપારની શરૂઆત કરી, કરોડપતિ થયા, ત્યારે ઋણ સ્વીકારાર્થે 1868માં સૌરાષ્ટ્રના ઠાકરસી પરિવાર સાથે તે વખતના આધુનિક પ્રસિદ્ધ વ્યાપારી મૂળજી જેઠાએ વિરાટ મૂળજી જેઠા માર્કેટ બંધાવી, પરિણામે મુંબઈને એશિયાની સૌથી મોટી કાપડ માર્કેટ પ્રાપ્ત થઈ. મૂળજી જેઠા માર્કેટ બંધાવી કાપડના વેપારને ઉત્તેજન આપ્યું, અને મુંબઈને આર્થિક લાભ કરાવી સમૃદ્ધ કર્યું ને મુંબઈમાં નામ કમાયા. ગુજરાતથી આવતા વેપારીઓ માટે આ ઉત્તમ સગવડ છે.

અહીં આવી મૂળજી જેઠા માર્કેટમાં નાની દુકાનો શરૂ કરી મોટા વેપારી બનનાર અસંખ્ય કચ્છીઓના દાખલા છે. જે વેપારીઓ પાસે માલ ખરીદ કરવાના પૈસા ન હોય તેમને વેપારી સંગઠન દ્વારા મદદ પ્રાપ્ત થતી. વતનપ્રેમી મૂળજી જેઠાએ ગુજરાતના કાપડઉદ્યોગને ઉત્તેજન આપ્યું, ને મુંબઈના વિકાસમાં નિમિત્ત બન્યા.

મૂળજી જેઠાનું મૂળ વતન જામનગર પણ સૌરાષ્ટ્ર-કચ્છ બન્ને વેપારીઓનાં ઉદ્ધારક બન્યાં; અને એક રીતે વેપારીમંડળની સ્થાપના કરવામાં અગ્રેસર રહ્યા - આર્થિક ઉન્નતિ - આરોગ્ય અને સામાજિક કાર્ય સાથે આ શાહ-સોદાગરોએ યુવાનો વિજ્ઞાનમાં પણ આગળ વધી દેશને મદદરૂપ થાય તે માટે પણ પ્રયત્નો કર્યા.

## (2) ભાટિયા વલ્લભદાસ

વહાણવટામાં તથા ધીરધારમાં કચ્છના સોદાગર નામાંકિત હતા. 19મી સદીના આખર ભાગમાં આગબોટ-આગગાડી વગેરે ઝડપી વ્યવહારનાં સાધનો થવાથી મુંબઈના વેપાર-રોજગારમાં ભરતી આવી. સખાવતોનો પ્રવાહ વહેતો જ રહ્યો.

કચ્છની ભાટિયા જ્ઞાતિના શેઠ કેશવજી જાદવજીના વંશજ વલ્લભદાસે કોટમાં ભાટિયા હાઈસ્કૂલ બંધાવી ને કન્યાઓ માટે પણ માધ્યમિક શિક્ષણનો માર્ગ ખુલ્લો

કર્યો.

દૂરંદેશી શેઠ વલ્લભદાસે એક તરફ શિક્ષણ માટે પ્રબંધ કર્યો તો તારદેવ પર જનતાના આરોગ્યનો વિચાર કરી ભાટિયા હૉસ્પિટલ બંધાવી. આજે પણ આ હૉસ્પિટલ જનતાની સુખાકારી માટે કાર્યરત છે. કચ્છની આપત્તિઓ, દુષ્કાળ, ધરતીકંપ, રોગચાળા વખતે હૉસ્પિટલના સેવાભાવી ડૉક્ટરો અને ટ્રસ્ટીઓ તરફથી મદદ થાય છે. છેલ્લા ધરતીકંપ વખતે ડૉક્ટરોએ ખૂબ મદદ કરી હતી. ઓછા ખર્ચે વિનામૂલ્યે આ હૉસ્પિટલમાં સગવડ મળી રહે છે.

## (3) શેઠ વસનજી ત્રિકમજી

શેઠ વસનજી ત્રિકમજી ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સની સ્થાપના થઈ ત્યારે જુનવાણી અને અનઘડ સમાજે વિરોધ કર્યો હતો. આ સંસ્થાને રૂ. સવા બે લાખનું દાન (એ સમયે ખૂબ જ મોટું ગણાય) આપ્યું હતું. સરકારને તેમના દાનનું મહત્ત્વ સમજાયું હતું. તેમને સરનો ઇલકાબ આપ્યો.

સમય જતાં જનતા પણ તેમના આ દાનનું મહત્ત્વ સમજી. સામાન્ય અને ગરીબ કુટુંબના તેજસ્વી યુવાનો અહીં અભ્યાસ કરી પ્રગતિ કરી શક્યા અને મુંબઈની જ નહીં પણ દેશભરની સેવા કરી શક્યા.

## (4) ચંદારામજી

લુહાણા જ્ઞાતિના ચંદારામજીએ ટ્રસ્ટ બનાવ્યું ને તેમાંથી સુપેરે ચાલે તે રીતે 'ચંદારામજી' છોકરીઓની શાળા શરૂ કરી. આ શાળામાંથી બહાર પડનાર નીડર અને સંસ્કારી વિદ્યાર્થિનીઓએ લુહાણા જ્ઞાતિના જુનવાણી સ્ત્રીસમાજમાં પ્રગતિ કરી. જૂના પ્રગતિ રૂંધનાર રીતરિવાજોનો વિરોધ કરી નવશિક્ષણના માર્ગ ખુલ્લા કર્યા.

## (4) નરશી નાથા

કચ્છ-સૌરાષ્ટ્રથી આવનાર કચ્છી-લુહાણા વેપારીઓને મુંબઈમાં સંપત્તિ મેળવી વેપારમાં પ્રગતિ કરતા જોઈ વેપાર-ઉદ્યોગ માટે નવા નવા માર્ગો શોધી બીજા પણ આગળ વધ્યા.

કચ્છની ખારેકનો મુંબઈની બજારમાં વેપાર કરી કચ્છના શેઠ નરશી નાથાએ કમાણી કરી. મુંબઈમાં સ્મૃતિ જાળવવા ખારેક બજારમાં અનંતનાથનું દેરાસર બંધાવ્યું. થોડા જ સમયમાં ખારેકનો વેપાર હિંદ અને બીજા દેશોમાં પણ વિકાસ પામ્યો.

❑

# 6. કરસનદાસ વલ્લભદાસ મૂળજી

નર્મદ અને કરસનદાસ મુંબઈમાં મળે તે યોગાનુયોગ ગણવો કે ઈશ્વરી સંકેત ?

20 વર્ષની ઉંમરે નર્મદ મુંબઈમાં ફરી અભ્યાસ શરૂ કરે છે. ત્યાં મળે છે કરસનદાસ.

નર્મદના કરસનદાસ વિશેના ઉદ્‌ગારો છે, 'એ સ્વરૂપવાન છે, સ્વભાવે નરમ છે, વીર છે.' આવા વીરની મૈત્રી મેળવવાને નર્મદ પોતાનું અહોભાગ્ય માને છે. બહુમુખી પ્રતિભા ધરાવતા પ્રખર સુધારક, નિર્ભય કરસનદાસ રૂઢિચુસ્ત સમાજમાં વહેમ અને અનીતિ સામે યુદ્ધે ચડ્યા, સમાજસુધારામાં પ્રવૃત્ત થયા. લાઇબલ કેસમાં વિરોધ નોંધાવ્યો ને સ્વદેશ-હિત માટે નવા અઠવાડિક 'સત્યપ્રકાશ'નો આરંભ કર્યો. પુનર્લગ્નો કરનારને સહાય કરી, સમાજનો ખોફ સહન કર્યો. તે જમાનામાં વિલાયત ગયા તેથી સૌએ તેમનો બહિષ્કાર કર્યો, ત્યારે વીરતાથી ઝૂક્યા નહિ. શાળામાં આચાર્ય કરસનદાસ મૂળજી શૈક્ષણિક અને સમાજ-જાગૃતિનું કાર્ય કરી મુંબઈના વિકાસમાં અગ્રેસર રહ્યા. 'એક વીર નર' તરીકે બહુમાન પામ્યા.

❑

# 7. નર્મદ

## જય જય ગરવી ગુજરાત



સરસ્વતી મંદિર : સૂરતમાં નર્મદ ચકલામાં આવેલું કવિ નર્મદાશંકરનું મકાન. પિતા લાલશંકર પુરુષોત્તમ દવે. માતા નવદુર્ગા. નર્મદનો જન્મ 24-8-1833માં, મૃત્યુ 26-2-1886. નાગર જ્ઞાતિમાં જન્મ. નર્મદની આત્મકથા 'મારી હકીકત' એક સત્યપ્રેમી, સાહસવીર, સમાજસુધારકની હકીકત છે. આ આત્મકથન દ્વારા નર્મદ ગુજરાતી સાહિત્યમાં નવા પ્રવાહ-ઉન્મેષનો આરંભ કરે છે. ગુજરાતી સાહિત્યમાં આ રીતે આ પહેલાં કોઈ વ્યક્તિએ જાતે આત્મકથા સ્વરૂપેનું સાહિત્ય આપ્યું ન હતું. 'મારી હકીકત' પ્રગટ થયા પછી અનેક વ્યક્તિઓએ સાહિત્યનો આ પ્રકાર સ્વીકાર્યો છે.

નર્મદ લખે છે, 'જે હું લખીશ તે તો મારી જાણ પ્રમાણે સાચું જ - સાચેસાચું જ લખીશ. પછી તે મારું સારે સારું હો કે નરસું હો, લોકોને પસંદ પડો કે ન પડો.' એના સ્વભાવનો આ 'જોસ્સો' ગુજરાતની પ્રજાને વારંવાર એની સમાજસુધારાની કાર્યશૈલીમાં જોવા મળે છે. મુંબઈ સાથેનો એનો પરિચય-સંબંધ ઘણો વહેલો શરૂ થાય છે; જ્યારે દસ મહિનાના બાળપુત્ર નર્મદને લઈને માતા 'નવદુર્ગા' પતિ પાસે મુંબઈ આવે છે. ભવિષ્યની નર્મદની આ કર્મભૂમિ માટેનો આ ભાવિ સંકેત હશે ? બાળપણનો મોટો ભાગ સૂરતમાં વીત્યો, પણ નર્મદને એના શૈશવનાં સંસ્મરણોમાં સૌથી પહેલાં સાંભરે છે મુંબઈ જ. પ્રાથમિક શિક્ષણની શરૂઆત મુંબઈથી થઈ, પરંતુ સૂરત અને મુંબઈ વચ્ચેની આવનજાવન માતા સાથે ચાલુ રહી. વહેમી જીવન સામે લડનારો યોદ્ધો નર્મદ બાળપણમાં વહેમી, ભીરુ, અંધશ્રદ્ધાળુ હતો. શરમાળ અને આપરખો પણ એટલો જ. શાળામાં કે શાળાબહાર સાથી-મિત્રો સાથે બહુ ભળતો નહીં. સપનાં પણ બિહામણાં ભૂતપ્રેતનાં આવતાં; પણ માતા સાથેના

વારંવારના સૂરત મુંબઈના લાંબા પ્રવાસમાં સ્વભાવમાં પરિવર્તન આવતું ગયું અને બંડખોર, સુધારક, સાહિત્યપ્રેમી નર્મદે ગુજરાતને જાગ્રત કર્યું. 'યા હોમ કરીને પડો, ફતેહ છે આગે.' માતા સાથેનાં બાળપણનાં સંસ્મરણોમાંથી એક પ્રસંગ નર્મદની આત્મકથામાંથી સાંપડે છે. નર્મદ કહે છે, 'ચોમાસામાં મુસાફરી કરતાં મુંબઈ-સૂરતના પ્રવાસમાં જંગલમાં અટવાઈ ગયા હતા; કારણ કે વહાણની મુસાફરી સદતી નહીં, એટલે પગરસ્તે ચાલીને જતાં; અંધકાર, કાદવકીચડ, ધોધમાર વરસાદમાં પડતાં આખડતાં માછીમારોનાં ઝૂંપડામાં આશ્રય લીધો હતો.' માતા નવદુર્ગાએ બાળક નર્મદમાં પ્રેમ અને સાહસના ગુણનો વિકાસ કરી નર્મદના જીવનમાંથી ઘણી વહેલી વિદાય લીધી. પિતા લાલશંકરે લાડકવાયા પુત્ર નર્મદાશંકરનો અપાર પ્રેમથી ઉછેર કરી માતા અને પિતા બંનેની ફરજ બજાવી. બીજી વાર લગ્ન ન કર્યાં. પુત્ર માટે અંગ્રેજી શિક્ષણ મેળવી આપવા પ્રબંધ કર્યો. ને ગુજરાતી સાહિત્ય પ્રત્યેના, તેના કવિતા-કાવ્યો પ્રત્યેના પ્રબળ અનુરાગને ઉત્તેજન આપ્યું - આત્મકથા 'મારી હકીકત'માં નર્મદ જણાવે છે કે નાનપણમાં તે શરમાળ, ભીરુ ને આપરખા હતા. શાળાના મિત્રો સાથે ભળતા નહિ. રમતમાં ભાગ ન લેતા. અભ્યાસમાં લક્ષ ન રહેતું. પાંચ વર્ષની ઉંમરે પિતાએ મુંબઈમાં નિશાળમાં દાખલ કર્યા. નર્મદનો બૌદ્ધિક વિકાસ થાય તેવી પિતાની ઇચ્છા હતી. સૂરતમાં દુર્ગારામ મહેતાજીની શાળામાં અભ્યાસ કર્યો. માતા સાથેની મુંબઈ-સૂરતની મુસાફરીમાં સૃષ્ટિસૌંદર્યની અસર નર્મદના ચિત્ત પર થતી. મુસાફરીમાં આવતાં વિઘ્નોને કારણે ભીરુપણામાંથી મુક્ત થયા. કૌમાર્યમાં લાડકવાયા પુત્ર માટે પિતાએ અંગ્રેજી શિક્ષણ માટે પ્રબંધ કર્યો; પણ માતાના અકાળ મૃત્યુ પછી નર્મદ મુંબઈનો અભ્યાસ અધૂરો રાખી સૂરત જતા રહ્યા. અભ્યાસમાં લક્ષ ન હતું. માતાના મૃત્યુનો આઘાત ખૂબ ઊંડો હતો. નર્મદ મા માટે લખે છે : '33 વર્ષની ભરયુવાન વયે મૃત્યુ પામી. તે સુઘડ, ઉદ્યમી, કરકસર કરનાર, સમજદાર, સંતોષી હતી. લખતાં વાંચતાં, ગીતો ગાતાં આવડતું હતું. ભીખ માગવા આવનારને આપ્યા વિના ન રહેતી.'

11 વર્ષની ઉંમરે અંગ્રેજી શાળામાં અભ્યાસ કરવાની તક મળે છે. નર્મદના જીવન પર તેની અસર પડે છે -

સને 1845થી 1851માં ઉચ્ચશિક્ષણ. અભ્યાસમાં નિયમિત. હંમેશાં દરેક વર્ગમાં એકથી પાંચમા નંબર પર રહેતા. વિદ્યાકાંક્ષી હતા. અન્ય વિષયો કરતાં કાવ્ય-શિક્ષણમાં ઊંડો રસ ધરાવતા. આર્થિક સંઘર્ષને કારણે, પિતા પર જવાબદારી ન આવે તેથી નોકરી કરવાના નિર્ણય સાથે મુંબઈનો ત્યાગ કરી સૂરત ગયા. પણ મુંબઈની હવાનો સ્પર્શ લાગી ચૂક્યો હતો.

1851થી 1854માં રાંદેરમાં. મહેતાજી ગિરિ, સવારે ચાર વાગે સૂરતથી નીકળી વહાણમાં રાંદેર પહોંચતા. પણ ત્યારે પ્રવાસમાં એકચિત્તે સાંભળેલી વડ્ઝ્વર્થની

કવિતા કે ફાલ્કનરનાં શીપડેકની કવિતા મનમાં ગુંજતી રહેતી. સત્યનિષ્ઠા અને સર્જકતાનો મેળ સાચવવાની મથામણ શરૂ થઈ હતી. કેવળ આર્થિક મદદ માટેની નોકરી પ્રત્યે નર્મદનું મન વિદ્રોહ કરતું હતું. કોઈને જણાવ્યા વિના એકાએક નર્મદે નોકરીને તિલાંજલિ આપી. કેટલાક તેના સ્વજન, મિત્રોને આ નિર્ણય ઉતાવળો લાગ્યો ને તેના ચંચળ અસ્થિર મનનું પરિણામ માન્યું; પરંતુ નર્મદનું મન વધુ ઉચ્ચ અભ્યાસ કરવા, કવિતા બનાવવા વિશે આવડત કેળવવા ઝંખતું હતું. 1852થી 1854 તીવ્ર મનોમંથનનો આ સમય. પંડ્યા ત્રિપુરાનંદની પુત્રી ડાહીગૌરી સાથે બીજાં લગ્ન કર્યાં. પ્રથમ લગ્ન ઘણી નાની ઉંમરે થયાં હતાં. પ્રથમ પત્ની અને નાના બાળપુત્રના મૃત્યુ પછી થોડો સમય નર્મદ અસ્વસ્થ અને દિશાશૂન્ય હતા; પરંતુ જ્ઞાન મેળવવાનો જોસ્સો પહેલાં જેવો જ હતો. નર્મદ સૂરત છોડી દેવાનો નિર્ણય કરે છે, સૂરતનો રૂઢિચુસ્ત જુનવાણી સમાજ, જ્ઞાતિનાં બંધનો, અશિક્ષિત યુવાનો, આર્થિક મુશ્કેલીઓ ને ગુલામી મનોદશા - એ સમસ્યાનો ઉકેલ ન મળતાં નર્મદ ફરી વાર પિતા પાસે જવા મુંબઈનો માર્ગ પકડે છે.

20 વર્ષની ઉંમરે 1854ના જાન્યુઆરીમાં નર્મદનું સૂરતથી વહાણમાં મુંબઈમાં પિતા પાસે ફરી આગમન થાય છે. મુંબઈનો આર્થિક વિકાસ થયો છે. શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રે વિકાસ માટેના પ્રયત્નોની શરૂઆત થઈ હતી, 1854નું એ વર્ષ. 1857ના બ્રિટિશ હકૂમત વિરુદ્ધના પ્રથમ આઝાદી જંગ પહેલાંનાં એ ત્રણ વર્ષ. મુંબઈના વિકાસ માટે અન્ય ક્ષેત્રોમાં કાર્યરત વ્યક્તિઓના પરિચયમાં આવતાં નર્મદનું યુવાન હૃદય સ્વતંત્રતાની હવાનો સ્પર્શ પામે છે અને હૃદયવ્યથા અનુભવી પોકાર કરે છે. 'ક્યાં સુધી ? ક્યાં સુધી આ ગુલામી ? દિવસ ને રાત એક જ ઝંખના એને થાય છે. મોટો કેમ થાઉં ? નામના કેમ મેળવું ? આ અગાઉનાં વર્ષોમાં તો તે માસ્તરગીરી કરતો હતો. સામાન્ય જીવનમાં સમય વ્યતીત કરતો હતો. મુંબઈની મુક્ત હવાનો સ્પર્શ અને મુંબઈના વિકાસ માટે ભગીરથ પ્રયત્નો કરતા મહાનુભાવોના પરિચયે એને પોતાની શક્તિમાં અવિશ્વાસ કદી આવતો નથી. ઉચ્ચશિક્ષણ મેળવવાની લગન અને કૉલેજમાં અભ્યાસની શરૂઆત, સ્કોલરશિપ (અનુદાન) મળે છે પણ આજીવિકા માટે તે ઉપરાંત કામ કરવું પડે છે. વિદ્યાર્થીને ખાનગી શીખવવાનું શરૂ કરે છે. શીખવું અને શીખવવું બંને સાથે થાય છે. થોડા જ સમયમાં શીખવવાનું કામ મળતું બંધ થાય છે અને પિતા પર પોતાનો આર્થિક ભાર નાખવા ન માગતા નર્મદ કૉલેજશિક્ષણને તિલાંજલિ આપે છે. 1857માં પણ ત્યારે નર્મદને જાતિભેદ, સુધારાનું પુનર્વિવાહનું સપનું પણ ન હતું, પરંતુ 1855થી કવિતા બનાવવાના શાસ્ત્ર પિંગળશાસ્ત્ર વિશે માહિતી મેળવવાના પ્રયત્નોની શરૂઆત કરે છે. 1854થી 1856 કવિપદની તૈયારીનો કાળ છે. કવિ દલપતરામનાં કાવ્યો નર્મદના વાંચવામાં આવે છે. નર્મદને બુદ્ધિપ્રકાશમાંથી પિંગળ વિશે માલૂમ પડ્યું કે

સંસ્કૃત પાકૃત પુસ્તક મુંબઈના રહેવાસી તુલજારામ ભારગવ પાસેથી મળી શકે. તુલજારામે કાલિદાસનો 'શ્રુતિબોધ' ગ્રંથ લઈ જવા ન આપ્યો અને વધુ આગ્રહ કરતાં દાદાદેવ નામના નાશક્કર શાસ્ત્રીનો પરિચય આપ્યો. નર્મદ તેમની પાસે 18 દિવસોમાં 'શ્રુતિબોધ' શીખ્યા ને ગુજરાતીમાં રૂપાંતર કરતા રહ્યા. વિચારશક્તિ અને તર્કશક્તિ કેળવવા માટે પિંગળ અને પ્રાકૃતગ્રંથોના અભ્યાસનું મહત્ત્વ નર્મદ સ્વીકારતા હતા. ને ગુરુ વિના જ્ઞાન પ્રાપ્ત થતું નથી એ નર્મદનો વિશ્વાસ હતો. 1856માં કૉલેજને તિલાંજલિ આપ્યા પછી બુદ્ધિવર્ધક ગ્રંથના અધિપતિનું કામ શરૂ કર્યું. આજીવિકા મેળવવાના પ્રયત્નો સાથે 'વૃતરત્નાકર' અને 'રઘુવંશ'નો અભ્યાસ શાસ્ત્રી દેવશંકર શુક્લ પાસે કર્યો.

મિત્ર જદુરામની સહાયથી ગોરધન નામના કડિયાને ત્યાંથી 'છંદ રત્નાવલી' નામનું પુસ્તક મળ્યું; પણ પુસ્તક આપી દેવાની તેની નામરજી હોવાથી અત્યંત મહેનત કરી આખું ઉતારી લીધું. એ પુસ્તકમાંથી દોહરા-ચોપાઈના નિયમો તેમને સમજાયા. જીવનનિર્વાહ માટે 1857માં ગોકુલદાસ તેજપાલ વિદ્યાલયમાં શિક્ષકની નોકરી શરૂ કરી. દિવસ આખો શાળામાં બાળકો સાથે પસાર થતો, બાળકોનાં કલબલાટ અને થકવી નાખે તેવા શિક્ષણના કાર્યમાં કવિતાની આરાધના કરવાનું મુશ્કેલ હતું. સાંજને સમયે નર્મદ આકાશ અને દરિયાને નિહાળી કાવ્યરચના કરવાનો આરંભ કરે છે. 1857થી નર્મદાશંકર કવિતા વિશે સમજવા લાગ્યા. મુંબઈ આવતાં પહેલાં સૂરતની એ શાળામાં પ્રતાપી રાષ્ટ્રસ્રષ્ટા દયાનંદ સરસ્વતીનું ભાષણ સાંભળી નર્મદને 'દેશાભિમાન' શબ્દ સમજાયો છે. 1858માં બુદ્ધિવર્ધક સભાના મંત્રી (સેક્રેટરી) અને બુદ્ધિવર્ધક ગ્રંથના અધિપતિપદે, ત્યાર પછી શાળાની નોકરી છોડી દીધી. નર્મદ કહે છે, 'મન કવિતા પ્રત્યે લાગ્યું હતું ને નિશાળના કામમાં દિલ ન હતું'. 1858ના જ્યાં બુદ્ધિવર્ધકની ઘોષણા સંભળાય છે ત્યાં નર્મદની વાણી સૌને દેશભક્તિનો પાનો ચડાવે છે. 1858 નવેમ્બર 23માં પેગંબરી મનોદશાનો તે અનુભવ કરે છે. નર્મદે ઘેર આવી કલમ સામું જોઈ આંખમાં ઝળઝળિયાં સાથે તેને અરજ કરી કે, 'મા શારદા ! મા ! હવે હું તારે ખોળે છઉં' નર્મદ ગુજરાતી ભાષામાં પિંગળ વિશેનું પ્રથમ પુસ્તક 'પિંગળપ્રવેશ' તૈયાર કર્યું. જે કવિ દલપતરામની પણ પ્રશંસા પામ્યું.

નર્મદ 'લઘુહિતોપદેશ'નું કવિતામાં ભાષાંતર કરે છે ને છપાવે છે. લેખનપ્રવૃત્તિ સાથે સાથે નર્મદ પુણે જઈ નીલકંઠ શાસ્ત્રી પાસે 'લઘુકૌમુદીનો અને વિષ્ણુ શાસ્ત્રી પાસે 'વિક્રમોર્વશીય નાટક'નો અભ્યાસ કરે છે. નર્મદની ગુરુભક્તિ અનન્ય છે. બાળશાસ્ત્રીદેવ પાસે 'કાવ્યચંપુ' નાટકના શ્લોકોનો અભ્યાસ કરતાં ઉત્તમ કવિતા વિશે નર્મદ ચર્ચા કરતા રહેતા. નર્મદ કહે છે, 'મારા 'પિંગળ અલંકાર'ને 'રસ' તેમજ 'વૃત્ત રત્નાકર' ગ્રંથ તેમની પાસે શીખવા મળ્યા. તે દિવસોમાં રાત્રે લિંગ

પુરાણ ને અધ્યાત્મ રામાયણ વાંચતો, નિબંધો પણ લખાતા ગયા. નર્મદની સાહિત્ય પ્રવૃત્તિનાં પ્રતિબિંબ મુંબઈની શિક્ષિત ગુજરાતી પ્રજામાં પ્રસરતાં હતાં. કવિતાના નિયમો વિશે ગુજરાતમાં એક પણ પુસ્તક ન હતું. તેની ખોટ નર્મદાશંકરે પૂરી પાડી. ગુજરાતી ભાષામાં પહેલું પુસ્તક પિંગળ વિશે 'પિંગળ પ્રવેશ' પછી 'ચંદ્રાલોક' નામનો અલંકારનો મૂળ ગ્રંથ અને 'નૃસિંહ ચંપુ' શીખવાની શરૂઆત કરી. નર્મદ આજીવન શિષ્ય હતા. અલંકાર પ્રવેશ લખવાની શરૂઆત સાથે 1855થી 1858 સુધી કવિતાના અંકો 'નર્મદ કવિતા' અંક-1, 'નર્મદ કવિતા' અંક-2 છપાવ્યા અને તે પછી 'અલંકાર પ્રવેશ' ને 'રસપ્રવેશ' તૈયાર થયા.

1859ના વર્ષથી ધર્મસંબંધી નર્મદાશંકરના વિચારો વહેમોથી મુક્ત થયા ને સંસ્કારી સુધારાવાળા થયા. એટલું જ નહિ; સુધાર વિશે વ્યાખ્યાનો આપી લોકમત કેળવવાનો આરંભ કર્યો. નર્મદની આત્મકથામાંથી એક પ્રસંગ જાણવા મળે છે. ભિક્ષુકની ન્યાતમાં જમણવારમાં સ્ત્રીઓ કાંચળી વિના અબોટિયાં જ માત્ર પહેરી જમવા આવે તે રિવાજનો વિરોધ કર્યો ને વિરોધ કરી પોતાના ઘરથી જ આ રિવાજ-ચાલ તોડાવ્યો. 1860 સુધારાનો પવન : બીજો પ્રસંગ. અત્યારે જે વાત સામાન્ય છે તેમ 1860માં ન હતું. પરદેશગમન કરનારનો જ્ઞાતિ બહિષ્કાર કરતી. મહિપતરામનો જ્યારે વિલાયતગમન માટે વિરોધ થયો ત્યારે નર્મદે જ્ઞાતિબંધુઓનો રોષ વહોરી મહિપતરામને સાથ આપ્યો અને વ્યાખ્યાનો આપી રૂઢિગત જૂના વિચારોનો ત્યાગ કરી સમાજને જાગ્રત કરવાની હિંમત દાખવી. જુવાન નર્મદે 'એણે ઢાંક્યાં સત્ય ઉઘાડ્યાં ને બતલાવી વિક્રમ વાટ.' નર્મદાશંકરે લ્યુથરનું મંતવ્ય ટાંકી પ્રતિસ્પર્ધકોને જવાબ આપ્યો હતો કે, 'લ્યુથર એમ કહે છે કે 'માહોલનાં જેટલાં નળિયાં છે તેટલા મારા દુશ્મનો હશે તોપણ હું મારો મત બદલવાનો નથી, પણ હું તો કહું છું કે તે નળિયાં ભાંગવાથી ન્હાની ન્હાની જે કટકીઓ થાય તેટલા મારા દુશ્મનો હશે તોપણ હું મહારાજની દરકાર રાખવાનો નથી.' વતનથી દૂર દૂર સમંદર પાર કરી સપનાં લઈ આવેલા ગુજરાતીઓની કર્મભૂમિ મુંબઈ. ચાર વર્ષમાં સૂરતથી રઝળતો પાછો આવેલો છોકરો નર્મદ આ નવા ગુજરાતીનો પ્રાણ થવા લાગ્યો. એ સુધારાનો પયગંબર થયો. એણે નિર્માલ્યતાને પડકાર કર્યો. એનો ઉત્સાહ દાવાનળ સમો ગુજરાતને સળગાવે છે અને એ વિજયી શંખનાદ કરે છે. કરસનદાસે 'સત્યપ્રકાશ'નો આરંભ કર્યો તો નર્મદે 'દાંડિયો' 1864માં શરૂ કર્યું. પ્રજાને મંત્ર આપ્યો.

**સહુ ચલો જીતવા જંગ, બ્યૂગલો વાગે**
**યા હોમ કરીને પડો, ફતેહ છે આગે.**

1860માં પ્રકાશનોની શરૂઆત થાય છે. દયારામકૃત કાવ્યસંગ્રહ છપાયો. 'નર્મકોશ' પહેલો, 'નર્મકોશ' અંક-2, 'નર્મકોશ'-3 ને 'નર્મ કવિતા'-3જું પુસ્તક

બહાર પડ્યાં.

1864માં બાપના મૃત્યુનો ઊંડો આઘાત સહન કર્યો, પણ સાહિત્યસેવા અવિરત ચાલુ કરી. 1865માં 'નર્મ-વ્યાકરણ-1' પુસ્તક તૈયાર થયું. 'નર્મ-વ્યાકરણ-2' ખંડ-1 અને 'નર્મકોશ' અંક-4થો નર્મદ પાસેથી મળ્યા. નર્મદ કહેતા, 'સુધારો કરવો હોય તો બંડખોર થાવ. ધીરે ધીરે હિન્દુસ્તાનમાં ક્યારેય સુધારો થવાનો નથી.' વચન ને વર્તન દ્વારા પ્રત્યક્ષ કરતાં નર્મદને પુનર્વિચાર સંબંધી જદુનાથજીએ વાદવિવાદ કરવા એક વાર આમંત્રણ આપ્યું હતું, નર્મદે તે મિત્રો અને સ્વજનો-સાથીઓની મના છતાં સ્વીકાર્યું. જદુનાથજીનો ઇરાદો ટોળાને નર્મદ પાસે ઉશ્કેરી નર્મદને મરાવવાનો હતો; અને મુંબઈમાં શેતાનોથીયે સંકુચિત મતના ધર્માંધોની સભામાં નરકેસરી નર્મદ જાય છે - એકલો આધારહીણો, મિત્રવિહોણો, પરંતુ તાલીમબાજ કિસનદાસ બાવા સાથે જાય છે. સભામાં નર્મદે જદુનાથજીની બેવડી ચાલ ચિઠ્ઠીવાંચન દ્વારા સ્પષ્ટ કરી ત્યારે જુનવાણી સભાના 200 વિચારકો અને બહારના 880 માણસો નર્મદને મારવા તત્પર થઈ ઊઠ્યા. ત્યારે એ વીફરેલા ટોળા વચ્ચે નર્મદે જદુનાથજીને કહ્યું, 'જો કોઈ મારા ઉપર હાથ ઉગામશે તો જવાબ તમારે આપવો પડશે' - ને તે ગર્વિષ્ટ ને અજેય સભામાંથી પાછો ફરે છે અને પ્રાચીનોની ગુલામગીરીનો યુગ સંકેલાઈ જાય છે.

બાઇબલ કેસનો વિજેતા નર્મદ 1864માં કાવ્યલેખન શરૂ કરી બે વર્ષે પૂરું કરે છે. એ સુધારાનું બાઇબલ કહેવાયું છે. ખરી રીતે દેશભક્તનું એ કરુણ રુદન છે. અભ્યાસ, ચિંતન ને કલ્પનાવિલાસમાંથી એને નવી ભક્તિ સાંપડે છે ગુજરાતની. 'જય જય ગરવી ગુજરાત.' નર્મકોશના એ વિખ્યાત અર્પણ ગીતમાં નર્મદની નવી શ્રદ્ધા દેખાય છે. ત્રણ પેઢીઓએ ગુજરાત ભક્તિની દીક્ષા આ મંત્રમાંથી લીધી છે. એમાં આપણા ભૂતકાળનું તેજ, વર્તમાનનો ઉત્સાહ ને ભાવિની આશા સમાયાં છે. નર્મદની આત્મકથા, 'મારી હકીકત' એ આત્મકથાનું પ્રેમશૌર્ય અંકિત અરુણું પ્રભાત છે. નર્મદ આજે ક્ષરદેહે નથી પરંતુ અમર દેહે એની તેજોમય બળૂકી હયાતી આજે પણ અનુભવાય છે. નર્મદને કારણે સાહિત્યનો નવો રાહ તો મળ્યો જ ને રૂઢિભંજક, નિર્ભય નર્મદ દ્વારા સામાજિક સ્તરે મૂલ્યવાન આંદોલનો રચાયાં. નવાં-નવાં સાહિત્ય સ્વરૂપો, પાશ્ચાત્ય સાહિત્યસ્વરૂપો એમણે ગુજરાતી ભાષામાં પ્રગટ કર્યાં-અવતાર્યાં.

### નર્મદની હૃદયઊર્મિના ઉદ્ગાર હતા :

**'તુંને કોણે ગરવી કહીને સંબોધી મુજ ગૂર્જર માત ?'**

નર્મદે 'દાંડિયો'ના પત્રકારત્વ દ્વારા ઘણા બધા ભ્રષ્ટાચારના કિસ્સાઓને પ્રકાશમાં લાવવા કોશિશ કરી હતી. એ કોશિશ પ્રચાર માટે જ ન હતી પણ તેમાં

પ્રતિબદ્ધતા હતી, અને તેથી મુંબઈના ભીરુ, રૂઢિગત, અંધશ્રદ્ધાળુ સમાજજીવનમાં આંદોલનો પ્રગટ્યાં હતાં. નર્મદના એવા મિજાજનો સંકેત 'મારી હકીકત'માં મળે છે. નર્મદ લખે છે, 'મારા નવા ઘર 'સરસ્વતી મંદિર' સંબંધી મારે શ્રી મી. સમર્સ નામના ડેપ્યુટી કલેક્ટર સાથે ખટપટ થઈ હતી ને તેથી શહેરભરમાં જાહેર થયું કે કવિ સૂરતમાં રહેવા આવ્યા છે ને ટોપીવાળાની સામે લડે છે.' નર્મદના સામે પડવાથી તે શહેરના લોકોમાં જુલમગાર થઈ પડેલા ગોરા અધિકારીનું જોર નરમ પડ્યું અને સરકારમાં ખબર પડવાથી છેક જ નરમ પડ્યો અને નર્મદે સમાજસુધારક દુર્ગારામ મહેતાના શિષ્ય તરીકે સમાજસુધારાની પરંપરા આગળ ધપાવી અને તેના શબ્દમંત્ર 'પ્રેમશૌર્ય' ગુજરાતી પ્રજાને અંદર-અંદરના ઊંચનીચ-જ્ઞાતિ-જાતિ-વહેમો-રૂઢિના વિખવાદોથી પર થઈ એકત્ર થઈ દેશભક્તિ દાખવવાનું શીખવ્યું.

બાપુએ નર્મદ વિશે એક પત્રમાં જણાવ્યું છે -

'નર્મદાશંકરને જે ગુજરાતી ન જાણે તે ગુજરાતી જ કેમ ગણાય ?'

❑

# 8. મોબેદ ફરદુનજી મરઝબાનજી


મોબેદ ફરદુનજી મરઝબાનજી

એ સપનાનાં સોદાગરો ગાઢ જંગલો ઓળંગી જમીનમાર્ગે, લૂંટારાઓના ભયને અવગણી-સમુદ્રમાર્ગે, ચાંચિયા છતાં પિંઢારા સામે લડત આપી આ મરજીવા મુંબઈ બેટ પર આવ્યા, કપોળ આવ્યા, પારસી આવ્યા, કચ્છ-સૌરાષ્ટ્રથી ભાટિયા આવ્યા, સૂરતથી સાહિત્યકારો-શિક્ષકો-વેપારીઓ સમાજસુધારકો આવ્યા. આવતા જ ગયા. મુંબઈને કર્મભૂમિ બનાવીને વતન ગણી રહ્યા. આ ભૂમિ પર પસીનો ને ધન વહાવ્યું. જુવાની ઓળઘોળ કરી દીધી. ખુમારીથી જીવ્યા. ગુજરાતને ગૌરવ અપાવ્યું અને એ કાવ્યપંક્તિ સાર્થક કરી.

મુંબઈના જાહેર સમારંભમાં તેમજ ફંડફાળા ભરવામાં, મોટી સખાવતોમાં અને નવાં ધંધાકીય સાહસો ખેડવામાં પારસી શ્રીમંતો અગ્રેસર હતા.


અખબારી આલમમાં પણ ગુજરાતીઓનું માતબર પ્રદાન રહ્યું છે.

1812માં ભરૂચના મોબેદ ફરદુનજી મરઝબાનજીએ મુંબઈમાં પહેલું ગુજરાતી છાપખાનું શરૂ કર્યું. એ છાપખાનામાંથી ‘શ્રી મુંબઈના શમાચાર’ નામે વર્તમાનપત્ર બહાર પડ્યું. આજના ‘મુંબઈ સમાચાર’નો જન્મ તેમાંથી થયો.

જે મુંબઈ તેમજ ગુજરાતનાં ગુજરાતી વર્તમાનપત્રોમાં સહુથી જૂનું છે. 198 વર્ષથી ચાલે છે. શરૂઆતમાં હાથથી લખી પત્રિકા સ્વરૂપે બહાર પડતું હતું. લોકપ્રિય થતું ગયું. એના સાક્ષી ‘મુંબઈ સમાચાર’ના દળદાર દિવાળી અંકો છે અને આટલાં વર્ષોનું તેનું અસ્તિત્વ છે, આ એ જ ‘મુંબઈ સમાચાર’ જેણે મુંબઈમાં આવી વસેલા ગુજરાતીઓને છાપાં દ્વારા મુંબઈમાં થઈ રહેલા વિકાસની માહિતી પહોંચાડી. ગુજરાતની આપત્તિ સમયે સૌને જાગ્રત કર્યા અને હિન્દુ ઉપરાંત અન્ય કોમોને પણ તેમના પત્રમાં સ્થાન આપ્યું. પ્રજાના સુખદુઃખમાં ભાગીદાર થયા અને

ગુજરાતી સાહિત્યકારોને પ્રોત્સાહન મળતું થયું.

'મુંબઈ સમાચાર'ને લીધે નવાં ગુજરાતી છાપાંઓને પ્રેરણા મળી અને ગુજરાતમાં પત્રકારિત્વ ક્ષેત્રનો વિકાસ થયો. છાપાંને કારણે મુંબઈમાં નાનાં ગામોમાંથી આવેલી પ્રજાની વાંચન માટે દૃષ્ટિ ઊઘડી.




લેખકો-કલાકારો-ચિત્રકારો-કસબીઓને જનસમુદાયનું સન્માન મળ્યું અને આર્થિક સધ્ધરતા મેળવવાનો તેમને માટે માર્ગ ખુલ્લો થયો.

શિક્ષણ અને પત્રકારત્વનો સંયોગ થતાં મુંબઈનો ઝડપથી વિકાસ થતો ગયો. 'મુંબઈ સમાચાર'નું આ મહત્ત્વનું યોગદાન. કપરા સંજોગો, સીધાં ચઢાણ, અંગ્રેજી હકૂમતનો સમયગાળો, પ્રજાની ગુલામી મનોદશા ને બ્રિટિશ સલ્તનતની ભારત વિરોધી નીતિરીતિ છતાં 'મુંબઈ સમાચાર' પ્રામાણિક વહીવટ અને નિષ્ઠાપૂર્વક પત્રકારત્વનો ધર્મ બજાવી આગેકૂચ કરતું રહ્યું.

❑

# 9. જમશેદજી જીજીભાઈ

જમશેદજી જીજીભાઈનો જન્મ નવસારીમાં 1783માં થયો. એમનું પારસી કુટુંબ ખાનદાન પણ ગરીબ. જમશેદજી એ જમાનામાં સાંપડતું સામાન્ય શિક્ષણ પામ્યા. 12 વર્ષની ઉંમરે ફરામજી બાટલીવાળાના ખાલી બાટલીઓ વેચવાના ધંધામાં જોડાયા. ખંત અને પરિશ્રમની લગનની જમશેદજીએ ફરામજીના મન પર એવી છાપ પાડી કે ફરામજીએ પોતાની દીકરી અનવાબાઈ સાથે જમશેદજીનાં લગ્ન કર્યાં. હળવે હળવે ધંધાનો વિસ્તાર થતો ગયો. લગ્ન પછી જમશેદજી સપત્ની મુંબઈ આવ્યા. મુંબઈમાં રૂના વેપારની ખિલવણી કરનાર પારસી ગૃહસ્થ હતા નવસારીના શેઠ જમશેદજી જીજીભાઈ. ધંધાની જન્મજાત ઉકલત જમશેદજીમાં એવી કે એમણે ચીન અને અન્ય દેશો સાથે વ્યાપારિક નાતો જોડ્યો. મહેનતુ પ્રકૃતિ, પણ સાદી જીવનપ્રણાલી. આ કારણે બે સદી પહેલાં જમશેદજીએ રૂપિયા પચીસ લાખથી વધુ રકમ દાનમાં આપી. આજે પણ આ સખાવતો તેમની ઉદારતાની અને સમાજકલ્યાણની સાક્ષી રૂપે મોજૂદ છે.

જે. જે. હૉસ્પિટલ : જનતાની સુખાકારી માટે, બીમારોની ચાકરી માટે અને દાક્તરી જ્ઞાનના વિદ્યાર્થીઓ માટે સઘન તાલીમ અને વ્યક્તિગત વિકાસની તકો આપતી સંસ્થા તરીકે જે. જે. હૉસ્પિટલ વિકસી છે, કાર્યરત છે. હૉસ્પિટલના લાંબા સમયકાળ દરમિયાન દેશ પર ને મુંબઈ પર આવેલી આપત્તિમાં હૉસ્પિટલના કર્મચારીઓ અને ડૉક્ટરો અડીખમ ઊભા રહ્યા છે.

મુંબઈમાં રૂના વેપારની ખિલવણી કરી, અઢળક કમાણી કરનાર જમશેદજીએ માહિમ અને વાંદરાની ખાડી પુરાવી વાહનવહેવાર ચાલુ કરાવ્યો.

જે. જે. સ્કૂલ ઑફ આર્ટ (જમશેદજી જીજીભાઈ સ્કૂલ ઑફ આર્ટ) આ ભારતીય કલાકારોની તાલીમનું તીર્થસ્થાન. કલાની બધી શાખાઓનું જ્ઞાન આપતી સંસ્થા. સ્થાપનાના સમયે બેજોડ હતી. આજે પણ અદ્વિતીય. આ સંસ્થાને કારણે ભારતના અસંખ્ય યુવાનોને કલાશિક્ષણનું પદ્ધતિસર જ્ઞાન કલાગુરુઓ પાસેથી સાંપડ્યું.

નાનાં ગામોમાં ગરીબાઈમાં જીવન વ્યતીત કરતા, કલાક્ષેત્રે પ્રાવીણ્ય મેળવવા ઝંખતા યુવાનો માટે આ જે. જે. સ્કૂલ ઑફ આર્ટ તેઓનાં સપનાં સાકાર કરવાનું માધ્યમ બની. અહીં ગુરુ પાસે સ્નેહ અને જ્ઞાન તો પ્રાપ્ત થતાં હતાં ને શિક્ષણ માટેનાં સાધનો અને રહેવા-જમવાનો પ્રબંધ પણ ટ્રસ્ટ દ્વારા થઈ જતો.



જે. જે. સ્કૂલ ઑફ આર્ટ

ઐયર, હુસેન, રઝા, ગાયતુંડે, ધોંડે, બર્વે, રવિશંકર રાવળ, તુફાન રફાઈ આ સંસ્થાના કેટકેટલા ખ્યાતનામ વિદ્યાર્થીઓનું સ્મરણ કરીશું ?

ગુજરાતના કલાગુરુ રવિશંકર રાવળ જે. જે. સ્કૂલ ઑફ આર્ટના વિદ્યાર્થી. એ સમય હતો જ્યારે ગુજરાતમાં લલિતકલાઓ, ચિત્ર, શિલ્પ, નૃત્ય, નાટ્ય, સંગીતનું શિક્ષણમાં સ્થાન ન હતું, એટલું જ નહીં જનસમાજમાં તેના કલાકારોનું સન્માન ન હતું ત્યારે શ્રી રવિશંકર રાવળે ભાવનગરથી સીધા જે. જે. સ્કૂલ ઑફ આર્ટમાં પ્રવેશ મેળવ્યો અને ગુજરાત કલાગુરુ રવિશંકર રાવળ અને તેમની સંસ્થા 'ચિત્રકૂટ' દ્વારા વિખ્યાત કલાકારો પ્રાપ્ત થયા.

બાળપણમાં અત્યંત ગરીબાઈને કારણે ઘર ઘર ખાવાનું માગી મોટા થતા તૂફાન રફાઈ સાહેબે સંઘર્ષ કરી આ સંસ્થામાંથી કલાશિક્ષણ પ્રાપ્ત કર્યું. અને ગુજરાતના ચિત્ર કલાશિક્ષણના વિદ્યાર્થીઓને કુદરતી રંગોનો ઉપયોગ કરવા પ્રેરણા આપી. નાનાં ગામોમાં શિક્ષણનો પ્રબંધ ન હતો - ભારતના ગુલામીના એ કાળમાં આજની જેમ વિશાળ દુનિયાનો પરિચય પામવાનું યુવાનો માટે સરળ ન હતું, ત્યારે દેશભરના કલાકાર યુવાનોની નજર 'જે. જે. સ્કૂલ ઑફ આર્ટ' પર હતી. તેમના પુરોગામીઓની જેમ તેઓ પણ સપનાં સાકાર કરવા મુંબઈ

આવ્યા અને ગુજરાતના 'સપનાનાં સોદાગરો' દ્વારા થયેલા મુંબઈના વિકાસના માર્ગે આગળ વધ્યા.

'જે. જે. સ્કૂલ ઑફ આર્ટે' ભારતમાં જુદાં જુદાં રાજ્યોમાં આ પ્રકારની સંસ્થા સ્થાપવાની પ્રેરણા આપી. આમ આરોગ્ય અને કલાશિક્ષણના ક્ષેત્રે જમશેદજી જીજીભાઈએ આપેલા દાનને કારણે મુંબઈ આજેય ઋણી છે. આ મહાનુભાવનું અવસાન 1859માં થયું. આજે પણ મુંબઈના ટાઉનહૉલમાં સ્મૃતિ રૂપે એમની પ્રતિમા છે.

❑

# 10. માણેકજી નસરવાનજી પીટીટ



માણેકજી નસરવાનજી પીટીટ

માણેકજી નસરવાનજીનો જન્મ 1802માં થયો. ફ્રેન્ચ ભાષામાં નાજુક બદન માણસ માટેનો શબ્દ પિટિટ, એટલે ફ્રેન્ચ મિત્રો માણેકજીના પિતા નસરવાનજીને 'લા પીટીટ પારસી' નામથી ઓળખતા. પછી તો એ કુટુંબની અટક જ પડી.

તેમના પિતાના મૃત્યુ સમયે તેમની ઉંમર 18 વર્ષની. 1820માં નાની ઉંમરે કુટુંબની જવાબદારી આવી પડી. પિતા પાસેથી વ્યાપારી કુનેહના પાઠ અને પરિશ્રમી જીવન જીવવાના સંસ્કાર મળ્યા હતા. અચાનક આવી પડેલી આપત્તિથી વિચલિત થયા નહીં. ટૂંક સમયમાં જ મુંબઈના પહેલી હરોળના વેપારી બની ગયા.

કોલાબા લૅન્ડ કંપનીની સ્થાપના કરી અને કોલાબાનો દરિયો પૂરવાનું ભગીરથ કામ શરૂ કર્યું. કોલાબાનો દરિયો પૂરી ત્યાં ઊભી કરેલી નવી જમીન પર અનેક મકાનો બાંધ્યાં.

1840માં ફાયર ઇન્સ્યુરન્સ કંપની સ્થાપી. 1842માં કોલાબા પ્રેસ કંપની શરૂ કરી.

વ્યાપારી ક્ષેત્રે માણેકજીએ દાખવેલી અજોડ હિંમત તે 2000 ટનનું તેમણે ખરીદ કરેલું 'ચાર્લ્સ ગ્રાન્ટ' નામનું વેપારી જહાજ અને ચીન સાથે મોટો વેપાર ખેડ્યો.

અઢળક સંપત્તિ પ્રાપ્ત કરી. સખાવતો કરી. મુંબઈની વેપારઉદ્યોગની આબાદી મોટે ભાગે સ્પિનિંગ અને વીવિંગ મિલ ઉદ્યોગને કારણે થઈ.

ત્યારે સુએઝની નહેર ચાલુ થઈ ન હતી, બધી યંત્રસામગ્રી કૅપ ઑફ ગુડ

હોપને રસ્તે વહાણમાર્ગે લાવવી પડતી.

વિલાયતથી આવતા મિલ કાપડની કાતિલ હરીફાઈ છતાં મુશ્કેલીથી ડરે એવા માણેકજી ન હતા. ગુજરાતના વણકરો અને કલાકસબીઓનું હિત તેમના હૈયે હતું. તેઓને થઈ રહેલા અન્યાય અને તેઓ પ્રત્યેની બ્રિટિશ હકૂમતની ક્રૂરતા નજર સમક્ષ હતી. માણેકજીએ ઓરિએન્ટલ સ્પિનિંગ અને વીવિંગ મિલ 25 લાખની મૂડીથી 1858માં ઊભી કરી. કુનેહથી ચલાવી. મુંબઈને આબાદી બક્ષી.



પીટીટ લાઇબ્રેરી

માણેકજીની સફળતાથી અમદાવાદના રાવ બહાદુર રણછોડલાલ રેંટિયાવાળાને પણ પ્રોત્સાહન મળ્યું અને અમદાવાદની પહેલી કૉટન મિલ સ્થપાઈ. આમ ગુજરાતના મિલઉદ્યોગના વિકાસમાં પણ માણેકજીનો પરોક્ષ ફાળો હતો. 57 વર્ષ પ્રમાણમાં ઓછી ઉંમરે 1859માં માણેકજી પીટીટનું અવસાન થયું. પીટીટ ટ્રસ્ટ દ્વારા દાનમાં આપવાની ઘણી સંપત્તિની વ્યવસ્થા કરતા ગયા. તેમના પુત્ર દિનશા પીટીટે પિતાના વેપારનો વિસ્તાર કરી કામ ચાલુ રાખ્યું, પીટીટ કુટુંબની સખાવતો અનેક ક્ષેત્રે હતી. કોટમાં આવેલી પીટીટ લાઇબ્રેરી, કૉલેજિયન વિદ્યાર્થીઓ માટે અભ્યાસ કરવા માટેની જગ્યા હતી અને વાંચવા માટે ઉત્તમ પુસ્તકો પ્રાપ્ત થતાં.

મુંબઈમાં પ્રથમ પશુઓની ચિકિત્સા માટે લેડી સાકરબાઈ હૉસ્પિટલ બંધાવી. સર દિનશા પીટીટે જિમ્નેસ્ટિક ઇન્સ્ટિટ્યૂટની મુંબઈને અત્યંત ઉપયોગી અને અવનવી આધુનિક ભેટ આપી.

પારસી કન્યાઓ માટે પીટીટ શાળાની વ્યવસ્થા પીટીટ ટ્રસ્ટે નિભાવી. શિક્ષણ, આરોગ્ય, સમાજકલ્યાણ, સાહિત્યક્ષેત્રે પીટીટ કુટુંબની અગણિત સખાવતો છે.

આ જ પીટીટ કુટુંબનાં શ્રી મીઠુબહેન પીટીટે દાંડીયાત્રા સમયે બાપુને સાથ આપ્યો અને રાનીપરજ આદિવાસી કન્યાઓના શિક્ષણ અને સંસ્કારના કાર્યમાં જીવન ને લક્ષ્મી અર્પણ કર્યાં.

❑

# 11. સર કાવસજી જહાંગીર

ગુજરાતમાંથી મુંબઈ સ્થાયી થયેલી પારસી કોમે પણ મુંબઈના વિકાસમાં મોટો ફાળો આપ્યો છે. પ્રથમ નજરે સામાન્ય લાગે તેવી તેમની સખાવતો જનતા માટે વર્ષો વીતતાં વધુ ને વધુ લાભકારક થતી જાય છે. સર કાવસજી જહાંગીરના પુત્ર જહાંગીરનું યુવાવસ્થામાં અવસાન થયું તેની સ્મૃતિમાં પિતાએ જહાંગીર આર્ટ ગૅલરી બાંધી. પુત્રને કલા અને કલાકારો પ્રત્યે પ્રીતિ હતી. પિતાએ પુત્રવિયોગનું અસહ્ય દુઃખ વિસારે પાડવા જહાંગીર આર્ટ ગૅલરીનું આયોજન કર્યું. આ આર્ટ ગૅલરીનું સ્થળ મનને શાંતિ બક્ષે તેવું છે. મનહર છે.

આ સ્થળે દેશ-વિદેશના કલાકારોનાં પ્રદર્શનોનું આયોજન થાય છે.

કલાકારોને ઉત્તેજન મળે એ હેતુથી ઓછા દરે હૉલ ભાડે અપાય છે. જહાંગીર આર્ટ ગૅલરીની પ્રતિષ્ઠા એવી છે કે અહીં થતાં પ્રદર્શનોમાં લોકો સારી સંખ્યામાં હાજરી આપે છે કલાકારોનાં ચિત્રોનું વેચાણ પણ સારી રીતે થાય છે. સખાવત પછીનાં આટલાં બધાં વર્ષોમાં અગણિત અકિંચન-અજાણ્યા કલાકારો પોતાના ચિત્રપ્રદર્શન દ્વારા સમૃદ્ધિ પામ્યા છે, અને દેશવિદેશમાં ચિત્રપ્રદર્શનમાં ભાગ લઈ શક્યા છે. સર કાવસજી જહાંગીરે આ રીતે પુત્રતર્પણ કર્યું. અને હજારો યુવાનોના આશીર્વાદ પામ્યા અને પામતા રહે છે.

એક બાજુ કલાકારોને તેમના ઉત્તમ દાનથી સહાય પ્રાપ્ત થઈ તો બીજી બાજુ વતનમાંથી આવતા ગરીબ, સાહસિક યુવાનો માટે તેમણે કાવસજી જહાંગીર મિલ શરૂ કરી અને બેકાર યુવાનોને મદદરૂપ થયા.

'તેમને તેમની સામાજિક સેવાને કારણે સરકારે 'સર'નો ઇલકાબ આપ્યો.

તેમની સખાવતને કારણે કાવસજી જહાંગીર હૉલ બંધાયો. ભવિષ્યની યુવાન પેઢીની પ્રગતિનો વિચાર કરી તૈયાર થયેલા આ હૉલમાં વારંવાર બુદ્ધિશાળી દેશ-પરદેશના લોકો-વિચારકો-વિજ્ઞાનિકો-યુવાન સાહિત્યકારોનાં મિલન યોજાય છે.

❑

# 12. પ્રેમચંદ રાયચંદ



સૂરતની જૈન કોમના દાનવીર. કુશાગ્ર બુદ્ધિપ્રતિભા ધરાવતા પ્રેમચંદનો જન્મ ઈ.સ. 1812માં થયો. દાદા દીપચંદ ને પિતા રાયચંદ. તદ્દન ગરીબ સ્થિતિમાં પ્રેમચંદ જન્મ્યા અને એ જમાનામાં કરોડપતિ થયા.

ધંધાના વિકાસ માટે પિતા રાયચંદ નાના પ્રેમચંદને લઈ મુંબઈ આવ્યા. ગર્ભશ્રીમંત થયા. સાધારણ અંગ્રેજી જાણનાર પ્રેમચંદે શરૂમાં દલાલી અને પછી સ્વતંત્ર ધંધામાં ઝંપલાવ્યું. શૅરોની ઊથલપાથલ, રૂના સટ્ટા અને અફીણના વેપારમાં અઢળક કમાયા. સટ્ટાબજારના બેતાજ બાદશાહ કહેવાયા. 1863માં કોલાબાથી વાલકેશ્વર સુધીનો દરિયો પૂરવાની સરકારે પ્રેમચંદ શેઠને પરવાનગી આપી. એમની કંપનીનું નામ 'ધી બૉમ્બે રેક્લેમેશન' હતું.

એ સમયે પ્રેમચંદ શેઠની લક્ષ્મી સાતથી નવ કરોડની ગણાતી. માત્ર ભારતમાં જ નહીં, પણ સારા યુરોપમાં પણ એમની ગણના બાહોશ વેપારી તરીકે થવા લાગી. તેમની સખાવતો અગણિત છે. એમના સારા દિવસોમાં દર માસે રૂ. 8000ની ખેરાત કરતા જ. જીવનમાં ચડતીપડતી આવી; પરંતુ કરોડો કમાનાર અને ખોનાર આ સાહસિક નરવીર હતો. મુંબઈવાસીઓના હૃદયમાં ફ્લોરા ફાઉન્ટન અગત્યનું સ્થાન ધરાવે છે. એ સમયે બંધાયેલો ફ્લોરા ફાઉન્ટન પ્રવાસીઓનું ધ્યાન ખેંચે છે. જેવું સુંદર નામ છે, એવી જ આકર્ષક બાંધણી છે.

ફ્લોરા ફાઉન્ટનની બાંધણી શ્રી પ્રેમચંદ રાયચંદે કરી હતી.

રૉયલ એશિયાટિક સોસાયટીને પ્રેમચંદ રાયચંદે ઘણી મદદ કરી.

મુંબઈ અને કૉલકાતાની વિદ્યાપીઠોને બે-બે લાખ દાનમાં આપ્યા, જ્યાં અસંખ્ય વિદ્યાર્થીઓ માટે જ્ઞાનનાં દ્વાર ખૂલ્યાં. માતૃભક્ત પ્રેમચંદે માતાની સ્મૃતિમાં મુંબઈને અતુલ્ય ભેટ આપવાનો નિર્ણય લીધો અને સરકાર પાસે જગ્યા મેળવી.

દેશ-પરદેશના જાણકારો-કસબીઓની મદદ મેળવી 1લી માર્ચ, 1869માં રાજાબાઈ ટાવરનું બાંધકામ શરૂ કર્યું. નવ વર્ષની સતત મહેનત અને સંપત્તિના દાનથી રાજાબાઈ ટાવર 1878માં પૂર્ણ થયો. 280 ફૂટની ઊંચાઈ ધરાવતો રાજાબાઈ ટાવર માતા રાજાબાઈ પ્રત્યેના પ્રેમચંદના આદર અને પ્રેમનો સાક્ષી છે.



ફ્લોરા ફાઉન્ટન



રાજાબાઈ ક્લોક ટાવર

મુંબઈના સ્ટૉક માર્કેટનું અસ્તિત્વ એમની સખાવતને આભારી છે.

1864માં શેઠ પ્રેમચંદે મુંબઈની સરકારને પત્ર લખ્યો. 'મારે સરકારને વિનંતી કરવાની છે કે મુંબઈની યુનિવર્સિટીને મારે બે લાખ રૂપિયા આપવાની ઇચ્છા છે, જેમાંથી એક યુનિવર્સિટી લાઇબ્રેરી બને જે આ નગર માટે એક શોભાચિહ્ન બની રહે. જે ભવિષ્યની પેઢીઓ માટે અધ્યયનનો ભંડાર બની રહે.' સેનેટે પ્રેમચંદ શેઠની આ સખાવત માન્ય રાખી. ભરૂચ શહેરમાં દીપચંદ રાયચંદ લાઇબ્રેરીની ઇમારત આજે મોજૂદ છે. મુંબઈમાં બેક-બે રેક્લેમેશનનું

આયોજન એમનું. મુંબઈમાં કૉમર્શિયલ મર્કન્ટાઇલ બૅન્ક ઊભી કરી, અઢળક સંપત્તિ મેળવી અને દાન પણ બેસુમાર કર્યાં. સૂરતમાં વતનમાં રાયચંદ દીપચંદ ધર્મશાળા, અમદાવાદમાં પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજ, ભરૂચમાં બાલિકા વિદ્યાલયની સ્થાપના તેમની જનકલ્યાણ માટેની ઉત્કટ ભાવના અને શિક્ષણ પ્રત્યેનો ઊંડો પ્રેમ દર્શાવે છે. એમણે દાનવીર તરીકે નામના મેળવી. મુંબઈના આર્થિક જગત પર પ્રેમચંદ રાયચંદનું ચાળીસ વર્ષ સુધી વર્ચસ્વ હતું. લોકવાયકા છે કે એમણે એમના જીવનમાં 60 લાખ રૂપિયા જેટલી માતબર રકમ દાનમાં આપી હતી. એ સમયે તો એ ઘણી મોટી રકમ ગણાય. ટૂંકા આયુષ્યમાં 64 વર્ષની વયે પ્રેમચંદ રાયચંદનું અવસાન થયું. મુંબઈમાં ગુજરાતીઓએ દરિયાદિલ, દષ્ટિવંત જવાંમર્દ ગુમાવ્યો.

❑

# 13. જમશેદજી નસરવાનજી ટાટા (જે. એન. ટાટા)



જમશેદજી નસરવાનજી ટાટા

જમશેદજી નસરવાનજી ટાટા. 1839-1904. જમશેદજીનો જન્મ પારસી ધર્મોપદેશક કુટુંબમાં 1839માં ગુજરાતના નવસારી જિલ્લામાં થયો. આ એ જ વર્ષ હતું, જ્યારે અંગ્રેજી શિક્ષણ અને રીતિ-નીતિ દાખલ કરનાર લૉર્ડ મેકોલેએ હિંદમાંથી વિદાય લીધી હતી.

જમશેદજી ટાટા મુંબઈ આવ્યા અને 14 વર્ષની ઉંમરે એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટમાં દાખલ થયા. વિદ્યાર્થી તરીકે અભ્યાસ પૂર્ણ કર્યો ને 17મે વર્ષે એલ્ફિન્સ્ટન કૉલેજમાં જોડાયા. ત્યાંથી ગ્રીન સ્કૉલર તરીકે 1858માં બહાર પડ્યા. જે ગ્રેજ્યુએટ કક્ષા ગણાય. કૉલેજમાંથી શરૂ થયેલો વાંચન અને પુસ્તકો પ્રત્યેનો પ્રેમ જીવનપર્યંત જળવાયો. થોડાં વર્ષો અનુભવ મેળવ્યા પછી 29 વર્ષની ઉંમરે પરદેશથી આવી 1868માં રૂ. 21,000ની મૂડીના રોકાણથી વેપારની શરૂઆત કરી. એ અગાઉ 1867માં મેંચેસ્ટરની મુલાકાતે ગયા હતા ત્યાં ટોમસ કાર્લાઇલના ભાષણમાં ટોમસને સાંભળ્યા : ‘જે રાષ્ટ્ર લોખંડ પર કાબૂ મેળવે એ સોના પર માલિકી ભોગવે.’ પંડિત જવાહરલાલ નહેરુએ તેમના પુસ્તક ‘Discovery of India’માં નોંધ કરી છે કે હિન્દ ધીમી અતિ ધીમી ગતિએ 1857ની ક્રાન્તિની પછડાટમાંથી બહાર આવી રહ્યું હતું. બ્રિટિશ સરકારના સત્તા મેળવવાના અને તે માટેના દમનના કાયદા સામે ભારતના એક શિક્ષિત વર્ગમાં બ્રિટિશ સરકાર

સામે વિદ્રોહની ચિનગારી પ્રગટી હતી. યોગાનુયોગ 1858માં યુવાન, ભાવનાશીલ-વિચારવંત જમશેદજીએ 19 વર્ષની ઉંમરે એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી દેશની પરિસ્થિતિનો ઊંડાણથી અભ્યાસ કર્યા પછી ગ્રીન સ્કૉલર તરીકે બહાર પડ્યા. ત્યારે રાષ્ટ્રીય સંપત્તિનું રક્ષણ કરવાનાં, સંપત્તિનું સર્જન કરવાનાં અને દેશના યુવાનોને આત્મગૌરવ બક્ષે તેવા ઔદ્યોગિક વિકાસ દ્વારા રાષ્ટ્રની ઉન્નતિ કરવાનાં સપનાં જોયાં હતાં. માર્ગ કઠિન હતો. ભગીરથ પુરુષાર્થની આવશ્યકતા હતી. જમશેદજી જાગ્રત માનસ, પ્રબળ ઇચ્છાશક્તિ અને આત્મવિશ્વાસ ધરાવતા હતા.

પ્રજા પ્રત્યે સખ્તાઈ અને ક્રૂરતા, કાયદાકીય બંધનો હોવા છતાં હિંદને બદલનાર મજબૂત પક્ષ જાગ્રત થયો હતો. જેણે સામાન્ય જનની જીવનદૃષ્ટિ બદલવાના પ્રયત્નો કર્યા, ને પ્રજામાં જાગૃતિ આવી. બે પ્રકારની આ જાગૃતિ હતી. એક પશ્ચિમની પ્રગતિ તરફ નજર હતી, અને તેનું પ્રબળ આકર્ષણ હતું; તો સામે બીજે પક્ષે તેઓ પોતાના વિશે અને પોતાના ભૂતકાળ વિશે વિચારતા હતા. રાત-દિવસ મંથન ચાલતું. શા માટે પરદેશી હકૂમતને આ સુસંસ્કૃત, પુરાણી ભૂમિ પર સત્તા ભોગવવા દેવી જોઈએ ? આપણા દેશ કરતાં તેઓની સંસ્કૃતિ ઊંચા પ્રકારની છે ? કે આધુનિક વિજ્ઞાન અને તાંત્રિક વિદ્યાને કારણે આધિપત્ય ભોગવવા સમર્થ છે ?

ઇંગ્લિશ જ્ઞાન મેળવવા આતુર અને એ દ્વારા દેશના હિતમાં કાર્ય કરનારો પશ્ચિમ રીતિ-નીતિ અપનાવનાર સમાજ અસ્તિત્વમાં આવ્યો. લૉર્ડ મેકોલેએ દાખલ કરેલા શિક્ષણ દ્વારા પશ્ચિમની સંસ્કૃતિ અને પદ્ધતિનો અભ્યાસ કરી સ્વદેશ માટે લાભ મેળવવાના પ્રયત્નો શરૂ થયા હતા.

1867ની ટાટાની મેંચેસ્ટરની મુલાકાત પછી કાપડના ધંધાથી શરૂઆત કરવાના આશયથી મુંબઈમાં કેટલાક મિત્રોના સહકારથી જૂની ઑઇલ મિલ તેમણે ખરીદ કરી તેને કાપડની મિલમાં બદલી અને થોડા જ સમયમાં પ્રગતિ કરી. વિકાસને પેલે પાર પહોંચવાના ટાટાના પ્રયત્નો શરૂ થયા.

1874માં રૂ. 1,500,000ની પોતાની તેમજ મિત્રોની મૂડી સાથે સેન્ટ્રલ ઇન્ડિયા સ્પિનિંગ, વીવિંગ અને મૅન્યુફેક્ચરિંગ કંપનીની શરૂઆત કરી, ત્રણ વર્ષ પછી 1877માં 1લી જાન્યુઆરીને દિવસે રાણી વિક્ટોરિયા ભારતનાં રાણી તરીકે જાહેર થયાં તે દિવસે મિલની શરૂઆત થઈ અને તેની સ્મૃતિમાં મિલનું નામ ‘એક્સપ્રેસ મિલ’ રાખવામાં આવ્યું. જ્યાંથી રૂ સહેલાઈથી પ્રાપ્ત થાય ત્યાં નાગપુરમાં મિલનો આરંભ થયો. મિલે ખૂબ પ્રગતિ કરી. આર્થિક ઉન્નતિ પણ થઈ.

નાગપુરની ટેક્સ્ટાઇલ મિલનો જમશેદજીએ સંશોધન-કેન્દ્ર તરીકે પણ વિકાસ કર્યો હતો. અહીં તેમણે તાંત્રિક ક્ષેત્રમાં અને કામદારો માટે યોજનાઓના હિંદમાં પ્રથમવાર પ્રયોગો કર્યા. 1886માં કામદારો માટે પેન્શનની યોજના અમલમાં મૂકી. એ સમયે આ વિચાર મૌલિક હતો. 1895માં કામદારોને તથા તેના કુટુંબને

અકસ્માતમાં મદદ કરવાની વિચારણા કરી યોજનાને નક્કર સ્વરૂપ આપ્યું. શ્રી જમશેદજી ટાટા પોતાના જમાનાથી જોજનો આગળ હતા. કામદારો માટે અકસ્માતમાં મદદ કરવાની એમની યોજના એ એક રીતે ભવિષ્યમાં આવનારી વીમા યોજનાનું સ્વરૂપ હતું.

એક્સપ્રેસ મિલના વહીવટ દ્વારા જમશેદજીએ પુરવાર કર્યું કે તેમને માટે આર્થિક લાભ ધ્યેય નહીં પણ ભારત દેશની બૌદ્ધિક અને ઔદ્યોગિક સપાટી ઊંચી લાવવા પ્રત્યે તેમનું લક્ષ હતું.

જમશેદજી ટાટાનો પોતાની મિલકત રચનાત્મક કામો માટે વાપરવાનો મક્કમ નિર્ધાર હતો. ભારતમાં ઔદ્યોગિક ક્રાન્તિ લાવવા માટે સંપત્તિનો ઉપયોગ કરવા માગતા હતા. દેશને આર્થિક ક્ષેત્રે સધ્ધર બનાવી ભારતવાસીઓ બધાં ક્ષેત્રોમાં પ્રગતિ કરે એ દીર્ઘ-દૃષ્ટિથી 1892માં જે. એન. ટાટા એનડોવમેન્ટ ફંડ(Tata Endowment Fund)ની શરૂઆત કરી. ધર્માદા સંસ્થાની સ્થાપના થઈ. મૂડી રૂ. 25 લાખની હતી. અત્યારના પ્રમાણે લગભગ રૂ. એક કરોડ ગણાય. અંગત મિલકતમાંથી ઉદારતાથી સ્કૉલરશિપ આપવાનો આરંભ કર્યો. રૂ. 10,000થી શરૂઆત. તે દિવસોમાં આ રકમ ઘણી મોટી ગણાય.

સખાવતની શરૂઆત ફ્રેનીબહેન નામની વિદ્યાર્થિનીને દાક્તર બનવા એડિનબરો મોકલીને થઈ. એનડોવમેન્ટ ફંડનો હેતુ ભારત માટે પોતાના ડૉક્ટરો, વકીલો, એન્જિનિયરો અને સિવિલ સર્વિસની વ્યક્તિઓ, કલાકારો તૈયાર થાય એ હતો. એમની આ દૂરંદેશી દૃષ્ટિને કારણે જે. એન. ટાટા ટ્રસ્ટની સ્કૉલરશિપની મદદથી દેશ માટે દરેક ક્ષેત્રમાં ઉત્તમ યોગદાન આપનાર વ્યક્તિઓ તૈયાર થઈ.

1886માં ધરમસી મિલ ખરીદી, નામ બદલ્યું. 'સ્વદેશી મિલ'. આઠ જ વર્ષમાં આ મિલનું કાપડ સૌથી વધુ લોકપ્રિય થયું અને તેની કિંમત પણ વધુ મળી.

1887માં પોતાની પેઢી 'ટાટા ઍન્ડ સન્સ' નામે ચાલુ કરી અને પુત્ર દોરાબ ટાટા અને આર. ડી. ટાટા ભાગીદાર બન્યા.

ટાટાની અનેક વ્યાપારી અને ઔદ્યોગિક સંસ્થાઓનો આરંભ થયો. 'રાષ્ટ્રભક્ત' શબ્દ દેશમાં પ્રખ્યાત થયો તે અગાઉ ટાટા રાષ્ટ્રભક્તિ માનસ ધરાવતા હતા. ઐતિહાસિક હિંદી પ્રથમ રાષ્ટ્રીય કૉંગ્રેસ 1885માં મુંબઈમાં તેઓ હાજર હતા અને સારી રકમ દાનમાં આપી હતી.

જમશેદજી પોતાના દેશના પ્રશ્નમાં જ રસ લેતા હતા એમ ન હતું. જુવાનીમાં તેઓ ચીન દૂર પૂર્વમાં (Far-East) સારાય યુરોપના પ્રવાસે ગયા હતા. યુરોપ અને અમેરિકામાં ભરાતાં ઔદ્યોગિક પ્રદર્શનોની મુલાકાત પછી પાછા આવી ભારતમાં ત્યાં મેળવેલી માહિતીનો ઉપયોગ કરતા.

**તાજમહાલ :**

શાહજહાંએ પત્ની મુમુતાઝ મહાલ પ્રત્યેના સ્નેહને સંગેમરમરના તાજમહાલમાં વાસ્તવિક રૂપ આપ્યું ને મુંબઈ શહેર પ્રત્યેના પ્રેમને મૂર્ત રૂપ જમશેદજીએ 'તાજમહાલ હોટલ'નું સર્જન કરીને આપ્યું.

ત્યારે મુંબઈમાં બહારથી આવનારા માટે ઊતરવા નાની સામાન્ય ધર્મશાળાઓ હતી. કેટલીક ફક્ત નાની હોટલો બડા સાહેબ છોટા સાહેબ માટે હતી.

તાજમહાલના જન્મ પાછળ શ્રી જમશેદજીને થયેલા અપમાનજનક અનુભવની વાત છે.

એક સંધ્યાએ પરદેશી મહેમાન મિત્રને જમવા માટે એપોલો હોટલમાં લઈ ગયા ત્યારે હોટલના દ્વારપાળે જ અટકાવી કહ્યું, યુરોપિયન પરદેશી મિત્ર હોટલમાં જમી શકશે પણ તેઓ હોટલમાં દાખલ થઈ શકશે નહીં, કારણ કે હોટલ ફક્ત યુરોપિયનો માટે જ હતી. તે જ ક્ષણે જમશેદજીએ પોતાના શહેરને આધુનિક, દુનિયામાં ઉત્તમોત્તમ-સર્વશ્રેષ્ઠ હોટલ આપવાનો નિર્ણય લીધો. તેમની બીજી યોજનાઓ કરતાં જુદા જ પ્રકારનું સાહસ હતું. જમશેદજીનું સ્વપ્ન સત્ય બન્યું 1903માં.

1902માં જમશેદજી અમેરિકા ગયા હતા. ત્યાં ક્લીવલૅન્ડ અને પીટ્સબર્ગમાં કોલસા અને લોહનાં બજારોનો અભ્યાસ કર્યો હતો.

અમેરિકાના પ્રવાસેથી આવ્યા પછી મુંબઈ માટે 1903માં દેશી-પરદેશીઓના આકર્ષણનું કેન્દ્ર ભારતની પ્રથમ મનભાવન હોટેલ 'તાજમહાલ'નો આરંભ થયો.

મુંબઈમાં આ પ્રથમ ઇમારત જ્યાં વીજળીના દીવા થયા. મુંબઈ માટે આ સુંદરતમ્ નજરાણું મહત્ત્વનું યોગદાન, રાત્રિની રોનક તાજમહાલ હોટલ. જમશેદજી ટાટા Front Line Industryના પ્રણેતા બન્યા. 65 વર્ષની ઉંમર સુધી તેઓ સતત કાર્યરત રહ્યા.

પંડિત જવાહરલાલજીએ તેમના પુસ્તક Dicsovery of Indiaમાં જણાવ્યું છે કે બ્રિટિશ સલ્તનતની હિંદના વિકાસને રૂંધનારી, હિન્દને નુકસાન કરનારી વૃત્તિ અને નુકસાનકારક પ્રજા તરફ વર્તાવ હોવા છતાં, કાયદાકીય બંધનો હોવા છતાં હિન્દમાં શિક્ષિત મજબૂત પક્ષ 1857ની ક્રાન્તિ પછી જાગ્રત થયો હતો.

સ્વ-ઉપયોગ માટે સંપત્તિ મેળવવી અને માનવકલ્યાણ માટે સંપત્તિનું સર્જન કરવું એ બંનેમાં આભ-ધરતી જેટલું અંતર છે.

ટાટા ટ્રસ્ટ એવા સંકુલની વાત છે, જેણે રાષ્ટ્ર માટે સંપત્તિનું સર્જન કર્યું. સંઘર્ષ, સાહસ ને સાફલ્યની આ વાત છે. બે કક્ષાના લોકો દુનિયાના સર્જનકાળથી છે.

એક સ્વ-ઉપયોગ માટે સંપત્તિ મેળવે છે. બીજી કક્ષાના લોકો માનવકલ્યાણ માટે સંપત્તિનું સર્જન કરે છે. જમશેદજી ટાટા અનોખું વ્યક્તિત્વ ધરાવતા હતા. સરકારી ઇલકાબો કે સત્તાની ખુરશીની ક્યારેય તેમણે પરવા કરી નહોતી.

યુરોપ, અમેરિકાના પ્રવાસમાં ઔદ્યોગિક પ્રદર્શનોની મુલાકાત લેતા હતા. તે પછી હિંદમાં આવી લોખંડ અને સ્ટીલ ઉદ્યોગ, કોલસાની ખાણો, ફૅક્ટરીઓ વિકસાવવામાં તે સર્વ અનુભવોનો ઉપયોગ કરતા હતા.

ટાટા ટ્રસ્ટ એવા સંકુલની વાત છે, જેણે રાષ્ટ્ર માટે સંપત્તિનું સર્જન કર્યું. જમશેદજી ટાટાના સંઘર્ષ, સાહસ ને સાફલ્યની આ વાત છે.

જમશેદજી ટાટાના જીવન પર સ્વામી વિવેકાનંદની અસર હતી. 65 વર્ષના આયુષ્યમાં જમશેદજી ટાટાએ વ્યાપાર અને ઉદ્યોગોમાં એક અનેરી વહીવટી પ્રણાલી પાડી. સરનો ઇલકાબ અંગ્રેજી સરકારને એમણે પરત કરેલો. તેમને સરકારી ઇલકાબોનો મોહ ન હતો. દેશના વિકાસ માટે એમણે પાયાના ઉદ્યોગોની લોખંડનો - ઉદ્યોગ ઇસ્પાત ઉદ્યોગની સ્થાપના કરી. પોતાના કામદારો માટે અનેક કલ્યાણયોજનાઓનો પ્રારંભ કર્યો. ઔદ્યોગિક વસાહતોના વિચારનું અમલીકરણ કર્યું.

19મી મે, 1904માં જર્મનીમાં મહાનુભાવ જમશેદજીનું નિધન થયું.

તેઓ અગાઉ 1903માં તાજમહલનું સ્વપ્ન પૂરું કરી શક્યા હતા; પરંતુ આરંભ કરેલા ત્રણ વિશાળ પ્રોજેક્ટનું કામ ચાલુ હતું. આ સર્વતોમુખી સંસ્થાઓમાંની એક બિહારમાં ‘ટાટા આયર્ન ઍન્ડ સ્ટીલ કંપની’ જે 1907માં જમશેદજી ટાટાના મૃત્યુ પછી ત્રણ વર્ષે અસ્તિત્વમાં આવી.

બીજી ‘હાઇડ્રોઇલેક્ટ્રિક’ કંપની 1910માં, અને ત્રીજી બૅંગાલુરુમાં ‘ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ’ 1911માં શરૂ થઈ.

લોનાવલા ડૅમનું અધૂરું કાર્ય પણ 1911માં સંપૂર્ણ થયું.

જમશેદજી ટાટાને અંજલિ આપતાં મહાત્મા ગાંધીએ કહ્યું :

‘ટાટા એટલે સાહસની પ્રતિમા’. પુત્ર દોરાબ ટાટાના ઉદ્‌ગાર હતા : ‘મારા પિતાને સંપત્તિની પ્રગતિ એ ગૌણ એષણા હતી. આ દેશની પ્રજાની ઔદ્યોગિક અને બૌદ્ધિક સપાટી ઊંચી લાવવાનું એમના જીવનનું મુખ્ય ધ્યેય હતું.’

સ્વ. શ્રી જયપ્રકાશ નારાયણે કહ્યું, ‘ગાંધીજીની ટ્રસ્ટીશિપની કલ્પનાને મૂર્ત સ્વરૂપ સાંપડ્યું ટાટા ઔદ્યોગિક સાહસોમાં. 85 % નફો આજે ટાટાનાં ટ્રસ્ટોમાં જાય છે.’

❑

# 14. સર દોરાબજી ટાટા



દોરાબ ટાટા

દોરાબ ટાટાનો જન્મ ઑગસ્ટ 27, 1859માં થયો. પિતા જમશેદજી ટાટાની ઉંમર ત્યારે 20 વર્ષની હતી.

1839માં જમશેદજી નસરવાનજી ટાટાનો જન્મ. 17મે વર્ષે એલ્ફિન્સ્ટન કૉલેજમાં જોડાયા ને ત્યાંથી ગ્રીન સ્કૉલર તરીકે બહાર પડ્યા; એ રીતે 1858માં 19 વર્ષની ઉંમરે અભ્યાસ પૂર્ણ થયો, જે ગ્રેજ્યુએટ કક્ષા ગણાય.

1857ની નિષ્ફળ ક્રાંતિનું એ બીજું વર્ષ હતું. હિંદ ધીમી ગતિએ અતિધીમી ગતિએ 1857ની ક્રાન્તિની પછડાટમાંથી બહાર આવી રહ્યું હતું. બ્રિટિશ સરકારના વધુ ને વધુ સત્તા મેળવવાના ધમપછાડા અને તે માટેના દમનના કાયદા સામે ભારતના ઉચ્ચશિક્ષિત વર્ગમાં બ્રિટિશ સરકાર સામે વિદ્રોહની ચિનગારી પ્રગટી હતી. હૃદયમાં આતશ જલતો હતો, ત્યારે યોગાનુયોગ ક્રાન્તિના બીજા જ વર્ષે 1858માં યુવાન, બુદ્ધિમાન, ભાવનાશીલ, વિચારવંત જમશેદજી 19 વર્ષની ઉંમરે એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી દેશની બેહાલ પરિસ્થિતિનો ઊંડાણથી અભ્યાસ કર્યા પછી બહાર પડ્યા ત્યારે ઔદ્યોગિક વિકાસ દ્વારા રાષ્ટ્રની ઉન્નતિ કરવાનાં, દેશના યુવાનોને કર્મશીલ, વિચારવંત બનાવવાનાં, નસીબને દોષ આપી નિષ્ક્રિય બની રહેવાને બદલે રાષ્ટ્રીય સંપત્તિનું સર્જન કરવાનાં અને સંપત્તિનું રક્ષણ કરવાનાં સપનાં જોયાં હતાં.

1857ની ક્રાન્તિનાં બે વર્ષ પછી 1859માં દોરાબ જમશેદજી ટાટાનો જન્મ થયો હતો ત્યારે 20 વર્ષની ઉંમરના પિતા આર્થિક ઉન્નતિનો માર્ગ શોધવાના ને

તે દ્વારા રાષ્ટ્રની ઉન્નતિ કરવાના મનોમંથનમાંથી પસાર થતા હતા. પિતાના સંઘર્ષ અને મનોમંથનના વાતાવરણમાં દોરાબજીના બચપણના દિવસો પસાર થયા; અને નાનકડા ટપકતા જલબિંદુમાંથી નિર્મળ નદીનો પ્રવાહ શરૂ થાય તેમ તેમના બાળમાનસમાં 'રાષ્ટ્ર માટે સંપત્તિનું સર્જન' એ વિચારપ્રવાહની શરૂઆત થઈ. પિતાની સંપત્તિમાં ટ્રસ્ટીશિપની ભાવનાના વિચારો તેમને સમજાયા અને આત્મસાત્ કરી વ્યવહારમાં જનતા સમક્ષ રજૂ કર્યા; સમૃદ્ધિનું સર્જન અને સંપત્તિનું જનકલ્યાણ માટે આયોજન એ ટાટા સંકુલની નીતિ છે. ટાટાની સંપત્તિના 80 ટકા ટાટા ટ્રસ્ટમાં ઉપયોગમાં લેવાય છે.

સર દોરાબ ટાટાનું શરૂઆતનું શિક્ષણ મુંબઈમાં પ્રોપ્રાઇટરી હાઈસ્કૂલમાં થયું. 16 વર્ષની ઉંમરે કેન્ટમાં ખાનગી શિક્ષક પાસે સંસ્કાર અને શિક્ષણ મેળવવા મૂકવામાં આવ્યા.

18 વર્ષની ઉંમરે દોરાબ ગોનવીલ અને કેઇસ કૉલેજ કેમ્બ્રિજમાં દાખલ થયા.

કેમ્બ્રિજના બે વર્ષમાં દોરાબે ક્રિકેટ-ટેનિસ-સોકરની રમતોમાં ખ્યાતિ પ્રાપ્ત કરી, આ રમતો (Sports)નો શોખ પછીનાં વર્ષોમાં પણ વ્યક્ત થતો રહ્યો. ઘોડેસવારી શીખ્યા અને તે ઉત્તમ ઘોડેસવાર થયા. 1879માં કૉલેજમાંથી બહુમાન પ્રાપ્ત કરી પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતા 20 વર્ષના ભાવનાશાળી યુવાન દોરાબ મુંબઈ આવ્યા. સેંટ ઝેવિયર્સ કૉલેજમાં અભ્યાસ શરૂ કર્યો અને 1882માં બી.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરી.

કૉલેજમાંથી બી.એ.ની ઉપાધિ મેળવી બહાર પડ્યા ત્યારે દોરાબજીની ઉંમર 23 વર્ષની હતી. દેશ-પરદેશમાં શિક્ષણ મેળવી બહોળો અનુભવ મેળવ્યો હોવા છતાં પિતા જમશેદજીએ સેંટ ઝેવિયર્સ કૉલેજમાંથી ઉપાધિ મેળવી લીધા પછી પણ પુત્રને 'બૉમ્બે ગૅઝેટ'માં કામચલાઉ પત્રકાર તરીકે અનુભવ લેવા નોકરીમાં સ્થિર કર્યા. ત્યાં થોડાં વર્ષોની નોકરી પછી પિતાએ પુદુચેરીમાં નવી મિલ શરૂ કરવાના આયોજનની જવાબદારી દોરાબજીને સુપરત કરી, ત્યાંથી ધંધાકીય તાલીમ મેળવવા નાગપુરમાં એમપ્રેસ મિલમાં મોકલવામાં આવ્યા, અને પિતાની નજરે જ્યારે તે ઔદ્યોગિક જવાબદારીઓ લેવા સંપૂર્ણ લાયકાત ધરાવતા થયા ત્યારે 1887માં 'ટાટા ઍન્ડ સન્સ'ની સ્થાપના કરી અને જમશેદજી ટાટાએ પુત્ર દોરાબ અને તેમના કુટુંબી આર. ડી. તાતાને તેમાં ભાગીદાર તરીકે લીધા. સંસ્કાર, શિક્ષણ, સંઘર્ષ, દુનિયાદારી અને ધંધાકીય અનુભવો પછી દોરાબજી 28 વર્ષની યુવાન વયે ટાટાના વિશાળ સંકુલની જવાબદારી લેવા સુસજ્જ હતા. કેમ્બ્રિજમાં રમતા તે હૉકી-ક્રિકેટ-ટેનિસ માટેનો શોખ દોરાબ ટાટામાં વધ્યો હતો. તેમને હંમેશાં લાગતું હતું કે ભારતે ઑલિમ્પિકમાં આગવું પ્રદાન આપવું જોઈએ. ભારતના આર્થિક વિકાસ સાથે આંતરરાષ્ટ્રીય સ્તરે રમાતી રમતોમાં ભારતના યુવાનો આગળ આવવા જોઈએ.

ભારતે ઑલિમ્પિક કમિટીની વિચારણા કરી તે પહેલાં દોરાબજીએ 1919માં ચાર પહેલવાન અને બે મલ્લ પસંદ કર્યા ને 1920માં આર્થિક મદદ કરીને તાલીમ આપી એન્ટવર્બની રમતસ્પર્ધામાં ભાગ લેવા મોકલ્યા.

1924 : પૅરિસ ઑલિમ્પિકમાં ભારત માટે સ્થાન મેળવ્યું. દોરાબજી આંતરરાષ્ટ્રીય ઑલિમ્પિક કમિટીમાં સભ્ય તરીકે પસંદગી પામ્યા.

શુભ કાર્યનાં ફળ પ્રાપ્ત જ થાય એ ન્યાયે નિષ્ઠાપૂર્વક રમાતી રમતોએ ભારતને યશસ્વી બનાવ્યું. 1928માં આમ્સેરડમની ઑલિમ્પિકમાં ભારતને હૉકીમાં 'સુવર્ણ કળશ' (Gold medal) મળ્યો. અને ભારતનાં યુવાન-યુવતીઓ માટે ખેલકૂદક્ષેત્રે આશાનાં દ્વાર ખૂલ્યાં. Sports માટે દોરાબનો અખૂટ પ્રેમ હતો. ક્રિકેટ, હૉકી, ટેનિસ રમતોને ભારતભરમાં વધુ ને વધુ લોકપ્રિય કરવા રમતમાં રસ અને આવડત ધરાવનાર વ્યક્તિઓની શોધ માટે દોરાબજી ટાટાએ Y. M. C. A.ના નિયામકની ભારતભરમાં પ્રવાસ કરવાની વ્યવસ્થા કરી. આ પ્રવાસ દરમિયાન પ્રજા ઑલિમ્પિક સ્પર્ધાઓની મહત્તા સમજી શકી. ભારત પ્રથમ વાર ઑલિમ્પિક રમતમાં ભાગ લેવા માટે દોરાબ ટાટાનું આભારી છે. અન્ય મુંબઈની સંસ્થાઓ વિલિંગ્ડનની સ્પૉર્ટ્સ ક્લબ, પારસી જિમખાના, માધ્યમિક શાળાઓ, પહેલવાનોનાં સંગઠનો અને મુંબઈ પ્રેસિડન્સી ઑલિમ્પિક રમત ઍસોસિયેશનને ક્રિકેટ-હૉકી-ટેનિસ રમતોનો વિકાસ કરવા આર્થિક સહાય ટાટા તરફથી આપી.

ભારતીય ઑલિમ્પિક કાઉન્સિલના પ્રમુખ તરીકે 1924માં પૅરિસ ઑલિમ્પિકમાં ભાગ લેવા જનાર ભારતના રમતવીરોને સંપૂર્ણ આર્થિક મદદ આપી. પરદેશી રમતો પ્રત્યેની જાગૃતિ હિંદમાં પ્રથમ વાર લઈ આવનાર શ્રી દોરાબજી ટાટા હતા. જનવિકાસ માટેની આ ટાટાની યોજના હતી, અને તેની શરૂઆત મુંબઈથી થઈ.

વર્ષોવર્ષ હૉકી, ક્રિકેટ, ફૂટબૉલ, ટેનિસ રમતો લોકપ્રિય થતી ગઈ. મધ્યમવર્ગના યુવાનો આ રમતોમાં માહેર થતા ગયા. દેશ-પરદેશમાં આ રમતોમાં ભાગ લેતા થયા અને આર્થિક રીતે આબાદ તો થયા, પણ બીજા દેશોની પ્રગતિ અનુભવી સ્વદેશ વિકાસ માટે વિચારો કરતા થયા. નાનાં ગામોના યુવાનોને ઊડવા માટે જાણે પાંખો મળી. નાના વર્તુળમાંથી બહાર આવી આત્મવિશ્વાસ પ્રાપ્ત કરી નવાં સાહસો કરવા તૈયાર થયા.

જમશેદજી ટાટાનું એ સપનું 'સંપત્તિ દ્વારા દેશની ઉન્નતિ' સફળ થયું.

આ રમતો દ્વારા દેશના યુવાનો આરોગ્ય પ્રાપ્ત કરતા હતા. દેશ-વિદેશમાં ભારતની કીર્તિ લહેરાવતા હતા. વિદેશો સાથે મૈત્રીસંબંધો બંધાતા હતા. અન્ય નવયુવાનોને સાહસ માટે પ્રેરતા હતા અને સ્વદેશ માટે અઢળક નાણું અને નવીન સાહસો માટેના વિચારો મેળવી આવતા હતા આજે ભારત રમતોનાં ક્ષેત્રોમાં કૌવત બતાવી રહ્યું છે. એની શરૂઆત મુંબઈમાંથી ટાટા સંકુલ દ્વારા થઈ.

સર દોરાબ ટાટાને પત્ની મહેરબાઈ તરફથી રમતોનો વિકાસ કરવા માટે ઉત્તેજન મળતું રહ્યું હતું. મહેરબાઈ માયસોર સ્ટેટના શિક્ષણઅધિકારી એચ. જે. ભાભાનાં પુત્રી હતાં. શિક્ષિત કુટુંબનાં વિદુષી સુંદર સન્નારી હતાં.

મહેરબાઈ પતિની સાથે રમતોમાં પણ ઊંડો રસ ધરાવતાં હતાં. ટેનિસની રમત તેમને અત્યંત પ્રિય હતી. લગ્ન પહેલાં વેસ્ટર્ન ઇન્ડિયા ટેનિસ ટુર્નામેન્ટમાં 'ટ્રિપલ ક્રાઉન' (Triple crown) મેળવી વિજેતા બન્યાં હતાં.

ઇંગ્લિશ સાહિત્યનો ઊંડો અભ્યાસ ને શોખ ધરાવનાર મહેરબાઈ ઉત્તમ સંવેદનશીલ પિયાનોવાદક હતાં. માયસોરમાં દરેક કાર્યક્રમમાં પિયાનો કલાકાર તરીકે તેમને આમંત્રણ મળતું.

એ સમયમાં જ્યારે સ્ત્રીઓ ઉચ્ચશિક્ષણ મેળવવા સ્વતંત્ર ન હતી ત્યારે બૅંગાલુરુમાં મહેરબાઈને શિક્ષણ ઉપરાંત સંગીત અને રમતક્ષેત્રે તાલીમ મેળવવાની તક મળી હતી. મહેરબાઈએ કન્યાઓ રમતક્ષેત્રે, સંગીતક્ષેત્રે વિકાસ પામે એ માટે પ્રથમ મુંબઈમાં અને પછી ભારતમાં પ્રયાસ કર્યા હતા. રાષ્ટ્રની ઉન્નતિ માટેની સર્વ યોજનાઓમાં મહેરબાઈએ પતિને સહકાર આપ્યો.

(શ્રીમતી) લેડી ટાટા રાષ્ટ્ર પ્રત્યેની પોતાની ફરજો વિશે સ્પષ્ટ વિચારસરણી ધરાવતાં હતાં અને સભાન હતાં. ભાવનાશાળી હોવાથી તે સમયના સમાજજીવનમાં સ્ત્રીઓની જે પરિસ્થિતિ હતી તેનાથી તે વ્યથિત હતાં.

પ્રતિભાશાળી, હિંમતવાન લેડી ટાટાએ 38 વર્ષની ઉંમરે ભારતના પ્રતિષ્ઠિત સભ્યો સાથે આગેવાની લઈ વાઇસરૉય સમક્ષ બ્રિટિશ સત્તા નીચેના ટાપુઓ જેમ કે ફીજી ટાપુઓમાં ભારતીય મૂળનાં મજૂરી કરતાં સ્ત્રી-પુરુષો પ્રત્યે દર્શાવવામાં આવતા અમાનવીય વ્યવહારનો સખ્ત વિરોધ દર્શાવ્યો હતો. જ્યારે પુરુષો આ પ્રકારની હિંમત બ્રિટિશ સરકાર સામે કરી શકતા નહોતા. શ્રીમતી ટાટા આ રજૂઆત માટે દેશભરમાંથી અને શ્રીમતી સરોજિની નાયડુની અંગત પ્રશંસા પામ્યાં હતાં.

(શ્રીમતી) લેડી ટાટા તે સમયના જુનવાણી રૂઢિચુસ્ત સમાજથી ભય પામ્યા વિના સ્ત્રીઓની સમસ્યાઓના ઉકેલ માટે બહાર આવવા હિંદની સ્ત્રીઓને સમજાવવાનું કામ કરતાં રહ્યાં.

બૉમ્બે પ્રેસિડન્સી સ્ત્રી કાઉન્સિલનાં મૂળ સભ્ય હતાં અને પછી સ્ત્રીઓની નૅશનલ કાઉન્સિલમાં પણ સ્થાન પામ્યાં. સામાજિક કલ્યાણનાં કાર્યોમાં અન્ય બહેનોનો સહકાર મેળવી કન્યાશિક્ષણના કાર્યમાં પ્રગતિ કરી શક્યાં. માર્ગ અતિ કઠિન હતો.

મૈત્રેયી અને ગાર્ગી જેવા ઊંચા આદર્શોને આંબે એવાં કેટલાંય નારીરત્નો તેમના પછી પણ ભૂતકાળમાં ભારતમાં જન્મ્યાં હતાં; પરંતુ પરદેશી સત્તા અને

જડબેસલાક રૂઢિશૃંખલામાં બદ્ધ થયેલા સમાજમાં ડૉ. રાધાકૃષ્ણન્ જણાવે છે તેમ 'જીવન કર્મકાંડની પરંપરા જેવું બન્યું. માનવમન ક્રિયાકાંડના બાંધી દીધેલા એક નાનકડા લોખંડ વર્તુળમાં જ ફરવા લાગ્યું.' અને સ્ત્રીજીવન રૂઢિબદ્ધ સમાજે બાંધેલા અંધશ્રદ્ધા, ઊંચનીચના ભેદભાવ, લાચારી, જ્ઞાનનો અભાવ, બાળલગ્નો એ નાનકડા લોખંડી વર્તુળમાં જ સમાપ્ત થતું હતું. આદિ સ્મૃતિવચનોનો આધાર ટાંકી લગ્નની વયમર્યાદા નીચી ને નીચી જવા લાગી. આમ પણ કન્યાઓનું શિક્ષણ ઓછું હતું તેમાં બાળલગ્નની ભીંસમાં સપડાયેલી કન્યાઓના શિક્ષણનું સ્તર નીચું કે વધુ ને વધુ નીચું જવા માંડ્યું. જ્ઞાનદીપક બુઝાતાં અંધશ્રદ્ધા-વહેમ-અજ્ઞાનનું જોર વધ્યું.

પાંચ વર્ષે પરણાવ્યા પછી સાત વર્ષે વિધવા થતી ઉચ્ચકોમની કન્યાઓને સંસારમાં કોઈ આરો-ઓવારો નહોતો. સતી થવાનો રિવાજ બંધ થયો તોયે કાયદાનું પાલન ન કરતી રૂઢિચુસ્ત પ્રજા ખાનગી રીતે સ્ત્રીઓને વિધવા થતાં સતી થવા મજબૂર કરતી હતી.

કાયદાનું રક્ષણ મેળવી જે સ્ત્રીઓ સતી થતાં ઊગરી જતી, આવી વિધવાઓ જાણે જીવતી છતાં ચિતામાં બેઠેલી હોય, તેવું સમાજની અગ્નિજ્વાળા વચ્ચે ઉપેક્ષિત જીવન વિતાવતી.

વિધવાવિવાહને શાસ્ત્રસમંત સાબિત કરવામાં નર્મદને કેટકેટલી યાતનાઓ વેઠવી પડી હતી ! તો ગર્ભશ્રીમંત કુટુંબની સુધારક સમાજની સ્ત્રી તરીકે લેડી મહેરબાઈ ટાટાએ પણ લડત આપી. એ જમાનામાં પરદેશગમન નિષિદ્ધ ગણાતા. સમાજનું આ સીમોલ્લંઘન કરનાર સામે સમાજનો રોષ ભભૂકી ઊઠતો. જાહેર બહિષ્કાર થતો. ગામડાંઓમાં ગરીબ અને મધ્યમવર્ગને જૂનાં ન્યાતબંધારણોના અમાનુષી કાયદાઓ હેઠળ કચડવામાં આવતા. બાળલગ્ન વિરુદ્ધ ઘડાયેલા 'સારડા ઍક્ટ'-કાયદામાં લેડી ટાટાએ મુખ્ય ભાગ ભજવ્યો હતો. ગામડાંઓમાં અને શહેરોમાં પણ આ કાયદા સામે રૂઢિચુસ્ત સમાજનો પ્રચંડ વિરોધ થયો હતો એ જ મુજબ મુસ્લિમ બહેનોની પરદા પદ્ધતિ માટે ઝુંબેશ ચલાવી હતી; અને અંત્યજ ઉદ્ધારના કાર્યમાં પણ ભાગ લેતાં હતાં. વધુ ને વધુ સ્ત્રીઓ ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરે તે માટે સતત પ્રયત્નો કરતાં રહ્યાં. જરૂર જણાય ત્યાં આર્થિક મદદ પણ કરતાં. (તેઓની) શ્રીમતી ટાટાની દૃઢ માન્યતા હતી કે ભારતીય નારીની આર્થિક-સામાજિક-શૈક્ષણિક ક્ષેત્રે સંપૂર્ણ પ્રગતિ થશે ને ભારતીય નારી-સમાજ રૂઢિબંધનોમાંથી મુક્ત થશે ત્યારે જ હિંદ ઝડપથી આગળ વધી શકશે.

પોતાના જીવનકાળ દરમિયાન લેડી ટાટાએ પોતે જે કાર્યો દેશના હિત માટે અગત્યનાં માન્યાં હતાં તે માટે પુષ્કળ આર્થિક મદદ કરી - 50 વર્ષની ઉંમરે જ્યારે તેમનું નિધન થયું ત્યારે તેમની બધી મિલકત પતિએ દાનમાં આપી.

જૂના ન્યાય બંધારણના જાલીમ દોર હેઠળ માણસને જે ઉપેક્ષા, નામોશી,

અપમાન ને આપદાઓ સહેવી પડતી હતી એ પરિસ્થિતિ સામે સાહસ કરી વતન ત્યાગી મુંબઈ શહેરમાં આવી વસેલાં અને શિક્ષણ મેળવી અથાક પરિશ્રમથી કરોડપતિ બનેલાં કુટુંબો શિક્ષણ અને સુધારાનું મહત્ત્વ પામી ગયાં હતાં. ઉચ્ચશિક્ષણ પામેલા નવયુવાનો કન્યાકેળવણીની અને પસંદગીના લગ્નની હિમાયત કરી રહ્યા હતા.

પશ્ચિમની હવાનો અનુભવ મેળવેલા યુવાનો આર્થિક ઉન્નતિ પછી મુંબઈનાં બધાં જ ક્ષેત્રમાં વિકાસ ઝંખતા હતા. દેશને આગળ લઈ જવા માટે ડૉક્ટરો, વકીલો, વિજ્ઞાનિકો, કારીગરો, કસબીઓ, તાંત્રિક શિક્ષણના અભ્યાસીઓ, ઉચ્ચ-શિક્ષણ આપતા શિક્ષકો આચાર્યો સૌની આવશ્યકતા હતી. શ્રી જમશેદજી ટાટા અને શ્રી દોરાબજી ટાટાએ આ દિશામાં પહેલ કરી.

જ્યાં સુધી યુનિવર્સિટી ફક્ત પરીક્ષાઓ લઈ સ્નાતકો બહાર પાડવાનું જ કામ કર્યા કરશે તો શિક્ષણનો સાચા અર્થમાં વિકાસ ન જ થાય. ઉત્તમ યુનિવર્સિટી તેને કહેવાય જે નિત્ય-નૂતન ઉત્તમ શિક્ષણ મેળવવા માટે વિદ્યાર્થીઓને ઉત્સાહિત કરે. સંશોધનો માટે સાધનસગવડ અને પ્રેરણા આપે; જેથી ભાવિ પેઢીનું આત્મબળ કેળવાય અને જ્યાં રાષ્ટ્ર માટે પ્રતિભાવંત વ્યક્તિત્વનું ઘડતર થાય અને પાયાની મૂળભૂત કેળવણી પ્રાપ્ત કરવા જ્યાંથી દોરવણી મળે.

તે સમયે આવું ઉચ્ચશિક્ષણ ભારતમાં શક્ય ન હતું; એટલે જમશેદજી ટાટાએ 1892માં લાયકાત ધરાવનાર વિદ્યાર્થીઓ માટે પરદેશમાં ઉચ્ચ શિક્ષણનો અભ્યાસ કરવા માટે યોગદાન આપવા અને દેશને આર્થિક ક્ષેત્રે સધ્ધર બનાવી ભારતવાસીઓ બધાં ક્ષેત્રોમાં પ્રગતિ દીર્ઘદષ્ટિથી ધર્માદા ટ્રસ્ટની વ્યવસ્થા કરી. ( J. N. Tata endowmen of Trust ) ભારતમાં ઔદ્યોગિક ક્રાન્તિ લાવવા માટે સંપત્તિનો ઉપયોગ કરવાનો જમશેદજી ટાટાનો નિર્ણય હતો. ધર્માદા સંસ્થાની સ્થાપના સમયે મૂડી રૂ. 25 લાખની હતી. અત્યારના સમય પ્રમાણે રૂ. એક કરોડથી વધુ ગણાય. અન્ય ઔદ્યોગિક સંકુલ કરતાં ટાટા સંકુલ અલગ છે. ટાટા સન્સનો 80 % નફો લોકકલ્યાણ માટેના ટ્રસ્ટમાં જાય છે.

અન્ય ટાટાની સંસ્થાઓનો નફો ટાટા ફાઉન્ડેશનમાં જાય છે. ટાટાનાં કાયદેસર રીતે નવ ટ્રસ્ટ છે.

અત્યારના સમય પ્રમાણે લગભગ રૂ. એક કરોડથી વધુ ગણાય. આ સાથે અંગત મિલકતમાંથી સ્કૉલરશિપ (યોગદાન) આપવાનો પ્રારંભ કર્યો. શરૂઆત રૂ. 10,000થી. 1892ના સમયમાં આ રકમ ખૂબ જ મોટી ગણાય અને સખાવત માટેનો આ વિચાર નવીન અને ઉમદા હતો. આ સખાવતથી આગળનાં વર્ષોમાં શિક્ષણ માટે યોગદાન આપવાની પ્રથાની શરૂઆત થઈ. આરોગ્ય રક્ષણ માટે મુંબઈમાં દવાખાનાં અને હૉસ્પિટલ તૈયાર કરવાની શરૂઆત થઈ હતી; ત્યારે જમશેદજીએ ટાટા એનડોવમેન્ટ ફંડની સખાવતની જાહેરાત કરી, શરૂઆત કરી

ફ્રેનીબહેન નામની વિદ્યાર્થિનીને દાક્તર બનવા એડનબરો મોકલી. એનડોવમેન્ટ ફંડ, ધર્માદા સંસ્થાનો આશય. ભારત માટે પોતાના ડૉક્ટરો, વકીલો, એન્જિનિયરો, સિવિલ સર્વિસની વ્યક્તિઓ, આંતરરાષ્ટ્રીય કલાકારો તૈયાર થાય એ હતો. યુવાન વયથી જમશેદજી ટાટાનું આ સ્વપ્ન હતું એમની આ દૂરંદેશી દૃષ્ટિને કારણે જે. એન. ટાટા ટ્રસ્ટની સ્કૉલરશિપની મદદ દ્વારા દેશ માટે દરેક ક્ષેત્રમાં ઉત્તમ યોગદાન આપનાર વ્યક્તિઓ તૈયાર થઈ.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ પહેલાં શરૂઆત થયેલી આ પ્રક્રિયાને કારણે સ્વતંત્રતા પ્રાપ્ત થતાં દેશને બહારની મદદ પર આધાર રાખવાની જરૂર ન રહી. આપણા પ્રશ્નો આપણા દેશમાં જ અને આપણે ઉકેલવા સક્ષમ હતા.

1892માં સ્થાપિત જે. જે. એન. ટાટા એનડોવમેન્ટ સંસ્થાએ મુંબઈને જ નહીં, પૂરા ભારતને અકલ્પનીય ફાયદો કર્યો. એક રીતે કહી શકાય કે દેશની વિકાસયાત્રામાં અપ્રતિમ ફાળો આપ્યો છે.

ટાટાનાં નવ ટ્રસ્ટ માર્ચ 31, 1983 સુધી આશરે 20 કરોડની સંપત્તિ ધરાવતાં હતાં.

સર દોરાબ ટાટા ટ્રસ્ટ બધાં ટાટા ટ્રસ્ટમાં અગ્રેસર છે. બધાં ટ્રસ્ટ દ્વારા થતી પ્રવૃત્તિઓ દેશને લાંબે ગાળે ખૂબ જ લાભદાયી નીવડી છે. એટલું જ નહીં, ટ્રસ્ટના વિચારોનો પણ વિશાળ સ્તરે ફેલાવો થતો રહ્યો છે. આંતરરાષ્ટ્રીય ધર્માદા સંસ્થાઓ(ટ્રસ્ટ)ના નિયામક એચ. વી. હોડસન ધર્માદા સંસ્થાઓ માટેના અલગ પ્રકારના નિયમો જણાવે છે. આ સંસ્થાઓનો હેતુ જાહેરજનતાના કલ્યાણનો હોવો જરૂરી; અને તે માટે અગાઉથી પૂરતા ફંડની વ્યવસ્થા હોવી જરૂરી. દાન આપવા માટે અગાઉથી નિર્ણય લઈ સંસ્થાઓ નક્કી કરવી જરૂરી છે - જેમ કે હૉસ્પિટલ, શાળાઓ, કૉલેજો અને જરૂરિયાત પ્રમાણેનું દાન ફાળવવાની રીત હોવી જોઈએ. જમશેદજી ટાટાએ તેમની પરિકલ્પના પ્રમાણે સપ્ટેમ્બર 1898માં ઉચ્ચ વૈજ્ઞાનિક અભ્યાસ માટે ને સંશોધનો માટે સંસ્થાની સ્થાપના કરવાનો નિર્ણય લીધો ત્યારે પુત્ર દોરાબ ટાટાની ઇચ્છા પ્રમાણેની આ સંસ્થા તૈયાર કરવાનું નક્કી થયું. તે સમયે એશિયામાં અને ઇંગ્લૅન્ડમાં પણ આવી સંસ્થા ન હતી. આ સંસ્થાને આર્થિક રીતે સહાય કરવા જમશેદજીએ પોતાનાં 14 મકાનોની આવક ટ્રસ્ટને આપી, ઉપરાંત ચાર જમીનોની આવક પણ સુપરત કરી. બ્રિટિશ સરકારની દખલગીરીને કારણે 1899 સુધી રજૂઆત કરવામાં આવેલી સંસ્થાની રૂપરેખાને મંજૂરી પ્રાપ્ત ન થઈ, પરંતુ દાનમાં આપેલી રકમને જમશેદજીએ સાચવી રાખી, તેમાં ઉમેરો કર્યો. 1904માં જમશેદજીના દેહવિલય પછી એક વર્ષે 1905માં બ્રિટિશ સરકારની મંજૂરી મળી.

1898 પછી જમશેદજીને આ પરિકલ્પના માટે અગણિત અવરોધ સામે

સંઘર્ષ કરવો પડ્યો. એક બાજુ સરકારી સ્તરે યુનિવર્સિટી ઑફ સાયન્સને આ નવીન વિચારના રાષ્ટ્રીય શિક્ષણ સામે સખ્ત વિરોધ હતો. તો બીજી બાજુ પારસી કોમને, પારસી પ્રજાને આ દાનની રકમ નહીં મળે તે માટે વિરોધ હતો.

તે સમયના ચીલાચાલુ ટ્રસ્ટ કરતાં અલગ પ્રકારનું ટ્રસ્ટ અને તે દ્વારા અનોખી સંસ્થા સ્થાપવાની પિતાની ઇચ્છા પુત્ર દોરાબે સાકાર કરી.

મહારાજા માયસોર તરફથી બૅંગાલુરુમાં 371 એકર જમીન જમશેદજીની કલ્પના-આયોજન પ્રમાણેની ઉચ્ચ શિક્ષણ માટેની સંસ્થા માટે દાનમાં મળી, ઉપરાંત રૂ. પાંચ લાખ બાંધકામ માટે પ્રાપ્ત થયા. અને પ્રતિવર્ષ રૂ. 50,000 આપવાનું પણ નક્કી થયું. પ્રજાના એક વર્ગની આ પ્રકારની સંસ્થા હિંદમાં સફળ ન થાય તેવી આશંકાનો જવાબ આપતાં સર દોરાબ ટાટાએ જણાવ્યું કે 'પ્રત્યેક મોટા નવા સુધારાની શરૂઆત સમયે આમ વિચારવામાં આવે છે અને જે આદર્શ માનવીઓ બીજ રોપે છે તેને વૃક્ષનાં ફળ જોવા મળતાં નથી; પરંતુ આવનાર પેઢીને તે મળે છે. મારા પિતાનું આ વિચારબીજ એક દિવસ વિશાળ વૃક્ષ થશે અને ભવિષ્યમાં આવનારી પેઢી તેની માવજત કરી ફળ મેળવશે.' સર દોરાબ ટાટાની આ વાત બધાં જ ક્ષેત્રોમાં થયેલા સુધારા સંશોધનો માટે સત્ય છે. 1904માં મેની 19મીએ જર્મનીમાં મહાનુભાવ જમશેદજીનું નિધન થયું. તે અગાઉ 1903માં તાજમહાલનું સ્વપ્ન પૂરું કરી શક્યા હતા, પરંતુ આરંભ કરેલા ત્રણ વિશાળ પ્રોજેક્ટનું કામ ચાલુ હતું. આ સર્વતોમુખી સંસ્થાઓમાંથી એક બિહારમાં 'ટાટા આયર્ન ઍન્ડ સ્ટીલ કંપની' જે જમશેદજીના મૃત્યુ પછી પુત્ર સર દોરાબજી ટાટાની મહેતનથી 1907માં અસ્તિત્વમાં આવી.

બીજી હાઇડ્રોઇલેક્ટ્રિક કંપની 1910માં મુંબઈમાં અને ત્રીજી સંસ્થા બૅંગાલુરુમાં 'ઇંડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ' 1911માં શરૂ થઈ.

લોનાવલા ડૅમનું અધૂરું કાર્ય પણ 1911માં સંપૂર્ણ થયું. 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ' વૈજ્ઞાનિક અભ્યાસ માટેનું આ અજોડ, અદ્વિતીય કેન્દ્ર ચાર દાયકાથી વધુ સમય સુધી વૈજ્ઞાનિક કાર્યક્રમો માટેનું દુનિયાનું અગ્રિમ કેન્દ્ર હતું. સર દોરાબ ટાટાએ પિતા જમશેદજીની પરિકલ્પનાને સાકાર સ્વરૂપ આપ્યું અને ભારતને વિશ્વમાં વિખ્યાત સંસ્થા પ્રાપ્ત થઈ. તે સમયની ધર્માદા સંસ્થાઓ જેવી ચીલાચાલુ નહીં; પરંતુ આધુનિક વિશાળ રાષ્ટ્રીય ટ્રસ્ટ. જમશેદજી ટાટાનું બીજું આયોજન વિકસતા મુંબઈ માટે સસ્તી અને શુદ્ધ ઇલેક્ટ્રિક પાવર યોજનાનું હતું. એ જે. એન. ટાટાની માન્યતા હતી, પરંતુ કાપડ બજારના કેટલાક ઉદ્યોગપતિઓ કોલસાનો વપરાશ કરવાનું પસંદ કરતા. જમશેદજીનો આ વિવાદ નવીન હતો અને કેટલાક ઉદ્યોગપતિઓને લાગતું હતું કે ટાટા દ્વારા ઉત્પન્ન થનાર હાઇડ્રોઇલેક્ટ્રિક મુંબઈના ઉદ્યોગને આગળ વધારવામાં મદદરૂપ થશે નહીં; ફક્ત બે કાપડની મિલોના

ઉદ્યોગપતિઓએ ઇલેક્ટ્રિસિટી વાપરવાની શરૂઆત કરી અને પ્રગતિ કરી. જ્યારે વૉલવહન ડેમ(Walwhan Dam)નો પાયો લોનાવલામાં નંખાયો ત્યારે પિતાને યાદ કરીને અંજલિ આપતાં સર દોરાબજી ટાટાએ કહ્યું હતું, 'મારા સ્વર્ગસ્થ પિતા જેમણે હાઇડ્રોઇલેક્ટ્રિક યોજનાની રજૂઆત કરી હતી, તેમને માટે સંપત્તિ મેળવવાની બાબત ગૌણ હતી; તેમના હૃદયમાં સતત અભિલાષા આ દેશની જનતાનું બૌદ્ધિક સ્તર સુધારવાની અને ઔદ્યોગિક ક્રાન્તિ સર્જવાની હતી. હાઇડ્રોઇલેક્ટ્રિક પાવરનો ઉપયોગ કરવાથી મિલો અને ફૅક્ટરીઓ ધુમાડામુક્ત થવાની શક્યતા હતી. મિલોમાં સર્વત્ર પ્રસરતી કાળી કોલસીથી પણ મુક્તિ મળી શકતી હતી અને મુંબઈ ધુમાડામુક્ત શહેર થઈ શકે; તેમજ ક્ષયથી પણ મુક્ત. ટાટા હાઇડ્રોઇલેક્ટ્રિક પાવર સપ્લાયની કંપનીની 1910માં સ્થાપના થઈ. 1916માં આંધ્ર વેલી પાવર (Andhra Valley Power) સપ્લાય કંપની અને 1919માં ટાટા પાવર કંપનીની શરૂઆત થઈ.

હવે ટાટા ઇલેક્ટ્રિક કંપની પાસે ત્રણ હાઇડ્રો જનરેટિંગ સ્ટેશન અને ચાર થરમલ પાવર યુનિટ મુંબઈમાં ટ્રોમ્બે ખાતે છે, જેની કૅપેસિટી 606 MW છે. મહારાષ્ટ્ર સ્ટેટના બીજા થર્મલ પાવર સ્ટેશન હાઇડ્રો-ઇલેક્ટ્રિક પાવર જનરેટિંગ સ્ટેશન કોયના ખાતે અને ન્યૂક્લિયર પાવર પ્લાન્ટ તારાપુર ખાતે સંકળાયેલા છે. મુંબઈ શહેર અને તેની આજુબાજુના વિસ્તારો-પરામાં ઇલેક્ટ્રિસિટી આપવાનું કાર્ય સ્થાનિક ટાટા ઇલેક્ટ્રિક સેન્ટર ટ્રોમ્બે દ્વારા થાય છે.

જમશેદજી ટાટા પોતાના જેવી જ જનકલ્યાણ માટેની પ્રકૃતિ ધરાવનાર બે પુત્રો સર દોરાબજી ટાટા અને સર રતન ટાટા મેળવવા માટે ભાગ્યશાળી હતા. સર રતન જમશેદજી ટાટા જમશેદજીના નાના પુત્ર રતન ટાટાને ભારતમાં ગોપાળકૃષ્ણ ગોખલેના કાર્યનું મહત્ત્વ સમજાયું હતું અને વર્ષો સુધી સર રતન ટાટાએ ઉદારતાથી તેમના કાર્ય માટે પૈસાની મદદ કરી; અને ગોખલેની સરવન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટી(Servants of India Society)માં ભારતમાં કાર્ય કરવાની ઇચ્છા પણ દર્શાવી હતી. અને તે સમયે એટલા જાણીતા નહોતા તે મોહનદાસ કરમચંદ ગાંધીને પણ દક્ષિણ આફ્રિકામાં મદદ કરતા હતા.

સર રતન ટાટાએ દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ શરૂ કરેલી ચળવળ માટે રૂ. 1,25,000 આપ્યા હતા. એ જમાનામાં એ ઘણી મોટી રકમ ગણાય.

સર રતન ટાટા ગરીબાઈનાં કારણો અને તે દૂર કરવા માટે સંશોધન કરવા માટે દુનિયામાં શ્રેષ્ઠ સંસ્થા શરૂ કરવા પ્રવૃત્ત હતા. તેમના જીવનનાં છેલ્લાં છ વર્ષ દરમિયાન દરેક વર્ષે લંડન સ્કૂલ ઑફ ઇકૉનૉમિક્સને આ આદર્શ માટે 1400 પાઉન્ડની સહાય કરતા રહ્યા હતા ત્યારે આ રકમ ઘણી મોટી ગણાય.

સર રતન ટાટાના અવસાન પહેલાં તેમના તરફથી પ્રાપ્ત થતી આર્થિક મદદ રૂ. 2,80,000માંથી 'સર રતન ટાટા ડિપાર્ટમેન્ટ'ની 1912માં શરૂઆત થઈ હતી.

હવે આ તેમના અવસાન પછી આ 'ડિપાર્ટમેન્ટ ઑફ સોશિયલ સાયન્સીસ ધી સ્કૂલ' તરીકે ઓળખાય છે.

1918 : સર રતન ટાટાના અવસાન પછી તેમના વસિયતનામા પ્રમાણે ભારતનું પ્રથમ મોટું ટ્રસ્ટ સર રતન ટાટા ટ્રસ્ટ 1919માં અસ્તિત્વમાં આવ્યું.

તે સમયની અન્ય ધર્માદા સંસ્થાઓ જેવું ચીલાચાલુ નહીં, પરંતુ અલગ અત્યંત આધુનિક, રાષ્ટ્રીય આ વિશાળ ટ્રસ્ટ છે.

સંશોધન, ઉચ્ચશિક્ષણ ને અનેક ક્ષેત્રોમાં થઈ શકે અને દેશની ઉન્નતિમાં મદદરૂપ થાય તેવી એક અજોડ સંસ્થા તેમના નાના પુત્ર સર રતન તાતા દ્વારા શરૂ થાય તેવી જમશેદજીની મૃત્યુ પહેલાં ઇચ્છા હતી; તે લક્ષમાં રાખી. ટ્રસ્ટીઓ સર દોરાબ ટાટા અને મિસિસ રતન ટાટાએ 'ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સીસ'ના નિર્માણ અંગે વિચાર્યું.

મુંબઈમાં નાગપાડામાં જ્યાં ઘણા મુસલમાન હિન્દુ, જ્યુ પારસી, મરાઠી, ક્રિશ્ચિયનની વસ્તી હતી ત્યાં મૃત્યુનું પ્રમાણ મુંબઈમાં ઘણું હતું, ભરચક વિભાગ હતો - ગીચ વસ્તી, ગરીબોના વસવાટ અને સ્વચ્છતાનો સંપૂર્ણ અભાવ. આ જગ્યા પર અમેરિકના મરાઠી મિશને 1927માં નાગપાડા નેબરહુડ હાઉસની શરૂઆત કરી હતી.

વ્યાયામ પ્રવૃત્તિઓ : અહીં આનંદ માટે સભ્યોને રમતો, સાધારણ શિક્ષણ-સંગીત, રાત્રિશાળા, પ્રૌઢશિક્ષણ, નાટ્યશિક્ષણ ડૉક્ટરી તપાસ અને થોડુંક ધાર્મિક શિક્ષણ ચારિત્ર્યઘડતર માટે આપવામાં આવતું. 1920માં સિનેમા વિશે સાધારણ સ્તરે જાણકારી ન હતી. અને આ નેબરહુડ હાઉસ સેન્ટરમાં દરેક સંધ્યાએ ફિલ્મની જાહેરાત કરવામાં આવતી અને તેથી મોટાં-નાનાં બાળકોની ખૂબ હાજરી રહેતી. પ્રવૃત્તિઓ તરફ આકર્ષણ વધારવા માટે ફિલ્મ માધ્યમ હતું. નેબરહુડ હાઉસ થોડા જ સમયમાં પ્રવૃત્તિઓનો મધપૂડો બની ગયું. તેનો યશ તેના લોકપ્રિય નિયામક મનશારદત્તને ફાળે જાય છે. ચૅરમૅન ઑફ ટાટા સન્સ લિ.ના નવરોજી સકલાટવાલા અને સર દોરાબ ટાટા ટ્રસ્ટે આ સ્થળ સમાજસેવાની પ્રવૃત્તિના કેન્દ્ર તરીકે પસંદ કર્યું. એ દિવસોમાં સર દોરાબ ટાટાએ નેબરહુડ હાઉસ કેન્દ્રને મદદ કરી હતી.

નેબરહુડ હાઉસની પ્રવૃત્તિઓમાં બાળકો સાથે સ્ત્રીઓ પણ ભાગ લેવા આવતી. નેબરહુડ હાઉસ એક જ એવી જગ્યા હતી, જ્યાં જુનવાણી પુરુષો તેમની સ્ત્રીઓને ખુશીથી ભાગ લેવા જવા દેતા હતા. 275 વિદ્યાર્થીઓ રાત્રીશાળામાં આવતા. દાક્તરી તપાસ માટે 6000 દર્દીઓએ લાભ લીધો હતો. કિશોરો અને યુવાનો માટે મનોરંજનની જગ્યા હતી. વર્ષને અંતે સંશોધન કરતાં 1,70,000 લોકોએ નેબરહુડ હાઉસની પ્રવૃત્તિઓનો લાભ લીધો હતો. નિયામક મનશારદત્તના

હિંદી સાથી મિ. પટેલ નેબરહુડ હાઉસની આજુબાજુનાં કુટુંબોમાં જાતે જતા અને આમંત્રણ આપતા. બુરખા સાથેની બહેનો પણ અઠવાડિયામાં એક દિવસ ભરત-સીવણ શીખવા આવતી અને કેટલીક સ્ત્રીઓ બુરખા ઉતારી ટેબલ ટેનિસ અને બૅડમિન્ટન જેવી રમતોમાં ભાગ લેતી. 1927થી 1930ના સમયમાં આ પ્રકારનું કેન્દ્ર ચલાવવાનું કાર્ય ખૂબ જ મુશ્કેલ હતું.

1930 સુધી આખા મુંબઈ ઇલાકામાં તાલીમ પામેલાં સ્ત્રીશિક્ષકો ભાગ્યે જ હતા. મુંબઈ ઇલાકાની આ સ્થિતિ હતી તો નાનાં શહેરો અને ગામડાંઓમાં તો તાલીમ પામેલા શિક્ષકો ક્યાંથી હોય ?

કન્યાઓ અને સ્ત્રીઓનાં શિક્ષણ માટે પ્રબંધ નહોતો. સર દોરાબ ટાટા અને લેડી ટાટાની પૂનામાં વિશાળ જગ્યા હતી ત્યાં સ્ત્રીશિક્ષણ માટે કૉલેજ તૈયાર કરવાનો ટ્રસ્ટીઓએ વિચાર કર્યો હતો; પરંતુ સરકારી સ્તરે વિરોધ થતાં બીજા બે વિચારો અમલમાં મૂકવાનું નક્કી કર્યું : (1) સામાજિક સેવા માટે ઉચ્ચશિક્ષણ આપતી શાળા. (2) કૅન્સરની સારવાર અંગે રેડિયમ ઇન્સ્ટિટ્યૂટ.

નેબરહુડ હાઉસના ડિરેક્ટર મનશારદત્ત સામાજિક સેવાના સંશોધનકાર્યમાં રસ ધરાવતા હતા. તેમણે પોતાના આયોજનમાં મદદ કરવા ટ્રસ્ટીઓને વિનંતી કરી. 1932માં લેડી રતન ટાટાએ સર રતન ટાટા ટ્રસ્ટને સલાહ-સૂચનો આપવા લંડન મ્યુઝિયમ ઍસોસિયેશનના એફ. એમ. માર્ખમ(F. S. Morkham)ને ભારત આવવા આમંત્રણ આપ્યું.

જ્યારે જનતા પ્રત્યેનો પ્રેમ જાગ્રત હોય ત્યારે સંપત્તિનો ઉપયોગ ઉમદા કાર્યો માટે થાય છે. રતન ટાટા ટ્રસ્ટે 'ટાટા ગ્રૅજ્યુએટ સ્કૂલ ઑફ સોશિયલ વર્ક'ના કાર્યનો વિસ્તાર કરવાનું વિચાર્યું. ત્યારે Manshardt સંસ્થાના ડિરેક્ટર નિમાયા. અને અમેરિકના પોસ્ટ ગ્રૅજ્યુએશન તાલીમ પામેલા અનુભવી વિદ્વાન ભારતીય શિક્ષણવિદ J. M. Kummarappa (જે. એમ. કુમારપ્પા) તેમના સાથીદાર હતા. અન્ય કર્મચારીઓ ડૉ. ટી. અલમાન ઉચ્ચશિક્ષણ પામેલા જર્મન જ્યુ જે મ્યુનિચ યુનિવર્સિટીમાં તાલીમ પામેલા હતા. સાથે મુંબઈ યુનિવર્સિટીના ચાન્સેલર ડૉ. બહેરામ મહેતા ઉપરાંત પ્રવાસી યુનિવર્સિટી શિકાગોના પ્રોફેસર આર્થર-એચ-હોલ્ફ હતા. શરૂઆત મુંબઈમાં નેબરહુડ હાઉસથી થઈ. 'ટાટા ગ્રૅજ્યુએટ સ્કૂલ ઑફ સોશિયલ વર્ક' મોટા માણસો સાથે શરૂ થયેલી આ નાની શાળા હતી અને મુંબઈના વિકાસમાં ટાટાનું આ અનોખું પ્રદાન હતું.

સર દોરાબ ટાટા ટ્રસ્ટે પણ માર્ખમની સલાહ ને સૂચનો મેળવવાનો પ્રયાસ કર્યો. માર્ખમે જુલાઈ 1933માં વતન પાછા ફરતાં પહેલાં ત્રણ કે પાંચ વર્ષ દોરાબજી ટાટા ટ્રસ્ટને નિશ્ચિત-ચોક્કસ દિશામાં આગળ વધવા જણાવ્યું. સર દોરાબ ટાટા પણ આવા જ વિચારો ધરાવતા હતા. ટ્રસ્ટીઓની સંમતિ મળી. સર દોરાબ ટાટા

ટ્રસ્ટે બે વિશાળ લોકકલ્યાણ માટેની સંસ્થા સ્થાપવાનો નિર્ણય કર્યો. એક ‘લેડી મહેરબાઈ ડી. ટાટા એજ્યુકેશન ટ્રસ્ટ’ દ્વારા ‘ગ્રૅજ્યુએટ સ્કૂલ ઑફ સોશિયલ વર્ક’. લેડી મહેરબાઈ સામાજિક કાર્યકર હતાં; એટલે સામાજિક કાર્યો માટે, અને બીજી સંસ્થા કૅન્સર જેવા જીવલેણ રોગથી પ્રજાનું રક્ષણ કરવા અને આ રોગ પ્રત્યે જાગૃતિ લાવવા માટે. આ પ્રકારની બંને સંસ્થાઓ ભારતમાં તે સમયે ન હતી. બંને સંસ્થા રાષ્ટ્રીય ચારિત્ર્ય ધરાવતી અગ્રિમ સંસ્થા છે.

1919માં અસ્તિત્વમાં આવેલું સર રતન ટાટા ટ્રસ્ટ અને 1932માં મુકરર થયેલું સર રતન ટાટાના વરિષ્ટ બંધુ સર દોરાબ ટાટાનું ટ્રસ્ટ એ સમયનાં ટ્રસ્ટો કરતાં ભિન્ન પ્રકારનાં હતાં. આ બંને ટ્રસ્ટ જ્ઞાતિ કે ધર્મના ભેદભાવ વિના સમગ્ર પ્રજાના કલ્યાણના વિચારથી અસ્તિત્વમાં આવ્યાં છે.

સર દોરાબ ટાટા મૃત્યુ પહેલાં મોટા ટ્રસ્ટનું આયોજન ‘સર દોરાબ ટાટા ટ્રસ્ટ’ના નામે કરતા ગયા હતા. આ ટ્રસ્ટ શિક્ષણને ઉત્તેજન આપવા અને તેમાં સંશોધન કરવા. દાક્તરીક્ષેત્રે, આરોગ્યલક્ષી સંશોધનો માટે, વિજ્ઞાન માટે, ઔદ્યોગિક ક્ષેત્રોમાં અને કુદરતી આફતો સમયે રાહત આપવા વચનબદ્ધ હતું.

સર દોરાબ ટાટાએ નેબરહુડ હાઉસમાં શરૂ થયેલા સામાજિક સેવાના કાર્યમાં નિયામક શ્રી મનશારદત્ત(Manshardt)ને મદદ કરી હતી. તેથી આ કાર્યમાં મદદરૂપ થવા તેમણે દોરાબ ટાટા ટ્રસ્ટ પાસે વિનંતી કરી અને ‘પોસ્ટ ગ્રૅજ્યુએટ સ્કૂલ ઑફ સોશિયલ વર્ક’ માટેની રૂપરેખા વિશાળ સ્તરે રજૂ કરી. આ પહેલાં ભારતમાં આવા પ્રકારનું કામ થતું ન હતું.

ટ્રસ્ટના મૂળભૂત આશય સાથે સુસંગત આ કાર્ય અને તે દ્વારા રાષ્ટ્રીય ઉત્થાનની પ્રવૃત્તિઓ અને રાષ્ટ્રની ઉન્નતિ માટે વચનબદ્ધ ‘પોસ્ટ ગ્રૅજ્યુએટ સ્કૂલ ઑફ સોશિયલ વર્ક’ માટેની ટાટાની સંસ્થા નવીન રૂપરેખા સાથે વિશાળ સ્તરે નિર્માણ થઈ.

સર દોરાબ ટાટા પોતાના વસિયતનામામાં કેટલીક જમીનોની આવક, શૅર, અલંકારો, જવાહરો અને ટ્રસ્ટને રૂ. 23 લાખ તેમના નામ પરના ટાટા સન્સમાં આપતા ગયા હતા.

તે સમયે આ બધી ધર્માદા માટે આપેલી રકમની કિંમત 1932માં રૂ. એક કરોડથી વધુ થાય. આજના સમયમાં રૂ. 25 કરોડ બરોબર ગણાય.

સર દોરાબ ટાટા ટ્રસ્ટની સ્થાપના દોરાબજીએ માર્ચ 11, 1932માં કરી અને દુર્ભાગ્યે સર દોરાબ ટાટાનું જૂન 1932માં નિધન થયું.

વસિયતનામામાં આપેલી બાબતો ઉપરાંત અન્ય સંસ્થાઓમાંના તેમના શૅર અને પત્નીના વિધવિધ અલંકારો અને જ્યૂબિલી નામનો વિખ્યાત હીરો

સર દોરાબજી ટાટા ટ્રસ્ટને મૃત્યુ અગાઉ સુપરત કર્યા હતા. દોરાબ ટાટા અને ટ્રસ્ટીઓએ નક્કી કર્યું હતું કે વ્યક્તિગત રીતે ન બની શકે એવાં વિશાળ કાર્યો માટે સંસ્થાની સંપત્તિનો ઉપયોગ કરવો અને રાષ્ટ્રીય કલ્યાણ લક્ષમાં રાખવું. આ આદર્શ સાથે અડધી સદીમાં ટાટા ટ્રસ્ટની સંસ્થાઓ અસ્તિત્વમાં આવી, જેણે મુંબઈ તેમજ ભારતને સૌભાગ્ય બક્ષ્યું. તેમજ દેશ-વિદેશમાં ભારતનું નામ વિખ્યાત કર્યું. જ્યારે 'પોસ્ટ ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ સોશિયલ વર્ક'ની વ્યવસ્થા થઈ હતી ત્યારે સર દોરાબ ટાટા 'દોરાબ ટાટા પોસ્ટ ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ સોશિયલ વર્ક'ના પણ ટ્રસ્ટી બન્યા. અને મનશારદત્તની સ્કૂલના નિયામક (Director) તરીકે નિમણૂક થઈ; અને જે. એમ. કુમારપ્પા (J. M. Kumarappa) અનુભવી ભારતીય શિક્ષણવિદ અમેરિકન સ્નાતક તાલીમ પામેલા તેમના સાથી હતા. બીજા કાર્યકરોમાં ડૉ. ટી. અલમાન - વિદ્વાન જર્મન જ્યુ નિરાશ્રિત, જે મ્યુનીચની યુનિવર્સિટીમાં તાલીમ પામેલા હતા; તેમ જ મુંબઈ યુનિવર્સિટીના ચાન્સેલર બહેરામ મહેતા અને શિકાગો યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. આર્થર એચ. હોલ્ટ પ્રવાસી પ્રોફેસર તરીકે જોડાયા હતા.

મકાન પાછળ શરૂઆતમાં ખર્ચ ન કરવાનો નિર્ણય લઈ નેબરહુડ હાઉસનો જ ઉપયોગ કરવાનું નક્કી થયું. દર બે વર્ષે 20 વિદ્યાર્થીઓને માન્યતા આપવામાં આવતી. પ્રથમ વર્ષે જ 400 વિદ્યાર્થીઓએ માન્યતા મેળવવા (અરજી) તજવીજ કરી હતી.

જૂન 22, 1936 સોશિયલ સ્કૂલનું શિક્ષણ શરૂ થયું.

જ્યારે મુંબઈમાં 'પોસ્ટ ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ સોશિયલ વર્ક'ની શરૂઆત થઈ ત્યારે ધંધાદારી સમાજસેવકોની; તાલીમ પામેલા સમાજસેવકોની સંખ્યા અલ્પ હતી. તેથી 6 અઠવાડિયાં માટે અભ્યાસક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિષયો - બાળ-ગુનેગારો, બદલાતી કુટુંબવ્યવસ્થા, પુખ્ત ગુનેગારો અને ગુનાઓ, જાહેર આરોગ્ય, માનસિક આરોગ્ય તેમજ તત્કાલીન સામાજિક સમસ્યાઓ - આવરી લેવામાં આવ્યા હતા.

'ટાટા પોસ્ટ-ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ સોશિયલ વર્ક'માં તૈયાર થયેલા સામાજિક કાર્યકર્તાઓએ રાષ્ટ્રીય આફતો વખતે મદદ કરી અને તે સમયે દોરાબ ટાટા ટ્રસ્ટે ઉદારતાથી પૈસાની મદદ કરી. આ પ્રમાણે ક્વેટાના ધરતીકંપ વખતે, બિહારના ધરતીકંપ વખતે તેમજ કુદરતી આફતોના ભોગ બનેલા ચીન, ટરકી અને ગ્રીસને પણ સહાય સાંપડી.

દેશને અને પરદેશોમાં કુદરતી આફતો વખતે રાહતરૂપ થવાની નીતિ આજ પણ ટાટા અને તેના સમાજસેવકો અપનાવે છે. ટાટાની આ ભારતની પ્રથમ સામાજિક ક્ષેત્રોમાં કાર્ય કરતી સંસ્થા જેવાં કાર્યો માટે ભારતમાં પછી નાની સંસ્થાઓ કાર્યરત થઈ.

'ટાટા ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ સોશિયલ વર્ક' અમુક પ્રકારની પરીક્ષાઓ આપી ઉપાધિ મેળવવા માટેની કે કૉલેજો બહાર ચાલતા ટ્યૂશનવર્ગો જેવી ન હતી. વર્ગમાં રહી સામાજિક કલ્યાણનું જ્ઞાન પુસ્તકમાંથી મેળવવા માટે પણ ન હતી; પરંતુ પ્રત્યક્ષ સમાજકલ્યાણનાં કાર્યોનો અનુભવ વિદ્યાર્થીઓને મળતો અને વિદ્યાર્થીઓને શરૂઆતથી સમજણ આપવામાં આવતી કે સામાજિક કાર્યકર્તા તરીકે પુસ્તકિયા જ્ઞાન નહીં પણ લોકસંપર્ક આવશ્યક હતો. ટ્રસ્ટે શરૂઆતથી નિર્ણય લીધો હતો કે ટાટા સ્કૂલ ભારતની કોઈ યુનિવર્સિટી સાથે જોડાશે નહીં જેથી સ્વતંત્ર અભ્યાસક્રમ તૈયાર કરી શકાય. અને તે સમાજનાં વિધવિધ ક્ષેત્રોને ઉપયોગી થાય બે વર્ષના અભ્યાસક્રમ પછી વિદ્યાર્થીઓને ડિપ્લોમા મળી શકે નાગપાડા વિસ્તારમાં શરૂ થયેલી આ સોશિયલ વર્કની ટાટાની સ્કૂલ માટે સામાજિક કલ્યાણ માટેનું યોગ્ય વાતાવરણ હતું. જ્યાં હિંદુ-મુસ્લિમ-પારસી-જ્યૂ-મરાઠી-શીખ-પંજાબીની ભરચક ગરીબ વસ્તી હતી. શરૂઆતથી જ 'તાતા(ટાટા) ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ સોશિયલ વર્ક'માં અગણિત પ્રવૃત્તિઓ હતી. કેન્દ્ર દ્વારા ફક્ત વિદ્યાર્થીઓ આ પ્રવૃત્તિઓ જ ન કરતા, પરંતુ સામાન્ય જનતાને લોકકલ્યાણ માટેનું શિક્ષણ પણ આપવામાં આવતું. અને સામાજિક સમસ્યાઓના ઉકેલ માટે જાગૃતિ લાવવા સતત પ્રયાસો થતા.

કેન્દ્રમાં શ્રી કુમારપ્પા અને ડૉ. મનશારદત્ત દ્વારા વિદ્વાનોનાં વ્યાખ્યાનો મુંબઈમાં ગોઠવાતાં અને ડૉ. કુમારપ્પા ભારતીય જનતામાં સામાજિક સ્તરે સુધારા લાવવા 'ઇવનિંગ ન્યૂઝ ઑફ ઇન્ડિયા'માં ને દૈનિકપત્રોમાં નિયમિત લેખ લખતા અને ભારતીય સમાજની પરિસ્થિતિમાં ગરીબાઈ-મૃત્યુઆંક, નિરક્ષરતા, ગુનાહિત કૃત્યો, માનસ-વહેમ-અંધશ્રદ્ધા, સ્ત્રીઓ અને બાળકોના પ્રશ્નોના ઉકેલ માટે, ધંધાદારી, શિક્ષિત સમાજસેવકોની જરૂર વિશે સમજણ આપતા.

જૂન 1940થી બંને લેખકોએ સામાજિક પ્રશ્નો સમસ્યાઓ માટે 'ઇન્ડિયન જનરલ ઑફ સોશિયલ વર્ક' શરૂ કર્યું અને આ સામયિક વિદ્યાર્થીઓને તેમના અનુભવો અને કાર્યો વિશે જણાવવામાં ઉપયોગી થયું. પછીનાં વર્ષોમાં વિદ્યાર્થીઓનાં સંશોધનની અભિવ્યક્તિ માટે અને ભારતમાં નાનાં ગામોના કાર્યકર્તાઓ માટે આવશ્યક હતું.

'ધી ઇન્ડિયન જનરલ ઑફ સોશિયલ વર્ક'ની ખ્યાતિ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એક અગ્રિમ સામયિકની હતી; અને મુંબઈની બધી કોમના સમાજજીવન પર તેની અસર પડતી હતી.

આ પ્રકારનું ભારતનું આ પ્રથમ કેન્દ્ર હોવાથી અહીં તૈયાર થયેલા વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે પરદેશ મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ડૉ. કુમારપ્પા તેજસ્વી વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ પરદેશ અભ્યાસ કરી (પાછાં) આવે ત્યારે તેમને માટે નોકરીની વ્યવસ્થા કરતા હતા.

સોશિયલ સ્કૂલ તરફથી ડૉ. મિસ ગૌરી બેનરજી જે સામાજિક કાર્યકર હતાં, ડૉ. કમલા ભૂતા જે કુટુંબ અને બાળકલ્યાણનું કાર્ય સંભાળતાં હતાં, અને પ્રો. એન. એફ હૈદરાબાદ આ સૌ 'સ્કૂલ ઑફ. સોશિયલ વર્ક'માં તૈયાર થઈ ઉચ્ચશિક્ષણ માટે પરદેશ જઈ શક્યાં હતાં.

સ્કૂલમાં વિદેશી પ્રોફેસરો આમંત્રણથી પ્રવાસી શિક્ષકો તરીકે શીખવવા આવતા. જેનો લાભ વિદ્યાર્થીઓને મળતો. ડૉ. કુમારપ્પા 'સોશિયલ સ્કૂલ'માં સામાજિક વિજ્ઞાનનાં બધાં ક્ષેત્રોને સમાવી કાર્યને વિસ્તૃત કરવા માગતા હતા. 1944માં શાળાનું નામ બદલી 'ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સીસ' ટૂંકાણમાં TISS કરવામાં આવ્યું, અને નેબરહુડ હાઉસથી સ્થાન બદલી મુંબઈના પરા અંધેરીમાં સંસ્થાએ શરૂઆત કરી. 1940માં બે અમેરિકના ડૉક્ટરની સહાય મેળવી આરોગ્યલક્ષી વિજ્ઞાન શીખવવાની શરૂઆત TISSમાં કરવામાં આવી, સાથે બાળકલ્યાણના શિક્ષણનો ભારતમાં પ્રથમ પ્રબંધ થયો.

1944 પછી TISS માટે પ્રવૃત્તિઓનો વધુ વિકાસ થતાં. કાયમી જગ્યા માટે મુંબઈના વર્લી વિસ્તારમાં બે એકર જમીન ટ્રસ્ટે મેળવી. ભવિષ્યમાં વધુ વિસ્તારના આશયથી વિશાળ જમીન ચેમ્બુર-મુંબઈમાં ખરીદવામાં આવી. આ નિર્ણય નવલ એચ. ટાટાનો હતો. આ તેમના દૂરંદેશી વિચારનો લાભ મુંબઈ અને રાષ્ટ્રને મળ્યો છે. અહીં 'Tata Institute of Social Sciences'(TISS)ની શરૂઆત વિસ્તૃત સ્વરૂપે થઈ. ચેમ્બુરમાં જ્યાં એક વખત વાડીઓ (farm) હતી તે જગ્યા પર નિષ્ણાત ભારતીય શિલ્પીઓ જી. એમ. ભુતા અને શ્રી દુર્ગા બાજપાઈ - જેઓ વિખ્યાત સ્કેનડિનેવીઅન શિલ્પી અલ્વર ઓલટો (Alvr Aolto)ના વિદ્યાર્થી અને ચાહક હતા તેમનો સ્પર્શ પામી અવર્ણનીય સુંદર, મનભાવન ઇમારત તૈયાર થઈ; તેના ઉદ્‌ઘાટનના એક વર્ષ પહેલાં શ્રી કુમારપ્પા નિવૃત્ત થયા. ત્રણ દાયકાથી વધુ સમય થઈ ગયો છતાં શિલ્પ વિજ્ઞાનના અભ્યાસી ભારતના તેમજ પરદેશના વિદ્યાર્થીઓ ખ્યાતિ પામેલ ઇમારતની મુલાકાતે આવે છે. આજના સમયે રૉયલ પામ, બ્રેડફ્રૂટ વૃક્ષો અને પુષ્પોની વિવિધ અસંખ્ય જાતો અને હરિયાળી ઇમારતની શોભામાં વૃદ્ધિ કરે છે.

વડાપ્રધાન જવાહરલાલ નહેરુ ઑક્ટોબર 6, 1954માં ઉદ્‌ઘાટન માટે આમંત્રણ સ્વીકારી આવ્યા હતા; ત્યારે પંડિતજીએ દેશના ભાગલા પછી નિરાશ્રિતોની વ્યવસ્થા સમયે TISSના સામાજિક કાર્યકર્તાઓએ કરેલા કાર્યની ખૂબ પ્રશંસા કરી હતી, અને કહ્યું, 'તાલીમ પામેલા સામાજિક કાર્યકર્તાઓ અને બિનઅનુભવી ઉત્સાહી સેવકો વચ્ચે ઘણું અંતર હતું.'

નિરાશ્રિતોને મદદરૂપ થવા માટે TISS તરફથી કાર્ય કરવા પહોંચેલા સામાજિક કાર્યકર્તાઓના નેતા ડૉ. બહેરામ મહેતા હતા. ત્યારે સમગ્ર દેશમાં અનુભવી TIS-

Sના શિક્ષિત વિદ્યાર્થી સમાજસેવકો પ્રશંસા પામ્યા હતા. થોડાંક વર્ષોમાં પરદેશમાંથી વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે 'ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલસાયન્સીસ'માં આવતા થયા હતા, અને ટાટાના સોશિયલસાયન્સના વૈજ્ઞાનિકોને પરદેશી યુનિવર્સિટીઓમાં શીખવવા માટે આમંત્રણો મળતાં હતાં.

દેશમાં ઝડપી વિકાસ માટે વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીનું ઉચ્ચશિક્ષણ આપતી અને સંશોધન માટે કાર્ય કરતી સંસ્થાની આવશ્યકતા હતી અને એ ટાટા સિવાય કોઈ આપી શકે તેમ નહોતું. દેશની પ્રગતિ માટે ગ્રામ્ય સ્તરે લાખો લોકોને લાભ આપવાના નિર્ણય સાથે 'Astra' ('Application of Science and Technology to Ruralured') કેન્દ્રનો પણ વિકાસ કર્યો અને ગ્રામ્ય જનતા સુધી તેમનાં કાર્યોમાં મદદરૂપ થાય એવાં સંશોધનોનો પ્રચાર કર્યો. ભારતનાં ગામડાંઓની અશિક્ષિત પ્રજાને વિજ્ઞાન પ્રત્યે જાગ્રત કરવાનો અને તે દ્વારા ગ્રામ્ય પ્રજાની ઉન્નતિ કરવાનો ઇન્સ્ટિટ્યૂટનો આ આવકારદાયક પ્રયાસ છે. ટાટા તરફથી શરૂ થયેલાં આ કાર્યો પછી અન્ય ખાનગી સંસ્થાઓએ પણ તેમાં મદદ કરી, અને સ્વતંત્ર રીતે કાર્ય કરવા માગતી સંસ્થાઓને પણ ટાટાની સહાય સાંપડી.

ઇન્ડિયન 'ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ'માં એવું શું હતું કે કાયમ માટે વધુ સમય સુધી ત્યાંના કર્મશીલ વૈજ્ઞાનિકો ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાન્યસીસ સાથે જ સંલગ્ન રહ્યા ? ટાટાના સ્કૉલર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ ટાટાને હંમેશાં કેમ મદદરૂપ થયાં ? ટાટા કેન્દ્રના વૈજ્ઞાનિકોને બહારની સૃષ્ટિમાં વિજ્ઞાનની વિખ્યાત અને વિશાળ સંસ્થાઓમાં વધુ આર્થિક સધ્ધરતા અને ખ્યાતિ પ્રાપ્ત થઈ શકત પરંતુ નિર્મોહી આ વિજ્ઞાનિકોને બીજી સંસ્થાઓનું આકર્ષણ ક્યારેય કેમ ન થયું ?

સી. વી. રાવ જોગ કહે છે એ સત્ય છે કે વિધવિધ ક્ષેત્રોમાં નિષ્ણાત-ઉત્તમ વ્યક્તિઓ દેશ-પરદેશમાંથી પ્રાપ્ત કરવા ટાટા પ્રયત્નશીલ રહે છે અને નિમણૂક પછી તેઓને આર્થિક સધ્ધરતા બક્ષે છે. કામ કરવા માટે ઉત્તમ સગવડ અને સંપૂર્ણ સ્વતંત્રતા આપે છે.

ઇન્સ્ટિટ્યૂટની પ્રવૃત્તિઓ અને કારોબાર સાથે ટાટા સંકુલ સતત સંલગ્ન રહે છે અને મુશ્કેલીઓના સમયે હંમેશાં સહાય કરવા પડખે ઊભા રહે છે.

'ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ'ના એક સમયના રજિસ્ટાર એસ. એસ. પ્રભુ તેમના અનુભવો પરથી જણાવતા કે કેન્દ્રના કોઈ પણ વિભાગની કટોકટીના સમયે ટાટા ટ્રસ્ટ આશાનું કિરણ બની ઉદ્ધાર કરતું હતું. મનશારદત્તે (Mamshardt) 1941માં ભારત છોડી જતાં પહેલાં. ડૉ. કુમારપ્પાનું નામ સંસ્થાના ડિરેક્ટર તરીકે તેમને સ્થાને રાખવાનું અને દોરાબ ટાટા ટ્રસ્ટના નિયામક તરીકે પ્રોફેસર રૂસ્તમ ડી. ચોકસીનું નામ આપ્યું. ટ્રસ્ટે બંને નામને મંજૂરી આપી હતી.

ડૉ. કુમારપ્પાના પ્રયત્નોથી ઇન્સ્ટિટ્યૂટને રાજ્ય અને કેન્દ્ર તરફથી ખૂબ આર્થિક સહાય મળી હતી. નવા મકાનનાં ઉદ્‌ઘાટન પહેલાંના એક વર્ષે તે તબિયતને કારણે નિવૃત્ત થયા. ત્યાર પછી શ્રેષ્ઠ શિક્ષણશાસ્ત્રી અને ફિલૉસૉફર એ. આર. વાડિયા ડિરેક્ટર (નિયામક) તરીકે આવ્યા. 1916થી 1942 સુધી તે માયસોર યુનિવર્સિટીમાં ફિલૉસૉફીના પ્રોફેસર હતા. ટાટા ઇન્સ્ટિટ્યૂટમાં આવતાં પહેલાં વડોદરા યુનિવર્સિટીમાં પ્રો. વાઇસચાન્સલેર તરીકે સેવા બજાવતા હતા. તેમને 'પદ્મભૂષણ'નું બહુમાન પ્રાપ્ત થયું હતું. કુમારપ્પાની માફક 12 વર્ષ સુધી તેઓ રાજ્યસભાના સભ્ય હતા.

1951માં પ્રથમ પંચવર્ષીય યોજના અસ્તિત્વમાં આવી ત્યારે સામાજિક કાર્યકર્તાઓની ગ્રામ્યસ્તરે અને શહેરમાં આવશ્યકતા ખૂબ હતી.

સરકારે ટાટા ઇન્સ્ટિટ્યૂટની મદદ માગી, અને તાત્કાલિક સામાજિક સેવા કેન્દ્ર કે તાલીમ માટે ઇન્સ્ટિટ્યૂટના કર્મશીલ સેવકો તરફથી હૈદરાબાદમાં શરૂ કરવામાં આવ્યું. યુનિયન ગવર્નમેન્ટ સાથે ટાટા ઇન્સ્ટિટ્યૂટના નિયામક માનદ્ નિયામક તરીકે આ કેન્દ્રમાં હતા.

1950માં પછાત જાતિ અને અનુસૂચિત જાતિ માટે ઇન્સ્ટિટ્યૂટે ડૉ. બહેરામ મહેતાની આગેવાની નીચે 'ડિપાર્ટમેન્ટ ઑફ ટ્રાયબલ વેલફેર'ની શરૂઆત કરી હતી. ઇન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓની પ્રત્યક્ષ સામાજિક સેવા તાલીમ માટે છ ગામડાંઓ થાણા (વિભાગમાં) જિલ્લામાં મુંબઈમાં પસંદ કરવામાં આવ્યાં હતાં. આ પ્રયોગ પણ પ્રથમ વાર ટાટા સંકુલ તરફથી ભારતમાં થયો હતો અને પ્રો. હૈદરાબાદના અધ્યક્ષપણા નીચે 'ડિપાર્ટમેન્ટ ઑફ અર્બન અને રૂરલ વેલફેર'ના નામે એ વિભાગની શરૂઆત થઈ હતી. 1936 TISSની સ્થાપના પછી દસ વર્ષે YWCA (નવું નામ - ધી દિલ્હી સ્કૂલ ઑફ સોશિયલ વર્ક) 1946માં શરૂ થઈ હતી. 14 વર્ષે 1950માં વડોદરામાં 'બરોડા યુનિવર્સિટી ફૅકલ્ટી ઑફ સોશિયલ વર્ક'ની શરૂઆત થઈ. 1952માં ચેન્નાઈમાં સ્કૂલ 'મદ્રાસ સ્કૂલ ઑફ સોશિયલ વર્ક'ની શરૂઆત થઈ, ત્યાર પછી 32 પ્રતિષ્ઠિત સ્કૂલ ઑફ સોશિયલ વર્કની સંસ્થાઓ કાર્યરત થઈ અને ઉત્તરોત્તર સંખ્યામાં ઉમેરો થતો ગયો.

1983 સુધી TISS ભારતમાં એકમાત્ર સંસ્થા હતી જેને યુનિવર્સિટીનું ગૌરવ પ્રાપ્ત થયું હતું.

પ્રો. વાડિયા પછી ડૉ. માધવ એસ. ગોરે નિયામકસ્થાને આવ્યા. તેમના સમયમાં પ્રવૃત્તિઓની સંખ્યામાં ઉમેરો કરવામાં આવ્યો. પૂરા સમયના સંશોધનકાર્ય સાથે ટૂંકા સમયના અભ્યાસક્રમોનું આયોજન કરવામાં આવ્યું. આધુનિક પુસ્તકાલયની વ્યવસ્થા થઈ.

યુનિવર્સિટીની કક્ષા જ્યાં સુધી TISSને પ્રાપ્ત થઈ ન હતી ત્યાં સુધી આર્થિક જવાબદારી ટાટા ટ્રસ્ટની હતી, સાથે મહારાષ્ટ્ર સરકાર અને કેન્દ્રની સરકાર મદદ કરતી હતી.

યુનિવર્સિટીનો દરજ્જો મળ્યા પછી, યુનિવર્સિટી ગ્રાન્ડ્સ કમિશને મુખ્ય આર્થિક જવાબદારીનો સ્વીકાર કર્યો ને દોરાબ ટાટા ટ્રસ્ટ તરફથી વાર્ષિક મદદ મળતી હતી. આ પ્રકારની વ્યવસ્થાથી TISS નવા નવા પ્રયોગો કરવા સ્વતંત્ર હતું ને જ્યારે તે માટે આર્થિક મદદની જરૂર પડતી ત્યારે દોરાબજી ટાટા ટ્રસ્ટ તરફથી તુરત મદદ મળી રહેતી. જેથી કોઈ પણ પ્રોજેક્ટ શરૂ કરવામાં વિલંબ ન થતો.

ધી ટાટા ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ સોશિયલ વર્ક 'નાગપાડા'માં વર્ષો પહેલાં નેબરહુડ હાઉસ ઇન્સ્ટિટ્યૂટથી શરૂઆત કરી. ધસમસતી નદીની જેમ પ્રગતિ વર્ષોવર્ષ થતી જ રહી. ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સનું નામ આપ્યા પછી આજે આંતરરાષ્ટ્રીય ગૌરવ પ્રાપ્ત કર્યું છે.

સર દોરાબ ટાટા અને રતન ટાટા ટ્રસ્ટ તેમજ દોરાબ ટાટા ટ્રસ્ટનું સ્વપ્ન સાકાર બન્યું છે.

ટ્રસ્ટીઓનો અને વિદ્વાન નિયામકોનો પરિશ્રમ, સમાજકલ્યાણ માટે સંપત્તિનો ઉપયોગ, વૈજ્ઞાનિક અને વિશાળ દૃષ્ટિને લીધે મુંબઈમાં સામાજિક ક્ષેત્રે ઘણું કામ થયું છે અને તેનો પ્રસાર દેશમાં થયો છે. આજે ટાટા સાયન્સ ટાટા ઇન્સ્ટિટ્યૂટ ટ્રસ્ટ માટે જ ઘણું મહત્ત્વનું છે એમ નથી, આજે એ આખા રાષ્ટ્રની જવાબદારી છે અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ એનું ઘણું મહત્ત્વ છે.

લેડી ટાટા મેમોરિયલ ટ્રસ્ટ : લેડી મહેરબાઈ ટાટા જૂન 18, 1931માં લ્યુકેમિયા લોહીના કૅન્સરને કારણે 50 વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યાં ત્યારે સર દોરાબ ટાટાએ આ રોગ સામે લડત આપવા ને રોગીઓની માવજત માટે વિચાર કર્યો. પિતાની જેમ જ સર દોરાબ ટાટા સંપત્તિનો રચનાત્મક કાર્યોમાં અને લોકકલ્યાણને માર્ગે ઉપયોગ થાય એમ ઇચ્છતા હતા.

પત્નીનાં મૃત્યુના એક વર્ષથી ઓછા સમયમાં માર્ચ 11, 1932માં દોરાબજી ટાટાએ પોતાની બધી સંપત્તિ તે સમયે રૂ. એક કરોડ ટ્રસ્ટને ઉપયોગમાં આવે તે માટે દાનમાં આપી. આ સંપત્તિનો ઉપયોગ શિક્ષણના વિકાસ અને સંશોધનકાર્ય માટે, રાષ્ટ્રની મુસીબતો સમયે અને અન્ય સખાવતો માટે જાતિ કોમના ભેદભાવ વિના તેમજ સ્થળ અને રાષ્ટ્રના ભેદભાવ વિના કરવો તેવી તે ટ્રસ્ટમાં શરતો હતી.

સર દોરાબ ટાટા ટ્રસ્ટની શરૂઆત એપ્રિલ 1932માં તુરત પત્નીની સ્મૃતિમાં થઈ ત્યારે લેડી ટાટા મેમોરિયલ ટ્રસ્ટની જાહેરાત રૂ. 25 લાખ લ્યુકેમિયા કૅન્સરના સંશોધન માટે અને નાનું ટ્રસ્ટ લોકો માટે થોડા લોકોના ડોનેશન સાથે 'લેડી ટાટા

મહેરબાઈ એજ્યુકેશન ટ્રસ્ટ' સ્ત્રીઓની આરોગ્યલક્ષી સ્વચ્છતા અંગે તાલીમ અને સામાજિક કાર્યો માટે બનાવ્યું.

સર દોરાબ ટાટાએ કૅન્સરના રોગ સામે મુંબઈના ગવર્નર સાથે વિચારણા કરી રેડિયમની સેવા માટે દાન આપવાનું આયોજન કર્યું હતું, પરંતુ નિયતિએ એ કરતાં ઘણું વિશાળ આયોજન કરવા ધાર્યું હતું.

એપ્રિલ 11, 1932માં દોરાબજી ટાટા યુરોપના પ્રવાસે પત્નીનાં સ્મરણમાં 'સ્મૃતિ' સ્થળની મુલાકાતે ગયા. આ પ્રવાસ દરમિયાન 3 જૂને સર દોરાબજી ટાટાનું જર્મનીમાં નિધન થયું. જ્યારે માર્ચ 1932માં દોરાબજીએ ટ્રસ્ટ બનાવ્યું ત્યારે એક 'સર દોરાબજી ટાટા મહેરબાઈ ગ્રૅજ્યુએટ સ્કૂલ ઑફ સોશિયલ વર્ક' સંસ્થા તેમનાં પત્નીને નામે અસ્તિત્વમાં આવી. કારણ કે લેડી મહેરબાઈ સામાજિક કાર્યકર હતાં. અને બીજા આયોજનમાં ટ્રસ્ટે પૂર્વમાં પ્રથમ વિશાળ કૅન્સર હૉસ્પિટલ બનાવવાનો નિર્ણય કર્યો. હૉસ્પિટલ લ્યુકેમિયા બ્લડ કેન્સરના સંશોધન માટે હતી. જેને કારણે લેડી મહેરબાઈ ટાટાનું નિધન થયું હતું.

સર દોરાબજી ટાટાનું જૂન 3, 1932માં નિધન પછી દોરાબજી ટાટાનાં અધૂરાં કાર્યને પૂર્ણ કરવા તેમના અંગત સેક્રેટરી એન. એમ. મુજુમદારે દોરાબ ટાટા ટ્રસ્ટના ટ્રસ્ટીઓને વિનંતી કરી. પત્ની મહેરબાઈનું કૅન્સરમાં થયેલ અવસાનથી વ્યથિત સર દોરાબ ટાટાની પૂર્વની વિશાળ કૅન્સર હૉસ્પિટલ શરૂ કરવા માટેની અંતિમ ઇચ્છા હતી.

1936થી 1938 સુધી ટાટા સન્સના ઉપરી સર નવરોજજી સકલાટવાલાને ચેરમૅન તરીકે મેળવવા દોરાબજી ટાટા ટ્રસ્ટ ભાગ્યશાળી હતું. 27, 1933માં સર નવરોજજી સકલાટવાલાની મુલાકાત પરદેશમાં ડૉ. સ્પિસ (Dr. Spies) સાથે થઈ હતી.

ડૉ. જોન સ્પિસ (Dr. John Spies) ચાઇનામાં અમેરિકના યુનિવર્સિટીની પીઇપીંગ યુનિયન મેડિકલ કૉલેજમાં કૅન્સર સેવાના વડા તરીકે કાર્ય કરતા હતા. તે અગાઉ દુનિયાના શ્રેષ્ઠ ન્યુવાર્પુ મેમોરિયલ કૅન્સર ઇન્સ્ટિટ્યૂટનો અનુભવ ધરાવતા હતા. સર નવરોજજીએ સ્વ. દોરાબજી ટાટાની કૅન્સરની તપાસમાં ઉપયોગી થાય તે માટે મુંબઈમાં રેડિયમ ઇન્સ્ટિટ્યૂટ તૈયાર થાય એ ભાવનાની વાત ડૉ. જોન સ્પિસને જણાવી. તેણે આ બાબત (અભિપ્રાય) પર રિપોર્ટ તૈયાર કરવા માટે ડૉ. જોન સ્પિસને ભારત આવવાનું આમંત્રણ આપ્યું.

ઑગસ્ટ 23, 1935માં ડૉ. જોન ટ્રસ્ટીઓને મળ્યા અને નાની પરંતુ ઉચ્ચ કક્ષાની 50થી 60 દર્દીઓ સાથેની હૉસ્પિટલની શરૂઆત કરી. 100 કે તેથી વધુ 150 દર્દીઓ માટે સગવડવાળી હૉસ્પિટલની વ્યવસ્થા કરવા ટ્રસ્ટીઓને (અભ્યાસ કરી) જણાવ્યું. ડૉ. જોન સ્પિસે અનુભવ પરથી જણાવ્યું કે, 'કૅન્સરના દર્દીઓ

અસરકારક માવજત એક જ સ્થળે પ્રાપ્ત થાય એમ ઇચ્છતા હોય છે. જેથી પદ્ધતિમાં સાતત્ય જળવાઈ રહે અને આરોગ્ય પ્રાપ્ત કરવાની તક વધુ રહે; પરંતુ ટાટા મેમોરિયલ કૅન્સર હૉસ્પિટલ જે પ્રકારે તૈયાર કરવાની ચર્ચા થતી હતી તેવી આધુનિક સર્વ સગવડ સાથેની, નિષ્ણાત ડૉક્ટરો સાથેની હૉસ્પિટલ દુનિયાના કોઈ પણ દેશમાં શરૂ કરવાનું કામ મુશ્કેલ હતું. કારણ તે માટે કલ્પના, શક્તિ, આર્થિક સધ્ધરતા, ધીરજ અને લોખંડી નિશ્ચયબળની આવશ્યકતા હતી.

આયોજન અંગે વિચારણા થતી હતી ત્યારે અચાનક સર નવરોજજી સકલાટવાલા 1938માં અવસાન પામ્યા. કૅન્સર હૉસ્પિટલનું કાર્ય થોડા સમય માટે સ્થગિત થયું. મુંબઈની ડૉક્ટરોની (કમિટી) મંડળીએ કૅન્સર હૉસ્પિટલ અંગેની મુશ્કેલીઓ જણાવી વિરોધ દર્શાવ્યો, પરંતુ હાર સ્વીકારવાનું ટાટા ટ્રસ્ટને મંજૂર ન હતું. જમશેદજી ટાટા હંમેશ મુશ્કેલીઓમાં આગળ વધ્યા હતા.

પ્રજાને જીવલેણ દર્દથી બચાવવા અને કૅન્સર વિશે સમજણ આપવા 'ટાટા મેમોરિયલ હૉસ્પિટલ' વિશાળ સ્તરે શરૂ કરવા જે. આર. ડી. ટાટાની સહાય મળી. ચૅરમૅન સર સોરાબ સકલાટવાળાએ જવાબદારીનો સ્વીકાર કર્યો. સ્વાતંત્ર્ય લડતના એક વર્ષ પહેલાં માર્ચ 1, 1941માં મુંબઈના ગવર્નર સર રોજર લ્યુમલેએ (Roger Lumley) હૉસ્પિટલનું ઉદ્‌ઘાટન કર્યું. ઉપયોગિતાના ખ્યાલથી વિચારપૂર્વક સાત માળની ભવ્ય ઇમારત દુનિયાભરમાંથી મેળવેલાં આધુનિક શ્રેષ્ઠ સાધનોવાળી ચાર વર્ષની મહેનત પછી અને ઉત્તમ ડૉક્ટરોની સગવડ સાથે જનતાને પ્રાપ્ત થઈ. તે સમયે ટ્રસ્ટને રૂ. 31 લાખ ખર્ચ થયો. આજના સમયે રૂ. 9 કરોડ જેટલો ગણાય. આ હૉસ્પિટલ આંતરરાષ્ટ્રીય સ્તરે કૅન્સર સામે લડાતા યુદ્ધમાં ભારતનું પ્રથમ વિશાળ યોગદાન છે.

ભારતની વ્યક્તિઓને આ જીવલેણ દર્દથી ઉગારવા અને પ્રજાને આ રોગ વિશે સમજણ આપવા ટાટા મેમોરિયલ હૉસ્પિટલ અસ્તિત્વમાં આવી અને એશિયા અને આફ્રિકાના કરોડો લોકોનાં હૃદયમાં આશાનો દીપ પ્રગટાવ્યો. શરૂઆતથી અને સમયસર સારવારનો પ્રબંધ થતાં કૅન્સરથી ઘણા લોકોનાં જીવન ઉગારી શકાયાં.

અસંખ્ય અવરોધો, મુશ્કેલીઓ અને શક-આશંકા વચ્ચે ટાટા મેમોરિયલ હૉસ્પિટલનું કાર્ય વિકાસ પામ્યું અને ભારતને મુંબઈમાં અત્યંત આધુનિક સગવડ અને નિષ્ણાત ડૉક્ટરો સહિત ભવ્ય હૉસ્પિટલ પ્રાપ્ત થઈ. ટાટાનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે મહાન ઉદ્યોગપતિ અને શ્રેષ્ઠ દાનવીર તરીકે જાણીતું હતું, પરંતુ ટાટા મેમોરિયલ કૅન્સર હૉસ્પિટલથી મળેલા સન્માન અને ખ્યાતિ સાથે તેની તુલના થઈ ન શકે.

આંતરરાષ્ટ્રીય સ્થળે કૅન્સર વિરુદ્ધના યુદ્ધમાં ભારતની આ વિશાળ ટાટા મેમોરિયલ કૅન્સર હૉસ્પિટલનું પણ યોગદાન છે. સર દોરાબ ટાટા ટ્રસ્ટના ચૅરમૅન

સર સોરાબ સકલાટવાલા કહેતા, કૅન્સર હૉસ્પિટલ જ્ઞાન અને સંશોધનનું કેન્દ્ર પણ હતું અને મંદિર પણ હતું. જ્યાં ડૉક્ટર અને વિદ્યાર્થીઓ સાથે મળી આ જીવલેણ દર્દથી રક્ષણ મેળવવા માટેની શોધખોળ સતત કરતા હતા.

વિશાળ હૉસ્પિટલમાં ઑપરેશન માટે થિયેટર્સ (સ્થળ), લેક્ચર્સ (સંભાષણ) ચર્ચા-વિચારણા માટે થિયેટર જેવાં સ્થળ, સંશોધન માટે બધી જ સગવડ છે. હૉસ્પિટલનાં સલાહ-સંચાલનમાં ક્યૂરી (Curie) ઇન્સ્ટિટ્યૂટના પ્રો. રીગાર્ડ (Regard) તેમજ ન્યૂયૉર્ક મેમોરિયલ હૉસ્પિટલના ડૉ. જેઇમ્સ ઇવિંગ (James Ewing) બંને નિષ્ણાતોનો ફાળો છે. હૉસ્પિટલની શરૂઆતને નવ મહિના થયા હતા ત્યાં યુ.એસ.(U.S.)એ ડિસેમ્બર 1941માં જાપાન સામે યુદ્ધ જાહેર કર્યું. હૉસ્પિટલમાં શરૂઆતથી જોડાયેલા બે ઉત્તમ (સર્જન) ડૉક્ટર અપુ, ડૉ. પુલે (Poole), જે ન્યૂયૉર્ક મૅમોરિયલ હૉસ્પિટલમાંથી આવ્યા હતા અને બીજા ડૉ. કોહન (Dr. Cohn) મેસેચૂસેટ્સ જનરલ હૉસ્પિટલ જે હાર્વર્ડ યુનિવર્સિટીનો એક ભાગ હતી ત્યાંથી આવ્યા હતા. આ બંને ડૉક્ટરોને યુસ પાછા બોલાવી લેવા જણાવવામાં આવ્યું. એક વર્ષથી હૉસ્પિટલ શરૂ થઈ હતી ત્યારે ડૉ. કોહન વિદાય થયા અને ડૉ. પુલે બે વર્ષે ગયા. આ બે વર્ષ દરમિયાન દોરાબ ટ્રસ્ટે ચાર યુવાન ભારતીય ડૉક્ટરોને તાલીમ આપી. હૉસ્પિટલની શરૂઆતને ત્રણ જ વર્ષ થયાં હતાં ત્યારે ડૉ. પેમાસ્ટર, (Dr. J. C. Paymaster), ડૉ. ઈ. જે. બોરગીસ (Dr. E. J. Borges), ડૉ. ડી. આર. મેહર હોમી (Dr. D. R. Meher Homi) અને ડૉ. ડી. જે. જુસાવાલા (Dr. D. J. Jussawalla) ઉપરાંત પૅથૉલૉજી વિભાગના ઉપરી ડૉ. વી. આર. ખાનોલકર (Dr. V. R. Khanolkar) અને રેડિયોલૉજી વિભાગના ઉપરી ડૉ. કે.પી. મોદી (Dr. K. P. Modi) એ હૉસ્પિટલની મદદમાં આવ્યા. શરૂઆતમાં ઉપરના બે નિષ્ણાત ડૉક્ટર યુરોપિયન હતા, પરંતુ શરૂઆતથી આ બે ડૉક્ટરો સિવાય બધા જ કર્મચારીઓ ભારતીય હતા અને બે યુરોપિયન ડૉક્ટરો વિદાય થતાં ત્રણ વર્ષ પછી સંપૂર્ણ ભારતીય કર્મચારીઓ હૉસ્પિટલમાં કાર્યરત હતા.

શરૂઆતમાં જ હૉસ્પિટલ પર આવેલી જવાબદારી અને મુશ્કેલી સામે 80 વર્ષીય મૅનેજિંગ ટ્રસ્ટી (J. D. Ghandhi) જે. ડી. ગાંધીએ જ્યારે મુંબઈના ડૉક્ટરોએ કૅન્સર સામે કામ કરવામાં લાચારી અને મુશ્કેલીઓ જણાવી હતી ત્યારે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, 'જમશેદજી ટાટા ક્યારેય મુશ્કેલીઓ સામે પીછેહઠ કરતા હતા ? નહીં જ; તો આપણે પણ આગળ વધીશું જ.'

ટાટા પરિવારનો આ જ જુસ્સો હતો અને ટાટા સંકુલ સાથે કામ કરનાર તેનાથી પ્રભાવિત થતા અને અવરોધ પાર કરવા પ્રયત્નશીલ રહેતા. 1941થી ટાટા મેમોરિયલ હૉસ્પિટલ સેન્ટર અને ટાટા મેમોરિયલ હૉસ્પિટલ સાથે ટાટા સંશોધન (રિસર્ચ) અને બે તાલીમી (ટ્રેનિંગ) કેન્દ્રોની શરૂઆત થઈ હતી. તેથી નર્સ

(પરિચારિકા) કે ડૉક્ટરની તેમજ અન્ય વિભાગો માટે તાલીમ પામેલા કર્મચારીઓની મદદ મળતી હતી. ટાટાની મદદથી પરદેશમાં અભ્યાસ કરી તાલીમ પામેલા તાજા જ સ્વદેશ પાછા ફરેલા ચાર ડૉક્ટરોએ કૅન્સરના દર્દી પરનું અતિ મુશ્કેલ-જીવલેણ પ્રથમ ઑપરેશન હિંદમાં જ સફળતાપૂર્વક કર્યું હતું. ટાટાની મદદથી પરદેશમાં અભ્યાસ કરી તૈયાર થયેલા આ ડૉક્ટરોએ આજીવન ટાટા મેમોરિયલ હૉસ્પિટલમાં કામ કર્યું. પરદેશની અનેક હૉસ્પિટલમાં કામ કરવાની તક મળવા છતાં તેઓ ટાટા મેમોરિયલને સમર્પિત રહ્યા.

એ સમય હતો જ્યારે જનકલ્યાણ માટે કાર્યો કરતા લોકો સંપત્તિ, સત્તા કરતાં આદર્શ અને મૂલ્યોને જ મહત્ત્વ આપતા અને સમાજમાં આ જ લોકોને પ્રતિષ્ઠા ને આદરને પાત્ર માનવામાં આવતા. ભારતીય પ્રણાલિકાની ઋણસ્વીકારની ભાવનાથી સામાન્યજન પણ ચલિત થતા નહીં. ભારતમાં તે સમયે કૅન્સરના ઉપચાર માટેની નાની છ હૉસ્પિટલ હતી, અને કેટલીક સામાન્ય હૉસ્પિટલમાં કૅન્સરના પ્રાથમિક ઉપચાર માટે થોડી વ્યવસ્થા હતી; પરંતુ મુંબઈમાં આશા અને વિશ્વાસ સાથે દર્દીઓ કાશ્મીર, કન્યાકુમારી, ગલ્ફમાંથી, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, આફ્રિકાના દેશોમાંથી મોડી રાત્રે ગમે ત્યારે આ હૉસ્પિટલમાં આવતા. કેટલાક તો સારા થવાની આશા અન્ય સ્થળેથી ગુમાવીને આવ્યા હતા. આ બધાને ટાટા મેમોરિયલ કૅન્સર હૉસ્પિટલમાં ડૉક્ટરો મદદરૂપ થતા.

ટાટા બ્લડ બૅન્ક : એક અકસ્માતમાંથી અસ્તિત્વમાં આવી. મુંબઈના મરીન ડ્રાઇવ પર ઝડપથી પસાર થતા એક યુવાનને ભયંકર અકસ્માત નડ્યો. તેને હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો પણ જીવ બચાવવા માટે લોહી આપવાની જરૂર હતી. ખૂબ પ્રયત્નો કરવા છતાં તેને અનુકૂળ આવે તેવું લોહી મળી ન શક્યું. ઈશ્વરકૃપાથી હૉસ્પિટલના જ એક કર્મચારીના લોહીથી જીવન મળ્યું. તે ક્ષણથી તે યુવાનની માતા શ્રીમતી લીલા મૂલગાંવકરે નિર્ણય કર્યો કે મુંબઈમાં બ્લડ બૅન્ક જનકલ્યાણ માટે શરૂ કરવી. વિનામૂલ્યે. લોહી આપનાર ઉદાર માનવતાવાદી લોકોની મદદથી 1954માં હિંદની પ્રથમ લોહી પ્રાપ્ત કરવાની સેવાનો વિચાર અમલમાં મૂક્યો.

મિસિસ મૂલગાંવકર સાથે મિસિસ એલીનોર સિક્લેર અને મિસિસ અખતર અહમદ સર દોરાબ ટાટા અને સર રતન ટાટા ટ્રસ્ટને મળ્યાં. મદદ માટે સંમતિ મળી ત્યારે મહારાષ્ટ્ર ગવર્નમેન્ટે નવી જગ્યા આપી અને બંને ટ્રસ્ટે રોજબરોજના ખર્ચ માટે, સાધનો માટે, કર્મચારીઓનાં વેતન અને બીજી સગવડ માટે જવાબદારીનો સ્વીકાર કર્યો. 1963માં મુંબઈમાં ટાટા ટ્રસ્ટની મદદથી પ્રથમ બ્લડ બૅન્કની શરૂઆત થઈ.

ભારતની આ પ્રથમ સ્વચ્છ, શાંત, વિશ્વાસપૂર્ણ અને શક્તિશાળી આધુનિક સગવડવાળી બ્લડ બૅન્ક. મહારાષ્ટ્ર સરકારે આપેલી જે. જે. ગ્રૂપ હૉસ્પિટલની નવી

જગ્યામાં રતન ટાટા અને સર દોરાબ ટાટાના ટ્રસ્ટની મદદથી અસ્તિત્વમાં આવી શકી. ટાટા ટ્રસ્ટે જવાબદારી ન સ્વીકારી હોત તો મહારાષ્ટ્ર સરકાર તરફથી જગ્યા પ્રાપ્ત ન થઈ હોત. બ્લડ બૅન્કને સહકાર આપવામાં અને તે માટે લોહી આપવા માટે ગુજરાતી બહેનો શરૂઆતથી જ મદદ કરતી હતી.

હૉસ્પિટલના દર્દીઓ ઉપરાંત તાત્કાલિક જરૂર પડે ત્યારે બૅન્ક બહારના દર્દીઓને સેવા આપવા તૈયાર હતી અને દર્દીઓનાં સગાં-સંબંધી-મિત્રો અને ઉદાર માનવતાવાદી મનુષ્યોના લોહીની તપાસ પછી, ડૉક્ટરોનાં સંમતિપત્ર મેળવી ડોનર કાર્ડ આપવાની વ્યવસ્થા કરવામાં આવી, જેથી દર્દીને જ્યારે જરૂર પડે ત્યારે તાત્કાલિક લોહી પ્રાપ્ત થઈ શકે.

ટાટા ટ્રસ્ટ અને બ્લડ બૅન્કને સામાજિક કલ્યાણનું કાર્ય કરતી સંસ્થાઓની, સ્ત્રી-સંસ્થાઓની પણ સહાય મળી છે.

રોટરી, લાયન્સ જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના સભ્યોએ સ્વેચ્છાએ લોહી આપવા તત્પરતા દર્શાવી. ટાટા ટ્રસ્ટે આ શુભ કલ્યાણકારી કાર્યને જનતા સમક્ષ પહોંચાડવા અને આ દિશામાં તેઓને જાગ્રત કરવા ટાટા બ્લડ બૅન્કની ઍમ્બુલન્સ વાન(મોટર)ની વ્યવસ્થા કરી. આ વાન ઉદારતાથી માનવકલ્યાણ માટે લોહી આપનાર મોટી કંપનીના કર્મચારીઓની સંસ્થાઓની મુલાકાતે જતી. વાનમાં બે નિષ્ણાત ડૉક્ટરો, એક ટૅક્નિશિયન, એક સામાજિક કાર્યકર અને આઠ વ્યક્તિઓની વ્યવસ્થા લોહી આપવા આવનાર માટે હોય છે. ઍમ્બુલન્સ વાન દ્વારા એક કલાકમાં 60 લોહીદાતાઓની સેવા લઈ શકાય છે. શરૂઆતમાં જનતાને સમજાવવાનું કામ મુશ્કેલ હતું. ત્યારપછી કંપની અને ફૅક્ટરીના વ્યવસ્થાપકો આમંત્રણ આપી વાનને બોલાવતા. તેમના કારીગરો અને કર્મચારીઓને બ્લડ બૅન્કનો લાભ મળતો.

આજના સમયમાં જાગૃતિ લાવતા કામદારો અને અન્ય પ્રજાજનો લોહી આપવા હૉસ્પિટલમાં હારબંધ આવે છે અને બ્લડ બૅન્કો માટે શિબિરની વ્યવસ્થા પણ કરે છે. મુંબઈમાં શરૂ થયેલી બ્લડ બૅન્કની પ્રવૃત્તિનો પ્રચાર ખૂબ ઝડપથી અન્ય મોટાં શહેરોમાં થયો અને અગણિત લોકોને બ્લડ બૅન્કનો લાભ મળવા લાગ્યો.

1960માં સર દોરાબ ટાટા ટ્રસ્ટ અને રતન ટાટા ટ્રસ્ટ તરફથી બ્લડ બૅન્કની બાજુની જગ્યામાં 'પ્લાસ્ટિક સર્જરી' માટેનો વિભાગ શરૂ કર્યો. આ ઉપચાર પણ તે સમયે નવીન હતો. આ વિભાગમાં લેપ્રસીના દર્દીઓ અને દાઝી ગયેલા દર્દીઓની સેવા થાય છે. ભારતમાં આવા પ્રકારની પદ્ધતિસર ને આધુનિક સગવડવાળી આ પ્રથમ હૉસ્પિટલ માનવકલ્યાણની દિશામાં ટાટા ટ્રસ્ટનું વિશેષ પ્રદાન.

❑

# 15. મોરારજી ગોકુલદાસ


મોરારજી ગોકુલદાસ

પોરબંદરના ભાટિયા વૈષ્ણવ જ્ઞાતિના શ્રી મોરારજી ગોકુલદાસ અને ખટાઉ મકનજી પશ્ચિમ ભારતના કાપડઉદ્યોગના અગ્રેસર ગણાય છે.

મોરારજીના દાદા જીવણશેઠનાં વહાણો પશ્ચિમ ભારતમાં માલની હેરફેર કરતાં હતાં. નાની ઉંમરે મોરારજી મુંબઈ આવ્યા અને મિલ ઉદ્યોગના અગ્રણી થયા; અને મોરારજી ગોકુલદાસ કંપનીની શરૂઆત કરી નામના મેળવી, સોલાપુર મિલ 1875માં ઊભી કરી. સોલાપુરના દુષ્કાળગ્રસ્ત વિસ્તારના લોકો માટે લાખો-કરોડોનો બહોળો વેપાર-ધંધો વિકસાવ્યો.

ચીનાબાગની અતિ સુંદર આલીશાન ઇમારતમાં મોરારજી ગોકુલદાસનું કુટુંબ રહેતું હતું. સરકારે સી. આઈ. ઈ. કમ્પેનિયન ઑફ ઇન્ડિયન એમ્પાયરનો ઇલકાબ આપ્યો હતો.

મોરારજી શેઠની હયાતી દરમિયાન તેમની પાસે એકથી વધુ વાઇસરૉયોએ મુલાકાત આપેલી. લૉર્ડ નોર્થબુકે અને પછીના વાઇસરૉય લૉર્ડ રિપન મુલાકાતે આવ્યા હતા. મિલ જોવા પણ આવ્યા હતા. દેશપ્રેમની ભાવના હંમેશ તેમના હૃદયમાં વહેતી જ રહેતી. 1877ના દિલ્હી દરબારનું માનભર્યું આમંત્રણ મોરારજી શેઠે સોલાપુર દુષ્કાળ રાહતકામના રોકાણને કારણે વિનયપૂર્વક નકારેલું. મુંબઈના ગવર્નરો નવા આવે ત્યારે અને પાછા જાય ત્યારે ચીનાબાગ આવતા.

મોરારજી ગોકુલદાસના બીજા પુત્ર નરોત્તમ મોરારજીનો જન્મ 2, એપ્રિલ 1877માં પોરબંદરમાં થયો. 28 દિવસના બાળપુત્ર નરોત્તમને લઈને મોરારજીનાં

પત્ની ધનકોરબાઈ-ધનીમા વહાણમાં મુંબઈ આવ્યાં. કદાચ આ ઈશ્વરી સંકેત હતો. 28 દિવસના નરોત્તમની આ પહેલી વહાણની મુસાફરી અને સમંદરનો સંસર્ગ એ એના વહાણવટાના ક્ષેત્રે અનેરા પ્રદાનના પ્રારંભ સંકેત સમ હતો શું ?

નરોત્તમનાં માતા-ધનકોરબાઈનો જન્મ : 1860, મૃત્યુ 1954. 94 વર્ષે મુંબઈનાં રાણી કે રાણી વિક્ટોરિયાની બહેનનું બિરુદ પામેલાં ધનીમાનો ઉલ્લેખ ન કરીએ તો આપણી કથામાં અધૂરપ રહે. સ્વામી આનંદ કહે છે : રઝિયાબેગમ, ચાંદબીબી અને પુણ્યશ્લોક-અહલ્યાબાઈ હોલ્કરની સહેજે બરોબરી કરે એવાં હતાં ધનીમા. 21 વર્ષે વૈધવ્ય પામ્યાં. પછી મોરારજી શેઠની લાખો-કરોડોની મિલકત અને વેપારધંધો સાચવી સગીર પુત્રોનો અનોખી રીતે ઉછેર કર્યો.

46 વર્ષની પ્રમાણમાં નાની ઉંમરે શેઠ મોરારજી ગોકુલદાસનું અવસાન થયું ત્યારે પત્ની ધનકોરબાઈ-ધનીમાની ઉંમર 21 વર્ષની. પરંતુ દુઃખના તૂટી પડેલા ડુંગરને ખસેડી સાત ટાબરિયાંને ઉછેરવાં, તેમજ મરહૂમ પતિએ મૂકેલો વિશાળ ધીકતો વેપાર તેમજ દેશ આખામાં પથરાયેલી લાખોની એસ્ટેટ-અસ્કામતો ને સગીર બાળકોના હક્ક સંભાળવા માટે કમર કસી. પિતાના મૃત્યુ વખતે મોટા સાવકા પુત્ર ધરમસી સાડાઆઠ વર્ષના અને નાના નરોત્તમ ચાર જ વર્ષના હતા.

શેઠ મોરારજીનાં સહધર્મચારિણી ધનકુંવર-ધનીમા જેમણે 21 વર્ષે વહેલી વયે વૈધવ્ય આવ્યા પછી પોતાના મરહૂમ પતિની લાખોની મિલકત, અસ્કામતો અને વેપાર-ધંધો સાચવી સગીર દીકરા-દીકરીઓને ઉછેર્યાં.

રાજા-મહારાજાઓની સલામી લીધી. ચડતીપડતીના તડકા-છાંયડા વેઠ્યા. એકથી વધુ વાર જેમના ગાંધીજી મહેમાન થઈ રહ્યા.

ત્યારે ઉંમર 21 પણ સમજણ ને આવડત મોટું રાજ ચલાવે એવડી. મુંબઈ, સૂરત, અમદાવાદના ખોજા, હિન્દુ, પારસી, જૈન, કચ્છી, યહૂદી વેપારીઓ જોડે, રાજ-રજવાડાંઓ જોડે તેમજ મુંબઈ-પૂનામાં અગ્રેસર દખણી કુટુંબો કે દખ્ખણનાં ભ્રામણી રજવાડાં જોડેના વેપારી સંબંધો અકબંધ જાળવ્યા ને શોભાવ્યા.

એક વાર કોઈ વાઇસરૉયે ધનીમાને પ્રશ્ન કર્યો હતો, ‘આ દેશની પ્રજાનાં સંતોષ, મિત્રાચારી માટે અંગ્રેજ સરકારે શું કરવું ?’

ઉત્તર હતો ‘આ દેશની કરોડો ગરીબ પ્રજા ફક્ત મીઠું ને રોટલો જ ખાઈને જીવે છે; તેથી આમપ્રજાનું હિત હઇડે રાખીને મીઠાવેરો કાઢી નાખો.’

ધનીમાએ સાત દીકરા-દીકરીઓને ઉછેર્યાં. મોટા પુત્ર ધરમશી અને નાના પુત્ર નરોત્તમને શિક્ષણ માટે શ્રી ગોપાલકૃષ્ણ ગોખલે અને નારાયણ ચંદાવરકરને સોંપ્યા. શ્રી નરોત્તમ મોરારજીના ચારિત્ર્યઘડતર પર ધનીમાની વિશેષ અસર. પિતાના મૃત્યુ સમયે નરોત્તમ ચાર વર્ષના હતા; પરંતુ ધનીમાએ વેપાર-કારભાર

અને મોરારજી શેઠે સ્થાપેલા મુંબઈ, સૂરત, જૈન, કચ્છી, યહૂદી વેપારીઓ જોડે ને રાજ-રજવાડાં જોડે તેમજ મુંબઈ-પૂનાનાં દખ્ખણી કુટુંબો સાથેના સામાજિક સંબંધો (પૂરેપૂરા) શાનશોભાથી જાળવ્યા.

❑

# 16. નરોત્તમ મોરારજી


નરોત્તમ મોરારજી

ખાનગી શિક્ષકો ઉપરાંત મૅટ્રિક પછી એલ્ફિન્સ્ટન કૉલેજમાં અભ્યાસ કર્યો જ્યાં ભુલાભાઈ દેસાઈ જે પાછળથી મોટા ધારાશાસ્ત્રી તરીકે પંકાયા - તે સમકાલીન હતા.

શ્રી નરોત્તમની તાલીમ ઉત્તમ શિક્ષકો શ્રી ગોપાળકૃષ્ણ ગોખલે જેને પૂ. ગાંધીજીએ પોતાના ગુરુ ગણ્યા અને નારાયણ ચંદાવરકર જે પછીથી વડી અદાલતના ન્યાયમૂર્તિ બન્યા તેમજ સવિશેષ કુશાગ્ર બુદ્ધિવાન, શિસ્તપ્રિય, પહાડ જેવી મુસીબતોને ઘોળી પી જનાર, ચારિત્ર્યવાન માતાની નજર નીચેથી તેમજ ઉત્તમ શિક્ષકો દ્વારા મુંબઈના રાજકીય અને સામાજિક જીવનના સંપર્કમાં આવ્યા; અને તેમનામાં જાહેર સેવા માટેની અને રાષ્ટ્રભક્તિની તમન્ના જાગી, જે જીવનના અંતકાળ સુધી ટકી. માતા પાસેથી તેમનામાં શિસ્ત-સંયમ અને ધર્મના સંસ્કાર આવ્યા. તે ધર્મપ્રિય બન્યા, પરંતુ અંધશ્રદ્ધા વહેમ અને રૂઢિબંધનોનો વિરોધ કરતા રહ્યા, જ્યારે તે પહેલી વાર દરિયાપાર ગયા ત્યારે દરિયો ઓળંગવો એ પાપ ગણાતું; લોકોની પ્રાયશ્ચિત્ત કરવાની વાતનો તેમણે વિરોધ કર્યો, એટલું જ નહીં, બીજા લોકોને પોતાના મતના કર્યા. યુવા નરોત્તમે પ્રાયશ્ચિત્તની પ્રણાલીને તિલાંજલિ આપી. 19 વર્ષની ઉંમરે 12 વર્ષનાં મોંઘીબાઈ સાથે લગ્ન થયાં હતાં. સાસરામાં નામ થયું સુંદરબાઈ. નરોત્તમને ત્રણ સંતાનો. મોટા શાંતિકુમાર અને બે દીકરીઓ. નામ દેવકોરબાઈ અને માધુરી.

1920માં પત્નીના અવસાન પછી ફરી લગ્ન ન કર્યાં.

મહાત્મા ગાંધી સાથે શેઠ નરોત્તમનો સંબંધ; 1915ના જાન્યુઆરીની 9મીએ ગાંધીજી આફ્રિકા છોડી ભારત આવ્યા તે દિવસનો. બાપુએ સાબરમતી આશ્રમ માટે ટહેલ નાંખી ત્યારે નરોત્તમે મોટી રકમ આપી (માર્ચ 11, 1924થી મે 20 સુધી બાપુ શેઠ નરોત્તમના જૂહુ બંગલામાં રહ્યા હતા.) શ્રી નરોત્તમે ઘણી સામાજિક અને ધાર્મિક સંસ્થાઓમાં સક્રિય રસ લીધો ને સધ્ધર બનાવી. ટાટા આયર્ન અને સ્ટીલ કંપનીના એ ફાઉન્ડર સભ્ય હતા.

ભારતના ઇતિહાસની રક્તરંગી સાલ 1919. બ્રિટિશ સરકારે પંજાબના અમૃતસરમાં જલિયાંવાલા બાગમાં આચરેલા અમાનુષી અત્યાચારોએ હિંદી પ્રજાના હૃદયમાંથી બ્રિટિશ સરકાર પ્રત્યેના વિશ્વાસ અને સન્માનનો નાશ કર્યો હતો. સમગ્ર ભારતમાં આ બનાવ સામે જનતાનો આક્રોશ હતો.

વહાણવટાના વેપારમાં ભારતને થઈ રહેલા અન્યાય સામે ઉદ્યોગપતિઓનો વિરોધ હતો.

યોગાનુયોગ એ જ આ સાલ 1919માં સિંધિયા કંપની અકસ્માત એક પ્રસંગ પરથી અસ્તિત્વમાં આવી.

શેઠ વાલચંદ હીરાચંદને દિલ્હીથી મુંબઈ જતાં રેલવે મુસાફરીમાં એક બ્રિટિશ એન્જિનિયર પાસે જાણવા મળ્યું હતું કે ગ્વાલિયરના મહારાજા માધવરાવ સિંધિયા તેમના દરિયાઈ જહાજ 'લૉયલ્ટી' માટે ખરીદનારની શોધમાં હતા.

મુંબઈ જઈ શેઠ વાલચંદ તુરત નરોત્તમ મોરારજીને મળ્યા. સત્તાધારી બ્રિટિશ સરકારે અસંખ્ય વાર ભારતીય વહાણવટા-ઉદ્યોગને કચડી નાખવાના ભૂતકાળમાં પ્રયત્નો કર્યા હતા.

મુંબઈ પહોંચી તુરત વાલચંદ શેઠે 'લૉયલ્ટી'ની તપાસ કરી, અને જેમની પાસે સાહસ કરવાની હિંમત હતી, જેમની પાસે દૃષ્ટિ અને સંપત્તિ હતી તે શેઠ નરોત્તમનો સંપર્ક 'લૉયલ્ટી' ખરીદવા માટે કર્યો. સમિતિની નિમણૂક તુરત થઈ અને 'લૉયલ્ટી' ખરીદ કરવા સિંધિયા સ્ટીમ નૅવિગેશન કંપની લિમિટેડની સ્થાપના 4.5 કરોડની મૂડીથી 27 માર્ચ, 1919માં થઈ.

તે સમયે ચાર કરોડ પાંચ લાખ ઘણી મોટી રકમ કહેવાય. વ્યવસ્થાપક અને નિયામક તરીકે શ્રી નરોત્તમ મોરારજી હતા. તેમની વ્યવસ્થાશક્તિ અને કુશળતાનો ભારતીય જનતાને તુરત અનુભવ થયો.

સિંધિયા કંપનીની સ્થાપના પછી નવમે જ દિવસે મુંબઈથી યુનાઇટેડ કિંગડમ (U.K.) જવા માટે ઘણા રાજકુમારો અને અત્યંત જાણીતી વ્યક્તિઓ સાથે 'લૉયલ્ટી' ભારતીય વહાણવટાના ધ્વજને લહેરાવતી દરિયાઈ સફરે ઊપડી. નવી

કંપનીને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. રાજકીય સ્તર પરથી થતી ઘણી ખટપટોએ માર્ગમાં ઘણાં રોડાં નાખ્યાં; પરંતુ પૈસાની તાકાત, વ્યાપારી કૌશલ્ય અને અનુભવ, સરકારની ભાવના અને સવિશેષ દેશ તરફની ફરજનો સ્વીકાર પ્રગતિનો માર્ગ રોકી ન શક્યા.

સિંધિયા કંપનીનું પ્રથમ જહાજ 'લૉયલ્ટી' મુકરર થયેલી તારીખે બરોબર દરિયાની સફરે ઊપડ્યું હતું. દેશભરમાં જનતામાં ઉત્સાહ હતો. આ મહાન બનાવ હતો; કારણ કે બ્રિટિશ વહાણવટાની સામે ભારતીય વહાણઉદ્યોગ માટે સ્વદેશી તાકાત અને પ્રબળ આકાંક્ષા હિંદી જનતાના મનમાં જાગ્રત થયાં હતાં.

પ્રથમ લૉયલ્ટીમાં કેટલીક વિખ્યાત વ્યક્તિઓ હતી; જેમ કે કાશ્મીરના મહારાજા સર હરિસિંહ કપુરથલાના મહારાજ અને તેમની સ્પૅનિશ પત્ની. ભાવનગરના ઠાકોરસાહેબ, લીમડીના ઠાકોર અને તેમના ત્રણ પુત્રો - રાજકુમાર દિલીપસિંગ, રાજકુમાર અજિતસિંગ, સર ચંદુલાલ મહેતા, સર મણિલાલ નાણાવટી, શ્રી મોહમ્મદ આગલા, શ્રી મોહન અમરસિ, શ્રી ચંદુલાલ દીવાન, શ્રી ઇલિયાસ અને અમરસિ ગોરડિયા સાથે નરોત્તમ મોરારજી, વાલચંદ હીરાચંદ. પુત્ર શાંતિકુમાર મોરારજી. સિંધિયા સ્ટીમ નૅવિગેશનનો ઇતિહાસ એ હિંદના વહાણવટાના પુનર્જન્મનો ઇતિહાસ છે. 91 વર્ષ પહેલાં સંઘર્ષ કરી શરૂ કરેલી સિંધિયા કંપની પછી આજે દુનિયાના બધા ભાગોમાં ભારતીય ધ્વજ સાથે હિંદનાં વહાણો ઘૂમે છે, વ્યાપાર કરે છે - આપણે એ દિવસો ન ભૂલવા જોઈએ, જ્યારે 90 વર્ષ પહેલાં કોઈ પણ ભારતીયને માટે વહાણવટા-ઉદ્યોગ ચલાવવાનું - તે માટે હિંમત કરવાનું અશક્ય જ હતું. આપણો દેશ ગુલામ હતો. આવા સંઘર્ષના તોફાની પવનની મઝધારે શ્રી નરોત્તમ મોરારજી અને વાલચંદ હીરાચંદે 1919માં 'સિંધિયા સ્ટીમ નૅવિગેશન' કંપની સ્થાપવાની ખુમારી બતાવી અને નરોત્તમ મોરારજીએ પોતાના કાર્ય દ્વારા ભારતના યુવાનોને સંદેશ આપ્યો કે 'અભય બનો', 'ગમે તેવી વિપરીત પરિસ્થિતિ, સંયોગો મધ્યે અડીખમ ઊભા રહો', 'કર્મશીલ બનો.' જ્યારે બ્રિટિશરો હિંદના દરિયાકિનારા પર અબાધિત અધિકાર ભોગવવા માગતા હતા ત્યારે શ્રી નરોત્તમે લડત આપી. મહાત્મા ગાંધીના અહિંસક શસ્ત્રને આચરણમાં ઉતારી વહાણવટાના ઉદ્યોગમાં ભારતીય દરિયાકાંઠે સંપૂર્ણ અધિકાર ભોગવતા બ્રિટિશરોને શિકસ્ત આપી. એ સમયે ઘણી કંપનીઓએ ભારતીય વહાણવટાને સમૃદ્ધ કરવા પ્રયત્નો કર્યા હતા; પરંતુ એક પણ સફળતા પામી નહોતી.

બ્રિટિશરોના ભારતીય વહાણવટામાં રસ ન ધરાવવાને કારણે અને સરકારી સ્તરે પણ સહાય ન હતી. આ વિરોધાભાસી પરિસ્થિતિમાં 27 માર્ચ 1919માં પ્રબળ ઇચ્છાશક્તિ ને અતુલ્ય વ્યક્તિત્વ ધરાવનાર શ્રી નરોત્તમ મોરારજીના સિંધિયા કંપની જૂના જહાજ S. S. લૉયલ્ટીએ મુંબઈથી યુ. કે. ભારતીય વેપારીના ધ્વજ

સાથે સફર કરવાનું શરૂ કર્યું. રીતસર દરિયાઈ યુદ્ધનો સામનો કરવો પડ્યો; પણ નરોત્તમ મોરારજીના કુશળ સંચાલન ને વિશાળ દૂરગામી દૃષ્ટિને કારણે વિજય પ્રાપ્ત થયો. વધુ ને વધુ વહાણો તૈયાર કર્યાં, ને દરિયામાં તરતાં મૂક્યાં અને વહાણવટાના પ્રેમનું રૂપાંતર મજબૂત દરિયાઈ વેપાર સાથે કર્યું ને ભારતનું નામ દુનિયામાં ગાજતું કર્યું.

ભારતીય વહાણવટાની અમૂલ્ય ભેટ. વારસામાં ભવ્યાતિભવ્ય હોવા છતાં અંગ્રેજોના ગુલામીકાળમાં 19મી સદીમાં ત્યારની અંગ્રેજ સરકારના ભારતીય વહાણવટા વિરુદ્ધ કાયદાઓને લીધે અસ્તાચલ થવાને આરે આવી હતી. પણ પરદાદા જીવણશેઠનું નામ નીડર નરોત્તમે એક પછી એક વહાણ દરિયાઈ સફરે મોકલી રોશન કર્યું. શેઠ નરોત્તમ મોરારજીની બધી યોજનાઓનું ફલક વિશાળ. વહાણવટાના વ્યવસાયમાં સફળતા મેળવવી હોય તો વહાણોના સમારકામ અને બાંધકામની વ્યવસ્થા પણ ઊભી કરવી જ જોઈએ; તેમજ ખલાસીઓના પ્રશિક્ષણ અને અફસરોની તાલીમની સોઈ પણ હોવી જ જોઈએ, એવો શેઠ નરોત્તમનો મત. આ માટે એમણે પ્રશિક્ષણ માટેના જહાજ ડફરીનની સ્થાપના અંગ્રેજ સરકાર મારફત કરાવી; તે માટે લડત પણ આપી. ઇન્ટરનેશનલ લેબર ઑર્ગનાઇઝેશનની જીનિવા કૉન્ફરન્સમાં નરોત્તમને આમંત્રણ મળ્યું.

બીજી એપ્રિલ, 1977ને દિવસે શ્રી નરોત્તમ મોરારજીની જન્મશતાબ્દીએ ટપાલખાતાએ એમની તસવીરવાળી ખાસ ટપાલટિકિટ બહાર પાડી.

'સિંધિયા હાઉસની આ ઇમારત એ રાષ્ટ્રીય સાહસની સંજ્ઞા છે. એની એકેએક ઈંટ અને પથ્થર પર ભવિષ્યના ભારતના વહાણવટાનો ઇતિહાસ કોતરાશે.' આ હતા સરદાર વલ્લભભાઈ પટેલના ઉદ્‌ગારો. ભારતીય વહાણવટાના આધુનિક શિલ્પી આ મહાનુભાવ નવેમ્બર 5, 1929ના રોજ લોનાવલામાં મોટરઅકસ્માતમાં મૃત્યુ પામ્યા.

20મી સદી દરમિયાન પણ ગુજરાતીઓએ મુંબઈના ઉત્તરોત્તર વિકાસમાં મહત્ત્વનો ફાળો આપેલો છે. 1960માં બૃહદ્ મુંબઈ રાજ્યનું દ્વિભાગીકરણ થયા પછી પણ ત્યાંના વેપારઉદ્યોગમાં સંસ્કારસર્જનમાં હજારો ગુજરાતીઓ સક્રિય છે. અહીં લાખો ગુજરાતીઓ ગુજરાતની અસ્મિતા ઉજાળે છે.

બે પેઢીથી મોરારજીકુટુંબ કાપડઉદ્યોગમાં રસ ધરાવતું હતું. એ સત્ય હતું કે શ્રી નરોત્તમના પિતા મોરારજી ગોકુલદાસ કાપડઉદ્યોગના પ્રણેતા હતા; પરંતુ મોરારજીકુટુંબનો વહાણવટાનો વેપાર ચાર પેઢીથી નરોત્તમના પરદાદા જીવણ શેઠ વખતથી હતો - તેમનાં સ્વતંત્ર વહાણો હતાં. આ પરંપરાને કારણે નરોત્તમ મોરારજી ભારતીય આધુનિક વહાણવટાના પ્રથમ અગ્રેસર થયા.

શ્રી નરોત્તમે વાલચંદ હીરાચંદ, લલ્લુભાઈ શામળદાસ અને કિલાચંદ દેવચંદનો સાથ મેળવી, 'સિંધિયા સ્ટીમ નૅવિગેશન કંપની લિમિટેડ'ની સ્થાપના 29 માર્ચ 1919માં મહાત્મા ગાંધીજીના આશીર્વાદ સાથે કરી હતી.

બ્રિટિશ અધિકારીઓને બ્રિટિશ વહાણઉદ્યોગમાં રસ ધરાવતી તેમની સામે તૈયાર થયેલી આ ભારતીય કંપનીનો તુરત ખ્યાલ આવ્યો અને મોટી કિંમત આપી ખરીદ કરી લેવાની તૈયારી બતાવી. શ્રી નરોત્તમે ભારતીય વહાણઉદ્યોગના વિકાસ માટે આ બાબતનો સ્વીકાર કર્યો નહીં. અને દરિયાઈ લડત આપવાનો મક્કમ માર્ગ લીધો.

આપણે એમ કહી શકીએ કે જ્યારે ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ રાજકીય લડત સ્વતંત્રતા માટે લડી રહી હતી ત્યારે સિંધિયા કંપનીના સ્થાપકો શ્રી નરોત્તમ મોરારજીના કુશળ નેતૃત્વ નીચે દરિયાઈ વહાણઉદ્યોગની લડત ચલાવી રહ્યા હતા એ બ્રિટિશરો સાથેની સમાંતર લડાઈ હતી. ભારતની આર્થિક સ્વતંત્રતા માટેનું આ પ્રતીક યુદ્ધ હતું. અને તે જલિયાંવાલા બાગના રક્તકાંડના વર્ષમાં જ શરૂ કરવામાં આવ્યું હતું. શ્રી નરોત્તમ મોરારજીનું અચાનક મોટરઅકસ્માતમાં થયેલું મૃત્યુ સિંધિયા કંપની માટે આઘાતજનક હતું; પરંતુ તેમના પછી વાલચંદ હીરાચંદ પછી ધરમસી ખટાઉ અને પછી કૃષ્ણરાજ ઠાકરસી-ત્રણે પ્રભાવશાળી ને વ્યાપારમાં ઊંડો અનુભવ ધરાવતી બાહોશ વ્યક્તિઓનું નેતૃત્વ સિંધિયા કંપનીને ઉત્તરોત્તર પ્રાપ્ત થયું.

## શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતની શ્રી નરોત્તમ મોરારજીને અંજલિ

ભારતની આઝાદીની અગાઉથી જ ભારતીય વહાણવટાના વિકાસનું મહત્ત્વ નરોત્તમ મોરારજીના મનમાં વસી ગયેલું. એ દેશના ઉજ્જ્વળ ભાવિની કલ્પના કરતા. એમના વિચારોના અમલીકરણની એમનામાં ત્રેવડ હતી. જે જમાનામાં કાર્યકુશળતાનું મહત્ત્વ ઉદ્યોગધંધામાં સ્વીકારાયું નહોતું એ સમયમાં નરોત્તમ મોરારજીની રાહબરી હેઠળની સિંધિયા સ્ટીમ નૅવિગેશન કંપનીમાં વહીવટી કૌશલ્યની બોલબાલા હતી. વિચારને આચારમાં વણવાની કુનેહ નરોત્તમ મોરારજીમાં હતી.

## મહાત્મા ગાંધી

શ્રી નરોત્તમ હૃદયપૂર્વક દેશબાંધવોની ઉન્નતિ અને કલ્યાણની ભાવના ધરાવતા હતા. સ્વાતંત્ર્યચળવળ વખતે તેમને આપેલી મદદ, શુદ્ધ દેશભક્તિ અને દેશના ઉદ્ધાર માટેનાં કાર્યો અને હિંદી જનતામાં અતૂટ વિશ્વાસ ધરાવનાર એ અજોડ રાષ્ટ્રભક્ત હતા.

સી. એચ. ભાભા (યુનિયન કૉમર્સ મિનિસ્ટર) : સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે મહાત્મા ગાંધીએ અહિંસાનું અમોઘ શસ્ત્ર આપ્યું. બ્રિટિશરો જે ખુલ્લેઆમ કહેતા હતા કે ભારતના લોખંડનો કણેકણ બ્રિટિશરો ખાઈ જશે. તેમની ઠંડી ઉપેક્ષા કરી જમશેદજી ટાટાએ સ્ટીલ ઉદ્યોગોની શરૂઆત કરી. તે રીતે શ્રી નરોત્તમ મોરારજીએ ઠંડી તાકાત દર્શાવી અહિંસક રીતે બ્રિટિશ સરકારને લડત આપી સિંધિયા સ્ટીમ નૅવિગેશન કંપની લિ. શરૂ કરી અને આ દેશને ભારતીય વહાણવટાઉદ્યોગ આપ્યો.

શ્રી નરોત્તમ મોરારજીની જન્મશતાબ્દી અંજલિ 2 એપ્રિલ, 1977 પ્રસંગે

**કૃષ્ણરાજ ઠાકરસી :** શ્રી નરોત્તમ મોરારજી વિધવિધ ક્ષેત્રમાં રસ ધરાવનાર વ્યક્તિ હતા. બાળકો પ્રત્યે ખૂબ પ્રેમ ધરાવતા. તેમના સમકાલીન ઉદ્યોગપતિઓ અને જનતામાં તેમના આતિથ્યપ્રેમ, ઉદારતા, નમ્રતા સૌને મદદ કરવાની વૃત્તિને લીધે અત્યંત લોકપ્રિય હતા.

શ્રી નરોત્તમનું સૌથી મોટું પ્રદાન. સિંધિયા સ્ટીમ નૅવિગેશનની શરૂઆત અને ઉત્કૃષ્ટ સંચાલન દ્વારા રાષ્ટ્રની ઉન્નતિનું કાર્ય હતું. આધુનિક ભારતીય વહાણવટાઉદ્યોગના ઇતિહાસમાં શ્રી નરોત્તમ મોરારજીનું નામ સુવર્ણાક્ષરે લખાયું છે.

ગોપાળકૃષ્ણ ગોખલેએ શ્રી નરોત્તમ મોરારજીને તેમની મિલકતના ટ્રસ્ટી નીમ્યા હતા અને તેમના વારસાને તેમની સલાહ-સૂચના પ્રમાણે વર્તન કરવા જણાવ્યું હતું. ગુરુનો શિષ્ય પ્રત્યેનો આવો ઊંડો વિશ્વાસ હતો.

બી. બી. ખંભાતા : શ્રી નરોત્તમ મોરારજી દરિયાઈ વહાણઉદ્યોગના પ્રણેતા. વિશાળ દીર્ઘદૃષ્ટિથી તેનો વિકાસ કરનારા, ઉદ્યોગજગતના પ્રેરણા પુરુષ અને આધુનિક ભારતનું આર્થિક ઉન્નતિ દ્વારા ઘડતર કરનાર, કામદારો અને મિલમાલિકો વચ્ચે સેતુ બનનાર સાચા અર્થમાં હિંદના રાષ્ટ્રભક્ત હતા.




2 એપ્રિલ, 1977ને દિવસે શ્રી નરોત્તમ મોરારજીની જન્મશતાબ્દીએ ટપાલખાતાએ એમની તસવીરવાળી ખાસ ટપાલટિકિટ બહાર પાડી.

**સી. એમ. માસ્ટર :** શ્રી નરોત્તમ નેતૃત્વની અજોડ શક્તિ ધરાવનાર, આધુનિક વિચારોને અમલમાં મૂકવાની હિંમત દાખવનાર સાચા અર્થમાં નરોત્તમ હતા. હિંદના કાપડઉદ્યોગો અને અન્ય ઉદ્યોગોમાં ચીલાચાલુ રીત ચાતરીને તેમણે તે સમયે કરેલા ફેરફારોએ તેમને રાષ્ટ્રના અને પરદેશના ઉદ્યોગજગતમાં કાયમનું સ્થાન અપાવ્યું છે. ભારતના આ સુપુત્રની સ્મૃતિમાં લોંગ ફેલોની કવિતા યાદ કરવી જોઈએ.

Lives of great man all remind us.
We can make our lives sublime
And, departing, leave behind us
Footprint on the Sand of time.

❑

# 17. સુમતિ મોરારજી


સુમતિ મોરારજી

જુનવાણી ગર્ભશ્રીમંત ભાટિયા કુટુંબમાં માર્ચ 13, 1909ના રોજ મુંબઈના અગ્રગણ્ય વ્યાપારી રાજા મથુરાદાસ ગોકુલદાસને ત્યાં મુંબઈમાં સુમતિબહેનનો જન્મ.

ગોકુલદાસનું કુટુંબ કચ્છથી આવી મુંબઈમાં ધંધાના વિકાસ માટે સ્થિર થયું. તે અગ્રગણ્ય ભાટિયા કુટુંબ હતું જેણે કપાસ, કાપડ, હીરડા વગેરેનો છેક પૂર્વ આફ્રિકા સુધી વેપારનો વિસ્તાર કર્યો હતો. ઉપરાંત શૅરબજાર તેમજ ઘોડાની સ્પર્ધા(રેસકોર્સ)માં ખૂબ રસ ધરાવતાં હતાં; તેથી હિન્દુ ઉપરાંત યુરોપિયન અને બીજી કોમના શ્રીમંત કુટુંબો સાથે તેમનો મૈત્રીસંબંધ હતો. એચ. એચ. આગાખાન તેમના નિકટના મિત્ર હતા.

છ ભાઈઓ વચ્ચે એક લાડકી બહેન જમુના. કુટુંબમાં ભાઈઓ સાથે ભેદભાવ વગર જમુનાનો ઉછેર થયો. જમુના પિતાની સાથે રેસકોર્સ પર જતાં અને નાની ઉંમરે ઘોડેસવારી પણ શીખ્યાં હતાં. ભાઈઓ સાથે હૉકી અને ફૂટબૉલની સ્પર્ધામાં પણ ભાગ લેતાં. તે જમાનામાં સ્ત્રીઓ માટે મુકરર સામાજિક બંધનો તેમને સ્વીકાર્ય નહોતાં.

શાળા કે કૉલેજમાં તેમણે શિક્ષણ મેળવ્યું નહોતું, પણ ઘરઆંગણે પારસી શિક્ષક પાસે ઇંગ્લિશની અને વિશેષમાં શાસ્ત્રીય સંગીતની પદ્ધતિસર તાલીમની વ્યવસ્થા હતી. પિતા અને ભાઈઓ વચ્ચે થતી ધંધા-વેપાર અંગેની મંત્રણાઓ તેઓ

નાનપણથી સાંભળતાં અને તે અંગેની ચર્ચા અને ઉકેલમાં દસ-બાર વર્ષની ઉંમરથી ભાગ લેતાં. પિતાના ઘરમાં આ માટે તેમને કોઈ બંધન ન હતાં. પુત્રની જેમ જ તેમનો ઉછેર થયો હતો. આઠ વર્ષની ઉંમરથી અંગ્રેજી અને ગુજરાતી પુસ્તકોનાં વાંચનની શરૂઆત થઈ હતી.

અત્યંત બુદ્ધિશાળી તીક્ષ્ણ બુદ્ધિશક્તિ હોવાથી પિતાની પેઢીમાં આવતા જાતભાતના મોટા વેપારીઓની વાતચીતમાંથી ઘણું ગ્રહણ કરતાં અને ત્યારપછી ભાગ્યે જ એવું બન્યું હશે કે જમુનાએ સાંભળ્યા ન હોય ને સંમતિ આપી ન હોય તેવા વ્યાપારી કરારો પિતા અને ભાઈઓએ કર્યા હોય. પિતાએ તેમની સ્વતંત્ર બુદ્ધિશક્તિ ખીલવવાની પૂરતી કાળજી લીધી, એટલું જ નહીં દસ-બાર વર્ષની ઉંમરથી જ પુત્રીમાં વ્યાપાર માટેની મહત્ત્વાકાંક્ષા જાગ્રત કરી. એ ઉંમરે પિતાના આ પ્રકારના ઉછેરથી તે આત્મવિશ્વાસુ; નીડર અને સ્વતંત્ર નિર્ણયશક્તિ ધરાવતાં બન્યાં.

એ સમયમાં 8-10 વર્ષની પુત્રીનાં લગ્ન કરવાનો રિવાજ હતો; પણ પિતા મથુરાદાસ વધુ વર્ષો પુત્રીને પાસે રાખવા પ્રયત્નો કરતા રહ્યા. એકની એક પુત્રીથી અલગ થવાનું તે કલ્પી પણ ન શકતા, પણ જ્યારે જમુનાની ઉંમર 13 વર્ષની થઈ ગઈ ત્યારે માતા પ્રેમાબાઈના આગ્રહથી મથુરાદાસ પણ લગ્ન માટે વધુ સમય રાહ ન જોઈ શકાય તે સમજ્યા. મહાકવિ કાલિદાસની - 'દીકરી આખરે પારકું ધન છે' એ ઉક્તિ ધ્યાનમાં આવી. જમુનાને યોગ્ય શ્રી નરોત્તમ મોરારજીના એકના એક પુત્ર શાંતિકુમારની પસંદગી કરવામાં આવી.

નરોત્તમ મોરારજીનું કુટુંબ મથુરાદાસ ગોકુલદાસના કુટુંબ જેટલું પૈસાપાત્ર. ગર્ભશ્રીમંત, સંસ્કારી હતું અને મથુરાદાસ જેટલું જ તેમનું પ્રખ્યાત નામ હતું.

શાંતિકુમારના દાદા ને નરોત્તમ મોરારજીના પિતા મોરારજી ગોકુલદાસ મુંબઈ અને સોલાપુરમાં કાપડ-ઉદ્યોગની સ્થાપનાના અગ્રેસર હતા, અને નરોત્તમ મોરારજીના દાદા જીવનજીનાં પોતાનાં વહાણો હતાં. આમ મોરારજીકુટુંબમાં વહાણવટાનો ઉદ્યોગ તેમના લોહીમાં હતો.

નરોત્તમે બાળપણમાં જ પિતાની છત્રછાયા ગુમાવી હતી, પણ તેમના ઉછેરની જવાબદારી માટે માર્ગદર્શક અને સાથીદાર સર દીનશા વાચ્છા હતા અને શિક્ષણ માટે નારાયણ ચંદાવરકર અને ગોપાલકૃષ્ણ ગોખલે હતા.

શાંતિકુમારનું શિક્ષણ પિતાની નજર નીચે થયું હતું. તેમના માટે મહાત્મા ગાંધીએ કહ્યું હતું, 'શાંતિકુમાર નમ્ર, ઉમદા સ્વભાવના અને ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવનાર હતા. સત્યના આગ્રહી હતા. નામ પ્રમાણે શાંત, સુશીલ હતા. કરોડપતિ કુટુંબમાં આવા પુત્રના જન્મથી હું અત્યંત ખુશ છું.'

શાંતિકુમાર અને જમુનાનાં લગ્ન મુંબઈમાં ખૂબ ધામધૂમથી ઊજવાયાં અને દિવસો સુધી લગ્નની ઉજવણીની વાતો મુંબઈમાં સંભળાતી હતી.

હિન્દુ રિવાજ પ્રમાણે જમુનાનું શ્વશુરપક્ષે નામ સુમતિ થયું. સાહિત્યની ભાષામાં ‘સારી બુદ્ધિ ધરાવનાર’ અર્થ થાય. તેમણે સુમતિ નામ સાર્થક કર્યું અને પિતા જેટલો જ પ્રેમ સસરા શ્રી નરોત્તમ મોરારજી પાસે પામ્યાં.

શ્રી નરોત્તમ મોરારજીનાં પત્નીનું અવસાન થયું હતું. શ્રી શાંતિકુમારનાં દાદીમા ધનીમા બાહોશ સ્ત્રી હતાં. નવવધૂ તરીકે મોરારજીકુટુંબમાં પ્રવેશ મેળવ્યા પછી સુમતિબહેન ધનીમાની નજર નીચે સાંસારિક નીતિરીતિમાં પ્રવીણ થયાં.

શ્વશુર શ્રી નરોત્તમ મોરારજીએ પુત્રવધૂની કુશાગ્ર, તીક્ષ્ણ બુદ્ધિ ને ઝડપી નિર્ણયશક્તિ ઓળખી લીધાં અને તે સમયની ભારતીય સ્ત્રીઓ ગૃહ-ગૃહસ્થીમાં અટવાયેલી રહેતી હતી ત્યારે પિતૃગૃહે જે રીતે ધંધામાં અને સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર સુમતિબહેનને મોરારજીકુટુંબમાં પણ મુક્ત રીતે વ્યાપાર-ધંધામાં અને સામાજિક ક્ષેત્રમાં કામ કરવા ઉત્તેજન આપ્યું.

મોરારજીકુટુંબની પ્રણાલિકા પ્રમાણે ઘરમાં આવતા રાજકીય મહેમાનો, રાજકુમારો, રજવાડાંના અતિથિઓ, ગવર્નર ને અંગ્રેજી મહેમાનો મોટા ઉદ્યોગપતિઓનું ધ્યાન રાખવાનું કામ સુમતિબહેનનું હતું. એ ઉંમરે હિંમતથી શિક્ષિત-વિદ્વાન અતિથિઓનું સ્વાગત કરતાં. ઇંગ્લિશ, મરાઠી, હિંદી ભાષા પર પ્રભુત્વ મેળવ્યું અને વિશાળ દૃષ્ટિ કેળવાઈ; પરંતુ આજ કામમાં સુમતિબહેન ખોવાઈ ન ગયાં. પિતા વારંવાર તેમને કહેતા, ‘સિંહનું બાળ સિંહ જ હોય.’ સુમતિબહેન પણ હિંમત અને પરિશ્રમથી હક્કપૂર્વક સિંહણ બનવા માગતાં હતાં. શ્રી નરોત્તમ મોરારજીએ પુત્રવધૂની આ ઝંખનાને સંપૂર્ણ ઉત્તેજન આપ્યું; પુત્ર શાંતિકુમારની જેમ બીજા પુત્ર તરીકે સ્થાન આપ્યું; લગ્ન પછી પુત્રવધૂને સીમલા જ્યાં તેઓ ફીસકલ કમિશનના સભ્ય હતા તે વિશે જાણકારી આપવા લઈ ગયા અને કાપડ-ઉદ્યોગમાં રસ ધરાવવા માટે સોલાપુર મિલથી પરિચિત કર્યાં. અન્ય વ્યાપારમાં સંકળાતાં ગયાં ને અંતે વહાણવટાના ઉદ્યોગમાં જીવનપર્યંત કામ કર્યું. સસરાજીનાં સ્વપ્નો પરિપૂર્ણ કર્યાં.

હિંદના ઇતિહાસની શરૂઆતથી વિદ્વાન, બહાદુર, સંસ્કારી, લોખંડી મનોબળ ધરાવતી સ્ત્રીઓ વિશે ને ધાર્મિક ક્ષેત્રે ઉચ્ચ સ્થાન ધરાવતી સ્ત્રીઓ વિશે માહિતી છે. વેદકાળમાં મૈત્રેયી, ગાર્ગી, અરુંધતીનાં નામ જગવિખ્યાત છે. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, અહલ્યાબાઈ હોલ્કર, મહારાણી પદ્મિની કે નૂરજહાં જગપ્રસિદ્ધ છે, પરંતુ ગાંધીજીના હિંદમાં આગમન પછી જ ઘરના ઉંબરની પછીતે ધકેલાઈ ગયેલી હિંદની સામાન્ય મધ્યમવર્ગની સ્ત્રીઓ રૂઢિ-રિવાજો-જૂઠી પરંપરા અને માથે મારેલી વાહિયાત માન્યતાનો અંચળો ઉતારીને હજારો, લાખો સ્ત્રીઓએ વીરતાથી હિંદની

બધી સ્વાતંત્ર્યચળવળોમાં ભાગ લીધો. તેમનાં આદર્શ હતાં કસ્તૂરબા, સરોજિની નાયડુ, વિજયાલક્ષ્મી પંડિત, રમાબાઈ રાનડે ને અન્ય સ્ત્રી-નેતાઓ.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી જાદુઈ ફેરફાર થયો અને જાણે એક-બે રાતમાં જ સ્ત્રીઓ પુરુષનાં બધાં ક્ષેત્રોમાં સરસાઈ કરવા લાગી. રાજકારણ, સામાજિક, શૈક્ષણિક, માનવીય ક્ષેત્રોમાં અને આર્થિક દબાણ આવતાં મધ્યમવર્ગની બહેનો નિશાળોમાં, સરકારી નોકરીઓમાં, ધંધામાં, કૉલેજોમાં, હૉસ્પિટલોમાં અને અન્ય કેટલાંય ક્ષેત્રોમાં કાર્યરત બની. ભારતને પ્રથમ સ્ત્રીવડાપ્રધાન ઇન્દિરા ગાંધી પ્રાપ્ત થયાં.

ઉચ્ચશિક્ષણ મેળવવા સ્ત્રીઓ માટે દ્વાર ખુલ્લાં થયાં હતાં અને પુરુષોની સાથે સર્વ ક્ષેત્રોમાં કામની સરસાઈ કરવાની હિંમત સ્ત્રીઓએ દાખવી હતી.

હિંદને વિસ્તૃત દરિયાકિનારો મળ્યો છે. ને દરિયો તો જે હિંમત દાખવે તેને માટે સદાય ખુલ્લો જ હતો. પણ દરિયાખેડાણના મુશ્કેલ વ્યાપારમાં બ્રિટિશ શાસનના અનુચિત કાયદાઓ સાથે ટક્કર લઈ કામ કરવાનું મુશ્કેલ હતું.

વહાણવટાનો ઉદ્યોગ જીવનમરણના ખેલ જેવો, મુસીબતોથી ભરપૂર, ખર્ચાળ અને અનિશ્ચિત, એ ક્ષેત્રમાં જ્યાં પુરુષો આગળ ન હતા ત્યાં સ્ત્રીઓએ પ્રવેશ કરવાની હિંમત ન દાખવી તેમાં નવાઈ ન કહેવાય. પશ્ચિમની આધુનિક ગણાતી, પુરુષસમોવડી તરીકે જાતને ઓળખાવતી સ્ત્રીઓએ પણ જ્યારે વહાણવટાના ઉદ્યોગમાં પ્રવેશ કર્યો ન હતો ત્યારે 13 વર્ષની ઉંમરે શ્વશુરગૃહે ગયેલી જુનવાણી ભાટિયા કુટુંબની કન્યા સુમતિએ મુંબઈમાં વસીને શીપિંગ ઉદ્યોગમાં કેવી રીતે પ્રવેશ કર્યો ? વહાણવટાના ઉદ્યોગ માટે શોખ કેળવ્યો કેવી રીતે ? મક્કમતા અને મહત્ત્વાકાંક્ષાથી અથાગ પરિશ્રમ કરી વહાણવટા-ઉદ્યોગને ઉચ્ચ સ્થાન અપાવ્યું.

એ ભારતીય વહાણવટાનો યશસ્વી ઇતિહાસ શ્રીમતી સુમતિ મોરારજીના તપનું ફળ છે. પિતાએ સુમતિબહેનમાં ઉચ્ચ વ્યાપારી કુનેહનાં બીજ રોપ્યાં હતાં. મહત્ત્વાકાંક્ષા ને હિંમત કેળવ્યાં હતાં, પરંતુ એ ભાગ્યવાન હતાં કે તેમને નરોત્તમ મોરારજી જેવા શ્વશુર મળ્યા. જેમણે તેમને પુત્રવત્ ગણ્યાં. સુમતિબહેનનાં લગ્નાં ફક્ત સાત જ વર્ષ પછી તે દેવલોક પામ્યા. પરંતુ આ ટૂંકા ગાળામાં નક્કર તાલીમ સુમતિબહેનને આપી અને નાનકડી યુવાન 13 વર્ષની કન્યા સશક્ત અને અર્થપૂર્ણ ભારતીય નારી બને તે જોયું.

કદાચ નિયતિનો સંકેત તે સમજ્યા હતા. તેમના વિલ(દસ્તાવેજ)માં શાંતિકુમાર સાથે સુમતિબહેનનું નામ સિંધિયા સ્ટીમ નૅવિગેશન લિમિટેડમાં મૅનેજિંગ કમિટીનાં સભ્ય તરીકે દાખલ કર્યું હતું. અને જરૂર પ્રમાણેના શૅર તેમના નામે મૂક્યા હતા. સુમતિબહેનને જવાબદારી આપી સિંધિયા સ્ટીમ નૅવિગેશન લિમિટેડ કંપનીને ફાયદો કર્યો, એટલું જ નહીં, હિંદના વહાણવટા-ઉદ્યોગને ઉજ્જ્વળ ભાવિ પ્રદાન

કર્યું.

5 નવેમ્બર 1929નો એ શોકમગ્ન દિવસ.

મોરારજીકુટુંબ પર આફતના ઓળા ઊતર્યા, સોલાપુરથી મુંબઈ આવતાં શ્રી નરોત્તમ મોરારજીનું મોટર-અકસ્માતમાં મૃત્યુ થયું. અચાનક અકસ્માતથી મુંબઈની અને ભારતની પ્રજા સ્તબ્ધ બની ગઈ હતી.

ભારતની વ્યાપારી આલમ માટે આ ખોટ અસહ્ય હતી. મોરારજીકુટુંબ પર અણધારી આવી પડેલી આપત્તિ વખતે સુમતિબહેનની ઉંમર 20 વર્ષની અને શાંતિકુમારને થોડાંક જ વર્ષ વધારે હતાં.

મોરારજીકુટુંબની સોલાપુર અને મુંબઈની મિલોની જવાબદારી. અન્ય સંસ્થાઓનો બહોળો વ્યાપાર-વિશાળ રાજ-રજવાડાના સંબંધોને સંપર્ક તેમજ અસંખ્ય સામાજિક કાર્યોની બાંયધરી-કૌટુંબિક સાંસારિક જવાબદારી ઉપરાંત પડકાર સ્વરૂપ વિશાળ સિંધિયા સ્ટીમ નૅવિગેશન કંપની અને આધુનિક ભારતીય વહાણવટા(શીપિંગ)નો કારોબાર આ અચાનક આવી પડેલી વિપત્તિ-દુઃખથી વિવશ થયા વિના બંને પતિ-પત્નીએ ઉકેલ કરવાના પ્રયાસો શરૂ કર્યા. પિતા અને શ્વશુર કુટુંબ દુનિયામાં વ્યાપારમાં ઉચ્ચ સ્થાને હતાં. તે પરંપરા જાળવી રાખવા મોજમજા કરવાની યુવાન વયે એ દિશા ત્યાગી કર્મશીલ બન્યાં.

શ્રી નરોત્તમ મોરારજીએ પુત્ર શાંતિકુમાર સાથે પુત્રવધૂ સુમતિબહેનને સિંધિયા સ્ટીમ શીપિંગ કંપનીમાં ભાગીદાર બનાવ્યાં હતાં. મુસીબતમાં નેતૃત્વ સ્વીકારવાની તાકાત અને કપરા સંજોગોમાં પડકાર ઝીલી બ્રિટિશ સલ્તનત સામે અભય દાખવી સુમતિબહેને સિંધિયા કંપનીનો વિકાસ કર્યો ને ઝડપથી કંપનીનાં નિયામક બન્યાં; અને કંપનીનાં કાર્યકારી નિયામકને સ્થાને પહોંચ્યાં. વર્ષો સુધી એ સ્થાન પર રહ્યાં. ભારતીય વહાણવટાનો ઇતિહાસ એ ભારતીય રાષ્ટ્રીય ચળવળના ભાગ રૂપે છે. ભારતીય વહાણવટાના વિકાસની વાત એ ભારતીય દેશભક્તિનો પણ ઇતિહાસ છે. સુમતિબહેનનો ઉછેર એ માહોલમાં અને નિર્ભય દેશભક્ત તરીકે થયો. તેમનું ઘર અનેક રાજકીય વ્યક્તિઓનું મળવાનું (મિટિંગનું) સ્થળ હતું. મહાત્મા ગાંધી જેલમાંથી મુક્ત થઈ તેમના જૂહુના નિવાસસ્થાને રહ્યા હતા.

સુમતિબહેન ધાર્મિક અને સમર્પિત વૈષ્ણવ હતાં, સાથે આધુનિક વિચારો પણ અપનાવ્યા હતા. વિજ્ઞાન અને કલાને મદદરૂપ થતાં અને સામાજિક સંસ્થાઓ સાથે પણ સંકળાયેલાં હતાં. 1956માં સુમતિને ઇંડિયન નૅશનલ સ્ટીમ શીપ ઑનર્સ ઍસોસિયેશનના પ્રમુખ થવાનું બહુમાન મળ્યું. ઇન્ડિયન નૅશનલ સ્ટીમ શીપ ઓનર્સ ઑર્ગેનિઝેશનના ચાર વખત પ્રમુખ તરીકે નિયુક્ત થયાં હતાં.

આ એક એવી સ્ત્રીની જીવનકથા છે જેણે પુરુષોના શીપિંગઉદ્યોગમાં અનોખું

સ્થાન મેળવ્યું. કેટલીયે ભારતીય સ્ત્રીઓ રાજકારણ, શિક્ષણ, સાહિત્ય, કલા, વ્યાપાર, દફ્તરમાં ઉચ્ચસ્થાને પહોંચી હતી, પરંતુ શીપિંગના ક્ષેત્રમાં સુમતિબહેન અનન્યા હતાં.

સુમતિબહેન વારંવાર જાહેરમાં જણાવતાં કે વહાણવટાનો ઉદ્યોગ અમે ફક્ત વ્યાપાર માટે અપનાવ્યો નથી. અમે ભારતીય જનતા દેશ-દેશાવર પ્રવાસ કરે અને પરદેશીઓ પણ આપણી સૈકાઓ જૂની સુંદર વૈવિધ્યપૂર્ણ ભૂમિને નીરખી શકે તેમ જ હિંદની ઉત્તમ કલા-કારીગરી જૂના સમય પ્રમાણે પરદેશમાં પહોંચાડી શકાય તે હેતુ છે.

ભારતનાં વહાણોએ ભગવાન બુદ્ધનો માનવતાનો સંદેશો દુનિયાભરમાં પહોંચાડ્યો હતો તેમ સિંધિયાનાં વહાણો ફક્ત માલસામાન ભરી ધંધાર્થે જતાં નથી પણ મહાત્મા ગાંધીનો અહિંસા, પ્રેમ અને શાંતિસંદેશ દૂર દેશાવરમાં પહોંચાડે છે.

સુમતિબહેન વારંવાર જણાવતાં કે મારે 50 પુત્રીઓનું ધ્યાન રાખવાનું છે. પોતાનાં 50 વહાણોને પુત્રીઓ તરીકે ઓળખાવતાં અને વહાણોની માવજત કરવાનું ધ્યાન રાખતાં. શ્વશુર શ્રી નરોત્તમના સ્મરણમાત્રથી તેમને પ્રેરણા મળતી હતી. શીપિંગ અંગેનું વિસ્તૃત જ્ઞાન પ્રાપ્ત કરવા તેઓ સવારથી સાંજ સુધી દફ્તરમાં પરિશ્રમ કરતાં. નરોત્તમના ભાગીદાર વાલચંદ જે સંસ્થાના પ્રમુખ હતા અને બીજા સાથીદારોની સહાય અને તેમની પાસેથી તાલીમ મેળવી 20 વર્ષ તેમણે દફ્તરમાં અવિરત કામ કર્યું અને કોઈ ઉચ્ચ વિશેષ સ્થાનની અપેક્ષા ન કરી.

સિંધિયામાં તુરત બોર્ડ ઑફ ડિરેક્ટર થયાં નહોતાં પણ એ 1929ના વર્ષમાં શ્રી વાલચંદ સાથે સિલોન ગયાં હતાં. જ્યાં સિંધિયાની શાખાના કામકાજનો અભ્યાસ કર્યો હતો.

હિંદથી છૂટા પડેલા પછીના બર્માની મુલાકાત પણ તેમણે લીધી હતી. એ દિવસોમાં બર્મા સાથે સિંધિયાનો ચોખાનો મોટો વેપાર હતો. એ સમયે ઘણા વહાણવટીઓ અને ખારવાઓની મુલાકાત લીધી હતી અને તેમનો પ્રેમ મેળવ્યો હતો.

દફ્તરમાં કે વ્યવહારમાં કામકાજમાં સાથીઓને કે કામદારોને ભાગ્યે જ તે સ્ત્રી છે તેનો અહેસાસ થતો. સિંધિયાના 6000 કાર્યકરોને સુમતિ સ્વાભાવિક રીતે મળતાં રહેતાં. કુટુંબીજન ગણતાં. તેમના પ્રશ્નોનો ત્વરિત ઉકેલ કરતાં. દેશમાં કે પરદેશમાં પુરુષપ્રધાન ધંધાકીય મિલન(કૉન્ફરન્સ)માં જ્યાં સુમતિબહેન એક જ સ્ત્રી-સભ્ય હોય, તોપણ ક્યારેય સંકોચ-ક્ષોભ અનુભવતાં નહીં. તેમના સ્વમુખે જાણવા મળ્યું હતું કે તે ક્યારેય ભય પામતાં નહીં. ક્યારેક જુનવાણી માનસ ધરાવતા પુરુષો ક્ષોભ પામતા. તેમની 1950ની શીપિંગ માટેની પ્રથમ આંતરરાષ્ટ્રીય લંડનની

કૉન્ફરન્સ વિશે જણાવતાં કહ્યું કે તે એકમાત્ર સ્ત્રી-સભ્ય પ્રથમ વાર કૉન્ફરન્સમાં હાજર હોવાથી કેટલાક સભ્યો આશ્ચર્ય અને ક્ષોભ પામ્યા હતા. પરંતુ તેમનું વર્તન તો અભય અને સ્વાભાવિક જ હતું.

આવા ધંધાકીય મિલનપ્રસંગોએ સિદ્ધાંતો માટે અને સિંધિયાના હિત માટે મક્કમ રહેતાં. ભારતના નામનું ગૌરવ કરતાં. દલીલો અને આંકડાકીય માહિતી દ્વારા સામેની વ્યક્તિઓને મહાત કરતાં, વિજય પ્રાપ્ત કરતાં; પરંતુ પરદેશના સંબધોમાં તિરાડ પડવા ન દેતાં. કૉન્ફરન્સ સમાપ્ત થતાં મીઠાશથી સંબંધ બાંધી લેતાં. સ્ત્રી હોવા બદલ તેમણે ક્યારેય પણ આગવી સગવડોની માંગણી કરી ન હતી; પણ તેમના સાથીદારોની જેમ જ રહેવાનું પસંદ કરતાં. પુષ્ટિમાર્ગીય સંપ્રદાયનાં હતાં. ધર્મનિષ્ઠ હતાં. ચુસ્ત શાકાહારી હતાં. દારૂ કે એવાં પીણાંને ક્યારેય ન સ્વીકારતાં. પરદેશમાં એ જ રીત-રસમથી રહેવા છતાં મિલનસાર - સ્વભાવને કારણે મૈત્રીસંબંધો અન્ય દેશો સાથે બાંધી લેતાં. 1940માં સિંધિયાના ડિરેક્ટર (નિયામક) તરીકે આવ્યાં. 1942ની ક્વિટ ઇન્ડિયા ચળવળમાં સીધો ભાગ લીધો ન હતો; પરંતુ જયપ્રકાશજી હઝારીબાગ જેલ તોડી 'પામ-બન'માં સુમતિબહેનના મહેમાન તરીકે થોડો સમય રહ્યા હતા; અચ્યુત પટવર્ધન, અરુણા અસફઅલી અને કેટલાક ભૂગર્ભ કાર્યકર્તાઓને અહીં આશરો મળ્યો હતો.

સિંધિયા કંપનીને નુકસાન ન થાય તેથી સુમતિબહેને 1942માં ડિરેક્ટર તરીકે રાજીનામું આપ્યું. 22 ફેબ્રુઆરી, 1944 કસ્તૂરબાની અંતિમ ક્રિયામાં છેલ્લાં દર્શન કરવા તેમને રજા મળી ત્યારે બાપુને તે મળ્યાં. એ કરુણ દૃશ્ય એ જિંદગીભર ભૂલી ન શક્યાં.

શેઠ શ્રી વાલચંદ હીરાચંદ 1947 સુધી પ્રમુખ હતા. પરંતુ તેમની નબળી તબિયતને કારણે 1946માં સિંધિયાનો સંપૂર્ણ દોર સુમતિબહેને હાથમાં લીધો. બાપુના આશીર્વાદની માંગણી કરી ત્યારે તેમને જણાવ્યું, 'જવાબદારીનો સ્વીકાર કર્યો તે ઉત્તમ થયું. હું અત્યંત ખુશ છું. ક્યારેય ચિંતા ન કરવી. હું હંમેશાં તારી સાથે છું.'

બાપુના આ શબ્દોએ સુમતિબહેનને આંતરિક બળ પૂરું પાડ્યું. 1946 પછી બાપુને રૂબરૂ મળવાનું થયું નહીં. અરે ! તેમની મૃત્યુયાત્રામાં પણ હાજર રહી ન શક્યાં. શાંતિકુમાર બાપુના છેલ્લા દિવસોમાં નિર્વાણના થોડા દિવસો પહેલાં મળ્યા હતા અને યોગાનુયોગ તેમના શહીદદિને પણ થોડો સમય બાપુ પાસે રહ્યા હતા. પણ બાપુને છેલ્લા દિવસોમાં એ મળી ન શક્યાં. બાપુ જેલમાંથી આવ્યા ત્યારે પામ-બનમાં મે 1944 (બે મહિના) જૂહુ પર રહ્યા હતા. સુમતિબહેનના અતિથિ હતા. તેમના જમવાની અને તબિયતની દેખભાળ સુમતિબહેન જાતે કરતાં. ત્યારે જ બાપુના સિદ્ધાંત સમજીને સ્વીકારતાં થયાં હતાં. બાપુ સદેહે હાજર ન હતા તેથી શું

? બાપુના એ શબ્દો, 'ક્યારેય ચિંતા ન કરતી, હું હંમેશાં તારી સાથે છું.' સ્મરણમાં હતા. મુસીબતમાં માર્ગદર્શક હતા.

(1) 1919માં શેઠ નરોત્તમ મોરારજીએ અજબ હિંમત અને કૌશલ્યથી સિંધિયા શીપિંગ કંપની લિ. દ્વારા પ્રથમ પ્રવાસી-સફરનું આયોજન 'લૉયલ્ટી' વહાણથી કર્યું. U. K.ની સફર હિંદના વિશિષ્ટ યાત્રીઓ સાથે થઈ હતી.

(2) 1925માં બ્રિટિશ શાસનમાં ઉપેક્ષા પામેલાં નાનાં બંદરોનો વિકાસ કરવાનું ને રાષ્ટ્રીય સંપત્તિમાં વધારો કરવાનું સ્વપ્ન જોતાં શેઠ નરોત્તમે ઓખા બંદરે 1925માં 'જલજ્યોતિ' વહાણની શરૂઆત મહારાજા વડોદરાના સહકાર સાથે કરી અને માલવહન વહાણને કાર્યરત કર્યું. સ્વતંત્રતા પ્રાપ્ત થતાં 'ઓખા બંદર'નો ખૂબ વિકાસ થયો.

(3) જુલાઈ 1927માં ત્રીજું S. S. 'જલબાલા' પ્રવાસી-વહાણ શ્રીયુત વિઠ્ઠલભાઈ પટેલે તેનું ઉદ્‌ઘાટન કર્યું. જામનગરના રણજી - જામસાહેબ - વિ. ટી. કૃષ્ણામાચારી, ડૉ. વિશ્વેશ્વરૈયા હાજર હતા.

(4) ચોથું વહાણ જલદૂત - નવેમ્બર, 1927 - શ્રીયુત મોતીલાલ નહેરુએ ઉદ્‌ઘાટન કર્યું. ઘણા રાષ્ટ્રીય નેતાઓ હાજર હતા.

જુલાઈ 1927થી નવેમ્બરના ટૂંકા ગાળામાં કાર્યરત આ બંને વહાણોએ દેશની પ્રતિષ્ઠામાં ઉમેરો કર્યો.

1929માં શેઠ નરોત્તમના દેહાંત પછી 15 સપ્ટેમ્બર 1933 સિંધિયા કંપનીનું પ્રથમ પ્રવાસી જલદુર્ગા વહાણ 3200 પ્રવાસીઓ સાથે કોરોમેનડલ અને રંગૂનની મુસાફરી માટે શરૂ થયું. તુરત જ બીજું 'જલગોપાલ' લોકોનો સહકાર મળતાં દરિયાઈ મુસાફરી ખેડવા લાગ્યું. પ્રવાસી વહાણો સાથે માલસામાન વહન કરનારાં વહાણોનો પ્રબંધ થયો. સિંધિયાના માલ-વહન કરનારા પ્રથમ વિશાળ વહાણને મૂળ સ્થાપક 'નરોત્તમ મોરારજી'નું નામ આપવામાં આવ્યું. 1936 'સિંધિયા હાઉસ'નો પાયો શ્રી ભુલાભાઈ દેસાઈને હાથે નંખાયો. 1938માં ઉદ્‌ઘાટન કરતાં સરદાર વલ્લભભાઈ પટેલે કહ્યું 'સિંધિયા કંપનીનો ભવ્ય ભૂતકાળ છે. આ ઇમારતની એક એક ઈંટ અને પથ્થર પર ભારતીય વહાણવટાનો ઇતિહાસ લખાશે.' મુસ્લિમ ભાઈઓની પવિત્ર હજ વખતે મદદરૂપ થવા હિંદથી પવિત્ર જગ્યા સાઉદી અરેબિયા જવા બે જહાજો યુ. કે.માં ખાસ તૈયાર કર્યાં. નામ હતાં : 'એલ મદિના' અને 'એલ હિંદ'. સિંધિયાની હાજી લાઇન સેવા મુસ્લિમ બિરાદરોમાં ખૂબ લોકપ્રિય થઈ હતી.

વહાણ બાંધવાં-મરામત કરવી, વહાણચાલકોને તાલીમ આપ્યા વિના આ ઉદ્યોગ આગળ ન વધી શકે.

નૌકાવિષયક એન્જિનિયરિંગ કૉલેજ. એની સ્થાપના ઈ. સ. 1948માં થઈ હતી. સ્વતંત્ર ભારતમાં મુંબઈમાં શિવરી ખાતે હે બંદર ટેંક રોડ પર એના નવા સાત માળના મકાનમાં 'નૌકાવિષયક અને એન્જિનિયરિંગ કૉલેજ'ની શરૂઆત થઈ. કૉલેજ સાથે છાત્રાલય પણ છે.

આ કૉલેજ નૌકાવિષયક અને એન્જિનિયરિંગ દરિયાઈ તાલીમ પછીના અભ્યાસક્રમ બાબત શિક્ષણ આપે છે.

જહાજો પર સેવા આપી રહેલા કૅડેટના લાભ માટે 'રડાર' નિરીક્ષાનો અભ્યાસક્રમ પણ આ કૉલેજમાં દાખલ કરવામાં આવ્યો છે.

તાલીમ જહાજ 'ડફરિન'ની શરૂઆત સ્વતંત્રતા પહેલાં થઈ હતી. સ્વતંત્રતા પહેલાંના દિવસોમાં 'ડફરિન 25 ડેક અને 25 એન્જિનિયરિંગના એમ કુલ 50 કૅડેટને તાલીમ આપતું હતું. શેઠ નરોત્તમ મોરારજીની ઇચ્છા ભારતીય વહાણવટા-ઉદ્યોગ બહારની મદદ વિના પોતાની તાકાતથી વિકાસ પામે એ હતી. સ્વતંત્રતા પછી 80 કૅડેટને વાર્ષિક તાલીમ આપવાની ક્ષમતા 'ડફરિન' ધરાવે છે. પ્રવેશ મેળવવા માટે 15થી 18ની વયમર્યાદા રાખવામાં આવી છે. ઓછામાં ઓછું શિક્ષણ મૅટ્રિક નાતજાતના ભેદભાવ વિના દેશભરના જુદા જુદા પ્રદેશોમાંથી કૅડેટો લેવામાં આવે છે. તાલીમનાં બે વર્ષના પૂરેપૂરા સમય દરમિયાન જહાજ પર રહેવું પડે છે. ત્યારપછી દરિયાઈ તાલીમ માટે ત્રણ વર્ષ દરિયામાં જવું પડે છે.

સિંધિયા કંપનીએ નાવિકોને તાલીમ આપતી સંસ્થાઓનું પણ સર્જન કર્યું.

જહાજ પર નાવિક તરીકે નોકરી મેળવવા માટેની પ્રાથમિક તાલીમ આપવા કૉલકાતા ખાતે 'ભદ્રા', વિશાખાપટ્ટનમ ખાતે 'મેખલા' તાલીમ જહાજો છે. તેમજ સૌરાષ્ટ્રમાં નવલખી ખાતે 'નવલખી કેળવણી કેન્દ્ર' છે.

અભ્યાસક્રમ માત્ર 4 માસનો છે અને કોઈ પણ પ્રકારની ફી લેવામાં આવતી નથી. તાલીમ લેનારને મફત ખાવાનું, રહેવાનું અને કપડાં મળે છે. તેમજ ખીસા-ખર્ચ માટે નાની રકમ પણ આપવામાં આવે છે. આ ત્રણ સંસ્થાઓ દેશ માટે અત્યંત ઉપયોગી છે. દેશ અને દરિયાને ચાહનાર પ્રતિવર્ષ ત્રણ સંસ્થા સાથે રહીને 1680 નાવિકો તૈયાર કરે છે. એ રીતે 'સિંધિયા' દ્વારા 'માનવીય સંપત્તિ'માં પણ ઉમેરો થાય છે.

## તાલીમ જહાજ 'જવાહર'

આ જહાજ કૉંક્રીટનું બાંધવામાં આવેલું છે. ભારતીય દરિયાઈ કસબીઓએ માતૃભૂમિને આપેલી ઉત્તમ ભેટ છે. તે કોલાબા-મુંબઈ-5 ખાતે રાખવામાં આવેલું છે. તે 'દરિયાઈ કેડેટ કૉર્પ્સ'નું રાષ્ટ્રીય મુખ્ય કેન્દ્ર છે.

અહીં 12થી 16 વર્ષની વયનાં કિશોર-કિશોરીઓને રવિવાર-ગુરુવાર તથા શનિવારે દરિયાઈ કેડેટ તાલીમ આપવામાં આવે છે. 'દરિયાઈ કેડેટ કૉર્પ્સ'નાં ચેન્નાઈ, તિરુચીરાપલ્લી અને કૉલકાતામાં પણ કેન્દ્રો છે. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી અને શ્રીમતી સુમતિ મોરારજીના અધ્યક્ષપણા નીચે ડિરેક્ટોરેટ ઑફ મરીન એન્જિનિયરિંગ ટ્રેનિંગ ઈ. સ. 1949માં પ્રથમ કૉલકાતા મુખ્ય કચેરી અને મુંબઈ ખાતે શાખા શરૂ થઈ.

38 એકરના વિશાળ ક્ષેત્રફળમાં ડી. એમ. ઈ. ટી. કૉલકાતા વિસ્તરેલું છે. પોતાનું આધુનિક વર્કશૉપ, પાવર હાઉસ, મશીનરી, પ્લાન્ટ અને અન્ય સવલતો ધરાવે છે. કૉલેજની બાજુમાં હૉસ્ટેલ છે. ડી. એમ. ઈ. ટી. પ્રતિવર્ષ 100 એન્જિનિયરિંગ એપ્રેન્ટીસ તૈયાર કરે છે. તાલીમ પછી જહાજ કંપનીઓમાં જુનિયર, એન્જિનિયર્સ તરીકે નોકરી લેવા લાયક બને છે. વહાણ બાંધવાનો ઉદ્યોગ ભારતમાં જૂના સમયમાં હતો. પણ બ્રિટિશ સરકારના શાસનમાં તેનો નાશ થયો હતો. ઘણી મહેનત પછી, લાંબા ગાળે 21 જૂન, 1941 ડૉ. રાજેન્દ્રપ્રસાદે, તે સમયના ભારત રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખે વિશાખાપટ્ટનમમાં સિંધિયા તરફથી વહાણ બાંધવાના ઉદ્યોગનું ઉદ્‌ઘાટન કર્યું. રાષ્ટ્રીય નેતાઓ, મહાત્મા ગાંધી, સરોજિની નાયડુના સુમતિ મોરારજીને આશીર્વાદ મળ્યા હતા.

બીજા વિશ્વયુદ્ધ સમયે જાપાનીસ સૈન્યે વિશાખાપટ્ટનમ બંદર પર હુમલો કર્યો ત્યારે વહાણ બાંધવાનાં બધાં સાધનો (મશીનો) અને કામદારોને મુંબઈમાં લઈ જવામાં આવ્યાં. કામચલાઉ વહાણ બાંધવાનો ઉદ્યોગ ત્યાં ચાલુ કરવામાં આવ્યો હતો. કંપની માટે આ અત્યંત મુશ્કેલ સમય હતો.

વિશ્વયુદ્ધ પછી સિંધિયાને નાના પાયે વિશાખાપટ્ટનમમાં ફરી કામ કરવાની મંજૂરી મળી. વહાણો તૈયાર કરવાનો ઉદ્યોગ સંપૂર્ણ નિષ્ઠા ને લગન અને અથાગ પરિશ્રમ સાથે સિંધિયાના કસબીઓએ શરૂ કર્યો; અને પરિણામે 8000 ટનનું પ્રથમ વહાણ 'જલઉષા' 1948માં વિશાખાપટ્ટનમમાં ભારતીય કામદારોની મહેનતથી તૈયાર થયું.

ભારતીય વહાણવટા ઉદ્યોગનો એ સ્મરણીય દિવસ.

(માર્ચ 14) 1948ની એ યાદગાર સાલ. આઝાદી મેળવીને દેશ સમસ્ત મુક્ત હવામાં વિહરતો હતો.

ભારતમાં વહાણ બાંધવાની કલા સૈકાઓ જૂની હતી. વૃક્ષની ડાળીઓના તરાપા બાંધી દરિયો ખેડતા ભારતના જવાંમર્દ દરિયાખેડુઓએ વહાણ બાંધવાની કલાનો ખૂબ વિકાસ કર્યો હતો; પરંતુ બ્રિટિશ શાસનમાં તેમનો વહાણ બાંધવાનો ઉદ્યોગ તોડી પાડવામાં આવ્યો. ત્યારે સિંધિયા કંપનીએ વિશાખાપટ્ટનમમાં શીપયાર્ડ

તૈયાર કરી, વહાણ બાંધવાના ઉદ્યોગને ઉત્તેજન આપ્યું. સિંધિયાના દરિયાઈ કસબી એન્જિનિયર્સ અને દરિયાખેડુઓ, કામદારની 17 વર્ષની ઝંખના અને પરિશ્રમ - લગનને અંતે નાની ખીલી પણ ભારતીય અને સંપૂર્ણ બુદ્ધિ-શક્તિ પણ ભારતીયોની, વહાણને માટે જરૂરી સાધનો પણ ભારતીય એ રીતે અણિશુદ્ધ ભારતીય વહાણ વિશાખાપટ્ટનમના ભારતીય શીપયાર્ડમાં તૈયાર થયું.

'જલઉષા' એ પ્રથમ સંપર્ણ નખશિખ ભારતીય વહાણ, 14 માર્ચ, 1948ને દિવસે એ પ્રથમ સંપૂર્ણ ભારતીય વહાણની ઉદ્‌ઘાટનવિધિ માટે ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ આવ્યા હતા. એ પ્રસંગનું વર્ણન એમની સ્મરણોની કિતાબનાં પાનાં ફેરવતાં સુમતિબહેન ક્યારેક કરતાં.

પંડિતજી ઉદ્‌ઘાટન પ્રસંગે સમય કરતાં અડધો કલાક વહેલા પધાર્યા હતા. એમના માણસોની સરતચૂકને કારણે લોકોનાં ટોળેટોળાં આજુબાજુનાં ગામોમાંથી 'જલઉષા'ને જોવા ને પંડિતજીનાં દર્શન કરવા ઊમટી પડ્યાં હતાં.

પંડિતજી એમના સ્વભાવ પ્રમાણે અધીર અને સમય વધુ થતાં અકળામણ વ્યક્ત કરતા હતા. વારંવાર ઘડિયાળ પ્રત્યે ધ્યાન આપી સમયનું ભાન કરાવતા હતા. સિંધિયાના કાર્યકર્તાઓ અને અધિકારીઓ તેમના ક્રોધના ડરથી મૂંઝવણ અનુભવતા હતા. ત્યારે સુમતિબહેને પંડિતજી પાસે આવી થોડી વધુ મિનિટ શાંતિથી રાહ જોવા વિનંતી કરી કહ્યું. તેઓ સમય કરતાં અડધો કલાક વહેલા પધાર્યા હતા તેમાં તેઓનો વાંક ન હતો અને સિંધિયા કંપનીએ 17 વર્ષ પ્રથમ ભારતીય વહાણ ભારતીય કસબીઓથી ભારતીય શીપયાર્ડમાં તૈયાર કરી સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાનને ઉદ્‌ઘાટન માટે આમંત્રણ આપ્યું છે. ત્યારે વડાપ્રધાન 17 મિનિટ વધુ રાહ ન જોઈ શકે ? જવાહરલાલજીની અકળામણ- ક્રોધ (તેમના) પંડિતજીના નિખાલસ હાસ્યમાં ઓગળી ગયાં. 1948માં તૈયાર થયેલા 'જલઉષા' પછી 'જલપ્રભા' તૈયાર થયું

સુમતિબહેન કહેતાં 'દરિયાનો અવાજ મોહક છે' તે કાયમ સિંધિયાને આમંત્રણ આપે છે. નવા પ્રયોગ કરીને સંશોધન દ્વારા નવાં અને ઉત્તમ વહાણો સિંધિયાના શીપયાર્ડમાં તૈયાર થતાં ગયાં. રૉયલ નેવી માટે ગ્લાસ ફાઇબર વહાણ તૈયાર કર્યું.

ઑક્ટોબર 1950માં ગ્લાસગોમાં વિશાળ 'જલ રાજેન્દ્ર' વહાણ તરતું મૂક્યું.

ત્યાર પછી તુરત 'જલધીર' તૈયાર થયું. 1959માં શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત લંડનમાં વિદેશપ્રધાન હતાં ત્યારે 'જલઝડ' વહાણ પર સુમતિબહેને એમની સાથે મુલાકાત કરી હતી. 1960માં ભાવનગરમાં 'જલતાપી' તૈયાર કર્યું અને સિંધિયાનું બીજું વહાણ 'જલધન' પણ એ સાલમાં દરિયો ખેડતું હતું. 1960માં

સિંધિયાના 'જલકાન્તા' વહાણ વિશે જાણવા શાળાનાં બાળકો અને મોટી ઉંમરનાં સ્ત્રી-પુરુષો ઉત્સુક હતાં.

'જલકાન્તા' શીપ દ્વારા હાથીનું મદનિયું (Baby elephant) ઘાના મોકલવામાં આવ્યું હતું.


તે સમયનાં દૈનિકોએ પણ હાથીના મદનિયા અને તેના મહાવતની તસવીરો આપી પ્રસિદ્ધિ આપી હતી. બ્રિટિશ શાસન દરમિયાન ભારતીય વહાણવટાની લુપ્ત થયેલી ખ્યાતિ વિશે લોકોમાં જાગૃતિ આવી હતી.

એપ્રિલ 1964માં વિશાખાપટ્ટનમમાં વડાંપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધી જહાજ 'જલકેન્દ્ર'ના ઉદ્‌ઘાટનવિધિ માટે આવ્યાં હતાં. એ શીપયાર્ડ જ્યાં પ્રથમ વડાપ્રધાન જવાહરલાલજીએ 1948માં નખશિખ પ્રથમ ભારતીય જહાજનું ઉદ્‌ઘાટન કરી સિંધિયાના કસબીઓનું સન્માન કર્યું હતું.

ભારતના દરિયામાં ત્યાર પછી ઘણું પાણી વહી ગયું અને મહાસાગરના ઘુઘવાટ સાથે સિંધિયાનો મોહક અવાજ ચારેકોર સંભળાતો હતો. ભારતીય વહાણો દેશ-દુનિયામાં ચારે બાજુ ભારતીય રાષ્ટ્રધ્વજ ફરકાવતાં હતાં. પણ સુમતિબહેન કહેતાં, ભારતીય વહાણવટા-ઉદ્યોગ હજી બાલ્યાવસ્થામાં છે.

1956માં આઇનસોઆસની મુંબઈની જનરલ મીટિંગમાં વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ ભારતીય ખલાસીઓની અને સિંધિયાની દરિયાઈ પ્રગતિની અને શ્રીમતી સુમતિબહેન મોરારજીની કર્મશીલતાની પ્રશંસા કરી હતી. એ મિટિંગમાં સુમતિબહેને જણાવ્યું હતું કે જેઓએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વહાણવટા-ઉદ્યોગમાં યોગ્ય સ્થાન ભારતનું સાચવવા ને અપાવવા લડત આપી છે તે આપણાં સન્માન અને સલામના અધિકારી છે.

1953માં જવાહરલાલ નહેરુને સુમતિબહેને જણાવ્યું હતું કે તમારી સરકારે રેલવેની 180 વર્ષની કાર્યવાહી જનતાને જણાવવા દિલ્હીમાં પ્રદર્શનનું આયોજન કરવાનું વિચાર્યું છે. ત્યારે હું આપને ભારતીય વહાણવટા-ઉદ્યોગનાં 5000 વર્ષના વારસાનું આયોજન કરી પ્રદર્શનમાં બતાવવા માગું છું. 1853માં ન્યૂ દિલ્હીમાં રેલવેની 100 વર્ષની ઉજવણી સાથે તેમણે પક્ષકાર સિંધિયા તરફથી 5000 વર્ષના ભારતના વહાણવટા-ઉદ્યોગનો ઇતિહાસ દર્શાવતા પ્રદર્શનનું આયોજન કર્યું, અને રાષ્ટ્રપતિ વડાપ્રધાન અને જનતાની ચાહના મેળવી. 1958માં સુમતિબહેને નિકટના કલાકાર મિત્ર અને સિંધિયાના વિશ્વાસપાત્ર સલાહકાર વિક્રમભાઈ ઝવેરીની મદદથી ન્યૂ દિલ્હીમાં બીજી વાર સ્વતંત્ર વહાણવટા ઉદ્યોગના 5000 વર્ષના ભારતીય વારસાનું અને આધુનિક સ્તરે સિંધિયાના વિકાસ દર્શાવતા વિભાગોનું આયોજન કરી વહાણઉદ્યોગ પ્રત્યે પ્રજામાં જાગૃતિ પ્રગટાવી હતી.




યુનાઇટેડ નૅશન્સની જનરલ ઍસેમ્બ્લીના એક સમયનાં પ્રમુખ શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતે સુમતિબહેન મોરારજીની પ્રશંસા કરતાં કહ્યું હતું, હિંદની ઘણી સ્ત્રીઓ હાલમાં ઉચ્ચ અધિકારી પદે પહોંચે છે અને દુનિયા હિંદની એ સ્ત્રીની નેતાગીરીનો સ્વીકાર પણ કરે છે, પણ વ્યાપાર-ઉદ્યોગમાં ઉચ્ચ સ્થાને પહોંચવાનો રાજમાર્ગ તો સુમતિબહેન અને એમના સમયની એમના જેવી સમકાલીન બહેનોએ દર્શાવ્યો.'

આ સ્ત્રીઓ અગણિત મુસીબતોના કંટક જાળામાંથી રસ્તો કંડારતી આગળ વધી. અસંખ્ય વિરોધો વચ્ચે સશક્ત લડત આપતી રહી.

સિંધિયા સંસ્થાનો 20 વર્ષ સુધી વિકાસ કરવાનું એક સ્ત્રીઅધ્યક્ષા માટે અત્યંત કઠિન હોવા છતાં સુમતિબહેને વહાણવટા-ઉદ્યોગના અનેક પ્રશ્નો ને સમસ્યાઓનો પોતાની શક્તિ બુદ્ધિથી ઉકેલ કર્યો.

સિંધિયાની સફળતાનાં 50 વર્ષનું શ્રેય તેમને આભારી છે અને વહાણવટા (શીપિંગ) ઉદ્યોગના સુવર્ણયુગની હિંદમાં શરૂઆત થઈ.

❑

# 18. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર



ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર

ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર (1863-1920) હિંદના મહાન વૈજ્ઞાનિક અને ગુજરાતના પ્રથમ રસાયણશાસ્ત્રી (Chemist) હતા. સૂરતના ગર્ભશ્રીમંત કુટુંબના નબીરા ત્રિભુવનદાસનો જન્મ 1863માં થયો હતો. તેમના કાકા આત્મારામદાસ ગજ્જરનું નામ ખૂબ જાણીતું હતું. આત્મારામના વડવાઓ સુથાર કુટુંબના. શરૂઆતમાં અમદાવાદમાં ધનાસુથારની પોળમાં રહેતા હતા. ત્રિભુવનદાસના પિતા એ જમાનામાં લાકડામાં બારીક કલામય કોતરણીકામ કરનાર વિખ્યાત કલાકાર હતા અને 'Art of Sculpture' પુસ્તકના લેખક પણ હતા. કલ્યાણદાસનાં ચાર પુત્રો અને બે પુત્રીઓના પરિવારમાં ત્રિભુવનદાસ સૌથી નાના હતા. બચપણથી ત્રિભુવનદાસ અત્યંત બુદ્ધિશાળી અને તેજસ્વી હતા. અભ્યાસમાં પ્રથમ કક્ષા હંમેશ મેળવતા.

પિતાએ પુત્રને અભ્યાસ સાથે લાકડામાં કોતરણી કરવાની કૌટુંબિક કલા ઘરઆંગણે શીખવીને પારંગત કર્યા. આ શિક્ષણને કારણે સ્વભાવમાં એકાગ્રતા, ઝીણવટપૂર્વક કાર્ય કરવાની વૃત્તિ ને કર્મશીલ સ્વભાવનું ઘડતર થયું. બચપણથી જ સંશોધનવૃત્તિ કેળવાઈ. જ્યારે ત્રિભુવનદાસ 16 વર્ષના હતા ત્યારે મૅટ્રિકની પરીક્ષા સારા ગુણ મેળવી પાસ કરી. શાળાજીવનમાં ત્રિભુવનદાસ વિજ્ઞાનમાં અત્યંત રસ ધરાવતા હતા. ઉચ્ચશિક્ષણ માટે વિજ્ઞાન વિભાગમાં મુંબઈમાં એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા. રસાયણશાસ્ત્ર(Chemistery)નાં મુખ્ય વિષય સાથે 75 % ગુણ ત્રિભુવનદાસે બી.એસસી.(B.Sc)માં મેળવ્યા અને આ સફળતાના પુરસ્કાર

સ્વરૂપે આગળ અભ્યાસ દરમિયાન જુનિયર ફેલો નિમાયા ને ત્યાર પછી એ જ કૉલેજમાં સિનિયર ફેલોશિપ પ્રાપ્ત થઈ. તાજા દાખલ થયેલા વિદ્યાર્થીઓને તે (Cemistry અને Physics) શીખવતા, મુંબઈ યુનિવર્સિટીમાંથી ત્રિભુવનદાસે M.A.ની ઉપાધિ પ્રાપ્ત કરી. બ્રિટિશ સરકારના સમયમાં હિંદુસ્તાનની આર્થિક સ્થિતિ નબળી ને નબળી થતી જતી હતી. આ સમયે સમાજને મદદરૂપ થવાના આશયથી ત્રિભુવનદાસ મુંબઈનું સ્થિર, સંપન્ન જીવન ત્યાગી સૂરત આવ્યા અને ઔદ્યોગિક શાળાની શરૂઆત કરી. તેમનો વિચાર યુવાનોને જુદાં જુદાં ઔદ્યોગિક ક્ષેત્રમાં વિજ્ઞાનના માધ્યમ વડે માર્ગદર્શન આપવાનો ને અંતે તેઓને સરકારના આધાર લીધા વિના સ્વતંત્ર કાર્ય કરતા કરવાનો હતો; પરંતુ સરકારી મદદ ન મળતાં અને ફંડની વ્યવસ્થા ન થઈ શકવાથી આ શાળા બંધ કરવાની ફરજ પડી. આ સમય દરમિયાન ત્રિભુવનદાસને મુંબઈ સરકારનું કેમિસ્ટ્રીના અધ્યાપક તરીકે રૂ. 300ના પગારે કરાંચીમાં સિંધ કૉલેજના અધ્યાપક માટેનું આમંત્રણ મળ્યું. એ જ સમયે પગાર માસિક રૂ. 200/- આપવાનું જણાવી વડોદરા કૉલેજે પ્રોફેસર તરીકે આમંત્રણ આપ્યું. વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ કુટિર-ઉદ્યોગોને ઉત્તેજન આપતા હોવાથી ત્રિભુવનદાસે રૂ. 100ના ઓછા પગારે વડોદરાની નોકરી સ્વીકારવાનો નિર્ણય કર્યો.

વડોદરા કૉલેજમાં પ્રોફેસર તરીકે આવ્યા પછી ત્રિભુવનદાસે તેમની વિદ્વત્તા, ઉત્સાહ અને કાર્ય પ્રત્યેની નિષ્ઠાથી વિદ્યાર્થીઆલમનાં હૃદય જીતી લીધાં; ત્યાંનાં કાર્યોમાં, દર્શાવેલી કુશળતા અને શિક્ષણ પ્રત્યેની નિષ્ઠાથી કેટલાક તેજસ્વી વિદ્યાર્થીઓ સાથે આગળ વધુ અભ્યાસ કરવા પરદેશ જવા માટે તેમની પસંદગી થઈ. ત્યાં ખેતીવાડીવિષયક જ્ઞાનમાં પારંગત થયા ને આવ્યા પછી તેમને ડેપ્યુટી કલેક્ટર તરીકે રેવન્યૂ ડિપાર્ટમેન્ટમાં નીમવામાં આવ્યા. ત્રિભુવનદાસે તેમના ઉપરીઓને પરદેશ ન મોકલવા વિનંતી કરી અને રાજ્યમાં છાપવાનું (Printing) અને તેને અનુલક્ષીને ડાઇંગનું કામ સ્વીકારવાની ઉત્કંઠા દર્શાવી. આ અંગે સંશોધન કરી લૅબોરેટરી તૈયાર કરી. યુવાનોને તાલીમ આપવાનું શરૂ કર્યું. આ તાલીમ પામેલા યુવાનોની વિશેષ માંગણી થવા લાગી. ત્યારે વડોદરાના મહારાજા સયાજીરાવ અને લોકોનો પણ આ સાહસમાં સાથ મળ્યો.

ત્રિભુવનદાસ મહારાજાને મળ્યા અને કલાભવન જેવી કુટિર-ઉદ્યોગ માટેની કૉલેજની સ્થાપનાની અગત્ય વિશે જણાવ્યું. જૂન 1890માં વડોદરામાં કલાભવનની સ્થાપના થઈ અને તેની સંપૂર્ણ જવાબદારી ત્રિભુવનદાસ ગજ્જરને સોંપવામાં આવી. આ કામ માટે તેમને માટે અલાયદા-મુકરર ફંડની વ્યવસ્થા કરવામાં આવી. થોડા જ સમયમાં 860 વિદ્યાર્થીઓ કલાભવન શાળામાં જોડાયા. કઠિન પરિશ્રમ લઈ સુથારીકામ, ચિત્રકામ, મકાનોનાં બાંધકામ, વણાટકામ, ડાઇંગ(Chemistry)

(Physics)ના અભ્યાસક્રમો તૈયાર કર્યા, અને શીખવવાનું શરૂ કર્યું. આર્થિક રીતે નબળા વિદ્યાર્થી માટે વિનામૂલ્ય છાત્રાલયમાં રહેવાની સગવડ કરી. ત્રિભુવનદાસની પ્રબળ ઇચ્છા હતી કે આપણો દેશ વિજ્ઞાન અને કુટિર-ઉદ્યોગોમાં અન્ય દેશો જેટલો જ આગળ આવે. શરૂઆતની સમસ્યાઓના ઉકેલ પછી ભવિષ્યની પ્રગતિ પરત્વે ધ્યાન કેન્દ્રિત કર્યું. તેમને અભ્યાસ માટેનાં જરૂરી પુસ્તકો માતૃભાષામાં હોવાની અગત્ય સમજાઈ. મહારાજાની મંજૂરી તેમને આ કાર્ય માટે મળી; અને રૂ. 50,000 (એ સમયે ઘણા કહેવાય) આ સાહસ માટે ખર્ચ કરવા આપ્યા. પ્રથમ ત્રિભુવનદાસે (ડિક્શનરી) માતૃભાષામાં તૈયાર કરી. પ્રો. ગજ્જર જર્મન ભાષા જાણતા હતા, જર્મન ભાષાના કુટિર-ઉદ્યોગો પરનાં પુસ્તકો અને સામયિકોનો માતૃભાષામાં તેમણે અનુવાદ કર્યો ને તેમના સામયિક ‘રંગરહસ્ય’માં પ્રકાશન કરવાનું શરૂ કર્યું. કુટિર-ઉદ્યોગોના અભ્યાસમાં આ સાહિત્ય ખૂબ ઉપયોગમાં આવ્યું, કલાભવનની ખ્યાતિ તૈયાર વિદ્યાર્થીઓ દ્વારા પ્રસરવા લાગી અને વિદ્યાર્થીઓની સંખ્યા વધતી ગઈ. પાંચ વર્ષમાં કલાભવન ગજ્જરનો પ્રાણ બની રહ્યું; પરંતુ વિરોધી ઈર્ષાળુ લોકોના જુઠ્ઠા પ્રચારને કારણે તેમણે સંસ્થામાંથી 1896માં રાજીનામું આપ્યું અને મુંબઈ ચાલ્યા ગયા.

આપણા દેશની કરુણ કહાણી હંમેશાં એ રહી છે કે ઉત્તમ નવીન વિચારો-સુધારાનો વિરોધ થતો રહે છે; અને પ્રગતિમાં અવરોધ ઊભા થતા રહે છે. જ્યારે આપણે ગુલામ હતા. જનસમુદાયમાં શિક્ષણ નહિવત્ હતું ને સ્વાર્થપ્રેરિત જુનવાણી સમાજે ત્રિભુવનદાસના જનકલ્યાણ માટેના કલાભવનમાં અપાતા શિક્ષણ ને નવીન વિચારોનો વિરોધ કર્યો, કલાભવનનાં કાર્યોમાં વારંવાર વિક્ષેપ પડવાથી શ્રી ત્રિભુવનદાસે મુંબઈની મુક્ત હવામાં કામ કરવાનો નિર્ણય લીધો. મુંબઈ આવી કેમિસ્ટ્રીના અધ્યાપક તરીકે તે વિલ્સન કૉલેજમાં જોડાયા અને ત્યાં શિક્ષણના ક્ષેત્રમાં ઘણા સુધારા કર્યા. આ સમય દરમિયાન મુંબઈ પ્લેગમાં સપડાયું હતું. રોગને અટકાવવા માટે ને દર્દીઓને બચાવવા માટે કોઈ પણ દવા કામ લાગતી ન હતી ત્યારે ત્રિભુવદાસે પ્લેગ માટે દવાની શોધ કરી. તેનાથી પ્લેગને રોકવામાં સફળતા મળી. પ્લેગ માટે શ્રી ત્રિભુવનદાસ ગજ્જરે જે દવાની શોધ કરી તે અસરકારક (અકસીર) હતી. પોતાને નામે દવાની શોધ મંજૂર કરાવવાની ત્રિભુવનદાસની ઇચ્છા ન હતી. જોકે તેમ કરવાથી તે અઢળક ધન મેળવી શક્યા હોત; પરંતુ તેમનો આશય ગરીબોની સેવા કરવાનો હતો; તેમણે દુનિયા સમક્ષ દવા રજૂ કરી. 1898માં પોતાના અંગત ખર્ચે ‘ટેક્નોકેમિકલ લૅબોરેટરી’ના નામે લૅબોરેટરી તૈયાર કરી. થોડા જ સમયમાં તેને વિશાળ સ્વરૂપ આપ્યું. અને મુંબઈ યુનિવર્સિટી અને ગ્રાન્ટ મેડિકલ કૉલેજે તેને માન્યતા બક્ષી.

1898માં એક એવી ઘટના બની, જેથી ગજ્જરને દુનિયામાં પ્રસિદ્ધિ પ્રાપ્ત

થઈ. બનાવ એવો બન્યો કે કોઈએ રાણી વિક્ટોરિયાના આરસપહાણના શિલ્પ પર કાળો રંગ લગાડી નુકસાન કર્યું. કાળો રંગ શિલ્પના ચહેરા પર પણ લગાડવામાં આવ્યો હતો. રંગ પાકો હતો ને તેને દૂર કરવાનું કામ અશક્ય હતું. બ્રિટિશ સરકારને આ શિલ્પની સફાઈ તાત્કાલિક કરવી હતી; પરંતુ તેમાં સફળતા મળી નહીં. દુનિયાભરમાંથી નિષ્ણાતોને બોલાવવામાં આવ્યા, પરંતુ તેઓ નિષ્ફળ ગયા. આ પરિસ્થિતિમાં શ્રી ત્રિભુવનદાસ ગજ્જરે શિલ્પ પરનો કાળો રંગ દૂર કરવાની ઇચ્છા દર્શાવી. સરકારે પ્રથમ શિલ્પના નાના ભાગમાંથી જ રંગ દૂર કરવાની પરવાનગી આપી. પ્રોફેસર ગજ્જરને સફળતા મળી અને ત્યાર પછી શિલ્પ પરનો કાળો રંગ સંપૂર્ણ દૂર કર્યો. દુનિયાભરનાં દૈનિક છાપાંઓએ એની નોંધ લીધી અને પ્રોફેસર ગજ્જરના કાર્યની પ્રશંસા કરી, ને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત થયા અને રસાયણશાસ્ત્રી (કેમિસ્ટ) તરીકે બહુમાન પામ્યા. પ્રોફેસર ગજ્જરની આ અદ્‌ભુત શોધ પછી ખૂબ ધન અને પ્રસિદ્ધિ તેમજ માન્યતા પ્રાપ્ત થયાં.

આ શોધ પછી પ્રો. ગજ્જરે પીળા પડેલા મોતીને સ્વચ્છ કરવા માટેના પ્રયોગની રીત શોધી. જ્યારે મહાન ભારતીય રસાયણશાસ્ત્રી (કેમિસ્ટ) આચાર્ય પ્રફુલ્લચંદ્ર રેને આ શોધ વિશે માહિતી મળી ત્યારે તેમણે પ્રોફેસર ગજ્જરને અભિનંદન પાઠવ્યા.

આ સાહસમાંથી પ્રો. ગજ્જરને લાખો રૂપિયા મળ્યા. વડોદરામાં ‘એલેમ્બિક કેમિસ્ટ્રી વર્ક્સ’ની શરૂઆત પોતાના પ્રિય વિદ્યાર્થી સંકોટી ભાસ્કરની મદદ લઈ કરી. વિશેષ જરૂરી જ્ઞાન મેળવવા ભાસ્કરને જર્મની મોકલવામાં આવ્યો. આ સમય દરમિયાન ઉત્કૃષ્ટ સાહિત્યકાર ગોવર્ધનરામ ત્રિપાઠીની વિખ્યાત નવલકથા ‘સરસ્વતીચંદ્ર’ પ્રો. ગજ્જરના વાંચવામાં આવી. તેમાં આવતા કલ્યાણ ગ્રામના આયોજનની વાતથી તે પ્રભાવિત થયા. તે મહાન સાહિત્યકારને મળ્યા અને બંને મિત્ર થયા. અંધેરી નજીક આવા આયોજનની શરૂઆત કરી. ત્યાં કુટિર-ઉદ્યોગો અને પારંપરિક કલાઓને જનતાના કલ્યાણ માટે ઉત્તેજન આપ્યું ને કલ્યાણ ગ્રામમાં શરૂઆત કરી; પરંતુ વિરોધીઓએ કરેલા દાવા પાછળ ઘણા પૈસાનો વ્યય થયો. પ્રો. ગજ્જર પાસે ત્યારે ઘણા પૈસા હતા અને કેટલાક વિદ્યાર્થીઓ આવીને પરિવાર સાથે ઘરમાં રહેતા હતા. પૈસાના લોભમાં તેઓએ પ્રો. ગજ્જર પર દાવા માંડ્યા. આ બધા દાવામાંથી ત્રિભુવનદાસ નિર્દોષ જાહેર તો થયા પણ પુષ્કળ પૈસા ને મગજની શાંતિ ગુમાવી. આ કપરા દિવસોમાં તેમનાં પત્નીનું અવસાન થયું. એકલતાએ તેમનાં દિલ-દિમાગને ઘેરી લીધાં અને પુત્રતુલ્ય વિદ્યાર્થી સંકોટી ભાસ્કરના મૃત્યુના સમાચાર મળતાં તે છેક જ ભાંગી પડ્યા. ‘એલેમ્બિક વર્ક્સ’નું કામકાજ કરવા પાછળ સમય અને ધનનો ઉપયોગ કરતા રહ્યા, પરંતુ ચિંતાઓએ તેમના શરીર પર અસર કરી ને અનિદ્રાના ભોગ બન્યા. એક દિવસ મહાત્મા ગાંધીજીને જ્યારે એ મળ્યા ત્યારે તેમને અત્યંત લાગણીશીલ ને દુઃખી જોઈ બાપુએ તેમને બાકીનું

જીવન શાંતિમય સુખી જીવન જીવવાની સલાહ આપી.

પ્રોફેસર ગજ્જર સ્વયં પોતાના ડૉક્ટર હતા. પોતાની શારીરિક તકલીફો બરોબર સમજતા હતા; પરંતુ જે લોકોના કલ્યાણ માટે આખું જીવન ને ધન સમર્પિત કર્યાં તેમાંથી જ કેટલાક લોકોએ તેમની પીઠ પાછળ ઘા કર્યા. પ્રજા અણઘડ અને અજ્ઞાન હતી. ગુલામ હતી. બ્રિટિશ સરકારને પણ પ્રજાકલ્યાણ માટે ખેવના ન હતી. આ ભારત દેશના કમભાગ્યે બ્રિટિશ સરકારની 'ભાગલા પાડો ને રાજ્ય કરો' નીતિના ભોગ બન્યા. જીવનભર વૈજ્ઞાનિક પ્રયોગો કરનાર, નવાં સાહસોને સફળતાથી જીતનાર, ભારતની પ્રજાના કલ્યાણ માટે અંત સુધી ઝઝૂમનાર, છેલ્લા શ્વાસ સુધી વિજ્ઞાન દ્વારા દેશની ઉન્નતિની ભાવના પોતાના લાખો શિષ્યોના હૃદયમાં રોપનાર આ મહાન આત્મા 10 જુલાઈ, 1920ના રોજ દેવલોક પામ્યા. આમ આ ગુજરાતના મહાન રસાયણશાસ્ત્રી પોતાના સખ્ત અંગત પરિશ્રમથી મેળવેલા ધન અને પ્રિય લૅબોરેટરી નૅશનલ મેડિકલ કૉલેજને દાનમાં આપી ગયા. મુંબઈ પાસેથી જે ધન અને ખ્યાતિ પ્રાપ્ત થયાં તે ઋણ ચૂકવી દીધું ને પ્રિય ભારતભૂમિને અલવિદા કરી, દુનિયામાંથી વિદાય લીધી.

આપણે ગુજરાતના આ મહાન રસાયણશાસ્ત્રી અને વૈજ્ઞાનિક શ્રેષ્ઠ સુપુત્રને હૃદયપૂર્વક અંજલિ આપીએ.

❑

# 19. દામોદરદાસ ઠાકરસી - પ્રેમલીલા ઠાકરસી

ઠાકરસી પરિવાર

દામોદરદાસ ઠાકરસી - નાથીબાઈ ઠાકરસી (અવસાન : 1893)

સર વિઠ્ઠલદાસ ઠાકરસી
લેડી પ્રેમલીલા ઠાકરસી

માધવજી ઠાકરસી

કૃષ્ણરાજ ઠાકરસી — વિજય મરચંટ

સુધીર ઠાકરસી

**દામોદર ઠાકરસીના પુત્ર સર વિઠ્ઠલદાસ ઠાકરસીનો જન્મ 1873માં થયો.**

1873-1922 : ઠાકરસી કુટુંબ મૂળ દ્વારકા પાસે સૌરાષ્ટ્રના પરિવારના ગામનું. જ્ઞાતિએ ભાટિયા. પાછળથી મુંબઈ આવી વસ્યા. વિઠ્ઠલદાસનો જન્મ મુંબઈમાં. બચપણ પિતાની છત્રછાયા નીચે સુખમાં ગયું. એ જમાના પ્રમાણે સારું શિક્ષણ મેળવી શક્યા. 20 વર્ષની ઉંમરે પિતાનું મૃત્યુ થયું. પિતાની ચાર મિલની જવાબદારી વિઠ્ઠલદાસને શિરે આવી. અત્યંત પરિશ્રમ, કુશાગ્ર બુદ્ધિ, નિષ્ઠા અને હાથ નીચેના કાર્યકરો સાથે સહકારથી કામ કરવાની વૃત્તિ તેમજ સાથીઓના સુખદુ:ખમાં ભાગીદાર બની રહેવાની મંછા. આ કારણે ત્રણ જ વર્ષમાં ધંધા પર પ્રભુત્વ મેળવ્યું અને 23 વર્ષની નાની ઉંમરે કાપડઉદ્યોગના રાજા કહેવાયા. કુટુંબમાંથી મળેલા ધાર્મિક સંસ્કારે મુશ્કેલ જીવનમાર્ગ સરળ બનાવ્યો. આપબળે ખંતથી આગળ વધ્યા. કીર્તિ અને કલદાર સાંપડ્યાં.

કુટુંબમાંથી ધાર્મિક સંસ્કારો મેળવ્યા હતા. આપબળે ખંતથી આગળ વધ્યા હતા. નાની ઉંમરે કીર્તિ અને કલદાર સાંપડેલાં છતાં માતાપિતાના સંસ્કારબળે ખોટા માર્ગે જતાં ઊગરી ગયા અને પોતાની શક્તિ જનકલ્યાણને માર્ગે વાળી.

અંધેરીની કૉલેજ તથા અન્ય શિક્ષણપ્રતિષ્ઠાનોને સહાય.

25 વર્ષની વયે જાહેર જીવનમાં પ્રવેશ કર્યો અને મુંબઈના જાહેર જીવનમાં અગ્રેસર બની યુવાનોના પથદર્શક બન્યા. અભ્યાસ માટે શિષ્યવૃત્તિઓ આપી. નોકરીની સવલતો બક્ષી. 1907માં મુંબઈના મહાપૌર ચૂંટાયા. 25 વર્ષની ઉંમરે 1898માં પહેલી વાર એ મહાનગરપાલિકામાં ચૂંટાયા.

વતન ઓખામંડળ માટે સર વિઠ્ઠલદાસને ખૂબ પ્રેમ. દ્વારકા સ્વચ્છ અને સુંદર બનાવવાનું કામ હાથ ધર્યું અને ત્યાંની વાઘેર જાતિના ઉદ્ધારનું કાર્ય આરંભ્યું ગરીબ જાતિને આર્થિક રીતે સધ્ધર કરવા.

વતનમાં ધંધાનો વિકાસ થાય અને લોકોને રાહત મળે એ માટે મહારાજા સયાજીરાવની મદદથી જામનગર અને દ્વારકા વચ્ચેની રેલવેલાઇન તૈયાર કરી અને મુંબઈ ગુજરાતના ઇજનેરોને તેમની શક્તિ રચનાત્મક કાર્યોમાં વાળવાની તક આપી. મુંબઈમાં એ ઉદ્યોગોનો વિકાસ કરતા ગયા. ભાઈ પુરુષોત્તમદાસ સાથે મોટી સિમેન્ટ ફેક્ટરી શરૂ કરી. ઉદ્યોગોના વિકાસની સાથે સાથે શિક્ષણક્ષેત્રે પણ પોતાની આગવી સૂઝનો ઉપયોગ કર્યો. જ્ઞાનની પરબ મંડાઈ. સૌરાષ્ટ્ર ને મહારાષ્ટ્રનાં કેટલાંક નાનાં ગામોમાં પણ ઠેર ઠેર પુસ્તકાલયોની સ્થાપના કરી. લક્ષ્મી અને સરસ્વતીનો સહવાસ કર્યો. કન્યાઓ માટે ઉચ્ચશિક્ષણની સવલત કરી. મહારાષ્ટ્રમાં પુણે અને આસપાસના વિસ્તારમાં દામોદરદાસ ઠાકરસી S.N.D.T. યુનિ. વિદ્યાપીઠની સ્થાપના, ગુજરાત અને મુંબઈમાં મહિલા શિક્ષણ સંસ્થાઓ સ્થાપી. વિઠ્ઠલદાસને સખાવતો અને સામાજિક કાર્યની કદર રૂપે સરનો ખિતાબ અંગ્રેજ સરકારે આપ્યો. એ સમયના ગર્ભશ્રીમંત, આપબળ અને કુશાગ્રબુદ્ધિથી ઐશ્વર્ય પામેલા શાહસોદાગરોએ મુંબઈ બેટને મુંબઈનગરી - આધુનિક અલબેલી નગરી બનાવવાના સહિયારા પ્રયત્નો કર્યા. આવા પ્રયત્નના એક ભાગ રૂપે ઠાકરસી પરિવારે ભાટિયા મૂળજી જેઠા સાથે મુંબઈમાં 1868માં એશિયાની સૌથી મોટી મૂળજી જેઠા માર્કેટ બંધાવી હતી.

આ માર્કેટમાં નાના વેપારીઓને પણ વેપાર માટે સગવડ કરી આપવામાં આવી. અહીં અનેક યુવાનો ધંધો કરતાં શીખ્યા. એકબીજાની મદદ મેળવી મોટા વેપારી બન્યા.

ગુજરાતની ભવિષ્યની સહકારી મંડળીઓની પ્રવૃત્તિઓની પ્રેરણા મુંબઈમાં થયેલાં સહકારી કાર્યો પરથી સાંપડી હતી. દેશભરમાં પાછળથી આવી કાપડમાર્કેટોનું આયોજન થયું. વેપારી મહામંડળો નિમાયાં અને નાના વેપારીઓનું શોષણ બંધ થયું. શરાફો પાસે મોટું વ્યાજ આપી પૈસા લેવામાંથી અને દેવામાંથી મુક્તિ મળી. કુટુંબની સમાજકલ્યાણની પ્રથા તેમના નાના ભાઈ માધવજી અને તેના બે પુત્રો કૃષ્ણરાજ ઠાકરસી અને વિજય મરચન્ટે જાળવી. પોતાની મિલોમાં શારીરિક ક્ષતિ

ધરાવતી વિકલાંગ વ્યક્તિઓને તેમના યોગ્ય કામ આપવાની પહેલ કરી. ક્રિકેટક્ષેત્રે વિજય મરચન્ટે ગુજરાતને પ્રતિષ્ઠા અપાવી. ઊગતા ક્રિકેટરોના સહાયક બન્યા. કૃષ્ણરાજના પુત્ર સુધીર ઠાકરસીએ ઠાકરસી પરિવારની નીતિ-રીતિ જાળવી રાખી.



પ્રેમલીલા ઠાકરસી

સુધીર ઠાકરસી એમના વડવાઓ વિશે વાત માંડે છે ત્યારે કહે છે, 'મારા વડવાઓ અતિશ્રમ કરી સૌરાષ્ટ્રના વરવાળા ગામથી લગભગ 150 વર્ષ પૂર્વે આવ્યા. સર વિઠ્ઠલદાસ ઠાકરસી અને લેડી પ્રેમલીલા ઠાકરસીને લાગ્યું કે સ્ત્રીશિક્ષણની ભારતમાં અત્યંત આવશ્યકતા છે; અને એમણે માતા અને પિતાના નામથી શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી 'સ્ત્રી વિશ્વવિદ્યાલય'ની લગભગ 100 વર્ષ પૂર્વે સ્થાપના કરી. આ પ્રકારની ભારત આખામાં આજે પણ આ એકમાત્ર સંસ્થા છે; તેની શાખાઓ ગુજરાત-મહારાષ્ટ્રનાં મોટાં શહેરોમાં છે. ગુજરાતી, મરાઠી, હિંદી, અંગ્રેજી - પોતાની માતૃભાષામાં શિક્ષણ લઈ શકાય છે. કન્યાઓના વિકાસ માટેના અને સ્ત્રીજીવનમાં ઉપયોગી અભ્યાસક્રમોનું આયોજન છે. મહાનુભાવ કર્વેના સંસ્થાને ઉત્તેજન અને સાથ મળવાથી સંસ્થાની પાઠશાળા કર્વે કૉલેજ તરીકે ઓળખાય છે. વિશાળ પુસ્તકાલય, શિક્ષણના જુદા જુદા વિભાગો, વિદ્વાન, આચાર્યો, આધુનિક સાધનોથી સજ્જ સંસ્થાના વિજ્ઞાનવિભાગો, ચર્ચગેટ - મુંબઈમાં આવેલું સ્ત્રી વિશ્વવિદ્યાલયનું વિશાળ-સુંદર મકાન આ સર્વે અને તેની શાખાઓ લેડી પ્રેમલીલા ઠાકરસીના અનુદાનને આભારી છે.

સર વિઠ્ઠલદાસ દામોદરદાસ ઠાકરસી દેવલોક પામ્યા ત્યારે સહધર્મચારિણી લેડી પ્રેમલીલા ઠાકરસીની ઉંમર નાની હતી. 25 વર્ષની યુવાનવયે જાહેરજીવનમાં સામાજિક બંધનો ને રૂઢિરિવાજોનો વિરોધ કરી પ્રવેશ કર્યો અને અનેક વિધવા બહેનોની પ્રેરણામૂર્તિ બની રહ્યાં. કન્યાશિક્ષણનાં દ્વાર ત્યારે ખૂલ્યાં હતાં. શ્રીમતી નાથીબાઈ દામોદરદાસ ઠાકરસી સ્ત્રી વિશ્વવિદ્યાલયની સ્થાપના પછી સર્વ કોમની સ્ત્રીઓ માટે ઉચ્ચશિક્ષણનાં દ્વાર ખૂલ્યાં. મુંબઈ યુનિવર્સિટી સાથે સંસ્થાનું જોડાણ કર્યું ને પરદેશની યુનિવર્સિટી સાથે પણ સંસ્થા સંકળાયેલી છે. વિઠ્ઠલદાસ ઠાકરસી 1907માં મુંબઈ નગરપાલિકાના મહાપૌર ચૂંટાયા; અને પોતાની શક્તિ વિશાળ

સ્તરે જનકલ્યાણના માર્ગે વાળી.

1922માં એમનું અવસાન થયું; પરંતુ વિશ્વવિદ્યાલયની લાખો-કરોડો વિદ્યાર્થિનીઓના હૃદયમાં તેમની સ્મૃતિ જીવંત છે. જુનવાણી રીતરિવાજો-દહેજના પ્રશ્નો પ્રત્યે જાગૃતિ અને નાની ઉંમરનાં લગ્નો-અંધશ્રદ્ધા અને વહેમોનો વિરોધ કરવાનું મનોબળ આ પાઠશાળાએ આપ્યું. વિશેષમાં વિશાળ શિક્ષિત સ્ત્રી-સમુદાય તૈયાર થયો.

❑

# 20. મફતલાલ ગગલભાઈ



મફતલાલ ગગલભાઈ

અમદાવાદના એક નાનકડા વેપારી પણ કુશળ વણકર ગગલભાઈને ત્યાં કઠિન પરિશ્રમ અને સાહસ જેનો મુદ્રાલેખ હતો એ શેઠ મફતલાલનો જન્મ 22 જૂન, 1873માં થયો. 13 વર્ષની વયે એ વેપારમાં જોડાયા ત્યારે એમનાં લગ્નને છ વર્ષ પણ થઈ ગયેલાં. ખભે કાપડની ગાંસડી નાંખી ગામડે - ગામડે માલ વેચવા ફરવાનું એ એમની વેપારની કલ્પના. ફેરી ઉપરાંત મફતલાલે એક મિલમાં રૂની ગાંસડી તોલનાર તરીકે નોકરી પણ લીધી. આ વજનના કાંટા પરની નોકરીએ મફતલાલના દિમાગમાં મોટા ઉદ્યોગોની આંકડાવારીનું રહસ્ય છતું કરવા માંડ્યું. વેપારમાં વાસ્તવિક સમાજવાદની કલ્પના કરનાર શેઠશ્રી મફતલાલ મુંબઈમાં સ્થાયી થયા, પરંતુ વતન ગુજરાતને ભૂલ્યા નહીં.

1944માં 71 વર્ષે મફતલાલનું અવસાન થયું ત્યારે પશ્ચિમ ભારતના ઉદ્યોગ-નકશામાં મફતલાલની ગણના અગત્યના ઉદ્યોગપતિ તરીકે થતી. મફતલાલના દીકરા નવીનચંદ્રે મફતલાલની નીતિ પ્રમાણે જુદા જુદા ધંધાકીય ક્ષેત્રે આગેકદમ જારી રાખી. એ પ્રણાલી એમના પુત્રો અરવિંદ, યોગેન્દ્ર અને રસેશે આગળ ધપાવી. 1905માં રૂ. 3,25,000ની મૂડીથી મફતલાલે અમદાવાદમાં શોરોક મિલ ચાલુ કરી. શૅરની કિંમત 1000 રૂપિયા. પણ 100 સ્થાપક શૅર હતા. એની કિંમત ફક્ત 25 શૅર દીઠ; પણ આ શૅરધારકને બધા ટકા પેલા 1000 રૂપિયાના શૅરધારક

જેટલા જ. 8000 સ્પિન્ડલ અને 200 લૂમથી 1906માં આ મિલ ચાલુ થઈ. 1912માં મફતલાલે ન્યૂ શોરોક મિલ નડિયાદમાં સ્થાપી. પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન મફતલાલે વ્યાપારવર્તુળોમાં મોટા ગજાના ઉદ્યોગપતિ તરીકે આસન જમાવ્યું. 1807માં મુંબઈમાં એક પારસી સાહસિકે ચાઈના મિલ કાઢેલી. 1921માં એ મિલ ફડચામાં ગઈ. મફતલાલે એ મિલ ચલાવવા લીધી અને એ મુંબઈ આવ્યા. ટાટા પાસેથી 1927માં એમણે મુંબઈની સ્ટાન્ડર્ડ મિલ લીધી. પછી શણઉદ્યોગમાં એમણે ઝંપલાવ્યું. કૉલકાતામાં ગગલભાઈએ શણ-મિલ સ્થાપી. પણ 1938માં 40 વર્ષની નાની ઉંમરના એમના દીકરા પ્રાણસુખનું અવસાન થયું. આ આઘાત બાદ એ ઝાઝું જીવ્યા નહીં અને 1944માં 71 વર્ષની વયે આ મહારથી અવસાન પામ્યા. એ સમયે કાપડઉદ્યોગના સૌથી મોટા સંકુલના સ્થાપક, વહીવટકર્તા તરીકે પંકાયા. પોતાની અસ્કામતોનો 1/4 હિસ્સો મફતલાલના પૌત્ર અરવિંદભાઈએ સમાજકલ્યાણનાં કાર્યો માટે ફાળવ્યો છે.

નવીનચંદ્રના પુત્ર, મફતલાલના પૌત્ર અરવિંદભાઈ મફતલાલના આ શબ્દો સ્મૃતિમાં : 'મારા ઘરમાં એક પ્રાર્થના - ખંડ છે. દરેક કુટુંબી પ્રાર્થના કરે છે. આ અમારો શિરસ્તો છે. હું રોજ કલાક પ્રાર્થનામાં ગાળું છું. અન્ય કુટુંબીઓ દસ-પંદર મિનિટ. મારો અનુભવ એવો છે કે મને મારા પ્રશ્નોનો ઉકેલ પ્રાર્થનાઆસને જ સાંપડી રહે છે.'

આજે મફતલાલ કુટુંબની ઔદ્યોગિક ક્ષેત્રે ગણના ટાટા, બિરલા પછી ત્રીજે ક્રમાંકે થાય છે. મફતલાલ કહેતા, 'તમે ક્યાં તો તૈયાર માલના ઉત્પાદક બનો અથવા વ્યાપારી. જો ઉત્પાદક હો તો કાચા માલનો સંગ્રહ અવશ્ય કરો. એ માટે ગોદામો પણ બાંધો. પણ તૈયાર માલનો સંગ્રહ ક્યારેય ન કરો. ચોખા અને ઘઉંનો સંગ્રહ થાય, પણ રાંધેલો ભાત અને શેકેલી રોટલી ભરી ન રખાય. તૈયાર થયેલું કાપડ સારા ભાવની આશાએ વેચ્યા વિના ભરી રાખો તો એ કાપડ બેસી જશે. એની ફૅશન નહીં રહે. અંતે એ વેચાશે નહીં.' આમ મફતલાલની મિલોમાં તૈયાર કાપડ ભરી રાખવા માટેનાં ગોદામો હોતાં જ નથી.

મુંબઈખાતેની મફતલાલની ઇમારતો : (1) મફતલાલ હાઉસ - ફોર્ટમાં, (2) નરીમાન પૉઇન્ટ પરની મફતલાલની ઇમારત, (3) મફતલાલ પાર્ક બ્રીચ કેન્ડી, (4) પુત્ર પ્રાણસુખ મફતલાલની સ્મૃતિમાં 'પ્રાણસુખ મફતલાલ બાથ' ચોપાટી પર.

મફતલાલ ઉદ્યોગોમાં અગ્રગણ્ય એકમોની વસાહતો અને નવાં સાહસો : (1) મફતલાલ ઇન્ડસ્ટ્રીઝ, (2) ન્યૂશોરોક મિલ નડિયાદ, (3) નોશિલ, (4) પીલ, (5) પદ્માટેક્સ, (6) મફતલાલ કન્સલ્ટન્સી, (7) વિદેશોમાં રોકાણ, (8) ઇંગ્લૅન્ડમાં રોકાણ-રોમાગા, (9) મલેશિયામાં સિપિંગ પાઇપ્સ.

મફતલાલની સખાવતો જનકલ્યાણ માટે : મફતલાલ બાથ, સમાજકલ્યાણના

કૅમ્પસ, મફતલાલ પાર્ક.

શ્રી અરવિંદભાઈ મફતલાલે કૃષિક્ષેત્રે ઉરૂલી કાંચનના પ્રણેતા બાપુના અનુયાયી શ્રી મણિભાઈ દેસાઈના સહયોગથી આદિવાસીઓ, સીદીઓ ને અન્ય ગરીબીની રેખા નીચે જીવન વ્યતીત કરતી જાતિઓ વચ્ચે સામાજિક કાર્ય ને તેઓની આર્થિક અને સામાજિક, શૈક્ષણિક ઉન્નતિ માટે વિશાળ સ્તરે પ્રયાસો કર્યા છે અને સફળતા પ્રાપ્ત કરી છે.

❑

# 21. ચંદુલાલ નાણાવટી - મણિબહેન નાણાવટી

ચંદુલાલ નાણાવટીનો જન્મ 28-2-1881માં થયો હતો. નાણાવટી કુટુંબ આમ તો અમદાવાદનું. પણ ગઈ સદીના અંતભાગમાં અને આ સદીના આરંભે દાક્તર બાલાભાઈ વડોદરા રાજ્યમાં (મોટા હોદ્દે પહોંચેલા. ઉપરાંત એ) સયાજીરાવના અંગત દાક્તર હતા.

બાલાભાઈ દાક્તરના સૌથી નાના પુત્ર ચંદુભાઈ બી. એ. થયા. પિતા કહે, 'ચંદુભાઈ, તમે ભણી રહ્યા. શું કરશો ? નોકરી તો રાજના કોઈ પણ ખાતામાં મેળવવામાં મુશ્કેલી નહીં આવે.' ચંદુભાઈ કહે, 'વિચાર કરીને કાલે કહીશ.' બીજે દિવસે એમણે પોતાનો મનસૂબો કહ્યો, 'બાપા, મેં વિચાર પાકો કર્યો કે હું નોકરી નહીં કરું. પ્રામાણિકપણે ધંધો કરી ભાગ્યમાં જે હોય એથી ચલાવીશ.' પિતા કહે, 'ભલે. તમે બધી રીતે વિચારીને જ નક્કી કર્યું હશે. તમને રુચ્યું તે સોના જેવું. આપણી કોમ ઝવેરાતના ધંધામાં છે. એનો વિચાર હોય તો વાત આગળ ચલાવીએ.' અને ઝવેરીઓ બાલાભાઈના દીકરાને પોતાની ભાગીદારીમાં લેવા તલપાપડ. ચંદુભાઈ માલની અસલ ખરીદ પર વીસ ટકાનો નફો માંગી માલ ઘરાકને વેચે. વેપારીઓને આ સતવાદીપણું રુચે નહીં. ચંદુભાઈ મૂળ ખરીદના ભરતિયા વિના ઘરાકને ત્યાં ન જાય. અંતે વેપારીઓએ ખોટ બતાવી. ચંદુભાઈએ રોકેલી મૂડી હજમ કરી ઘર ભેગા કર્યા.

ચંદુભાઈએ એક નાનકડી ઑફિસ ફોર્ટમાં લીધી. કમિશન એજન્ટનો ધંધો ચાલુ કર્યો. પણ એમને સફળતા ન સાંપડી. સંપન્ન પિતાને પુત્રની ચિંતા પણ એની સચ્ચાઈમાં શ્રદ્ધા. કોલસાના એક વેપારીની ઓળખ થઈ. વેપારીને એમની પરખ. બે મહિના પેલા દુકાનદારને દેશમાં જવું. એ માટે એણે દુકાન ચંદુભાઈને સોંપી. ચંદુભાઈએ સચ્ચાઈથી દુકાન ચલાવી. દુકાનમાલિક આવ્યો એટલે એ પરત કરી. દસ રૂપિયાના કટપીસ મૂળજી જેઠા માર્કેટમાંથી ખરીદી ફેરી કરવાનો આરંભ કર્યો. પિતા મહિને ખર્ચ માટે જે પૈસા મોકલતા તે સવિનય પાછા મોકલવાનો નિર્ણય પિતાને જણાવ્યો. એક મોચી જોડા સમારવાનું કામ કરે. એનો હુન્નર એની

પાસે બેસીને ચંદુભાઈ શીખ્યા. ત્યાં એક જૂનો પારસી મિત્ર મળ્યો. એની સાથે કોલસાનો વેપાર ચાલુ કર્યો. એ જ અરસામાં યુરોપનું પહેલું વિશ્વયુદ્ધ સળગ્યું અને કોલસાના ભાવોમાં એકાએક ઉછાળો આવ્યો. આ ધંધો જામ્યો. નાણાવટી વેવાઈનાની કંપની કોટમાં ખોલી. ધંધો જામતો ચાલ્યો. 40-50 હજાર સુધીનું કરજ ફેડ્યું. કોલસાના ભાવ ગગને ગયા. ઘરે દરદાગીનો આવ્યો. દીકરીને પહેરાવ્યો. પણ પત્નીનું અવસાન થયું. સુખ પાછળ દુઃખની છાયા પડી. 1918માં એ અરસામાં દેશની સૌથી મોટી જહાજ કંપની સિંધિયા સ્ટીમ નૅવિનેશન કંપનીમાં ચંદુભાઈ અને વેવાઈનાને એ કંપનીમાં નોતરવામાં આવ્યા. અને ઈસ્ટર્ન બંકરર્સ એવા નામે પેટા કંપની સ્થાપી. કોલસાના ભાવ વધતા જ ગયા. ગાંધીજીની લડતોમાં ચંદુભાઈનું ઘર સત્યાગ્રહીઓનું રહેઠાણ. 1922માં ચંદુભાઈએ મણિબહેન સાથે બીજી વારનાં લગ્ન કર્યાં. મણિબહેન પણ પાકી વયે ગાંધીવાદી રચનાત્મક લોકસેવામાં રત હતાં. સાચકલાં પર લક્ષ્મી વારી જતી નથી એ માન્યતાને ધરાર ખોટી ઠેરવતી મિસાલ તે ચંદુભાઈ નાણાવટી. બર્મા, કૉલકાતા, ચેન્નાઈ, સિલોન, બધેથી સિંધિયાની સ્ટીમરો માલ ભરી ઊપડતી અને લંડન, કરાંચી, કોલંબો, કૉલકાતા, રંગૂનની ખેપો કરતી. બધે જ સિંધિયાની ઑફિસો. દેશી-પરદેશી તમામ જતી આવતી સ્ટીમરો બારે માસ ને બારે દિવસ આ બંદરોમાં લાંગરે ને કોલસો ઉપાડે - તે સમયે વીજળી કે ડીઝલનો ઉપયોગ થતો નહીં.

શ્રી ચંદુભાઈનો નેક વહેવાર-કર્તવ્યનિષ્ઠ સ્વભાવ, નમ્રતા ને સાદગીપૂર્ણ જીવન. ધંધામાં ખૂબ પ્રતિષ્ઠા ને અઢળક પૈસા મળ્યા. 1930ની નમક સત્યાગ્રહની લડત, દાંડીકૂચ સમયે વિલાપારલા મહારાષ્ટ્ર, કૉંગ્રેસના બધા જિલ્લાનું શ્રેષ્ઠ મથક હતું. સ્વ. કમળાબહેન સોનાવાલાએ મોટી કિંમતે ખરીદી આપેલ ઘોડબંદર રોડ પરના એક આલીશાન મકાનમાં સત્યાગ્રહ છાવણી હતી જ્યાં કાયદા વિરુદ્ધ મીઠું પકવવાનાં અને ત્યાંથી વસઈના મીઠાના અગરો ઉપર પ્રજાએ પકવેલું મીઠું સરકારને જકાત ભર્યા વગર ધાડ પાડી ઉઠાવવાનાં આયોજન થયેલાં.

મુંબઈમાં રાજકીય ક્ષેત્રે યોગદાન આપવાની શરૂઆત બહેનોએ 1930થી વિશાળ સ્તરે કરી હતી. તેમાં અગ્રેસર હતાં શ્રી ચંદુભાઈ નાણાવટીનાં પત્ની મણિબહેન નાણાવટી. શ્રીમતી મણિબહેન લગ્નજીવનની શરૂઆતથી ચંદુભાઈ પાસેથી દેશસેવા-સમાજસેવાના સંસ્કાર પામ્યાં હતાં. મુંબઈના ઉપનગર જિલ્લામાં રેંટિયાવર્ગો, ખાદીફેરી ઉપરાંત દારૂનાં પીઠાં પર પિકેટિંગ, મીઠાના વેચાણમાં ભાગ લઈ 'નમકનો કાયદો' તોડવામાં બહેનોનાં સંગઠનનું કાર્ય મણિબહેન, શિરીનબહેન હવેવાળાની આગેવાની હેઠળ મોટાં-નાનાં અનેક ખાનદાન કુટુંબની બહેનો નિષ્ઠાપૂર્વક સંપૂર્ણ તાકાતથી ચલાવતી હતી.

દારૂનાં પીઠાં પર છાકટા, મવાલી, દારૂડિયાઓને અને તેમના પૈસાથી

તાગડધિન્ના કરતા પારસી દલાલોને વિનયપૂર્વક સમજાવવાનું કામ કપરું અને જોખમભર્યું હતું. તેમાં પારસી બહેનની અને મણિબહેનની આગેવાની પીઠાના માલિકોને વધુ ઉગ્ર બનાવતી. આ સંજોગોમાં શ્રી ચંદુભાઈએ કોઈ પણ પ્રકારના આવેશ-આક્રોશ વિના શાંત લડત ચલાવવાની, શ્રી મણિબહેનને પોતાની મૂંગી ઢબે કામ કરવાની તાલીમ આપી હતી. બહેનોના આ રીતના શાંત અહિંસક સંગઠન દ્વારા મુંબઈના ઉપનગરોમાં સંગીન કાર્ય થયું. બાપુ ગોળમેજી પરિષદમાંથી પાછા ફર્યા પછી, ફરી લડતની શરૂઆત થઈ અને આગેવાનો અને હજારો કાર્યકર્તાઓ જેલનિવાસી બન્યા. ત્યારે શ્રી શિરીનબહેન હવેવાલા, જાનકીબહેન બજાજ, કમળાબહેન સોનાવાલા, ગોમતીબહેન મશરૂવાળા, નિર્મળાબહેન દેસાઈ ને મણિબહેન નાણાવટીને જેલમાં બાળકજન્મનું જોખમ ખેડીને પણ જવાનું શ્રી ચંદુભાઈએ ઉત્તેજન આપ્યું હતું.

ચંદુભાઈ બાપુની સ્વદેશીની લડતો દરમિયાન નાના-મોટા અનેક જેલવાસી કાર્યકર્તાઓને સાબુ, કાંતણ-સરંજામ, ચંપલો, પુસ્તકો એવી જરૂરિયાતની ચીજોનાં પાર્સલ જેલમાં મોકલતા. નિયમિત મોકલે અને કોણે મોકલ્યાં તેની ખબર ન પડવા દે. પોતાના નિકટના જેલવાસીઓનાં કુટુંબીઓની પણ એવી જ સંભાળ રાખતા.

1934માં જાન્યુઆરીમાં ઉત્તર બિહાર ગંગાજીના ઉત્તર-દક્ષિણ બેઉ કાંઠાના પ્રદેશમાં મોટો ધરતીકંપ થયો ને પટણા, મુંગેર, મુઝફ્ફરપુર ને બીજાં નાનાં શહેરો તેમજ ગામડાં જમીનદોસ્ત થયાં હતાં, ત્યારે રાજેન્દ્રબાબુની મદદમાં આશ્રમવાસીઓની ટુકડી સ્વામી આનંદની આગેવાની સાથે બિહાર મોકલવાનું ગાંધીજીએ તારથી જણાવ્યું હતું. તાર વાંચી શ્રી ચંદુભાઈએ તમામ ખર્ચ ઘેરથી નીકળી કામ પૂરું કરી આશ્રમવાસીઓ ઘેર પાછા પહોંચે ત્યાં લગીનો - મુસાફરી, નિભાવ, રોજિંદો પરચૂરણ ખર્ચ ચંદુભાઈ પાસે મંગાવવો ને રાજેન્દ્રબાબુ પાસેથી કે એમની રિલીફ કમિટી નિમાય તેઓ પાસેથી રાતી પાઈ પણ ન લેવી એમ જણાવ્યું હતું. આ ધરતીકંપના રાહતકાર્ય અંગે બિહાર સેન્ટ્રલ રિલીફ કમિટીએ દેશ આખામાંથી રૂ. 30 લાખ જેટલી રકમ મેળવી હતી. એમાં મુંબઈ-અમદાવાદ-ગુજરાતનો ફાળો રૂ. 16 લાખ હતો. મુંબઈનો વિકાસ કરનારા સખાવતી ગુજરાતીઓ દેશની આપત્તિ સમયે પણ અગ્રેસર હતા. અમદાવાદ-મુંબઈની બેઉ શહેરોની કાપડની મિલોએ 400 ગાંસડી નવું કાપડ અને લોકોએ વપરાયેલ પણ વગર ફાટેલાં કપડાંનાં બે હજારથી વધુ પોટલાં પટણા રવાના કર્યાં હતાં.

આ બિહાર રાહતકાર્યમાં શ્રી ચંદુભાઈએ મોટી રકમ આપવા ઉપરાંત મુંબઈનાં જુદાં જુદાં બજારો ને નિકટનાં વર્તુળોમાંથી ફાળો ઉઘરાવી મોકલવામાં અથાક મહેનત કરી હતી, અને મુંબઈથી સ્વામી આનંદ સાથે મોકલેલી 40 જણની આશ્રમવાસીઓની ટુકડી છ મહિના બિહાર રહી તેનો સંપૂર્ણ ખર્ચ શ્રી ચંદુભાઈએ

અંગત રીતે કર્યો હતો.

ઈ. સ. 1934થી 1939નાં પાંચ વર્ષો સ્વદેશીની ઉગ્ર લડતોનાં ન હતાં ત્યારે પણ શ્રી ચંદુભાઈના બંગલાને ભોંયતળિયે રેંટિયાવર્ગ, બહેનોનું સમાજસેવાનું કાર્ય, ખાદી-ગ્રામોદ્યોગ અને બીજાં રચનાત્મક કામો શ્રી ચંદુભાઈની આર્થિક મદદથી ચાલતાં.

નિરાધાર સ્ત્રીઓ, અનાથ બાળકો, ગરીબ વિદ્યાર્થીઓ, વખાના માર્યા ગૃહસ્થાશ્રમીઓને કોઈ ન જાણે તેમ અંતરઆત્માની સાક્ષીએ મદદ કરતા. વિદેશી હકૂમત સામે વસમી લડતોમાં પ્રજાકીય ભાવનાને ઉત્તેજન આપનારી કોઈ પણ પ્રવૃત્તિ કે સરકારી દમન કોઈ રાષ્ટ્રીય પ્રવૃત્તિને ડામવા પ્રયત્ન કરતું હોય એ સ્થિતિમાં પ્રજામત ઘડનારાં રાષ્ટ્રીય કે સ્વતંત્ર છાપાં પર આવતાં સરકારી આફતનાં વાદળો સામે શ્રી ચંદુભાઈ દેશી-અંગ્રેજી છાપાંવાળાઓને હંમેશાં ધરખમ મદદ કરતા.

શ્રી ચંદુભાઈ અંગત રહેણીકરણીમાં સાદાઈ જાળવતા. શ્રીમંતાઈ છતાં ઘેર મોટર ન રાખી. ઑફિસના કામ માટે મોટર ઉપયોગમાં લે, પણ ઘેરથી ઑફિસ ચર્ચગેટ સુધી ટ્રેનમાં આવનજાવન કરે. ક્યાંય પોતાના નામ-કામની જાહેરાતો ન કરે. મૃત્યુદિન સુધી નાનીમોટી અસંખ્ય જાહેરસંસ્થાઓ, પ્રવૃત્તિઓ તેમજ સત્કાર્યોનું જતન કરતા રહ્યા.

1940માં અવસાન પામ્યા તે અગાઉ વિલ કરીને પોતાની મિલકતનો ખાસ્સો હિસ્સો સખાવતમાં આપતા ગયા, તેમાંથી વિલેપારલામાં ગાંધીઆદર્શો પર 'વિનયમંદિર' અને અન્ય સંસ્થાઓનું સંચાલન થતું હતું.

અસંખ્ય નાનીમોટી સખાવતોના શિરમોર જેવી નાણાવટી કુટુંબની સખાવત તે 'બાલાભાઈ નાણાવટી હૉસ્પિટલ'. તે સમયે ઉપનગરોમાં આધુનિક સાધનસામગ્રી સહિતની નિષ્ણાત ડૉક્ટરો સાથેની મધ્યમવર્ગ માટે એક પણ હૉસ્પિટલ ન હતી. નાણાવટી હૉસ્પિટલે જનતાની એ ખોટ પૂરી કરી. જનતાને તેમની બીમારી સમયે તો આ હૉસ્પિટલનો લાભ મળતો હતો. પણ કુદરતી આફતો પ્રસંગે પણ હૉસ્પિટલના સેવાભાવી ડૉક્ટરો મદદ કરતા. કચ્છના ધરતીકંપ પ્રસંગે નાણાવટી હૉસ્પિટલના ડૉક્ટરો કચ્છ પહોંચ્યા હતા. કેટલાયની સારવાર મુંબઈની નાણાવટી હૉસ્પિટલમાં કરવામાં આવી હતી.

શ્રી ચંદુભાઈએ પત્ની મણિબહેનને સેવાકાર્યમાં સાથે લીધાં અને મણિબહેનનો સેવાયજ્ઞ શરૂ થયો. રેંટિયાવર્ગ, ખાદીફેરી, દારૂનાં પીઠાં પર પિકેટિંગ. શ્રીમતી મણિબહેન નાણાવટીએ નાજુક તબિયતે જેલવાસ સ્વીકાર્યો.


જાન્યુઆરી 1934 દેશવ્યાપી સત્યાગ્રહ ચળવળ ચાલુ હતી, ત્યાં ઉત્તર

બિહારમાં ભયંકર ધરતીકંપ થયો. રાહતકાર્ય માટે જનાર 40 વ્યક્તિઓનો બધો જ ખર્ચ શ્રી ચંદુભાઈએ ઉઠાવ્યો. ઉદારતાની સીમા નહીં. એમનું ઘર દેશસેવકો માટે આશ્રયસ્થાન. બાપુ પ્રત્યે ઊંડો આદર, બાપુનાં રચનાત્મક કાર્યો જેવાં કે ગૌસેવા, કોમી એકતા વગેરે કાર્યોમાં અખૂટ શ્રદ્ધા બીજી તરફ સિંધિયા તરફથી બ્રિટિશ જહાજી કંપનીઓ સામે લડત ચલાવતા રહ્યા. સંતોની ખુરશીની અપેક્ષા રાખ્યા વગર પરાંની, ગામની બીજાં ઉપનગરોની અનેક સંસ્થાઓને દાન કર્યાં. મુંબઈના વિકાસ માટે સતત જાગ્રત રહ્યા. મૃત્યુ અગાઉ મિલકતનો મોટો હિસ્સો દાનમાં આપતા ગયા. તેમાંથી ગાંધીઆદર્શો પર ચાલતી સંસ્થાઓને સધ્ધર બનાવી. તેમના આદર્શો પત્ની, મણિબહેને સાંગોપાંગ ઝીલ્યા. તે કાળે ચાલતાં સમાજ અને કુટુંબના અવરોધ છતાં બાપુના રચનાત્મક કાર્યમાં સંકલ્પ સાથે આજીવન જોડાયાં. મણિબહેન પાકી વયે ગાંધીવાદી રચનાત્મક લોકસેવામાં રત હતાં. સંઘર્ષની રફતાર ચાલુ રહી. જાણે પુરુષાર્થ અને નિયતિ વચ્ચેનો સંગ્રામ. અંતે વિજય પુરુષાર્થનો. કારણ પ્રામાણિકતા ને નિષ્ઠા તેનાં સાધનો હતાં.

❑

# 22. ગાંધીજી અને મણિભવન

બાપુનું મુંબઈનું નિવાસસ્થાન મણિભવન ભારતના સમૂહ સત્યાગ્રહનું જન્મસ્થળ. મુંબઈના આર્થિક, સામાજિક, આરોગ્યલક્ષી સાંસ્કૃતિક વિકાસમાં ગુજરાતીઓનો છેલ્લાં 300થી વધુ વર્ષોથી સિંહફાળો ગણાય છે તો રાજકીય ક્ષેત્રે યોગદાન આપવાની શરૂઆત 1917થી બાપુએ મણિભવનમાંથી કરી.



મણિભવન

1915માં અમદાવાદમાં કોચરબ આશ્રમની શરૂઆત બાપુએ કરી અને 1917માં સાબરમતી આશ્રમમાં સ્થાયી થયા. એ જ સાલમાં બાપુનું નિવાસસ્થાન મુંબઈમાં મણિભવન હતું, અનેક ઐતિહાસિક ઘટનાઓનું ઉગમસ્થાન. મુંબઈમાં મણિભવન ગાંધીજીના રહેઠાણ અને ભારતીય નૅશનલ કૉંગ્રેસની વરિષ્ઠ કચેરી તરીકે પ્રખ્યાત છે. મણિભવને દેશની સ્વાતંત્ર્યચળવળોમાં ખૂબ અગત્યનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ત્યાંથી બાપુએ સત્યાગ્રહ માટે વખતોવખત આપેલા એલાન અને

રેંટિયાના નવીન વિચાર દ્વારા શરૂ કરેલા કાંતણ માટેના વર્ગોને મુંબઈની શિક્ષિત જનતાનો સાથ મળ્યો હતો; મણિભવનના માલિક શ્રી રવિશંકર જગજીવન ઝવેરી તે સમયમાં ગાંધીભક્ત અને બાપુના યજમાન હતા. 1908માં ગાંધીજીને કાંતણ માટે ચક્ર - રેંટિયાનો વિચાર ભારતની ગરીબાઈની સમસ્યાના ઉકેલ તરીકે આવ્યો. મણિભવનના વસવાટ દરમિયાન તે કાંતવાનું અને વણવાનું શીખવા માગતા હતા, અને 1917માં તે દરરોજ મણિભવન પાસેથી પસાર થતા વણકરને જોતા હતા. તેને મણિભવનમાં મળવા બોલાવી મંગાવ્યો, તે શીખવવા આવવા તૈયાર થયો પણ પુષ્કળ મહેનતાણું માંગ્યું. બાપુ કોઈ પણ કિંમતે તેને રાખવા તૈયાર હતા, અને મણિભવનમાં પછી રેંટિયાવર્ગની શરૂઆત થઈ. આ વર્ગના પ્રથમ ઉત્સાહી વિદ્યાર્થી ગાંધીજી હતા. તે પથારીવશ બીમાર હતા ત્યારે પણ કાંતણ માટેના તેમના ઉત્સાહમાં ઓટ આવી ન હતી. તેઓ કહેતા, તબિયત સુધારવામાં રેંટિયાનો પણ કંઈ ઓછો ફાળો ન હતો. બાપુ ધરમૂળથી સામાજિક સુધારા કરવામાં માનતા હતા. પુરુષો સાથે ખભેખભા મેળવી સ્ત્રીઓ કાર્યભાર ઉપાડી શકે. સ્ત્રી દેવી કે દાસી નહિ - તેમના મત પ્રમાણે સ્ત્રી પુરુષની સાથીદાર. પુરુષ જેવી જ માનસિક ઇચ્છા-શક્તિ ધરાવતી સાથીદાર છે.




શરૂઆત તેમના કાંતણવર્ગથી કરી. મણિભવનમાં શરૂ થયેલા કાંતણવર્ગમાં સ્ત્રી અને પુરુષો સાથે શીખવા આવે એવો પ્રબંધ થયો હતો. સામાજિક અને રાજકીય કાર્યક્ષેત્રમાં પુરુષો સાથે જ સ્ત્રીઓ સમાંતર યોગદાન આપે તે માટેના આ પ્રથમ પ્રયાસનું નિમિત્ત સ્થાન મણિભવન. અગ્નિજ્વાળા જેમ રેંટિયા અને તકલીના

ઉપયોગથી સૂતર કાંતવાનો વિચાર મુંબઈમાં અને પછી દેશભરમાં કાંતણવર્ગો દ્વારા પ્રમાણિત થયો. સૂતર તૈયાર થતાં વણકરો કામે લાગ્યા અને ખાદીપ્રચારનું કામ શરૂ થયું ત્યારે શિક્ષિત અશિક્ષિત દરેક વર્ગને સામાન્ય લાગતા આ વિચારનું મહત્ત્વ સમજાયું. ગાંધીજીને રેંટિયા - ચક્ર દ્વારા હિંદની ગરીબાઈ દૂર કરવાનો વિચાર ઘણો વહેલો 1908માં આવ્યો હતો. ખાદી તૈયાર થતાં મણિભુવનમાંથી તેના વિતરણનું કામ પ્રથમ મુંબઈમાંથી શરૂ થયું.

ગર્ભશ્રીમંત કુટુંબની બહેનોએ ખાદી અપનાવી - જાનકીબહેન બજાજ, મીઠુબહેન પિટિટ, સરોજિની નાયડુ, કસ્તૂરબા, મણિબહેન નાણાવટી, સુમતિ મોરારજી, હંસાબહેન મહેતા અને બહેનોએ ખાદીપ્રચારમાં ફાળો આપ્યો. ખાદીના તાકા ઊંચકી બહેનો મુંબઈમાં અને મુંબઈના પરામાં વેચાણ માટે ઘૂમવા લાગી. ઉત્તરોત્તર ખાદી વેચાણકેન્દ્રો દેશભરમાં શરૂ થયાં. ઇન્ડિયન નૅશનલ કૉંગ્રેસના નેતાઓએ ખાદી અપનાવી અને દેશના વરિષ્ઠ નેતાઓ નિયમિત કાંતી-સૂતર પ્રાપ્ત કરી તેમાંથી તૈયાર થયેલાં વસ્ત્રો પહેરતા થયા. ગાંધી-ટોપી પ્રખ્યાત થઈ.

ખાદી અને રેંટિયા-ચક્રે શહેરી અને ગ્રામ્ય પ્રજાને નજદીક લાવી દીધી.

વિદેશી વસ્ત્રોના ત્યાગ-બહિષ્કારનો પ્રચાર શરૂ થયો અને સ્વદેશી શબ્દ બાપુએ મણિભવનમાંથી પ્રજા સમક્ષ મૂક્યો.





ગાંધીજી અને કસ્તૂરબા

ગાંધીજી રાષ્ટ્રઘડતર માટેની ઘણી પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા હતા; અને તેની તરફેણમાં પોતાના વિચારો મણિભવનમાંથી વારંવાર રજૂ કરતા. સ્વદેશી ભાવના તેમના લોહીના બુંદ બુંદમાં હતી. સ્વદેશીને તેઓ હૃદયના ઊંડાણથી ચાહતા હતા. હંમેશાં લખવામાં-બોલવામાં સાધનો વાપરવા માટે અને વસ્ત્રોના ઉપયોગ માટે સ્વદેશીનો આગ્રહ રાખતા. અને તેમણે હંમેશાં સ્વદેશી ભાષા, વસ્ત્રો ને વિચારો માટે લોકમત જાગ્રત કરવાના ભગીરથ પ્રયત્નો કર્યા.

1918માં ગાંધીજી ડિસેન્ટ્રીના ગંભીર રોગમાં સપડાયા અને 13 ડિસેમ્બર, 1918ના રોજ ગંભીર માંદગી લઈ માથેરાનથી મણિભવન આવ્યા. તેમની દવા અને ઇન્જેક્શન લેવાની અસંમતિને લીધે તબિયત વધુ ને વધુ બગડતી ગઈ.

ગાય અને ભેંસ પર અજમાવવામાં આવતી ફુકન (Phookan) પદ્ધતિ એટલે કે દૂધનું છેવટનું ટીપું પણ ગાય કે ભેંસને દોહીને લેવાની પદ્ધતિ જે ગાય કે ભેંસ માટે અત્યંત દુઃખદાયક હતી. તે કારણે બાપુએ દૂધનો ત્યાગ કર્યો હતો. ગાંધીજી તેમાં હિંસા માનતા હતા. શ્રીમતી કસ્તૂરબા બાપુને ઝડપથી સાજા કરવા માગતાં હતાં. કસ્તૂરબાએ આ સ્થિતિમાંથી માર્ગ મેળવવા ખૂબ પ્રયત્નો કર્યા. મણિભવન પાસેથી પસાર થતાં ગોપાળ પાસેથી વાતચીત કરતાં જાણવા મળ્યું કે બકરીને દોહવામાં આવે ત્યારે ફૂકન(Phookan) પદ્ધતિનો ઉપયોગ થતો ન હતો, તેને દોહતી વખતે દુઃખ પહોંચાડવામાં ન આવતું. બાપુને તેમણે સમજાવ્યું કે બકરીનું દૂધ લેવામાં તેમની પ્રતિજ્ઞાને વાંધો ન આવે. બાપુએ કસ્તૂરબાની બકરીનું દૂધ લેવાની વાતનો સ્વીકાર કર્યો. સત્યાગ્રહની લડત લડવાની તેમની તીવ્ર આકાંક્ષાએ જીવવાની ઇચ્છા પ્રબળ બની અને બકરીનું દૂધ પીવાનું શરૂ કર્યું. 9 જાન્યુઆરી, 1919થી બકરીનું દૂધ પીવાનું શરૂ કર્યું અને ત્યાર પછી 21 જાન્યુઆરી 1919માં સફળતાપૂર્વક તેમના પર અહીં ઑપરેશન થયું અને બાપુએ આરોગ્ય પ્રાપ્ત કર્યું. જીવનપર્યંત બાપુએ બકરીનું દૂધ પીધું. આ પ્રસંગ પરથી મણિભુવનમાં બાપુનો 'અહિંસા' શબ્દ અસ્તિત્વમાં આવ્યો.

## કાળો કાયદો અને સત્યાગ્રહ

સત્તાધારી બ્રિટિશ સલ્તનતને આંચકો આપનાર પ્રથમ પગલું બાપુએ મણિભવનમાંથી ભર્યું. રોલેટ ઍક્ટ જે લોકમુખે 'કાળા કાયદા' તરીકે જાણીતો થયો તે 1919માં પસાર થયો. આ કાયદા સામે ગાંધીજી અને સમગ્ર ભારતનો રોષ (ભભૂકી ઊઠ્યો) જાગ્રત થયો. બાપુએ એના વિરોધમાં કહ્યું, 'આ કાળો કાયદો અમારે માટે પડકાર છે. 24 ફેબ્રુઆરી, 1919ના રોજ બાપુ અમદાવાદમાં હતા ત્યાંથી વાઇસરૉયને ટેલિગ્રામ કરી સંદેશો મોકલ્યો.' જ્યારથી આ કાયદો અસ્તિત્વમાં આવ્યો છે ત્યારથી તે અંગે ઊંડો વિચાર કર્યો છે. મારા મતે તે કાળો કાયદો છે. આ કાયદો સત્તાધારી વર્ગના રોગિષ્ઠ માનસનું દર્શન કરાવે છે.

'જેઓ જાહેર જીવનમાં મારી સાથે છે અને બીજા મિત્રો જે જનકલ્યાણનાં કાર્યોમાં સાથે છે તેઓની તાત્કાલિક સભા ભરવામાં આવી છે અને ખૂબ ચર્ચા-વિચારણા પછી નક્કી થયું કે સરકાર સામે સત્યાગ્રહ કરવો અને આવા કાયદા સામે અસહકાર દર્શાવવો.'

સત્યાગ્રહ સભા મુંબઈમાં સ્થાપવામાં આવી અને ગાંધીજી એના પ્રમુખ

નિમાયા અને કાળા કાયદા (રોલેટ ઍક્ટ) સામે મણિભવનમાંથી માર્ચ 1919માં સત્યાગ્રહની શરૂઆત કરવામાં આવી.

રોલેટ બિલ સામેની મુંબઈની સભામાં માર્ચ 14, 1919 ગાંધીજીનું ગુજરાતીમાં ભાષણ તેમના મંત્રીએ વાંચ્યું. જેમાં બાપુના શબ્દો હતા, 'સત્યાગ્રહ એ ધમકી નથી, પરંતુ વાસ્તવિકતા છે; હકીકત છે. શક્તિશાળી સરકાર જે ભારતની રાજ્યકર્તા સરકાર છે તેને આપણા બચાવ માટેની દલીલોમાં સાચા હોઈશું તો નમવું જ પડશે. આપણે ધિક્કાર સામે ધિક્કાર, હિંસા સામે હિંસા કે અસત્ય સામે અસત્ય આચરણ કરવાના નથી; પરંતુ દુષ્ટતાને બદલે સારપ મેળવવા આપણે એકધારા અને નિયમિત પ્રયત્નશીલ રહીશું.'

સત્યાગ્રહે દાવાની રજૂઆત વેચાણ માટે ફરમાવેલા મનાઈહુકમ છતાં સાહિત્ય 'હિંદસ્વરાજ' અને 'સર્વોદય' સાથે કરી. ગાંધીજીએ 24, ફેબ્રુઆરી 1919ના રોજ દલીલો દ્વારા જણાવ્યું કે, 'બિલ નં. 1 અને બિલ નં. 2 અનુક્રમે ઇન્ડિયન ક્રિમિનલ કાયદા અને ઇમરજન્સી પાવર તરીકે ઓળખાતાં બંને બિલ અન્યાયી, સ્વાતંત્ર્યના સિદ્ધાંતો વિરુદ્ધ, જનસમાજના કલ્યાણ; સંપૂર્ણ સલામતી અને દેશની સલામતી જે પર નિર્ભર છે તે ન્યાય અને વ્યક્તિઓના પ્રાથમિક હક્કોને કચડી નાંખનારા છે. આ બિલ કાયદાનું સ્વરૂપ ધારણ કરે અને તે પાછો ખેંચવામાં ન આવે તો અમે આ લડતમાં સવિનય અસહકાર કરીશું. તાબે થવાનો ઇન્કાર કરીશું અને અમારી મુકરર કરેલી સમિતિ નક્કી કરે તો આ અને આવા કાયદાઓનો વિરોધ થશે જ - આ લડતમાં પ્રામાણિકપણે સત્ય આચરણ કરીશું.'

એપ્રિલ 6 - સત્યાગ્રહ કેમ્પેઇનની શરૂઆત ગાંધીજીએ સારાય દેશમાં હડતાળનું એલાન આપીને કરી. લોકોને આ માટે આપવામાં આવેલા ટૂંકા સમય છતાં લોકોનો સહકાર અદ્‌ભુત હતો.

આખા ભારતમાં એક છેડેથી બીજા છેડા સુધી શહેરો તેમજ ગામડાંઓમાં હડતાળ મનાવવામાં આવી હતી.

પ્રતિભાવ આપતાં એપ્રિલ 6, મુંબઈમાં સત્યાગ્રહની રજૂઆત સમયે બાપુએ કહ્યું હતું, 'કોઈ પણ રાષ્ટ્ર કે દેશ ક્યારેય આત્મસમર્પણ કર્યા વિના સ્વતંત્રતા મેળવે એ શક્ય નથી. ભારતીય છાપખાનાંઓની સ્વતંત્રતા રૂંધનારા, કાયદાનો વિરોધ કરવાના આશયથી ગાંધીજીએ પોતાના તંત્રીપદ નીચે કાયદાકીય નોંધ કર્યા વિનાનું 7 એપ્રિલ 1919થી 'સત્યાગ્રહી' અઠવાડિક મણિભવનમાંથી બહાર પાડવાનું શરૂ કર્યું. છાપું અડધા પાનાનું હતું ને તેની કિંમત એક પૈસો હતી. તેમાં દેશની ઉન્નતિ બાબતની અન્ય વાતોનો સમાવેશ થતો - હતો તંત્રીને ગમે તે ક્ષણે જેલ ભેગા કરવાની શક્યતા હતી. ગાંધીજીએ જાહેર કર્યું હતું કે, 'છાપખાનાને લગતાં બધાં કાયદાકીય બંધનોનો દરેક સમયે તોડવાનો એમનો ઇરાદો ન હતો.

તેથી આ વિરોધ રોલેટ ઍક્ટ (કાળો કાયદો) પાછો ખેંચવામાં આવે ત્યાં સુધી હતો. બાપુએ મુંબઈના પોલીસકમિશનરને લખેલા પત્ર સાથે આ પત્રની નકલ મોકલી આપી હતી.

સત્યાગ્રહ પત્રિકા દરેક સોમવારે ગાંધીજીની સહી સાથે બહાર પડતી. આ પત્રિકા દ્વારા બાપુ સમગ્ર દેશને મણિભવનમાંથી સત્યાગ્રહનો સંદેશો પાઠવતા હતા.

મુંબઈના પોલીસકમિશનર સાથે બાપુનો પત્રવ્યવહાર ચાલુ રહેતો અને મણિભવનમાંથી તેમની પ્રવૃત્તિઓ અને આગામી આયોજનો વિશેની માહિતીથી તેમને જ્ઞાત કરવામાં આવતા. આ પ્રમાણે ગાંધીજીએ મણિભવનમાંથી પોતાના આયોજન વિશે મુંબઈ સરકારને જણાવ્યું, 'સીધા સવિનય આંદોલનની શરૂઆત જ્યારે કરવામાં આવશે તે અગાઉ સ્થાનિક સત્તાને જણાવવામાં આવશે.'

જ્યારે ગાંધીજીને માલૂમ પડ્યું કે પ્રજા સવિનય સત્યાગ્રહ આંદોલન માટે સંપૂર્ણ શિસ્તબદ્ધ તૈયાર ન હતી ત્યારે 18 એપ્રિલ, 1919ના રોજ આંદોલન બંધ કર્યું, પણ સરકારને જણાવ્યું, 'પ્રજાને મેં આ શીખ આપી છે, કારણ કે હાલમાં તેમની તૈયારીમાં ઓછો વિશ્વાસ પડે છે, પણ સત્યાગ્રહમાં મારો વિશ્વાસ પહેલાં કરતાં વિશેષ દૃઢ થયો છે.'

'સત્યાગ્રહ પ્રત્યે મારી વફાદારી ન જળવાય, જો મારાં કોઈ પણ કાર્યો પ્રજાને હિંસક બનવા પ્રેરે કે અંગ્રેજો અને ભારતીયો વચ્ચેના સંબંધોમાં કડવાશ જન્માવે.' વિરોધ અંગ્રેજ પ્રજા સામે ન હતો, અંગ્રેજ સલ્તનતના અન્યાય સામે હતો.

બાપુએ મણિભવનમાંથી ભારતીય જનતાને અહિંસાની લક્ષ્મણરેખા દોરી આપી.

**'યંગ ઇન્ડિયા' અને 'નવજીવન' :** મણિભવનમાં 1919માં તેઓ રોકાયા તે દરમિયાન ફરીથી 'યંગ ઇન્ડિયા' અને 'નવજીવન' અઠવાડિક અંગ્રેજી અને ગુજરાતીમાં શરૂ કર્યું. આ અઠવાડિકોએ ભારતની પ્રજાની અમૂલ્ય સેવા કરી. આ અઠવાડિકોના માધ્યમથી ગાંધીજી સત્ય, અહિંસા, સ્વરાજ ને સ્વદેશીના સંદેશા લોકોના હૃદય સુધી પહોંચાડવામાં સફળ થયા અને સત્યાગ્રહ રૂપી નવું શસ્ત્ર લોકપ્રિય કર્યું.

બાપુએ આ બંને અઠવાડિકો હાથમાં લીધાં પછી એનો બહોળો ફેલાવો થયો.

'નવજીવન' અને 'યંગ ઇન્ડિયા'ના જન્મસ્થળ તરીકે પણ મણિભુવનનું ઐતિહાસિક મહત્ત્વ છે. કલમ દ્વારા ક્રાન્તિનો સંદેશો ચારે દિશામાં ફેલાઈ ગયો :

**ખિલાફત અને અસહકાર :** હિંદુ-મુસ્લિમ ઐક્યના સિદ્ધાંતનો પ્રચાર કરવામાં મણિભવનનો ફાળો ઘણો મોટો હતો. એપ્રિલ 1919 જલિયાંવાલા બાગમાં

થયેલી કતલ પછી શ્રી મહાદેવભાઈનો પત્રકારત્વનો મૌલિક તબક્કો શરૂ થયો. તેમણે ગાંધીજીએ શરૂ કરેલા ‘નવજીવન’ અને ‘યંગ ઇન્ડિયા’ સાપ્તાહિકોમાં સક્રિય ફાળો આપવાનું શરૂ કર્યું અને એ અનુભવ લઈ તેઓ પંડિત મોતીલાલ નહેરુની માગણીથી તેમણે અલ્લાહાબાદમાં શરૂ કરેલા ‘ઇન્ડિપેન્ડન્ટ’ દૈનિકમાં મદદ કરવા ગયા.

સરકાર અને ભારતીય જનતા વચ્ચે 1920માં સંઘર્ષની શરૂઆત થઈ. ઇંગ્લૅન્ડે લડાઈમાં વિજય મેળવ્યા પછી મુસ્લિમોની મદદની જરૂર ન રહેતાં સત્તાધીશોએ મુસ્લિમ પ્રજાની ઉપેક્ષા કરવાની શરૂઆત કરી. ભારતીય મુસ્લિમો રોષે ભરાયા અને ‘ખિલાફત ચળવળ’ની શરૂઆત કરી. ગાંધીજીએ 1920માં અલીભાઈઓને અને ખિલાફત ચળવળને સાથ આપ્યો.

22 જૂન 1920 : બાપુએ મણિભવનમાંથી જ હિંદના વાઇસરૉય લૉર્ડ ચેમ્સફોર્ડ(Lord Chelmsford)ને પત્ર મોકલ્યો કે ‘સલ્તનતના મુસ્લિમો પ્રત્યેની ઉપેક્ષાથી ભારતના મુસ્લિમોને આઘાત લાગ્યો છે; જેમાંથી ઊગરવાનું તેઓ માટે મુશ્કેલ છે. મારા મુસ્લિમ બિરાદરોના નિકટના હિન્દુ મિત્ર તરીકે હું તેમની સાથે છું. મારા નમ્ર મત પ્રમાણે જો હું તેમની આ પરિસ્થિતિમાં તેઓની પડખે ન ઊભો રહું તો હું ભારતનો નાલાયક પુત્ર કહેવાઉં. મારા નમ્ર મત મુજબ તેઓનું ખિલાફત આંદોલનનું કારણ યોગ્ય છે.’ સામ્રાજ્ય પ્રત્યેની મારી ફરજ અને વફાદારી મુસ્લિમોની ભાવના પ્રત્યે આચરવામાં આવતી ક્રૂર હિંસાને અટકાવવા પ્રેરે છે. મને માલૂમ છે ત્યાં સુધી મુસ્લિમ અને હિંદુ બંને પ્રજાએ બ્રિટિશ ન્યાય અને માનમાં વિશ્વાસ ગુમાવ્યો છે, ‘અસહકાર’ની ચળવળના અનુસંધાનમાં ‘કૈસરે હિંદ’નો ઇલકાબ અને કૈસરે હિન્દ ગોલ્ડ મેડલ સલ્તનતને પાછો આપ્યો. વિશેષમાં કહ્યું,

‘પંજાબના બનાવો પ્રત્યેની ઉપેક્ષા અને ભારતીય નાગરિકોની ભાવના-લાગણી પ્રત્યેનો હાઉસ ઑફ લૉર્ડ્ઝ અનાદર મને સરકાર પ્રત્યે વફાદાર સહકાર આપતાં રોકે છે.’

1 ઑગસ્ટ 1920 : લોકમાન્ય તિલક દિવંગત થયા તે પહેલાં મણિભવનમાં તિલકમંત્ર ‘સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક્ક છે’ - ગુંજતો હતો અને સમગ્ર દેશમાં ફેલાયો હતો. તિલક મહારાજના મૃત્યુથી દેશ દુઃખમાં ડૂબી ગયો હતો. બાપુએ અંજલિ આપતાં મણિભવનમાંથી ‘યંગ ઇન્ડિયા’માં લખ્યું, ‘મારો મજબૂત આધારસ્તંભ ચાલ્યો ગયો.’ લોકમાન્ય બાલગંગાધર તિલક મૃત્યુ પામ્યા છે તે માનવાનું મુશ્કેલ છે. તે લોકોના હૃદયની એટલા નજીક હતા કે માનવીઓ વચ્ચે તે લોકોત્તર માનવી-લોકનાયક હતા. સિંહનાદ લુપ્ત થયો.

લોકમાન્ય તિલકની રાષ્ટ્રભક્તિ આવેગપૂર્ણ હતી. પોતાના દેશપ્રેમ સિવાય એમને બીજો કોઈ ધર્મ ન હતો. તે જન્મજાત દેશભક્ત હતા.

લોકમાન્ય તિલક સિવાય બીજા કોઈએ આગ્રહ અને સાતત્ય જાળવી સ્વરાજ્ય ધર્મનો એટલો પ્રસાર કર્યો ન હતો. મંત્ર ‘સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક્ક છે’ આબાલ-વૃદ્ધને મુખે સાંભળવા મળતો હતો.

જુલાઈ, ઑગસ્ટ અને સપ્ટેમ્બર, 1921માં ગાંધીજીએ સંપૂર્ણ ધ્યાન જનતાના વિચારો પરદેશી વસ્ત્રોનો બહિષ્કાર કરવામાં પરોવાય તે તરફ આપ્યું અને 31 જુલાઈ, 1921માં ગાંધીજીએ મુંબઈમાં એલ્ફિન્સ્ટન મિલના કંપાઉન્ડમાં વિદેશી વસ્ત્રોની હોળી કરી. મણિભવનમાં આ અંગે આયોજન થયું હતું. દેશભરનાં સ્ત્રી-પુરુષ નાગરિકોએ ગાંધીજીની વિદેશી વસ્ત્રોની હોળી કરવાની - બહિષ્કાર કરવાની હાકલને સ્વીકારી. દેશભરમાં તેનો પડઘો પડ્યો અને ઊંચા પ્રકારનાં રેશમી પરદેશી વસ્ત્રોને ગામેગામ - શહેરેશહેરમાં સળગાવવામાં આવ્યાં.

‘વિદેશી વસ્ત્રોનો બહિષ્કાર’ મંત્ર લોકમુખે સંભળાવા લાગ્યો અને આ વાતાવરણની પ્રબળ અસર નીચે ભારતભરમાંથી કેટલીક સ્ત્રીઓ રાજકારણ અને જાહેરજીવનમાં દાખલ થઈ - શરૂઆત મણિભવનથી થઈ.

1 ઑગસ્ટ, 1921 ગાંધીજીએ મુંબઈ ચોપાટી પર વિશાળ સભામાં જનતાને સંબોધન કરતાં કહ્યું, ‘મુંબઈએ ગઈકાલે વિદેશી વસ્ત્રોને આગ લગાડી હતી, જે હવે કાયમ માટે થશે. એમ જણાવ્યું હતું. મુંબઈમાં ગાંધીજીએ પ્રગટાવેલી આ આગે દેશભરમાં જાગૃતિ લાવી દીધી. આ બનાવ પછી ગાંધીજી 2 ઑક્ટોબર 1921 તેમના જન્મદિવસે મુંબઈમાં બે મહિનાના પ્રવાસ પછી આવ્યા હતા. બાપુએ અગાઉના પહેરવેશમાં ફેરફાર કર્યા પછી આ તેમની મણિભવનમાં પ્રથમ મુલાકાત હતી. જ્યારે મુંબઈની જનતાએ તેમના આગમનની વાત જાણી ત્યારે બાપુને નવા પહેરવેશમાં જોવા લોકોનાં ટોળાં મણિભવનમાં આવતાં હતાં. જુદા જુદા પ્રાંતના નેતાઓ 4 ઑક્ટોબર ગાંધીજીના આમંત્રણનો સ્વીકાર કરી મુંબઈમાં ભેગા થયા. ગાંધીજીએ તૈયાર કરેલો સિદ્ધાંતનો જાહેરાત ખરડો (manifesto) નેતાઓએ મંજૂર રાખ્યો અને પસાર કર્યો.

આ સૈદ્ધાંતિક જાહેર ખરડા (Menifesto) પર 50 દેશનેતાઓ અબુલ ક્લામ આઝાદ, અજમલખાન, મોતીલાલ નહેરુ, સરોજિની નાયડુ, લજપતરાય, વિઠ્ઠલભાઈ પટેલ, વલ્લભભાઈ પટેલ, અબ્બાસ તૈયબજી, જવાહરલાલ નહેરુ, એસ. એસ. અનેય, ઉમર શોભાની, એમ. એ. અન્સારી, સી. રાજગોપાલાચારી, રાજેન્દ્રપ્રસાદ અને અન્ય નેતાઓએ સહી કરી મંજૂર કર્યો.

આ મુસદ્દો લાખો લોકોએ અસંખ્ય જગ્યાઓ પર વાંચ્યો હતો. બીજા (resolution) ઠરાવમાં જણાવ્યું હતું કે પ્રિન્સ ઑફ વેલ્સનું જે દિવસે મુંબઈમાં આગમન થાય ત્યારે સામાન્ય મરજિયાત હડતાળ દેશભરમાં (હિંદમાં) હોવી જોઈએ.

આ મણિભવનમાં જ 10 ઑક્ટોબરે બાપુની મુલાકાતે એમ. એ. જિન્હા આવ્યા હતા. મુલાકાત ખૂબ લાંબી ચાલી હતી અને ખાનગી હતી.

પ્રિન્સ ઑફ વેલ્સનું 17 નવેમ્બર 1921ના દિવસે મુંબઈમાં આગમન હતું. બાપુ એ દિવસે મુંબઈમાં જ હોય એવી અસહકાર કરનારાઓની માંગણી હતી. એવું નક્કી કરવામાં આવ્યું હતું કે ગાંધીજીએ તા. 17મીએ મુંબઈમાં સવારે પહોંચી જવું અને તે જ રાત્રે વડોદરા જવા ટ્રેન પકડવી. પ્રિન્સ ઑફ વેલ્સના મુંબઈમાં આગમન સાથે જ કૉંગ્રેસ વર્કિંગ કમિટીએ જાહેરાત કરી કે સમગ્ર ભારતમાં હડતાળ હોવી જોઈએ. હડતાળની શરૂઆત પછી બપોરે એક વાગે ગાંધીજીને શહેરના અન્ય કેટલાક વિસ્તારમાં અવ્યવસ્થા અને ભાંગફોડના કેટલાક બનાવો વિશે માહિતી મળી. જ્યારે તેમને લાગ્યું કે હુલ્લડ ઝડપથી બંધ નહીં થાય ત્યારે બાપુએ ખોરાક લેવાનું બંધ કર્યું અને ઉપવાસની જાહેરાત કરી. નવેમ્બર 19ને દિવસે તેમણે જનતા સમક્ષ નિવેદન કર્યું કે, 'મુંબઈનિવાસી સ્ત્રી-પુરુષો; છેલ્લા બે દિવસથી જે અજંપો અને દુઃખ હું અનુભવી રહ્યો છું તે વર્ણવી શકતો નથી. રાતના 3-30 વાગે સંપૂર્ણ શાંતિમાં આ લખી રહ્યો છું. હું બે કલાકની પ્રાર્થના અને ધ્યાન પછી પાણી સિવાય બીજું કંઈ લઈશ નહીં.'

બાપુના ઉપવાસની જાહેરાત પછી અને વિનંતી પછી શહેરના હુલ્લડવાળા વિભાગોમાં તુરત શાંતિ સ્થપાઈ. મહાભારતના યુદ્ધની જેમ અર્વાચીન ભારતની સ્વાતંત્ર્ય લડત પણ દૈવી અને આસુરી બળોના ગજગ્રાહ જેવી હતી. ઝનૂની રાષ્ટ્રવાદીઓ એ સંગ્રામમાં અંગ્રેજોને અસુરો અને ભારતીય લડતના નેતાઓને દેવોના પ્રતિનિધિઓ તરીકે ઓળખાવવા લલચાતા હતા. પણ હકીકતમાં ભારતની પ્રજા અને નેતાઓ તેમજ અંગ્રેજ પક્ષે એમ બંને પક્ષોમાં દૈવી અને આસુરી બળોનું મિશ્રણ હતું; અને ગાંધીજીના પુરુષાર્થ, સત્ય ને અહિંસાના આધ્યાત્મિક તપોબળથી બંને પક્ષની શુદ્ધિ સાધવાની હતી.

સોમવારે અલગ અલગ કમિટીના અગ્રેસર નેતાઓએ પ્રથમ જેવી શાંતિ અને વ્યવસ્થા મુંબઈમાં સ્થપાઈ ગયા પછી બાપુને મળીને ઉપવાસનો અંત લાવવા માટે ખૂબ વિનંતી કરી. બાપુએ શરત રજૂ કરી. મુંબઈમાં ભેગા થયેલા નેતાઓ શહેરમાં શાંતિ સ્થાપવાની જવાબદારીનો સ્વીકાર કરે તો એ શરત પર બાપુ ઉપવાસ છોડવા તૈયાર થયા. સમગ્ર નેતાઓ તરફથી બાંયધરી મળતાં બાપુના ઉપવાસનો અંત આવ્યો.

અસહકારના આંદોલન દરમિયાન હિંસા થવાથી ગાંધીજીએ તે મોકૂફ રાખ્યું; અને 10 માર્ચ, 1922માં અમદાવાદમાંથી બાપુની ધરપકડ થઈ. તેમનાં ક્રાંતિકારી લખાણો માટે છ વર્ષની સજા થઈ. ફેબ્રુઆરી 1924માં તબિયતને કારણે તેમને મુક્ત કરવામાં આવ્યા.

જેલમાંથી બહાર આવ્યા પછી, ગાંધીજીએ 1924માં બેલગામમાં મળેલી કૉંગ્રેસ સભામાં ભાષણ આપ્યું હતું અને તુરત મુંબઈ આવીને મુસ્લિમ લીગની ગ્લોબ થિયેટરમાં યોજવામાં આવેલી વાર્ષિક બેઠકમાં ભાષણ આપ્યું હતું.

એ.આઈ.સી.સી. 24 મે, 1929ના દિવસે મુંબઈમાં ગાંધીજીના સલ્તનતના વિરોધ માટેના આયોજન પર વિચારણા કરવા મળી હતી. ગાંધીજીએ રજૂ કરેલા ખરડામાં (Resolution) વિગત હતી કે 1930 ઑગસ્ટના અંત સુધીમાં કૉંગ્રેસના રજિસ્ટર પર સાડા સાત લાખ સ્ત્રી અને પુરુષ સભ્યો હોવાં જોઈએ. જો આ સભ્યો પ્રામાણિક રીતે સંસ્થાનું કામ કરે તો 1921 જેવી સક્રિય સંસ્થા ફરી શરૂ થાય. કૉંગ્રેસ સંસ્થાની પરીક્ષા સરળ હતી. ભારતના દરેક ગામડામાં કૉંગ્રેસ વિશે માહિતી હોવી જોઈએ અને ભારતના દરેક ગામડામાં કૉંગ્રેસના કાર્યકર્તાઓ હોવા જોઈએ તેમજ દરેક કૉંગ્રેસ સભ્યને કૉંગ્રેસ શું છે અને તે સભ્યો પાસે કૉંગ્રેસ શાની અપેક્ષા રાખે છે તેની માહિતી હોવી જોઈએ.

ગાંધીજી અમદાવાદથી મુંબઈ મણિભવનમાં 11 ઑગસ્ટ 1929માં ફરી આવ્યા. તેમનો ઇરાદો નહેરુ રિપોર્ટ પર મુસ્લિમોનો અભિપ્રાય મેળવવાનો હતો. નહેરુ રિપોર્ટનો મુસલમાનો સ્વીકાર કરે તે માટે મણિભવનમાં ગાંધીજીએ એમ. એ. જિન્હા સાથે વાટાઘાટ શરૂ કરી હતી. સાંજના અલીભાઈઓ સાથે પણ મણિભવનમાં બાપુએ તેમના કૉંગ્રેસ અને નહેરુ રિપોર્ટ સામે વિરોધ દર્શાવતાં રોષનાં કારણો જાણવા એક કલાક ચર્ચા કરી હતી અને યોગ્ય સમાધાન કરવા તેઓ સંમત હતા તે નક્કી કર્યું હતું.

7 સપ્ટેમ્બર 1929, બાપુએ મુંબઈમાં મણિભવનમાં રહીને ભગિની સેવા મંદિર વિલેપાર્લેની સ્ત્રી - સંસ્થાનો પાયો નાંખ્યો હતો. મુંબઈની દેશભક્તિને સમર્પિત આ પ્રથમ સ્ત્રી - સંસ્થા ખાદીપ્રચાર, કૉંગ્રેસના સભ્યપદનો સ્વીકાર કરી, નશાબંધીનું કાર્ય અને દારૂના પીઠા પર સત્યાગ્રહ-અસ્પૃશ્યતાનિવારણના કાર્યમાં મદદ, કેટલાય સામાજિક કુરિવાજોનો વિરોધ, વિદેશી કાપડનો બહિષ્કાર અને સ્વાતંત્ર્યની પ્રત્યેક ચળવળમાં કૉંગ્રેસના આદેશનું પાલન કરી અગ્રેસર બની રહી. જે બધી ગુજરાતી બહેનો કોમલાંગી ગણાતી હતી તેઓનાં વીરાંગના રૂપે દર્શન થયાં. ઘરની ચાર દીવાલો વચ્ચે રહેતી બહેનોને બહારની મુક્ત હવાનો સ્પર્શ થયો. જેલને મહેલ માનવાનું બાપુએ તેમને શીખવ્યું અને વિલેપાર્લેની ભગિની સેવા મંદિર જેવી સ્ત્રી - સંસ્થાઓ મુંબઈમાં અને પરાંઓમાં નાના-મોટા સ્વરૂપે શરૂ થઈ. 1929-1930ના સમય સુધીમાં તો દેશભરમાં શહેરો અને ગામડાંમાં સ્ત્રીશક્તિ જાગ્રત થઈ હતી. આ બધો પ્રતાપ હતો ગાંધીજીનો આપણા રાષ્ટ્રપિતાનો. તેઓ કહેતા કે ‘મારી લડત તો અહિંસાની લડત છે’ અને સ્ત્રી તો અહિંસાની જીવતીજાગતી મૂર્તિ છે. અહિંસાનો અર્થ છે અસીમ પ્રેમ અને અસીમ પ્રેમ આપે છે કષ્ટ સહન

કરવાની અપાર શક્તિ. આ શક્તિ ભાઈઓ કરતાં બહેનો જ વધારે બતાવી શકે એવી બાપુને શ્રદ્ધા હતી.

જ્યારે ગાંધીજી દક્ષિણ આફ્રિકામાંથી સત્યાગ્રહની જ્વલંત કામગીરી પૂર્ણ કરી સ્વદેશ પાછા ફર્યા ત્યારે દેશમાં સ્વાતંત્ર્યસંગ્રામની શરૂઆત થઈ ચૂકી હતી.

લોકમાન્ય તિલક, એની બેસન્ટ, અરવિંદ ઘોષ, ગોખલેજી અને બીજા સમર્થ નેતાઓ દેશના ઇતિહાસમાં પ્રથમ વાર એકસાથે મળીને લોકમાનસ - પ્રજાને જાગ્રત કરવાના પ્રયત્નો કરી રહ્યા હતા. દેશના શિક્ષિત વર્ગમાં થોડીઘણી જાગૃતિ આવી હતી અને હિંસક ક્રાંતિના છૂટાછવાયા કિસ્સાઓ બનતા હતા. આ વાતાવરણમાં ગાંધીજીએ રાજકારણમાં પ્રવેશ કર્યો. દેશમાં આવી એક વર્ષ સુધી જુદા જુદા પ્રાંતોમાં ફરી અને ત્યાંના નેતાઓને મળી પરિસ્થિતિનો અભ્યાસ કર્યો અને પછી મણિભવન અને સાબરમતી આશ્રમમાંથી ધીમે ધીમે નાના નાના પ્રસંગો દ્વારા સરકારના અન્યાય સામે થવાની તાલીમ પ્રજાને આપવા માંડી. કૉંગ્રેસમાં સક્રિય ભાગ લેવાનું શરૂ કર્યું અને નેતાઓનો સહકાર મેળવી સ્વાતંત્ર્યની ચળવળને દેશવ્યાપી સ્વરૂપ આપ્યું.

લોકમાન્ય તિલક અને ગોખલેજીનું અવસાન થયું. અરવિંદબાબુ સાધનાનો માર્ગ પકડ્યો, પરિણામે લડતનું સુકાન અનાયાસે જ બાપુને સંભાળવું પડ્યું.

મણિભવનમાંથી રોલેટ ઍક્ટના વિરોધથી શરૂ થયેલી લડતે ધીમે ધીમે દેશવ્યાપી ઉગ્ર રૂપ પકડ્યું; અને ત્યાર પછી એક પછી એક લડતો આવતી રહી. રાજકારણમાં ગાંધીજીના સક્રિય પ્રવેશથી જુદા જુદા પ્રકારની નાનીમોટી ઘણી લડતો દેશના જુદા જુદા ભાગમાં ચાલતી રહી હતી. આ સમય દરમિયાન તેમણે સ્વદેશી, અસ્પૃશ્યતાનિવારણ, દારૂનિષેધ, રાષ્ટ્રીય કેળવણી, હિંદુ-મુસ્લિમ ઐક્ય જેવી વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓની શરૂઆત કરી. દેશમાં રાજકીય જાગૃતિની સાથે સામાજિક, નૈતિક અને આર્થિક પ્રગતિ સાધવાની પ્રક્રિયાને ગતિમાન કરી હતી. મણિભવન આ પ્રવૃત્તિઓ માટેનું મુખ્ય કેન્દ્ર હતું - આ રીતે એક બાજુ પ્રજાનો જુસ્સો અને હિંમત સરકાર સામે લડત આપીને વધારવાનું અને બીજી બાજુ રચનાત્મક કાર્યક્રમો દ્વારા પ્રજાને શિસ્ત અને સ્વાવલંબનનું શિક્ષણ આપીને પ્રજાનું ઘડતર મજબૂત બનાવવાનું વિકટ કાર્ય હાથ ધર્યું.

## પૂર્ણ સ્વરાજ

કૉંગ્રેસે દેશને 26 જાન્યુઆરી 1930ને સ્વાતંત્ર્યદિન તરીકે ઊજવવાનો આદેશ કર્યો અને તે દિવસે સ્વરાજ્યપ્રાપ્તિ માટે પ્રતિજ્ઞા લેવા જણાવ્યું. આત્મસમર્પણ અને આત્મત્યાગ સાથે 26 જાન્યુઆરી 1930 પ્રતિજ્ઞાના શબ્દો હતા : ‘અમે માનીએ છીએ કે હિંદી પ્રજાનો બીજી પ્રજાની જેમ સ્વાતંત્ર્યપ્રાપ્તિ જન્મસિદ્ધ હક્ક છે;

અને પોતાની ભૂમિના મહેનતનાં ફળ મેળવવાનો અને વિકાસ પામવાનો અબાધિત અધિકાર છે; જેથી વિકાસ માટે પ્રજાને સંપૂર્ણ તક મળે. અમે એ પણ માનીએ છીએ કે કોઈ સરકાર આ અધિકાર, હક્કથી પ્રજાને વંચિત કરે અને ત્રાસ આપે તો પ્રજાને તે બદલવાનો કે (નાશ કરવાનો) હટાવવાનો હક્ક છે.

'બ્રિટિશ સરકારે ભારતમાં ભારતીય પ્રજાને સ્વાતંત્ર્યથી વંચિત કરી છે એટલું જ નહીં, પણ પ્રજાનું શોષણ કરી ભારતને આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક નુકસાન પહોંચાડી સરકારે લાભ મેળવ્યો છે. અમે આથી (ભાનીએ) પ્રતિજ્ઞા કરીએ છીએ કે ભારતે બ્રિટિશ સંબંધ તોડી નાખી પૂર્ણ સ્વરાજ પ્રાપ્ત કરવું.

અમારા ભારત દેશને આ પ્રકારની ભયંકર પરિસ્થિતિમાં ડુબાડનાર સત્તાના વધુ સમય તાબામાં રહેવું તે માનવજાતિ અને પરમાત્માનો ગુનો છે.

અમે જાણીએ છીએ કે અમારો સ્વતંત્રતા મેળવવાનો અસરકારક માર્ગ હિંસા નથી, તેથી અમે અમારી સ્વતંત્રતા મેળવવા અહિંસાનો માર્ગ અપનાવીશું. અમારાથી થઈ શકે તેટલી સરકારથી સ્વતંત્ર સંસ્થાઓ તૈયાર કરીશું અને કર ભરવા માટે સવિનય આંદોલન કરવા તૈયાર કરીશું.'

ગાંધીજી અને મણિભવને જાહેર કર્યું કે 'અમે વ્યક્તિગત મદદ અને કર આપવાનું હિંસક બન્યા વિના બંધ કરીએ તો આ અમાનવીય સત્તાનો અંત આવી જાય. કૉંગ્રેસ તરફથી વખતોવખત મળતા આદેશોનું પૂર્ણ સ્વરાજ્ય મેળવવા માટે અમે પાલન કરીશું.'

26 જાન્યુઆરી 1930ની સ્વાતંત્ર્ય દિન તરીકે ઘોષણા કર્યા પછી અને પૂર્ણ સ્વરાજ્યની પ્રતિજ્ઞા પછી ભારતભરમાં સવિનય સત્યાગ્રહ માટે બાપુએ સુવિખ્યાત દાંડી સત્યાગ્રહનું આયોજન કર્યું.

## દાંડીકૂચ

1930નું વર્ષ. માર્ચ મહિનાની બારમી તારીખ. આ તારીખે ગાંધીજીએ 78 સૈનિકો સાથે અમદાવાદના સાબરમતી આશ્રમમાંથી પદયાત્રાનો આરંભ કર્યો. 2 સૈનિકો વધુ ઉમેરાયા. સેનાપતિ તરીકે ગાંધીજી હતા. એટલે કુલ સંખ્યા 81. 5 એપ્રિલ, 1930ના દિવસે દાંડી પહોંચ્યા અને છઠ્ઠી તારીખે સવારે સમુદ્રસ્નાન કરીને મીઠાના કાયદાનો ભંગ કરી આઝાદીની મહાન લડતનો ઝંડો ફરકાવ્યો. બાપુની ઉંમર ત્યારે 61 વર્ષની હતી. આજની પ્રજાને ચપટી મીઠા માટે લડત કરવાનું કારણ સમજાશે નહીં; પરંતુ એ મીઠા પાછળ ભારતના કરોડો લોકોની ગુલામીનાં દર્શન થયાં હતાં. અંગ્રેજોની કૂટનીતિ જો સમજાય તો જ આ લડતનું મહત્ત્વ સમજી શકાય. અંગ્રેજ સરકારે, ભારતની ગરીબ જનતા ઉપર મીઠાવેરો નાખ્યો. આ વેરો વર્ષે, ત્રણ આના (19 નવા પૈસા) હતો, પરંતુ ભારતના લોકો માટે મીઠું પ્રાણ સમાન

હતું. જો પ્રત્યેક માનવીએ ત્રણ આના મીઠાવેરો દેવો પડે તો તે વખતના મજૂરોને એ વેરો ભરવા ચાર દિવસની મજૂરીની કમાણી ચાલી જતી હતી. એ મજૂરો માટે ભારે બોજારૂપ કર હતો. એક બાજુ ભારતની કંગાળ પ્રજાને આ વેરો ત્રાસરૂપ લાગતો હતો તો બીજી બાજુ, ભારતના વેપારીઓને પણ આ વેરાથી ભારે નુકસાન થતું હતું. એ સમયમાં સમુદ્રકિનારે રહેતા વેપારીઓ કે જેઓ મીઠાનો ધંધો કરતા હતા, તેમની પાસેથી મીઠું બનાવવાનો ધંધો છીનવી લઈને માત્ર ઇંગ્લૅન્ડના વ્યાપારનું રક્ષણ થતું હતું. ભારતમાં મીઠાની જેટલી ખપત હતી તેના ત્રીજા ભાગનું મીઠું જ અહીં સરકાર પકવવા દેતી હતી. બાકીના બે ભાગનું મીઠું લિવરપુલ(ઇંગ્લૅન્ડ) માંથી આવતું હતું. આપણા દેશમાં વિશાળ સાગરકાંઠો હોવા છતાં પરદેશથી મીઠું મંગાવવાની શી જરૂર હતી ? પ્રજાના શોષણની આવી નીતિરીતિને ગાંધીજી પામી ગયા હતા. ગરીબ પ્રજા રોટલો અને મીઠું ખાઈ જીવતી હતી; તેથી તેમણે મીઠાના સત્યાગ્રહ દ્વારા સરકારને જાગ્રત કરવા વિચાર્યું. આ દાંડીયાત્રાના ત્રણ ઉદ્દેશ બાપુજીના મનમાં હતા. એક પદયાત્રા દ્વારા લોકસંપર્ક કરી જનતાની ગરીબી પ્રત્યે લોકોનું ધ્યાન દોરવાનો, બીજો સત્યાગ્રહીઓ, લોકનોતાઓ, લોકો સાથે પ્રત્યક્ષ મળવાનો અને ત્રીજો લોકોને તેમની ગુલામી અને ગરીબાઈ પ્રત્યે જાગ્રત કરીને અસહકાર આંદોલનની સમજ આપવાનો હતો. બાપુ દાંડીકૂચને ધર્મયાત્રા કહેતા.

અભણ, ગરીબ અને ઘરબાર વગરના, રસ્તા વગરનાં ગામડાંમાં તે વખતે વસતા ત્રીસ કરોડ લોકો સુધી સ્વરાજ્યની વાત પહોંચાડવાની હતી. તે સૌને ઢંઢોળવાના હતા. અસ્પૃશ્યતાનિવારણ, ખાદી, સ્ત્રીકેળવણી, ગ્રામોદ્યોગ, દારૂબંધી જેવી રચનાત્મક પ્રવૃત્તિમાં પ્રજાને પલોટવાની હતી. કામ વિરાટ હતું. બીજી તરફ પ્રવાસ માટે આટલી ટ્રેનો ન હતી. છાપાનું સાધન તણખલા જેટલું નહિવત્ હતું અને તે પર પણ સરકારની કરડી નજર હતી. રેડિયો કે વિમાન હતાં નહીં. આ તમામ બાબતોનો વિચાર કરી ગાંધીજીએ રાજકારણના મુખ્ય સાધન તરીકે કેવળ પદયાત્રા પર આધાર રાખ્યો. બાપુએ એમના પાતળા લાંબા પગે કેટલાય હજારો માઈલ કાપ્યા હશે ! ગાંધીજીની આ દાંડીકૂચ આ સદીનો અદ્વિતીય અને અસાધારણ બનાવ ગણાય. ઇતિહાસમાં રાજકીય અને લશ્કરી કૂચની નોંધ છે; પરંતુ, માત્ર 80 સૈનિકોની ઐતિહાસિક અહિંસક કૂચ વડે સામ્રાજ્યને પડકારીને પાયામાંથી હચમચાવી મૂકનાર બીજી કોઈ કૂચ આજ સુધી નોંધાઈ નથી. 1930ની 6ઠ્ઠી એપ્રિલે રવિવારે દાંડીમાં સાગરસ્નાન કરી 6-30 કલાકે કાયદાભંગ કરી બાપુએ ચપટી મીઠું ઉપાડ્યું. બ્રિટિશ સત્તામાં લૂણો લાગ્યો. ગાંધીજી જાણતા હતા કે મીઠા-સત્યાગ્રહથી કંઈ દેશને તાત્કાલિક સ્વરાજ્ય મળવાનું નથી. દેશની આઝાદી પ્રાપ્ત થઈ જવાની નથી, પરંતુ તેમને ખ્યાલ તો હતો કે સરકારનો વિરોધ કરવાનો આ એક અસરકારક માર્ગ છે. તેથી તેમણે જ આ સત્યાગ્રહની આગેવાની લીધી

હતી. એ વખતે જવાહરલાલજીએ કહ્યું હતું કે, ‘આજે આ તીર્થયાત્રી પોતાની દીર્ઘયાત્રાએ નીકળી પડ્યા છે.’

મીઠા-સત્યાગ્રહમાં ધીમે ધીમે હજારો લોકો જોડાયા, મહિલાઓનો પણ સમાવેશ થતો હતો. તેઓએ મીઠું બનાવવા માંડ્યું અને જનસમાજમાં આપવાનું પણ શરૂ કર્યું.

સરકારે કાયદા તોડનારાઓને ડરાવવા માટે લાઠીઓથી ફટકાર્યા. જેલમાં પૂર્યા છતાં સત્યાગ્રહ ચાલુ જ રહ્યો.

‘પ્રાણ જાય અરૂ વચન ન જાઈ’ના સિદ્ધાંતને ગ્રહણ કરી પ્રયાણ કરનાર સાબરમતીના સંતના દર્શન માટે આશ્રમથી પાંચ માઈલ સુધીની સડક બંને બાજુએ માનવમહાસાગરથી છવાઈ ગઈ હતી. એ અહિંસક સત્યાગ્રહ સ્થૂળ અર્થમાં સત્યાગ્રહ ન હતો, પરંતુ આ દેશના ભારતીય નાગરિકોની ધરતીના ખમીરની અભિવ્યક્તિની વિરલ ઘટના હતી. દાંડીકૂચની શરૂઆત પહેલાં ગાંધીજીએ તા. 2જી માર્ચ 1930 બ્રિટિશ વાઇસરૉય લૉર્ડ ઇરવિનને ઐતિહાસિક પત્ર લખી ચેતવણી આપી, જેમાં ગાંધીજીએ જણાવ્યું હતું કે ‘ગોળમેજી પરિષદમાં કોઈ ઉકેલ આવશે એ આશા ઠગારી નીવડી છે. વળી સમગ્ર બ્રિટિશ રાજ્ય હિંદનો સર્વનાશ કરનારું તંત્ર છે. એક કલમના લસરકાથી હિંદના કરોડો રૂપિયા તાણી જવામાં આવે છે અને જ્યારે આવા જુલમથી સત્યાગ્રહ અથવા સવિનય કાનૂનભંગ થાય છે ત્યારે બ્રિટિશ સરકાર સ્થાપિત હિતોને સાથે રાખી દમન આચરે છે અને હિંદના ચૂરેચૂરા કરી રહ્યા છે.’

વાઇસરૉયને લખેલા પત્ર બાદ ગાંધીજીએ ‘નવજીવન’માં અગ્રલેખ લખ્યો. તેમાં દાંડીકૂચની પવિત્ર યાત્રાને વધુ સ્પષ્ટ કરી જણાવ્યું કે ‘બુધવારે 12 માર્ચ 1930ની સવારે પો ફાટતાં ઈશ્વરની કૃપા હશે તો દાંડીકૂચ કરવાની આશા રાખું છું. ગુજરાત પહેલ કરશે તો આખું હિન્દુસ્તાન જાગશે’, અને ભીષ્મપ્રતિજ્ઞા સાથે ગાંધીજીએ કહ્યું, ‘મારો જન્મ બ્રિટિશ હકૂમતનો નાશ કરવા માટે થયો છે. હું કાગડા અને કૂતરાને મોતે મરીશ, પણ સ્વરાજ્ય લીધા વિના હું આ આશ્રમમાં પગ મૂકવાનો નથી.’ આ પછી ગાંધીજીએ સાબરમતી આશ્રમમાં કદી પગ મૂક્યો નહીં. મણિભવનને મુખ્ય કેન્દ્ર બનાવ્યું હતું.

લોકો માનતા હતા કે દાંડીયાત્રા શરૂ થતાં પહેલાં જ બાપુની ધરપકડ થઈ જશે, પણ એમ ન બન્યું. વાઇસરૉયને એમ સમજાવવામાં આવ્યું હતું કે, આ 61 વર્ષનો ડોસો 250 માઈલ ચાલી શકે નહીં - થાકી જશે ને કૂચની વાત હવામાં ઊડી જશે. તો પછી ધરપકડ શા માટે કરવી ? પણ બાપુની દેશભક્તિ-આત્મશક્તિ અને નિર્ણયશક્તિને સમજવામાં સરકારે થાપ ખાધી અને 12 માર્ચ, 1930થી 6 એપ્રિલ, 1930 આ 25 દિવસની ઐતિહાસિક યાત્રા કેવળ રાષ્ટ્રીય સ્વાતંત્ર્યસંગ્રામની જ

નહીં, વિશ્વના સ્વાતંત્ર્યસંગ્રામના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે તવારીખમાં સ્થાન પામી.

ગાંધીજીએ મણિભવનમાંથી બ્રિટિશ સલ્તનત સામે મીઠા પરના અન્યાયી કરની નાબૂદીની માગણી સાથે સત્યાગ્રહ કરવાનું નક્કી કર્યું અને દાંડીને સત્યાગ્રહના સ્થળ તરીકે પસંદ કરાયું, છતાં પણ બ્રિટિશરો સમય ઓળખી શાણપણ જાળવી સંઘર્ષ ટાળે અને દેશની જનતાની યોગ્ય માંગણીનો સ્વીકાર કરે એ હેતુથી મહાત્માજીએ છેલ્લો પ્રયાસ કર્યો ને નિર્ણય જણાવ્યો. '10 પાઈના મીઠા પર 200 પાઈની જકાત નાંખી સરકાર ગરીબમાં ગરીબ માણસને પણ નિચોવી લે છે. તેથી મીઠા જેવી સૌની જીવનજરૂરિયાતની ચીજ માટેની આ અમાનુષી ઇજારાપદ્ધતિ સામે મીઠાના અગરો ઉપર હલ્લો લઈ જવાનો હું વિચાર કરી રહ્યો છું.' અને 2જી માર્ચે ગાંધીજીએ વાઇસરૉયને ઐતિહાસિક પત્ર લખ્યો અને જો માંગણી ન સંતોષાય તો 12મી માર્ચ, 1930ના રોજ લડતનો આરંભ કરવાની સ્પષ્ટતા કરી. પણ સત્તાના મદમાં છકેલી એ સરકારે વાઇસરૉય પરના પત્રનો કોઈ જવાબ વાઇસરૉય તરફથી ન આપતાં દેશભરમાં સત્યાગ્રહ માટે લોકોમાં જાગૃતિ આવી. સત્યાગ્રહની શરૂઆત પહેલાં કૂચના પ્રદેશમાં જનજાગૃતિનું કામ સરદારશ્રીએ કર્યું. રાસ ગામે યુવાનોને સંબોધતાં એમણે કહ્યું, 'મરણનો ભય હોય તો જીવ્યું જ ફોગટ, તમારો ધર્મ તમે સમજી લેજો - હિન્દ પાસે લોકો આશા રાખે છે તે કરતાં ગુજરાત પાસે વધારે આશા રાખશે. સરદારશ્રીના ઐતિહાસિક પ્રવચને ગુજરાતની જનતાના ખમીરને ઢંઢોળ્યું અને રાસ ગામે સરદારશ્રીના ભાષણ પછી સરદારશ્રીની ધરપકડ થઈ; પરંતુ રાસના અગ્રણી કાર્યકરોએ સભાની કાર્યવાહી આગળ ધપાવી.

ગાંધીજીએ 61 વર્ષની ઉંમરે દાંડીયાત્રામાં 241 માઈલ કાપ્યા અને રસ્તામાં 43 ગામો, શહેરો અને કસબાઓ આવ્યાં. તેમાં પ્રજાની આઝાદીની તમન્નાએ માઝા મૂકી અને તેનો પડઘો આખા દેશમાં અને વિશ્વમાં પડ્યો.

ગાંધીજીએ કૂચ દરમિયાન પાર કરેલી સરિતાઓ આ પ્રમાણે છે : સાબરમતી, ખારી, વાત્રક, મહી, ઢાઢર, નર્મદા, કીમ, તાપી, મિંઢોળા, પૂર્ણા - આમ દસ સરિતાઓ જીવંત સાક્ષી રૂપે છે અને 43 ગામોની ધરતી જે ગાંધીજી અને દાંડીયાત્રાથી પાવન બની તે પણ મૂંગા સાક્ષી છે. જવાહરલાલનાં પત્ની કમલા નહેરુ અને બહેન કૃષ્ણા હઠીસીંગ સત્યાગ્રહીઓ સાથે દાંડીયાત્રામાં જોડાયાં હતાં. મીઠુબહેન અને સરોજિની નાયડુ દાંડીમાં મીઠું ઉપાડતા બાપુની પડખે હતાં. જંબુસરમાં બાપુને મળવા મોતીલાલ નહેરુ, જવાહરલાલ નહેરુ, ડૉ. અન્સારી અને અન્ય ઘણા નેતાઓ પહોંચ્યા હતા. ત્યાં મોતીલાલ નહેરુએ પોતાની અલ્લાહાબાદમાં આવેલી અને 'આનંદભવન' તરીકે ઓળખાતી ઇમારત રાષ્ટ્રને સમર્પિત કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો અને તેને નવું નામ આપવામાં આવ્યું 'સ્વરાજ્ય ભવન.'

## દાંડીયાત્રાનાં કેટલાંક સંસ્મરણો

વડોદરા રાજ્યનું એક ગામ ધામણ પણ હતું; ત્યાં પણ દાંડી પહોંચતાં પહેલાં મહાત્માજીનો કાર્યક્રમ હતો. આ ગામમાં તેમની સભા હતી. એ સભામાં ડાભેલ મદરેસાના મૌલાના રહેમાને ઉર્દૂમાં ભાષણ કરતાં કહ્યું, પૂ. મહાત્માજી, આપ આઝાદી માટે નીકળી પડ્યા છો, તમને અમે મુસલમાન ભાઈઓ સાથ આપીશું. પરદેશી હકૂમત જે હિંદુ-મુસલમાન બંનેને ચૂસી રહી છે તેને તો જરૂર કાઢીશું. ઈશ્વર આપને દુઆ આપો કે આપને ફતેહ મળે અને આ જાલિમ સત્તાનો નાશ થાય.

સાક્ષરભૂમિ નડિયાદમાં ગાંધીજીનો ઉતારો સંતરામના સુપ્રસિદ્ધ મંદિરમાં હતો. અહીં મુંબઈથી અગ્રણી નેતાઓ તથા અન્ય આગેવાનો તેમને મળવા આવ્યા. નડિયાદની સભામાં 50,000 જેટલી માનવમેદની હતી. જેમાં 5,000 બહેનો હતી. સભાને સંબોધન કરતાં બાપુએ પૂર્ણ સ્વરાજ્યની માંગણી દોહરાવી અને પ્રજાએ પણ તેમાં સંમતિની ઘોષણા કરી જણાવી. સભામાં બહેનો દેશદાઝનું વિખ્યાત ગીત ગાતી હતી.

'પરદેશી ભૂખ્યા ટોપીવાળાનાં ટોળાં ઊતર્યાં.' નર્મદાના તીરે શ્વેત વસ્ત્રોધારી માનવમેદનીનો સાગર છલકાયો હતો. અનુપમ શણગારવાળો પ્રચંડ મછવો નર્મદાતટે ઊભો હતો. મહાત્માજી હોડીમાં કસ્તૂરબા સાથે દાંડીયાત્રામાં આગળ જતા હતા સાથે તેમના દાંડીયાત્રાના સાથીદારો હતા. મછવાના મુસ્લિમ માલિકે પોતાને દેશની સેવા કરવાની આ તક મળી ત્યારે મહેનતાણાની રકમ લેવાની ના પાડી.

આણંદ જેવી બાપુના સ્વાગત માટેની વ્યવસ્થા બીજે ક્યાંય ન હતી. એક ઊંચા તખ્તા પર ગાંધીજીનું આસન રાખવામાં આવ્યું હતું અને રાત્રીના અંધકારના સમયે કૂચ કરતા ગાંધીજી અને દાંડીયાત્રાના સૈનિકોના સ્વાગત માટે બબ્બે માઈલની લાંબી ગ્રામજનોની સેના રસ્તાઓ ઉપર પથરાઈ ગઈ હતી. તેઓની વચ્ચેથી મુખ પર મુક્ત હાસ્ય સાથે મક્કમ પગલે, અદ્ભુત ગતિએ બાપુ આવી પહોંચતાં ગામની ભાગોળે પ્રજાએ બાદશાહી સત્કાર કર્યો હતો. અમદાવાદથી દાંડીકૂચ સુધીની ધર્મયાત્રાનાં સ્મરણો સારી જિંદગી સુધી ભુલાય તેમ નથી.

નાનાં ગામોમાં બાપુની દિવ્યવાણી ગ્રામ્યવાસીઓના કાનમાં ગુંજતી હતી; અને નિઃશસ્ત્ર પ્રજામાં દેશભક્તિની અપૂર્વ ચેતના જગાવતી હતી અને લોકો ઘોષણા કરતા, 'જુગજુગ જીવો, હિન્દના તારણહાર !'

આણંદથી બોરસદ, બોરસદથી રાસ, રાસથી કનકાપુરની મુસાફરી એ તો જીવનનો અલભ્ય પ્રસંગ ગણાય. ત્યારે ક્ષણે ક્ષણે-ઘડીએ ને પલકે મહાત્માજીની ધરપકડની સંભાવના હતી. સરદારની ધરપકડ પછી રાસની પ્રજા વધુ મક્કમ બની

હતી. ગાંધીજીના આગમન વખતે આખો જિલ્લો એકત્ર થઈ ગયો હતો. રાસથી સાંજના કૂચ કનકપુરા તરફ પહોંચી. ત્યાં 8॥ વાગે પહોંચીને બાપુએ તુરત સભાને સંબોધી, અને તે પૂરું થતાંની સાથે રાત્રીના દસના ટકોરે કૂચ આગળ વધી - મહી નદીનો તટ ઓળંગવા માટે બાપુની રાત્રીની સભામાં પાંચ હજાર મનુષ્યોની વિરાટ મેદનીમાં ત્રણેક મશાલો દ્વારા પ્રકાશવ્યવસ્થા રહેતી હતી.

બાપુની ધર્મયાત્રા આગળ ને આગળ વધતી હતી, ત્યારે સભામાં જનમેદની અને તેમાં સ્ત્રીઓની સંખ્યા વધુ ને વધુ ઉમેરાતી હતી. સરકારી નોકરો રાજીનામાં મૂકતા હતા ને બોરસદ તાલુકાના 70 મુખી મતદારો અને રાવણિયાનાં રાજીનામાં રજૂ થતાં હતાં. બાપુ દરેક સભામાં કહેતા, 'આપણે શેતાની રાજનીતિનો નાશ ઇચ્છીએ છીએ, રાજકર્તાનો નહીં.'

રાસ રણશૂરાઓનું ગામ. બાપુએ અહીંની સભામાં 500 સૈનિકો માગ્યા. તેમને ત્યાં જ મળ્યા કાફલો આગળ ઊપડ્યો. મહીસાગર પાર કનકાપુરા ગામ પછી મહી નદી પાર કરવાનો પ્રસંગ આવ્યો. મહીસાગરમાં કાદવ અને કાંપમાં લોકોની બાપુજીને ઊંચકી લેવાની માંગણી ગાંધીજીએ ધર્મયાત્રા પગે ચાલીને જ કરવી જોઈએ એમ કહીને પાછી ઠેલી. એ જ રીતે પાછળથી જવાહરલાલજી કાદવ ખૂંદીને 2-3 માઈલનો પટ કાપી સામે પાર ગયા.

ભરૂચ જિલ્લામાં છોટે સરદાર ડૉ. ચંદુભાઈ દેસાઈએ જિલ્લાના 150 પટેલોનાં રાજીનામાં મેળવી લીધાં હતાં. 6ઠ્ઠી એપ્રિલ, 1930 ને રવિવાર સવારે સાગરસ્નાન કરી પ્રાર્થના પછી દાંડીમાં 6-30 કલાકે બાપુએ મીઠું ઉપાડ્યું અને મીઠા-સત્યાગ્રહ નિમિત્તે નમક કા કાયદા, તોડ દીયા.

બાપુની ધરપકડ કરવાની સરકારે અહીં હિંમત ન કરી. લોકશક્તિનો વિજય થયો.

16મી એપ્રિલ સુધી બાપુએ દાંડીમાં નિવાસ કર્યો. જુદાં જુદાં ગામોમાં લોકસંપર્ક પછી કરાડી આવી ત્યાં ઝૂંપડીમાં રહ્યા. આખરે 5 મે, 1930ની રાત્રે 1 વાગે બાપુની ધરપકડ કરવામાં આવી. યરવડા જેલમાં લઈ ગયા.

દાંડીકૂચની પૂર્ણાહુતિ પછી ગાંધીજીએ ધરાસણાનાં અગરો ઉપર ચઢાઈ કરવાનો નિર્ણય કર્યો હતો. વાઇસરૉયને તેની જાણ પત્ર દ્વારા કરવામાં આવી હતી. આ પત્ર પછી બાપુને યરવડા જેલમાં લઈ જવામાં આવ્યા હતા. બાપુની ધરાસણા પર દરોડા પાડવાની યોજના શ્રીમતી સરોજિનીદેવી નાયડુ ને મણિલાલ ગાંધીએ પાર પાડી. ત્યાર પછી બિહારમાં સત્યાગ્રહીઓનો માર્ગ રોકી તેમના પર ઘોડા દોડાવવામાં આવ્યા. પણ કોઈએ પીછેહઠ કરી નહીં.

ભારતભરમાં 'નમકના કાયદા'નો ભંગ થયો. પ્રખ્યાત દાંડીકૂચ, દેશવ્યાપી

સવિનય અસહકાર શરૂ કરવા માટે તૈયારી કરવાના પ્રથમ પ્રયાસ સ્વરૂપે હતી, પણ તેણે ધરમૂળથી ભારતને જાગ્રત કર્યું હતું; અને દેશ-વિદેશમાં તેનો પડઘો પડ્યો હતો.

દેશની પરિસ્થિતિ અને પરદેશના દબાણને કારણે નામરજી છતાં વાઇસરૉય લૉર્ડ ઇરવિનને બાપુને મુક્ત કરવાની ફરજ પડી હતી.

25 જાન્યુઆરી 1931ના રોજ ગાંધીજી અને કારોબારી સમિતિ(કમિટી)ના સભ્યોને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા. જનતાનો આ વિજય હતો.

17 જાન્યુઆરી 1931ના રોજ મણિભવનમાં અખબારનવેશો સાથે પત્રકારસંમેલનમાં બાપુએ પોતાના વિચારો દર્શાવી સ્પષ્ટતા કરી હતી. બાપુએ જણાવ્યું હતું કે કેવળ કારોબારી સમિતિના સભ્યોને જેલમુક્ત કરવાથી પરિસ્થિતિ વધુ મુશ્કેલ થાત. સત્તાધીશોને એ ખ્યાલ નહોતો કે જનતાના દિમાગ પર લડતે એટલી ઊંડી અસર કરી હતી કે નેતાઓ તેમને ચોક્કસ માર્ગદર્શન આપવા અશક્તિમાન હતા. આ સંજોગોમાં જેલમુક્ત થઈ બાપુએ મીઠાના કાયદાનો ભંગ અને મીઠું બનાવવાની પ્રવૃત્તિ માટે આગ્રહ ચાલુ રાખ્યો. 26 જાન્યુઆરી, 1931ના રોજ સ્વાતંત્ર્યદિનનું એક વર્ષ પૂરું થયું હતું. દેશભરની જનતાએ ઉત્સવ મનાવ્યો. વળી ગાંધીજીને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા, એટલે લોકોનો ઉત્સાહ અનેકગણો હતો. આ દિવસે દેશમાં સભાઓ ભરાઈ જ્યાં 26 જાન્યુઆરી, 1930ના પ્રથમ સ્વાતંત્ર્યદિને લેવામાં આવેલી પ્રતિજ્ઞાનું ફરી સ્મરણ કરવામાં આવ્યું. ગાંધીજીએ મણિભવનમાં સ્વાતંત્ર્યદિન ઊજવ્યો અને એ પ્રમાણે સમગ્ર દેશમાં વિશાળ સભાઓ અને ધ્વજવંદનના કાર્યક્રમોનું આયોજન થયું હતું. મુંબઈમાં માર્ચના ત્રીજા અઠવાડિયામાં બાપુ મણિભવનમાં સાથીદારો સાથે વિચાર-વિનિમય કરવા આવ્યા. બે દિવસ અત્યંત વ્યસ્ત રહ્યા અને સોમવારે તેમનો મૌનવાર હોવા છતાં આરામ કરી ન શક્યા. મુલાકાતીઓને લીધે ઊંઘ પણ ન લઈ શક્યા. સોમવારે રાત્રે આઠ વાગે સુભાષચંદ્ર બોઝ સાથેની મુલાકાત માટે બાપુએ મૌનવ્રતનો ત્યાગ કર્યો અને મુલાકાત રાત્રીના બીજા દિવસના બે વાગ્યા સુધી ચાલી, એક કલાકના આરામ પછી બાપુ સવારની પ્રાર્થના માટે જાગી ગયા. અને ત્યારપછી તુરત મુલાકાતીઓની હારમાળાની શરૂઆત થઈ. પછી જાહેરસભાઓ. આ રીતે મણિભવનમાં 24 કલાકમાંથી 23 કલાક બાપુએ તે સમયે કામ કર્યું હતું.

મુંબઈના પ્રજાજનોએ બાપુનો ભવ્ય આદરસત્કાર કર્યો હતો.

27 ઑગસ્ટ, 1931ના રોજ મુંબઈ પોલીસ કમિશનરને ગાંધીજીને ઇંગ્લૅન્ડ જવા માટે પાસપૉર્ટ આપવાની સૂચના બાબતનો તાર મળ્યો. સમય ઓછો હતો તેથી તેમના માટે ખાસ પાસપૉર્ટ તૈયાર કરી આપવામાં આવ્યો. ઑગસ્ટ 29, 1931ના દિવસે બાપુ મુંબઈથી લંડન જવા રવાના થયા. તેમની ગેરહાજરીમાં હિન્દુસ્તાનમાં

સ્થિતિ ખૂબ નિરાશાજનક હતી. 24 ડિસેમ્બરે અબ્દુલ ગફારખાનની ધરપકડ થઈ અને જવાહરલાલ નહેરુને 26 ડિસેમ્બર 1931ના રોજ ગિરફતાર કર્યા.

લંડન જતાં પહેલાં તેમણે જનતાને સંદેશ આપ્યો, 'પરમાત્માને સાક્ષી રાખી હું લંડન જાઉં છું. એ એકમાત્ર મારા માર્ગદર્શક છે. જ્યારે સંપૂર્ણ આત્મસમર્પણ કરવામાં આવે છે ત્યારે ઈશ્વર તમારું રક્ષણ કરે છે. ભૂતકાળના બ્રિટિશ સલ્તનત સાથેનાં સુખદ સ્મરણો નથી, ભવિષ્ય અંધકારમય છે. ખાલી હાથે પાછા ફરવું પડે એવી શક્યતા નકારી ન શકાય. આ બીજી સંધિ દરમિયાન આશા સાથે હું મુલાકાત લઉં છું કે જે કંઈ પરિણામ તેમાંથી આવશે તે રાષ્ટ્ર માટે લાભદાયી હશે. બાપુ મુંબઈમાંથી લંડન જવા 29 ઑગસ્ટ, 1931ના રોજ એસ.એસ. રાજપૂતાનામાં નીકળ્યા.

બાપુ 28 ડિસેમ્બર 1931ના રોજ અત્યંત નિરાશ થઈ લંડનથી પાછા ફર્યા. ભારતમાં પણ પરિસ્થિતિ ગંભીર હતી, ગવર્નમેન્ટનો દમનનો કોરડો વીંઝાતો હતો; અને કૉંગ્રેસ માટે પડકારરૂપ અનેક બંધનો કાયદા સ્વરૂપે નાંખવામાં આવતાં હતાં.'

મુંબઈની પ્રજાએ બાપુનું અકલ્પનીય ઉત્સાહથી સ્વાગત કર્યું. મણિભવનથી બેલાર્ડ પિયર સુધીનો રસ્તો અવર્ણનીય - અદ્ભુત સજાવ્યો હતો. બેલાર્ડ પિયર લોકોથી ઊભરાતું હતું અને ગલીઓ શેરીઓમાં બાપુને આવકારવા લોકોની ભીડ જામી હતી. રસ્તાઓ પર કૉંગ્રેસના સૈનિકો ટોળાની વ્યવસ્થા જાળવવા હારબંધ બાપુના આગમનની રાહ જોતા ખડા હતા.

મણિભવનમાં દુનિયાભરના પત્રકારો બાપુને મળવા ઉત્સુક હતા. બાપુની રાહ જોતા હતા, તેમની સાથેની મુલાકાતમાં શ્રી વલ્લભભાઈ, શ્રી સુભાષચંદ્ર બોઝ અને પ્રભાશંકર પટ્ટણી હાજર હતા. બાપુએ કહ્યું હતું 'કૉંગ્રેસે મને એકલો વાટાઘાટ કરવા મોકલ્યો એ ઉત્તમ નિર્ણય હતો.' એ જ સાંજે પાંચ વાગે ગાંધીજીએ આઝાદ મેદાનમાં જંગી સભાને સંબોધી. સરકારને ઉપાલંભ આપતાં કહ્યું, 'હિંદની સ્વતંત્રતા માટે કરોડો લોકોનું બલિદાન આપતાં અચકાઈશ નહીં - આ શબ્દો ઇંગ્લૅન્ડમાં મેં ઇંગ્લિશ પ્રજાને કહ્યા છે.'

28 ડિસેમ્બરે મણિભવનની અગાશીમાં બાપુની સંધ્યા-પ્રાર્થના પછી 50 દલિત-પછાત સંગઠનો દ્વારા બાપુ પાસે આવેદનપત્રની રજૂઆત કરવામાં આવી હતી. તેઓએ જણાવ્યું હતું કે, 'બાપુ ! તમે અવિરત અસ્પૃશ્યતાનિવારણ અને અસ્પૃશ્યોના ઉદ્ધારને રાષ્ટ્રનો મુખ્ય પ્રશ્ન બનાવ્યો છે એટલું જ નહીં એકલપંડે અમારી સમાનતા, અમારા હક્ક માટે લડત આપી છે. અમે આપને અમારા એકમાત્ર પ્રતિનિધિ અને ઉદ્ધારક માનીએ છીએ.' બાપુનો ઉત્તર હતો. આપ સૌને અસ્પૃશ્ય માની હિન્દુ સમાજે મોટું નુકસાન કર્યું છે તેનાથી હું જાગ્રત છું. શિક્ષણ તેમજ તમારા કામને આપવામાં આવતા સન્માન દ્વારા અને સામાજિક સ્તરે તમારું

સ્થાન હિન્દુ પ્રજા અને તમારી વચ્ચે નિશ્ચિત થતાં આ પરિસ્થિતિનો સુખદ અંત આવશે. હવે એ દિવસો બહુ દૂર નથી.

1932 સવિનય અસહકાર માટે હાકલ. 31 ડિસેમ્બર મણિભવન.

ગાંધીજીએ ઇંગ્લૅન્ડ અને યુરોપના કાર્ય વિશેની સવિસ્તૃત માહિતી કૉંગ્રેસ કારોબારી સમિતિના સભ્યોને જણાવી. સરકાર તરફથી સંતોષજનક રીતે કૉંગ્રેસની માંગણીઓ માટે સહકાર ન હોવાથી 31 ડિસેમ્બર 1931 મધરાતે રાષ્ટ્રને સવિનય અસહકાર ચળવળ માટે જાગ્રત થવા હાકલ કરવામાં આવી.

કૉંગ્રેસ દ્વારા સ્વીકાર કરવામાં આવેલી આ અહિંસક લડત પ્રત્યે દુનિયાના સ્વતંત્ર લોકોને ધ્યાન આપવાની વિનંતી કરવામાં આવી. જો ભારતને આ નૈતિક અહિંસક લડતમાં વિજય પ્રાપ્ત થશે તો હિંસક લડત સામે તે અસરકારક શસ્ત્ર પુરવાર થશે.

ગાંધીજીના 1 જાન્યુઆરી, 1932ના તારનો વાઇસરૉય તરફથી મણિભવનમાં 2 જાન્યુઆરી, 1932ના સંધ્યાકાળે જવાબ મળ્યો. પત્ર મળતાં જ બાપુએ, સ્મિત સાથે કહ્યું, 'હવે હું જેલ જવાની તૈયારી કરીશ.' કસ્તૂરબા ને સરદાર વલ્લભભાઈ બાજુમાં જ બેઠેલાં હતાં. આ એ જ મણિભવન જ્યાં બાપુએ રેંટિયાવર્ગથી શરૂઆત કરી હતી ત્યાંથી બ્રિટિશ સલ્તનત સામે અહિંસક સવિનય અસહકારની લડત શરૂ થવાની હતી જેના તરફ વિશ્વભરના સ્વતંત્ર લોકોનું ધ્યાન દોરાયું હતું. પત્રકારોને છાપાંઓ મારફત ગાંધીજીએ દેશને સંદેશો પાઠવ્યો.

'સરકાર સામે લડત આપવા રાષ્ટ્રે હવે તૈયાર રહેવું જ જોઈએ. દરેક વર્ગના, દરેક જાતિના લોકોએ સંપૂર્ણ હિંમત સાથે - ભય વિના ગમે તેટલી કિંમતે અને અત્યંત યાતના સહન કરવાની તૈયારી સાથે રાષ્ટ્ર માટે સમર્પણ કરવાનો સમય આવ્યો છે. પ્રજા મન-વચન-કર્મમાં અહિંસા વ્રતનું પાલન કરશે. ગમે તેટલી વ્યથાનો સામનો કરવો પડે તોપણ અહિંસા ધર્મનું દેશ પાલન કરશે. આપણી લડત અંગ્રેજ પ્રજા સામે નહીં, પણ અન્યાયી બ્રિટિશ સરકાર સામે છે.'

અમેરિકાના પત્રકારો જોગ ગાંધીજીએ સંદેશો આપ્યો, 'મારા અનેક અમેરિકન મિત્રો પાસે માનવતાની દૃષ્ટિએ આ લડત પ્રત્યે સહાનુભૂતિ દર્શાવે એવી આશા રાખું છું અને કચડાયેલી, દમન સહન કરતી પ્રજાને માટે તેમના મહાન રાષ્ટ્રની લાગવગ વાપરે. આ ભારતીય લડત રાષ્ટ્રીય કરતાં વિશેષ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે અમૂલ્ય અને અગત્યની છે.

બાપુની આ જાહેરાત પછી મુંબઈ સરકારને દિલ્હી કેન્દ્રગૃહ વિભાગ તરફથી હુકમ મળ્યો, ને મુંબઈ સરકારને બાપુને પકડવાની સંપૂર્ણ સત્તા આપવામાં આવી.

મુંબઈ સરકાર તરફથી બાપુને પકડવા માટે વૉરન્ટ તૈયાર થયું. તેમાં

દર્શાવવામાં આવ્યું હતું કે સજા માટે પૂરતાં અને વિશેષ કારણો સહિત ગવર્નર કાઉન્સિલ બૉમ્બે રેગ્યુલેશન્સ XXV 1827 મુજબ મિ. મોહનલાલ કરમચંદ ગાધીને યરવડા સેન્ટ્રલ જેલમાં કેદ કરવા.

પ્રાર્થના જાન્યુઆરી 3, સવારના ચાર વાગે પ્રાર્થનાસમયે બાપુએ લોકોને ભાવનાત્મક સંદેશો આપ્યો જે આ અણધારી દેશ પર આવી પડેલી આપત્તિ માટે લોકોને ધાર્મિક ઉપદેશ સ્વરૂપે હતો. 'મારા આજની પ્રાર્થનાના સાથીદારો, લડાઈની શરૂઆત ફરી થઈ છે, અને ગમે તે ક્ષણે મને જેલમાં બંધ કરવામાં આવશે પણ મને શ્રદ્ધા છે કે તમે રોજ સવાર-સાંજની પ્રાર્થના નિયમિત ચાલુ રાખશો. પ્રાર્થના શુદ્ધ બલિદાનમાં અગત્યનો ભાગ ભજવે છે અને માર્ગની બધી વિપત્તિઓ દૂર કરે છે. પ્રાર્થનામાં વધુ ધ્યાનમગ્ન થતાં, રોજિંદા જીવનમાં નિર્ભયતાનો અનુભવ થાય છે.

સામાન્ય રીતે બે પ્રકારના ડર મનુષ્યોને હોય છે - મૃત્યુનો અને સંપત્તિ ગુમાવવાનો, પણ પ્રાર્થનામગ્ન વ્યક્તિ આ બંને ભયથી પર હોય છે. તેઓ વિચારશે કે જ્યારે કરોડો લોકો જમીન અને સંપત્તિવિહોણા છે અને એક વખત પણ પૂરતું અનાજ મળતું નથી. ત્યારે દુનિયાની કોઈ પણ સત્તા આ બે ભય તજી દેનાર મનુષ્યોને નિષ્પ્રાણ બનાવી શકે નહીં.

પ્રાર્થના પ્રભુની વધુ ને વધુ નજીક લઈ જાય છે, પણ તે બાહ્ય દેખાવો વિનાની અંતરથી થવી જોઈએ; મલિન ઇચ્છાઓ વિહોણી પવિત્ર મનુષ્યોની પ્રાર્થના ગામ અને દેશને તેજસ્વી બનાવે છે. આ મારી ટૂંકી પ્રાર્થના આપ સૌના હૃદયમાં સ્થાન પામશે.'

3 જાન્યુઆરી, 1932 - બાપુની ગિરફતારી પહેલાં તેમણે મણિભવનમાં પત્રકારોને મુલાકાત આપતાં જણાવ્યું હતું કે જ્યારે તેમને પકડવામાં આવે ત્યારે રાષ્ટ્રને માટે સંદેશો આપવો કે 'રાષ્ટ્ર એની ઊંઘમાંથી જાગે.' જેલમાં લઈ જવામાં આવે તે પહેલાં બાપુએ ઘણા પત્રો લખ્યા. ગુરુદેવ ટાગોરને લખીને જણાવ્યું, 'આ સ્વતંત્રતાની યજ્ઞવેદીમાં તમારું કંઈ સમર્પણ કરો એવી મારી ઇચ્છા છે બારડોલીની જનતાને સરદારના નામને વફાદાર રહેવા જણાવ્યું અને સત્યાગ્રહ માટે શક્તિમાન બનાવવા પ્રભુને પ્રાર્થના કરવા જણાવ્યું હતું. સહકાર્યકરોને ઐક્ય જાળવવા, દારૂનો ત્યાગ કરવા પ્રામાણિકપણે કાર્ય કરવા ને સ્વતંત્રતાની લડતમાં ફાળો આપવા જણાવ્યું. બાપુએ સ્પષ્ટતા કરતાં કહ્યું કે તેમની લડત અંગ્રેજ પ્રજા સામે ન હતી પણ બ્રિટિશ સલ્તનત સામે હતી. ફાધર વેરીવર ઇલવિન જેઓ બાપુની ધરપકડ સમયે હાજર હતા તેમને લેખિત જણાવ્યું, 'હું તમને એ જણાવવા માગું છું કે તમારી પ્રજાને હું મારી પ્રજા જેટલી જ ચાહું છું, તેમની તરફ ધિક્કાર કે હાનિકારક મેં કંઈ કર્યું નથી, અને પરમાત્માની સાક્ષીએ ક્યારેય ભવિષ્યમાં પણ એ પ્રકારનું વર્તન કરીશ નહીં. એ સમયે ભારે કામના દબાણ વચ્ચે પણ બાપુએ 'ટેમ્પલ

એન્ટ્રી સત્યાગ્રહ (Temple Entry satyagraha) લેખ તૈયાર કરાવ્યો અને ધરપકડ પહેલાં બાપુએ ઇવાન્સ અને રોજર્સ, જેઓ ઇંગ્લૅન્ડ અને યુરોપમાં તેમના રક્ષણહાર હતા તેમને ઉત્તમ ઇંગ્લિશ લિવર ઘડિયાળની ભેટ મોકલાવી. બાપુએ જે માન્યું હતું તે જ બન્યું. જાન્યુઆરી 4, 1932ને સોમવારે જ્યારે રાષ્ટ્ર નિદ્રામાં હતું ત્યારે બાપુને મણિભવનની અગાશી પર પોતાના તંબુમાંથી વહેલી સવારે પકડવામાં આવ્યા. મુંબઈના પોલીસ કમિશનર દ્વારા બાપુના બંધન માટેનો હુકમ બજાવવામાં આવ્યો. બે પોલીસવાન મણિભુવન સામે રાત્રે ત્રણ વાગે આવી ખડી થઈ હતી; જ્યારે મણિભવન સંપૂર્ણ નિદ્રાવશ હતું. અગાશી પર ગાંધીજી પણ પથારીમાં હતા, જ્યાં તેમને માટે તંબુ બાંધવામાં આવ્યો હતો. દેવદાસે પિતાને જગાડ્યા અને સંદેશો આપ્યો. તે દિવસ બાપુનો મૌનવાર હતો. કોઈ વ્યક્તિએ આ અસાધારણ પરિસ્થિતિમાં બાપુને મૌન તોડવા જણાવ્યું. સસ્મિત બાપુ મૌન રહ્યા. બાપુ માટે યરવડા જેલ નિવાસ કરવાનું સ્વાભાવિક હતું, કારણ કે તેમણે ભારતવાસીઓને ઘણા સમય અગાઉ કહ્યું હતું કે અન્યાયી સરકારના તાબામાં કોઈ પણ સ્વમાની ભારતીય જન જેલ સિવાય બીજું વિચારી ન શકે. કમિશનરને ગાંધીજીએ પુત્ર દેવિદાસ દ્વારા જણાવ્યું કે તે જેલમાં જવા માટે તૈયાર જ હતા.

મીરાંબહેને બાપુનો ચરખો, ઉપયોગમાં લેતા હતા તે સાદડી, બે હાથની થેલીઓ, ફળની ટોપલી (બાસ્કેટ), પગરખાં (સેંડલ્સ) અને દૂધ માટેની બાટલી - આ બાપુનાં જેલ માટેનાં સાધનો હતાં તે તૈયાર કર્યાં. પોલીસવાનમાં બેસતાં પહેલાં બાપુએ અગાશી પર પ્રાર્થના કરી અને સહકાર્યકર્તાઓ અને જનસમાજને સંદેશો લખ્યો - સરદાર પટેલ પરના સંદેશામાં જણાવ્યું, ‘પરમાત્મા પરમકૃપાળુ છે. સત્યથી અને અહિંસાથી ક્યારેય દૂર ન જાઓ, ક્યારેય પાછાં ડગ ભરશો નહીં, અને સ્વરાજ માટે જીવન સમર્પિત કરવા તૈયાર રહેજો ’ પરંતુ આ પહેલાં સરદાર ગિરફતાર થયા હતા તેની બાપુને ખબર ન હતી. અને બાપુ પુત્ર દેવિદાસનો હાથ સાહી ઝડપથી પોલીસવાન પાસે મણિભવનમાંથી વિદાય થયા; અને શાંતિથી પોલીસવાનમાં બેઠક લીધી.

મણિભવનની બહાર ભેગા થયેલા વિશાળ જનસમુદાયે - ‘મહાત્મા ગાંધીની જય’ ‘ભારતમાતાની જય’ના સૂત્રોચ્ચાર કર્યા. મુંબઈ, મણિભવનથી ગાંધીજીને યરવડા જેલમાં લઈ જવામાં આવ્યા. પુણે સુધી મોટરમાં લઈ જવામાં આવ્યા હતા; જેથી જનતાને માહિતી ન મળે. XXV 1827ના કાયદા મુજબ બાપુને સરકારની મરજી મુજબ અમર્યાદ સમય સુધી જેલની સજા ફટકારવામાં આવી, અને સરદાર પટેલને પણ બાપુ સાથે આ પ્રમાણે સજા થઈ; પરંતુ 4 જાન્યુઆરી, 1922માં બાપુની યરવડા જેલમાં ગિરફતારી બાદ 8 મે, 1933ના રોજ બાપુને જેલમાંથી મુક્તિ મળી; પરંતુ 8 ઑગસ્ટે, 1933ના રોજ ફરી પકડવામાં આવ્યા; અને એક

વર્ષની સજા થઈ. ઑગસ્ટ 16થી બાપુએ હરિજનોના હિત માટેનું કાર્ય જેલમાંથી ન કરવા દેવા માટે ઉપવાસ શરૂ કર્યા. ઉત્તરોત્તર તબિયત બગડતી ગઈ અને તેથી 23 ઑગસ્ટ સરકારે નબળી શારીરિક સ્થિતિને કારણે જેલમાંથી મુક્ત કર્યા.

બહાર આવ્યા પછી ગાંધીજીએ પોતાની સજાનો બાકીનો સમય હરિજનઉદ્ધારનાં કાર્યો પાછળ વ્યતીત કરવાનો નિર્ણય કર્યો હરિજનઉદ્ધારનાં કાર્યો માટે બાપુ સપ્ટેમ્બર 19, 1933 મણિભવનમાં આવ્યા અને વધુ એક વાર મણિભવન અન્ય પ્રવૃત્તિઓ સાથે બાપુના હરિજનઉદ્ધારના કાર્યમાં તલ્લીન થઈ ગયું.

## મણિભવન : પ્રેરણાનું ઉગમસ્થાન

ગાંધીજી હરિજનોના પ્રશ્નો અને બિહારના ધરતીકંપ અંગે પ્રવાસ કરવામાં પ્રવૃત્ત હતા. 30 મહિના પછી કૉંગ્રેસ વર્કિંગ કમિટી પ્રથમ વખત 12 જૂન 1934માં વર્ધામાં મળી. અને વર્કિંગ કમિટીએ નક્કર કાર્યક્રમ રજૂ કર્યો.

આ સમયમાં મણિભવનના નિવાસ દરમિયાન ગાંધીજીએ સમગ્ર લક્ષ હરિજન- ઉદ્ધારના કાર્ય પ્રત્યે આપ્યું. શહેરના બધા હરિજનોનાં નિવાસસ્થાનોની મુલાકાત લીધી અને ડૉ. આંબેડકર અને બીજા અનેક સાથે અસ્પૃશ્યતાનિવારણના પ્રશ્નો અંગે ચર્ચા કરી. મુંબઈથી જતાં પહેલાં બાપુએ કહ્યું, ‘મુંબઈ સુંદર છે, પણ એની સુંદરતા મલબારહિલમાં છે કે મહાલક્ષ્મીની કચરાપટ્ટીમાં છે ! પ્લેગને જન્મ આપનારી આ કચરાપટ્ટી પર એક નજર નાંખો તો ત્યાં એક દિવસ પણ નિવાસ કરવાનું તમે પસંદ કરો ખરા ?’

આ કદાચ મણિભવનમાં ગાંધીજીના નિવાસનો છેલ્લો દિવસ હતો.

આ મણિભવન તેના અનેક ઓરડાઓ અને અગાશી જ્યાં ગાંધીજી રહ્યા અને જ્યાંથી સાથીદારોને પોતાના વિચારો સાથે સંમત કર્યા; અને જ્યાંથી રાષ્ટ્રની 300 અબજ જનતાને પોતાના સત્ય અને અહિંસાના આદર્શો માટે તૈયાર કરી અને સાથીદારો અને ભક્તોને પ્રેરણા આપી જેઓ દેશ-દુનિયામાં સેવા અને સમર્પણની ભાવના સાથે ગયા.

મણિભવન-રાષ્ટ્રપિતાનું એક વખતનું નિવાસસ્થાન આજે ગાંધી મ્યુઝિયમ અને ગાંધી વિચારધારા પરના સંશોધનકેન્દ્ર તેમજ મુંબઈ યુનિવર્સિટી તરફથી પ્રમાણિત ગ્રામ્ય વિકાસ સંશોધન કેન્દ્ર, આજે દેશભક્ત માટે યાત્રાસ્થળ અને દુનિયાભરનાં શાંતિચાહક પુરુષો અને સ્ત્રીઓ માટે પ્રેરણાનું ઉદ્ભવસ્થાન છે. મણિભવન એવું સ્થળ છે જ્યાં નેતાઓ અને રાષ્ટ્રભાવના ધરાવનાર નાગરિકો નજીકથી અને દૂરદૂરથી ગાંધીજીને અંજલિ આપવા આવે છે. જ્યારે ફેબ્રુઆરી, 1959માં માર્ટિન લ્યુથર કિંગ તેમનાં પત્ની કોરેટા સાથે મણિભવનની મુલાકાતે આવ્યા ત્યારે મણિભવન અને તેની આસપાસના વાતાવરણનો તેમના પર ઊંડો

પ્રભાવ પડ્યો હતો. મોંઘી હોટેલ જ્યાં તેમના ઉતારાની વ્યવસ્થા કરવામાં આવી હતી ત્યાં રહેવાનો ઇન્કાર કરી તેઓએ કહ્યું, 'વધુમાં વધુ સમય અમે મણિભવનમાં રહેવાનું પસંદ કરીશું.' માર્ટિન લ્યુથર કિંગે કહ્યું, 'જો ગાંધીજી અહીં રહ્યા હતા તો અમે કેમ નહીં ? મણિભવનમાં પ્રાપ્ત થતા અલૌકિક તરંગો હું ગુમાવવા માંગતો નથી.' હોટલમાં રહેવાની વ્યવસ્થા મુલતવી રાખી મણિભવનના બીજા માળના એક ઓરડામાં તેઓના રહેવાની સારી વ્યવસ્થા કરવામાં આવી.

ગાંધીજીની વિચારધારા અપનાવનાર યુવાન યુગલે આ રીતે તેમના ગુરુ બાપુને આગવી રીતે ઉત્તમ અંજલિ આપી.

માર્ટિન લ્યુથર કિંગનાં પત્ની કોરેટા કિંગે મણિભવનના થોડા દિવસોના વસવાટ પછી પ્રતિભાવ આપતાં જણાવ્યું, 'આ થોડા દિવસો બાપુની સાથે અમે જીવતાં હોઈએ એમ લાગતું હતું. આવા મૂલ્યવાન અને પ્રેરણાદાયક અનુભવ આપવાની વ્યવસ્થા કરવા બદલ હું મણિભવનની આભારી છું.'

❑

# 23. કનૈયાલાલ માણેકલાલ મુનશી



કનૈયાલાલ માણેકલાલ મુનશી

ભૃગુ ઋષિના ભાર્ગવો, ભૃગુ ઋષિનું ભૃગુકુચ્છ ભરૂચ અને ભરૂચમાં 'મુનશીનો ટેકરો' ને ટેકરાના મુનશીઓ - આ બધાંનું ઐતિહાસિક મહત્ત્વ છે.

આ વિચક્ષણ વ્યક્તિનો જન્મ ભરૂચના ભાર્ગવ કુટુંબમાં 1887માં. માતા તાપીબા અને પિતાનું નામ માણેકલાલ. ભરૂચ જિલ્લાના ડેપ્યુટી કલેક્ટરના પદ સુધી પહોંચેલા. માતા તે જમાના પ્રમાણે શિક્ષિત. કવિતાઓ પણ લખતાં; અને ભગવાન શંકરનાં બંને પરમ ભક્ત હતાં. છ બહેનો વચ્ચે એક જ ભાઈ, કનૈયાલાલ મુનશી. પ્રાથમિક શિક્ષણભરૂચમાં પછી સૂરત, ધંધૂકા, વડોદરા અને મુંબઈમાં. વિવિધ શહેરોમાં અભ્યાસ કર્યો. વારંવાર શહેર અને શાળાઓ બદલાવવા છતાં શિક્ષિત માતા-પિતાની ઇચ્છા મુનશીજીને ઉચ્ચ શિક્ષણ આપવાની હતી. 13 વર્ષની ઉંમરે મૅટ્રિકની પરીક્ષા આપી હતી. અભ્યાસ પ્રત્યે અનુરાગ અને નિષ્ઠા, સ્વ-મહેનત અને અરવિંદ ઘોષ તેમજ ઉત્તમ શિક્ષકો પાસે અભ્યાસ કરવાનો પ્રબંધ થતાં મુનશીજીની શૈક્ષણિક કારકિર્દી ઉજ્જ્વળ હતી. ઇન્ટરમાં પ્રથમ વર્ગમાં આવી 'અંબાલાલ સાકરલાલ' પારિતોષિક મેળવ્યું. બી.એ.માં અંગ્રેજીમાં 60 % મળ્યા તે આધારે 'ઇલયટ પારિતોષિક' મેળવી મુંબઈમાં ગોકુલદાસ તેજપાલ છાત્રાલયમાં મફતમાં રહેવા-જમવાની વ્યવસ્થા થતાં ઉચ્ચઅભ્યાસ કરી શક્યા.

ઍડ્વોકેટની પરીક્ષા પ્રથમ પ્રયત્ને પસાર કરી અને ઘણાં માનપત્રો મેળવ્યાં તેજસ્વી વિદ્યાર્થી તરીકે મુનશીજીની પ્રતિભા વિકસી હતી.

13 વર્ષની ઉંમરે મૅટ્રિકની પરીક્ષા આપી ત્યારે જ નવ વર્ષની ઉંમરની બાલિકા અતિલક્ષ્મી સાથે લગ્ન થયાં હતાં, પરંતુ ગૃહસંસાર તો એલએલ.બી.ની પરીક્ષા પસાર કર્યા પછી શરૂ થયો.

1913થી મુંબઈમાં વકીલાતનો પ્રારંભ કર્યો. પ્રથમ યુરોપીય યુદ્ધ બાદ જાપાની કાપડના સટ્ટામાં ભાવ બેસી જતાં વેપારી-ગ્રાહકો વચ્ચે સંખ્યાબંધ દાવા ઊભા થયા અને મુનશી અઢળક ધન કમાયા. બહુમુખી પ્રતિભા ધરાવનાર મુનશીજી કાયદાક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે, રાજકારણમાં, સંસ્કારસાહિત્ય ક્ષેત્રમાં ઝળકી ઊઠ્યા.

મુંબઈનગરી ખુશનસીબ છે કે 64 વર્ષ સુધી મુનશી જેવા મહામાનવે એને પોતાની કર્મભૂમિ બનાવી. મુનશી સાચા અર્થમાં નેતા હતા. વકીલાતની સાથે સાથે મુનશીજીની સાહિત્યપ્રવૃત્તિની શરૂઆત થઈ.

'મારી કમલા' નામે પ્રથમ વાર્તા 'ઘનશ્યામ વ્યાસ'ના તખલ્લુસથી પ્રગટ કર્યા પછી 'વેરની વસૂલાત' અને 'કોના વાંકે' નવલકથાઓ છાપાંમાં હપ્તેથી લખવાની શરૂઆત કરી. તેમનું સાહિત્યપ્રવૃત્તિનું ક્ષેત્ર સૌથી ઉજ્જ્વળ છે.

એમણે લખેલા ગ્રંથોની સંખ્યા 115 જેટલી છે. જેમાંથી અંગ્રેજીમાં લખેલા ગ્રંથોની સંખ્યા 25 જેટલી થાય છે. નવલકથાઓ, નાટક, વાર્તા, નિબંધ, આત્મકથા, જીવનકથા એમ કવિતાને બાદ કરતાં લગભગ બધા જ સાહિત્યપ્રકારોમાં તેમની તેજસ્વી કલમ ઘૂમી વળી છે.

'વેરની વસૂલાત'થી શરૂ કરીને 'કૃષ્ણાવતાર'ના પાંચ ભાગ સુધીની ઐતિહાસિક, સામાજિક, પૌરાણિક, નવલકથાઓ તેમણે આપી. 'ગુજરાતનો નાથ' એ તેમની સૌથી યશભાગી લોકપ્રિય નવલકથા અને આ ઉપરાંત 'પાટણની પ્રભુતા' અને 'રાજાધિરાજ' ઉત્તમ કૃતિઓ મનાય છે.

તેમણે છ પૌરાણિક અને નવ સામાજિક નાટકો આપ્યાં. તેમનાં નાટકોમાંથી રંગમંડળ અમદાવાદ અવેતન નાટ્યસંસ્થા દ્વારા 'તર્પણ ધ્રુવ સ્વામિની દેવી', 'લોપામુદ્રા' સફળતાપૂર્વક ભજવાયાં. સામાજિક નાટક 'સ્નેહસંભ્રમ' વારંવાર રંગમંચ પર રજૂ થયું. 'પૃથ્વીવલ્લભ' નાટક ધંધાદારી રંગભૂમિ પર અને અવેતન રંગભૂમિ પર વારંવાર રજૂઆત પામ્યું છે. તે અત્યંત લોકપ્રિય હતું. પૌરાણિક, ઐતિહાસિક નાટકો જ્યારે જ્યારે રજૂ થતાં ત્યારે ખૂબ સફળ થયાં છે.

મુનશીજીનાં નાટકો સામાજિક હોય કે ઐતિહાસિક કે પૌરાણિક એમાં ભાવના અર્વાચીન હોય છે. એમનું ઓછું જાણીતું નાટક ડૉ. મધુરિકા, ડૉ. પત્ની અને બૅરિસ્ટર પતિનાં પાત્રો દ્વારા તે સમયના સામાજિક જીવનના જુનવાણી વિચારો પ્રત્યે આક્રોશ છે.

ઐતિહાસિક નાટક 'ધ્રુવ સ્વામિની દેવી'માં ચંદ્રગુપ્ત સાથેનાં ધ્રુવદેવીનાં બીજાં લગ્ને સમાજમાં વિવાદનો વંટોળ જગાડ્યો હતો. 1938ની એ સાલ, પણ રૂઢિભંજક મુનશી જુનવાણી સમાજ સામે અણનમ લડત આપતા જ રહ્યા - પોતાની લેખનપ્રવૃત્તિ દ્વારા અને અંગત જીવનના પ્રસંગો દ્વારા.

લીલાવતી મુનશી સાથેના તેમના બીજા લગ્ને પણ સમાજમાં, તેમની જ્ઞાતિમાં અત્યંત વિરોધ જગાડ્યો હતો. મુનશીજીનાં ત્રણ પ્રહસન નાટકો 'કાકાની શશી' અને બ્રહ્મચર્યાશ્રમ તેમજ 'બે ખરાબ જણ' વારંવાર ભજવાતાં રહ્યાં છે. 'બે ખરાબ જણ' અને ડૉ. મધુરિકા પરથી ફિલ્મો પણ બની છે. પિતા-માતા સિદ્ધનાથ-શંકરનાં ભક્ત હતાં. મુનશીજીએ સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને એમના પુસ્તક 'જય સોમનાથ'માં પ્રાચીન સોમનાથ મંદિરની ભવ્યતા સાથે અર્વાચીન ભાવનાઓનું આરોપણ બે મુખ્ય પાત્રો ભીમદેવ બાણાવળી અને દેવદાસી નૃત્યાંગનામાં કર્યું.

ભારતીય વિદ્યાભવન તરફથી 'જય સોમનાથ' સંગીત નૃત્યનાટિકા 75 જેટલા કલાકારો સાથે અનેક વાર ભજવાઈ. પુસ્તક અને 'જય સોમનાથ'ની રજૂઆત દ્વારા લોકોમાં સોમનાથ વિશેની માહિતી પ્રસરતી હતી.

ગુજરાતની અસ્મિતા જેના હૈયે હતી તે સાહિત્ય સ્વામી મુનશી સાહિત્ય પરિષદના પ્રમુખ હતા.

'અડધે રસ્તે', 'સીધાં ચઢાણ' અને 'સ્વપ્નસિદ્ધિની શોધમાં' એ તેમની આત્મકથાઓમાં પણ નવલકથાનો રસ છે. ગાંધીયુગના જ નહીં, સમગ્ર ગુજરાતી સાહિત્યના ઉચ્ચ કોટિના નવલકથાકાર તરીકે મુનશીજીનું સ્થાન અનન્ય છે. સાહિત્યકાર મુનશીએ રાજકારણમાં પણ સારી એવી સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. તેમણે 28 વર્ષની ઉંમરે 'હોમરૂલ લીગ'માં ઝંપલાવ્યું અને જ્યારે ગાંધીજી આ સંસ્થાના પ્રમુખ હતા ત્યારે તેઓ સહમંત્રી તરીકે બે વર્ષ હતા.

1925માં મુંબઈ ધારાસભામાં ચૂંટાઈ આવ્યા. 1930 અને 1932માં તેમણે ચળવળમાં ભાગ લીધો અને લાંબો જેલવાસ ભોગવ્યો.

1937થી 1939નાં વર્ષો દરમિયાન મુંબઈ રાજ્યના ગૃહપ્રધાન રહ્યા. ત્યારના મુંબઈવાસીઓને હજી સ્મરણમાં છે. મુંબઈની સ્વચ્છતા માટે મોડી રાત્રે મુનશીજી સ્વચ્છતા આંદોલનના યુવાન સભ્યો સાથે જુદા જુદા મહોલ્લાઓમાં આવતા. લોકોના પ્રશ્નોના ઉકેલ કરતા. મુંબઈના ગૃહપ્રધાન હતા એ દરમિયાન મુંબઈનાં કોમી રમખાણ સખત હાથે દાબી દીધાં. 1940-41 વ્યક્તિગત સત્યાગ્રહમાં જેલવાસ ને 1942ની 'અંગ્રેજો ચાલ્યા જાવ' લોકક્રાન્તિમાં ફરી જેલનિવાસ.

સાહિત્યકાર અને રાજકારણી મુનશી વિશે ઘણું લખાયું છે; પરંતુ યુવાન મુનશી - જેણે 64 વર્ષ સુધી મુંબઈને સુંદર-સ્વચ્છ-હરિયાળું બનાવ્યું. દેશના યુવાનો માટે સાહિત્ય-સંસ્કાર અને શિક્ષણની ત્રિવેણી વહેવડાવવા ભગીરથ પ્રયત્નો કર્યા. પ્રત્યેક આઝાદીજંગમાં અગ્રેસર રહી મુંબઈનાં યુવાન-યુવતીઓને પ્રેરણા આપી. સાથે લીધાં. ભારતીય ભાષાઓનું માધુર્ય ઘર-ઘરમાં પુસ્તકાલયો દ્વારા પહોંચાડ્યું. ભારતીય વિદ્યાભવનની સ્થાપના કરી. પત્ની લીલાવતી મુનશી સાથે સામાજિક

અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા મુંબઈની બહેનોની શક્તિનો દેશની ઉન્નતિ માટે વિકાસ કર્યો.

દેશ-પરદેશના વિદ્વાનોને ‘ભારતીય વિદ્યાભવન’માં આમંત્રણ આપી મુંબઈની પ્રજાનો દેશ-પરદેશના રાજકીય-સામાજિક શૈક્ષણિક પ્રવાહોમાં રસ જાગ્રત કર્યો.

ભવનની સંસ્કૃત પાઠશાળા દ્વારા સંસ્કૃત ભાષાનું ગૌરવ અને મહત્તા સ્થાપિત કર્યાં. સંસ્કૃત ભાષાનું અમૃતપાન કરી અનેક વિદ્યાર્થીઓ તૈયાર થયા. સાહિત્ય સંસદની સ્થાપના કરી. સાહિત્યકારો ને કલાકારોને ભવનમાં કાર્ય કરવા પ્રેરિત કર્યા. ભારતીય વિદ્યાભવનનું થિયેટર દિવસ અને રાત્રી સંગીત-નૃત્ય-નાટ્યના કાર્યક્રમો, સંભાષણો-તહોમતનામાં, સાહિત્યકારોનાં મિલન, એકાંકી નાટ્યસ્પર્ધાઓ, ગુજરાતી બહેનોના ગરબા-રાસ, બાળકોના કાર્યક્રમો, પરદેશથી આવતા સાહિત્યકારોના મિલન માટે કોંગ્રેસના નેતાઓનાં ભાષણો માટે હંમેશ ખુલ્લું રહે છે.



ભારતીય વિદ્યાભવન મુનશી સદન

મુનશી ‘સમર્પણ’ સામયિકમાં કુલપતિના પત્રો દ્વારા વાચકોને માર્ગદર્શન આપતા રહ્યા. જીવનના અંતકાળ સુધી ઊગતા લેખકોને તક આપી. મુંબઈની પચરંગી વેપારી પ્રજાને એકસૂત્રે બાંધી સહકારી ધોરણે મુંબઈના ઉપનગર અંધેરીમાં છાત્રાલય સાથેની કૉલેજ (પાઠશાળા) વિશાળ જગ્યામાં પ્રકૃતિનાં સાંનિધ્યે આધુનિક શૈક્ષણિક સાધનો, વિદ્વાન આચાર્યો ને સુસજ્જ પુસ્તકાલય સાથે શરૂ કરી. આ કૉલેજની વિશેષતા અહીં ભારતીય પરંપરાની, ભારતીય સંસ્કારોની જાળવણી સાથે પાશ્ચાત્ય શિક્ષણનો સમન્વય કર્યો છે. છાત્રાલયમાં બધી જાતિઓના વિદ્યાર્થીઓ માટે વ્યવસ્થા છે. મુનશીજીના પોતીકા અનુભવ પરથી અહીં શિક્ષણ મેળવવા માટે જરૂર હોય તેવા વિદ્યાર્થીઓ માટે સ્કૉલરશિપની વ્યવસ્થા છે.

ઉપનગરોમાંથી મુંબઈ સુધી કૉલેજમાં જવા માટે વિદ્યાર્થીઓનો ઘણો સમય અને પૈસાનો વ્યય થતો હતો. ભારતીય વિદ્યાભવન અંધેરી કૉલેજ શરૂ થતાં ઉપનગરના વિદ્યાર્થીઓને લાભ થયો. નવલકથાઓ, નાટક, વાર્તા, નિબંધ, આત્મકથા,

જીવનકથા એમ કવિતાને બાદ કરતાં લગભગ બધા જ સાહિત્યપ્રકારોમાં તેમની તેજસ્વી કલમ ઘૂમી વળી છે.

1942ની ક્રાન્તિ સમયે કૉંગ્રેસ સમાંતર રેડિયો શરૂ કરનાર ઉષા મહેતા, ચંદ્રકાન્ત ઝવેરી, વિઠ્ઠલદાસ, ખખર અને શિકાગો રેડિયોના માલિકને સરકારી આક્ષેપોમાંથી બચાવવા વિનામૂલ્યે શ્રી કનૈયાલાલ મુનશી, શ્રી મોતીલાલ સેતલવાડ ને શ્રી તેંડુલકર કોર્ટમાં હાજર હતા.

ગુરુવાર 8 એપ્રિલ, 1943નો એ યાદગાર દિવસ. લોકુર જજ તરીકે હતા.

વિરોધપક્ષે સરકારી વકીલ તરીકે બૅરિસ્ટર ચીમનલાલ સેતલવાડ હાજર હતા. પિતા-પુત્ર ચીમનલાલ સેતલવાડ અને મોતીલાલ સેતલવાડ સામસામે હતા. હાઈકોર્ટનો બીજા માળનો વિશાળ હૉલ ચિકાર ભરાયો હતો. કોર્ટની બહાર પણ ટોળેટોળાં હતાં.

મુંબઈની પ્રત્યેક કૉલેજના વિદ્યાર્થીઓ કનૈયાલાલ મુનશીને, સેતલવાડને કોર્ટમાં દલીલ કરતાં સાંભળવા આવતા હતા. પૂરા દબદબાથી મુકદ્દમો ઘણા દિવસો સુધી ચાલ્યો હતો. એ દિવસોમાં છાપાંઓમાં, ટ્રેનમાં, લોકોમાં, વિદ્યાર્થીઓમાં, શાળા-કૉલેજોમાં આ મુકદ્દમા વિશે જ ચર્ચા-વાતો થતી હતી. સરકારી વકીલોની આક્ષેપોની દલીલોનું ખંડન કરતા શ્રી મોતીલાલ સેતલવાડ અને શ્રી કનૈયાલાલ મુનશીની પ્રતાપી વાણી અને દેશબાંધવોને બચાવવા માટેના પ્રયાસો અને સરકારી તંત્રને હંફાવવા માટે દર્શાવેલી હિંમતથી મુંબઈ અને મુંબઈ બહારની પ્રજામાં, સારાય ભારતમાં દેશભક્તિનો મહેરામણ ઊછળતો હતો. અંતે ઓછી સજા તહોમતદારોને થઈ હતી અને સફળતા મળી હતી. જન્મકેદમાંથી ઊગરી ગયા હતા.

તે દિવસોમાં મુનશીની પ્રતાપી વાણી, હિંમત અને દેશભક્તિ દ્વારા પ્રજાએ પીઢ મુનશીમાં યુવાન કર્મશીલ દેશનેતાની ઝાંખી કરી હતી. 1948માં હૈદરાબાદના પોલિટિકલ એજન્ટ તરીકે નિઝામ સામે તેમણે જે હિંમતનાં દર્શન કરાવ્યાં હતાં અને હૈદરાબાદને ભારતમાં ભેળવી દેવામાં જે શૌર્ય અને મર્દાનગી, દૂરંદેશીપણું તેમણે બતાવ્યાં હતાં તે અજોડ છે. તે દિવસોમાં ભારતીય વિદ્યાભવનમાં બહારનાં પગથિયાં પર કલાકારો મોડી રાત્રી સુધી મુનશીનાં હૈદરાબાદનાં કાર્યોના સમાચાર જાણવા તેમના પુત્ર ગિરીશ મુનશી સાથે રોકાતા હતા. આવતાં-જતાં લોકોનાં ટોળાં પણ સમાચાર મેળવવા આતુર રહેતાં. હૈદરાબાદની તેમની કામગીરી દરમિયાન મુંબઈ શહેરનું અને દેશભરનું વાતાવરણ ઉત્તેજિત હતું. ફરી વાર છાપાંઓ - મુંબઈ શહેરનાં મોટાં બજારો - સંસ્થાઓ, કલાકારો - રેલવે - બસમાં કૉફી હાઉસમાં રેડિયો ક્લબ - રેડિયો પર વકીલમંડળમાં ચારે તરફ હૈદરાબાદના પોલિટિકલ એજન્ટ તરીકેના નિઝામ સામેના કાર્યની મુનશીની પ્રશંસા થતી હતી. ત્યારે 61 વર્ષની ઉંમરના મુનશીજીની, લોકહૃદયમાં તો યૌવનમૂર્તિ લોકનેતાની છબી હતી. એ

અગ્નિપરીક્ષામાં પણ સફળ થયા.

1950માં કેન્દ્રના અન્નપ્રધાન બન્યા - 'વનમહોત્સવ અને ખેતી-ગો સંવર્ધન'ની જબરદસ્ત ઝુંબેશ તેમણે ચલાવી.

'વનમહોત્સવ'ના કાર્યક્રમમાં મુંબઈના કલાકારો ને વિદ્યાર્થીઓ, આચાર્યોનો સાથ મેળવી બાંદ્રાથી જોગેશ્વરીના રસ્તાની ધારે લગભગ 500થી વધુ વૃક્ષોનું લગભગ 300 વ્યક્તિઓ દ્વારા વૃક્ષારોપણનું કાર્ય થયું હતું.

વડ વૃક્ષ લેબર્નમ, આસોપાલવ, ચણોઠી, આવળ, લાલ-પીળી કરેણ, લીમડા, બોરસલી, ચંપો વગેરે વૃક્ષોના રોપા વિક્ટોરિયા ગાર્ડન અને મ્યુનિસિપાલિટીના બગીચામાંથી અને મહારાષ્ટ્ર વનવિભાગ તરફથી પ્રાપ્ત થયા હતા.

જૂન માસમાં થયેલા આ વૃક્ષારોપણના ઉછેરની જવાબદારી ઉપનગરનાં નાગરિકમંડળોએ સ્વીકારી હતી; અને મ્યુનિસિપાલિટીનો પણ સહકાર હતો. 1950ના એ સમયમાં હાલના પ્રમાણે વૃક્ષોને કાપી નાખવાનું કે નુકસાન કરવાનું કાર્ય લોકો કરતા ન હતા. મુંબઈમાં અને મુંબઈનાં ઉપનગરોમાં 1950માં મુનશીજીની પ્રેરણા અને જહેમતથી અસંખ્ય વૃક્ષો ઊછર્યાં હતાં અને નાના બાળકની જેમ એની રક્ષા થતી હતી. 60 વર્ષ જૂનાં કેટલાંક વૃક્ષો આજે પણ મુંબઈમાં અને ઉપનગરોમાં લહેરાતાં જોવા મળે છે. વૃક્ષારોપણવિધિમાં સંકળાયેલા વિદ્યાર્થીઓને સાધનો શાળાઓએ આપ્યાં હતાં અને માર્ગદર્શન શાળાના શિક્ષકો તરફથી મળ્યું હતું.

1952થી 1957 સુધી ઉત્તરપ્રદેશના રાજ્યપાલના હોદ્દા પર રહ્યા. રાજકીય વ્યસ્ત જીવન સાથે લેખનની પ્રવૃત્તિ અવિરત ચાલુ જ હતી.

કૉંગ્રેસ પક્ષ છોડ્યા પછી તેઓ રાજાજીના સ્વતંત્ર પક્ષમાં જોડાયા અને પક્ષના ઉપપ્રમુખ તરીકે પક્ષને સબળ બનાવ્યો. મુનશીજી ઉચ્ચ કોટિના શિક્ષણશાસ્ત્રી પણ હતા. અર્વાચીન ગુરુકુળનો ઉત્તમ નમૂનો પૂરો પાડતી 'ભારતીય વિદ્યાભવન'ની સ્થાપના કરી તેના કુલપતિ તરીકે રહી સાહિત્ય, કળા, વિદ્યા, સંસ્કૃતિ, વિજ્ઞાન અને ધર્મના પુનરુત્થાન માટે પોતાનું શેષ જીવન અર્પણ કર્યું. ભારતીય વિદ્યાભવન આજે તો વિશાળ વટવૃક્ષ જેમ તેની 22થી વધુ શાખાઓથી એક વિશિષ્ટ શિક્ષણ સંસ્થા બન્યું છે.

પાશ્ચાત્ય સંસ્કૃતિના આગ્રહી મુનશીમાં પૂર્વની સંસ્કૃતિ પ્રત્યેનો અનુરાગ એટલો જ પ્રબળ હતો. એક હિંદુ અને બ્રાહ્મણ તરીકે ગૌરવ અનુભવતા. સંવેદનશીલ મુનશી હરિજનોને હિંદુ મંદિરોમાં દાખલ થવાનો અધિકાર આપતો કાયદો પસાર કરાવનાર હતા.

ભારતીય સંસ્કૃતિ અને ભારતને દિલોજાન પ્રેમથી ચાહનાર મુનશી દેશના ભાગલાના વિરોધી હતા. ભાષાવાર રાજ્યો સ્થપાય તેના વિરોધી હતા. 'અખંડ

હિન્દુસ્તાન' એમના હૃદયની પવિત્ર ભાવના હતી.

વિચારો અને વર્તનમાં સુમેળ હતો એ બીના-પ્રણાલિકા ભંજક મુનશીએ શ્રીમતી લીલાવતી મુનશી સાથે લગ્ન કરીને હૃદયની એ વાતને સ્વીકારવામાં પીછેહઠ કરી નહીં.

ગુજરાતી સાહિત્ય પરિષદનું બંધારણ ઘડનાર મુનશીની પસંદગી ભારતનું બંધારણ ઘડનાર અત્યંત બુદ્ધિશાળી વ્યક્તિઓ(બ્રેઇન ટ્રસ્ટ)માં પણ થાય એ યોગ્ય જ હતું.

'કોઈ દિવસ અંતિમ વાક્ય પૂરું કર્યા વિના મારા નિર્બળ હાથમાંથી કલમ સરી પડશે ત્યાં સુધી મારી લેખનપ્રવૃત્તિ ચાલુ રાખીશ' એ વાત તેમણે સાચી કરી બતાવી.

વિદ્યાભવનના 'સમર્પણ' અને 'ભવન્સ જર્નલ'ના લેખો લખતા અને કૃષ્ણાવતારનો છઠ્ઠો ભાગ લખતા, દેવલોક જવા ચાલી નીકળ્યા ત્યાં સુધી લખતા જ રહ્યા.

ગુજરાતની અસ્મિતાનું ગૌરવ ગાનાર આ મહાન ભારતીય દેશભક્તનું અવસાન તા. 8-2-1971ના દિવસે થયું.

મુંબઈમાં વીસ વર્ષની ઉંમરે 1907માં અભ્યાસ કરવા આવ્યા ત્યારે ગોકુલદાસ તેજપાલ છાત્રાલયમાં રહી અભ્યાસ કર્યો. મુંબઈ પાસેથી વિદ્યા-સંપત્તિ-સન્માન લોકપ્રેમ પ્રાપ્ત થયાં. તે ઋણ તેમણે 64 વર્ષ સુધી ચૂકવ્યું.

મુંબઈ પાસેથી મેળવ્યું તે કરતાં અઢળક ખોબેખોબા ભરી મુંબઈને આપ્યું. મહામના મુનશીજી ગુજરાતની ધરતીના વિરલ વિભૂતિ હતા.

❑

# 24. દિનકરરાવ નરભેરામ દેસાઈ


દિનકરરાવ નરભેરામ દેસાઈ

ભરૂચના વતની દિનકરરાવનો જન્મ ગોધરામાં 1889ની પહેલી જુલાઈના રોજ થયો. પ્રાથમિક અને માધ્યમિક કેળવણી ગુજરાતીમાં ભરૂચમાં થઈ.

ઉચ્ચશિક્ષણ મુંબઈની સેંટ ઝેવિયર્સ કૉલેજમાં. 1910માં બી.એ. થયા. 1912માં એમ.એ. 1913માં મુંબઈની ગવર્નમેન્ટ લૉ-કૉલેજમાંથી એલએલ.બી. થયા. વકીલ તરીકે તેઓ ચપળ અને ઝડપી નિર્ણય-શક્તિવાળા તરીકે મશહૂર થયા.

શ્રી. દેસાઈ એમની વીશીના વયે સામાજિક કાર્ય, રાજકીય પ્રવૃત્તિઓ અને રાષ્ટ્રીય સ્વાતંત્ર્યની ચળવળમાં ખૂંપી ગયા હોવા છતાં 1946 સુધી એમણે ભરૂચમાં વકીલાત કરી, પણ 1929માં ભરૂચના વકીલ મંડળના એ પ્રમુખ બન્યા. 1917માં વકીલાત સાથે એમણે જાહેર જીવનમાં ઝંપલાવ્યું અને ત્યારથી એ સતત નગરપાલિકાના પ્રમુખપદે રહ્યા. ભરૂચ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના પ્રમુખપદે 17 વર્ષ રહ્યા. વિરોધ છતાં ભરૂચ જિલ્લામાં ફરજિયાત પ્રાથમિક કેળવણી દાખલ કરી. 1930ની લડતમાં જેલવાસ. 1931માં તેમણે ભરૂચ જિલ્લા કૉંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે ફરજ બજાવી. બીજી વાર 1935માં જેલવાસ. 1935થી 1937 ગુજરાત ખેડૂત રાહત સમિતિના ખજાનચી રહ્યા. ખેડૂત રાહત સમિતિના કોષાધ્યક્ષ તરીકેની કામગીરી ઉત્તમ રીતે બજાવી. આ સમિતિએ ગુજરાતના જરૂરિયાતમંદ ખેડૂતોને

રૂ. 2 લાખની રાહતની વહેંચણી કરી હતી. ત્યારે આ રકમ ઘણી મોટી ગણાય. જેલમાંથી મુક્ત થયા બાદ 1935માં મુંબઈ ધારાસભાના સભ્ય બન્યા. 1942માં ત્રીજી વાર એમણે જેલવાસ ભોગવ્યો.

1944માં જેલમાંથી મુક્ત થયા પછી તુરત જ શ્રી દેસાઈએ ગુજરાતના કૉંગ્રેસ કાર્યક્ષેત્રની એક મધ્યસ્થ સંસ્થાની રચના કરી હતી, જે ગુજરાત મધ્યસ્થ સમિતિ તરીકે ઓળખાતી હતી. તેના પ્રથમ પ્રમુખ તે હતા.

1946માં ખેરના પ્રધાનમંડળમાં એ નાગરિક અને પુરવઠાના પ્રધાન બન્યા. પુરવઠાપ્રધાન તરીકે એમણે રેશનિંગ પ્રણાલીનું આયોજન કર્યું. રાહત માટે અંગ્રેજ ગવર્નર ભરૂચ આવ્યા ત્યારે કૉંગ્રેસની ગાડીમાં અને ત્રિરંગો ધ્વજ ગાડી પર ઊડતો રાખીને નિર્ભય દિનકરરાવ મળવા ગયા હતા. 1946માં ખેરના પ્રધાનમંડળમાં એ કાનૂન અને નાગરિક પુરવઠાના પ્રધાન બન્યા. નાકરની લડતમાં ખાલસા કરવામાં આવેલી ખેડૂતોની જમીનો છતાં તેઓ અંગ્રેજ સલ્તનતને તાબે થયા ન હતા અને નજીકના ગાયકવાડી રાજ્યમાં હિજરત કરી ગયા હતા તે તમામને ખેર પ્રધાનમંડળમાં કાનૂની પ્રધાન તરીકે શ્રી દેસાઈએ 1937 થી 1939માં પાછી જમીનો અપાવી હતી. આઝાદીની લડતમાં ખેડૂતોનું બલિદાન પણ અમૂલ્ય હતું.

શ્રી દેસાઈના કિસ્સામાં સફળતા અને સાદગીના ગુણો એકીસાથે જોવા મળતા, ઉચ્ચ સ્થાને પહોંચ્યા પછી પણ સાદગીનું પ્રમાણ પ્રબળ હતું, એથી અત્યંત લોકપ્રિય થયા હતા. નાગરિક પુરવઠાના પ્રધાન તરીકે મુંબઈ રાજ્ય દિનકરરાવ દેસાઈની મુંબઈની પ્રજાને આગવી ભેટ તે મુંબઈની આરે મિલ્ક કૉલોની. મિશ્ર અર્થતંત્રનો આ આગવો પ્રયોગ હતો. મુંબઈમાંથી ટાઇફૉઈડની નાબૂદીનું શ્રેય ભૈયાઓના દૂધને સ્થાને પેશ્ચુરાઇઝડ દૂધના વિતરણને જાય. અને આવું દૂધ મુંબઈની પ્રજાને પહેલવહેલું પહોંચાડવાનું પુણ્ય દિનકરરાવભાઈની સૂઝને જાય છે. આરે કૉલોનીની યોજનાને મૂર્ત સ્વરૂપ મળેલું નિહાળીને અન્ય રાજ્યોને એ પ્રેરણારૂપ બની.

દૂધ વિતરણ કરનાર ભૈયાઓ અને સ્થાપિત હિતોનો પ્રચંડ વિરોધ છતાં આરે કૉલોનીની યોજનાને દિનકરરાવભાઈએ સફળતાથી પાર પાડી.

21-7-1956ના રોજ એમની આ સેવા બદલ એમનું જાહેર સન્માન થયું. આરે કૉલોનીમાં એમની કાંસાની પ્રતિમા મુકાઈ. 'આરે કૉલોની'ની શરૂઆત થાય એ પહેલાં મુંબઈમાં દૂધ વિતરણ કરતા ભૈયાઓએ વિદ્રોહ કરી દૂધ તેમના દફતરમાં, તેમના નિવાસમાં અને મુંબઈનાં સ્ટેશનો પર ઢોળી દેવાનું શરૂ કર્યું, પરંતુ દિનકરરાવ શાન્ત અને મક્કમ હતા. આ દૂધ વિતરણની 'આરે મિલ્ક કૉલોની'ની યોજનામાં જોડાવાનું ભૈયાઓ માટે ફરજિયાત નથી એમ જણાવી 'આરે મિલ્ક કૉલોની' માટે જાતે ભરૂચ જિલ્લાના દૂધનો ધંધો કરતાં મનુબર, કરરયાડ સહિતનાં

ગામોના વ્હોરા, પટેલ ભાઈઓને લઈ આવ્યા. આણંદથી પણ બોલાવ્યા અને તેમને દૂધ આપવાથી શું ફાયદા થશે તે સમજાવ્યું અને શ્રી દિનકરરાવ દેસાઈનો નેક પવિત્ર આશય સમજી સહુ સંમત થયા. મુંબઈ બહારના ગુજરાતના દૂધ વિતરણ કરનારાઓનો સહકાર પ્રાપ્ત થતાં 'આરે કૉલોની' અસ્તિત્વમાં આવી અને થોડા જ સમયમાં દૂધ વિતરણ યોજનામાં સંકળાયેલા બહારના વિક્રેતાઓને મળતી સગવડ અને તેમનો વિકાસ નજરે પડતાં, ભૂલ સમજાતાં મૂળ મુંબઈના વિક્રેતાઓ શાન્ત થયા, માફી માંગી 'આરે કૉલોની' દૂધ વિતરણ યોજનામાં જોડાવા સંમત થયા.

1952માં દિનકરરાવ ધારાસભામાં ફરી ચૂંટાઈ આવ્યા. 1952ના પ્રધાનમંડળમાં એ કાયદા અને કેળવણી ખાતાના પ્રધાન બન્યા. જે જે કામગીરી એમને પ્રધાન તરીકે સોંપાઈ તેમાં પોતાની આગવી સૂઝથી અને કૌશલ્યથી કાંઈક ને કાંઈક નવું પ્રજાહિતનું કાર્ય એ કરી શક્યા.

વિવિધલક્ષી શાળાઓનું આયોજન, સહશિક્ષણની શાળાઓમાં ટૅક્નિકલ શિક્ષણનો મૂળભૂત વિચાર એમનો. શાળા શિક્ષણમાં કલા, હોમસાયન્સ, તાંત્રિક શિક્ષણ અને કૉમર્સ - એમ ચાર ધારામાં વિભાજનની કલ્પના એમની. આણંદ ખાતે હિન્દી માધ્યમવાળી સરદાર પટેલ વિદ્યાપીઠનો આરંભ એમણે કરાવ્યો.

દેશને અનુસૂચિત જાતિ અને જનજાતિઓ માટે આશ્રમશાળાઓની સ્થાપનાની કલ્પના એમની. મહારાષ્ટ્રમાં શરૂઆત લલિતકલા અને મનોરંજનના સાંસ્કૃતિક ક્ષેત્રે રાજ્યસ્તરે નાટ્ય હરીફાઈની કલ્પના એમની. મુંબઈના કલાકારોને રંગ ઉપવન-વિશાળ નાટ્યગૃહ મળ્યું. ડિસેમ્બર 1957માં યુનેસ્કો પરિષદમાં ફરજિયાત કેળવણી માટેની ભારતીય દષ્ટિકોણની રજૂઆત કરવા ગયેલા પ્રતિનિધિમંડળની નેતાગીરી એમને સોંપાયેલી.

મહારાષ્ટ્રના ખેડૂતોને દુષ્કાળ સમયે ખૂબ રાહત આપી. મુંબઈ રાજ્યમાં ચાલતી ધર્માદા સંસ્થાઓની પ્રવૃત્તિઓ યોગ્ય રીતે વિકસે તે માટે કાનૂન મંત્રી તરીકે પબ્લિક ટ્રસ્ટ ઍક્ટ દાખલ કરી ચૅરિટી કમિશનરનાં દફતરો ખોલ્યાં. 4-12-48ના રોજ વૉશિંગ્ટનમાં મળેલી ચોથી ખેતીવાડી પરિષદમાં પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ કર્યું. 1956ની 3જી ડિસેમ્બરે કર્ણાટક વિશ્વવિદ્યાપીઠે એમને ડૉક્ટર ઑફ લૉઝની પદવી આપી. મુંબઈ પાસેથી મેળવેલા શિક્ષણને અજવાળે મુંબઈને અઢળક આપી તેઓ 21-4-59ના રોજ મુંબઈમાં અવસાન પામ્યા.

❑

# 25. ડૉ. હોમી ભાભા



ડૉ. હોમી ભાભા

1928 : ‘કેમ્બ્રિજમાં અભ્યાસ કરતા 18 વર્ષના ભારતીય યુવાને મુંબઈમાં પિતાને પત્ર લખી જણાવ્યું કે વ્યાપાર અથવા એન્જિનિયર તરીકે નોકરી તેના સ્વભાવ વિરુદ્ધની વાત હતી. ફિઝિક્સ અને મૅથેમૅટિક્સ(ભૌતિકવિજ્ઞાન અને ગણિત) માં તે ઊંડો રસ ધરાવતો હતો અને તેને ખાતરી હતી કે તેમાં તે સફળ થશે જ. એ હતા હોમી જહાંગીરજી ભાભા.

એન્જિનિયરિંગમાંથી મૅથેમૅટિક્સના અભ્યાસમાં જવા માટે પિતાને વિનંતી કરી. એન્જિનિયરિંગમાં જો પ્રથમ વર્ગમાં આવે તો આગળ બે વર્ષ મૅથેમૅટિક્સનો અભ્યાસ કરવાની પિતા તરફથી અનુમતિ મળી. જૂન 1930માં હોમી ભાભાએ એન્જિનિયરિંગમાં પ્રથમ વર્ગ મેળવ્યો. ત્યાર પછી થિયોરેટિકલ સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્ર-ફિઝિક્સના સંશોધનકાર્યમાં વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરી પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા. 1934માં હોમી ભાભા આઇઝેક ન્યૂટન વિદ્યાર્થી સ્કૉલરશિપ માટે પસંદગી પામ્યા.

થિયોરેટિકલ ફિઝિક્સનો આગળ અભ્યાસ હોમી ભાભાએ કોપનહેગનમાં Niels Bohr Instituteમાં, ને ઝુરીચ તેમજ રોમમાં કર્યો. 17 વર્ષની ઉંમરથી 29 વર્ષની ઉંમર સુધી હોમી ભાભાએ અભ્યાસ કર્યો. 1935થી 1939 કૅમ્બ્રિજમાં શિક્ષણકાર્ય કર્યું. તે દરમિયાન તેમના સંશોધનકાર્ય પરના બે વિખ્યાત લેખો પ્રકાશમાં આવ્યા. તેમના એક સંશોધનને ભાભાનું નામ આપવામાં આવ્યું. કૅમ્બ્રિજમાં હતા ત્યારે નાટકો માટે સેટ તૈયાર કરવાનું અને રંગવાનું કામ શોખથી કરતા. પોતાના

આનંદ માટે ચિત્રકામ પણ કરતા. ત્રીસ વર્ષની ઉંમરે હોમી રજાઓ ગાળવા ભારત આવ્યા. જ્યારે તે ભારતમાં હતા ત્યારે બીજા વિશ્વયુદ્ધની શરૂઆત થઈ અને તેથી તેમને માટે કેમ્બ્રિજ જવાનું અશક્ય બન્યું. 1940માં સર દોરાબ ટાટા ટ્રસ્ટ તરફથી ભાભાની નિમણૂક રીડર તરીકે 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ - બૅંગ્લોર (બૅંગાલુરુ)'માં થઈ; અને બે જ વર્ષમાં 'કોસમીકરે'ના પ્રોફેસરના સ્થાને આવ્યા. પાંચ વર્ષ બૅંગાલુરુમાં કાર્યરત રહ્યા.

બૅંગાલુરુમાં વ્યતીત થયેલાં હોમી ભાભાનાં પાંચ વર્ષ તેમના જીવનમાં ખૂબ મહત્ત્વનાં હતાં. પ્રો. એમ. જી. કે. મેનન જે ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચ(TIFR)ના ભાભા પછી ડિરેક્ટર નિમાયા હતા. તેમણે કહ્યું, 'આ સમયમાં હોમી ભાભાને (પોતાની) ફરજનું ભાન થયું; અને ભારતના વિકાસમાં તેમને આપવાના મહત્ત્વના યોગદાન વિશે જાગ્રત થયા હતા.'

ભાભા જ્યારે દેશના વિકાસનો ઊંડાણથી અભ્યાસ કરતા હતા ત્યારે તેમની નજરમાં ભારતમાં વૈજ્ઞાનિક સંશોધનો માટેની સગવડોનો અભાવ દેખાયો. ઑગસ્ટ 19, 1943માં હોમી ભાભાએ જે. આર. ડી. ટાટાને પત્ર દ્વારા જણાવ્યું, 'દેશમાં વૈજ્ઞાનિક સંશોધનો માટે યોગ્ય પરિસ્થિતિનો અભાવ અને બુદ્ધિપૂર્વકની સમયસર આર્થિક સહાય ન મળતાં વિજ્ઞાનનો વિકાસ રૂંધાય છે; અને વિજ્ઞાનક્ષેત્રે યુવા શક્તિનો વ્યય થાય છે.' વિશેષમાં ભાભાએ જણાવ્યું કે 'તે સ્વયમ્ લડાઈ પૂરી થતાં કેમ્બ્રિજ અથવા પ્રિન્સટોન(Princeton)માં નોકરીનો સ્વીકાર કરવાનો ખ્યાલ કરતા હતા. પણ, તેમને એ વિચારો પણ આવતા હતા કે યોગ્ય વાતાવરણ પ્રાપ્ત થાય તો દેશમાં રહી કાર્ય કરવાની તેમની ફરજ હતી અને બીજા દેશો જેવી જ તે કરતાં પણ ઉત્તમ. વિજ્ઞાનની નામાંકિત શાળા બીજા પરદેશી દેશોની સાથે સ્પર્ધા કરી શકે તેવી પોતાના દેશમાં તૈયાર કરવાની તેમની મહેચ્છા હતી.'

જે. આર. ડી. ટાટાનો જવાબ હતો, 'ટાટા ટ્રસ્ટ તેમની બધી સંસ્થાઓમાં વૈજ્ઞાનિક દૃષ્ટિએ વિકાસ થતો રહે એ અપેક્ષા ધરાવે છે; અને એ માટે મદદરૂપ પણ થાય છે. તમે અને તમારા વિજ્ઞાનદુનિયાના સાથીઓ 'એડવાન્સમેન્ટ ઑફ સાયન્સીઝ' માટે વિસ્તારથી તૈયાર કરી રૂપરેખા જણાવશો તો ટાટા ટ્રસ્ટે અત્યાર સુધી આપી છે તે કરતાં વધુ નાણાકીય મદદ કરવા અંગે વિચારશે.'

આ જવાબ પછી હોમી ભાભાએ સર દોરાબજી ટાટા ટ્રસ્ટ સાથે પત્રવ્યવહાર કરી જણાવ્યું, ન્યૂક્લિયર એનર્જીનો ઉપયોગ રચનાત્મક કાર્યોમાં ઇલેક્ટ્રિક પાવરની ઉત્પત્તિ માટે કરવા ઇચ્છા ધરાવતા હતા. માર્ચ 12, 1944માં ડૉ. ભાભાએ દોરાબજી ટાટા ટ્રસ્ટના ચૅરમૅન સર સોરાબ સકલાટવાલાને લખેલા પત્રમાં જણાવ્યું કે જ્યારે ન્યૂક્લિયર એનર્જીનો સફળતાપૂર્વક ઉપયોગ પાવરની ઉત્પત્તિ માટે થશે તો થોડાં જ વર્ષોમાં ભારતે તેના નિષ્ણાતો માટે પરદેશ પર આધાર રાખવાની જરૂર નહીં

પડે. સ્વદેશમાં જ વિજ્ઞાનિકો તૈયાર હશે.

ટ્રસ્ટે જે. આર. ડી. ટાટાના 'ફન્ડામેન્ટલ રિચર્સ' વિશેની આવશ્યકતા માટેના વિચારોને માન્યતા આપી. ટ્રસ્ટે નવા ઇન્સ્ટિટ્યૂશનની આર્થિક અને વ્યવસ્થાની જવાબદારીનો સ્વીકાર કર્યો. સર સોરાબ સકલાટવાલા ટાટા ટ્રસ્ટના ચૅરમૅન ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચના પ્રથમ ચૅરમૅન બન્યા અને મદદમાં હતા ડૉ. જોન મથાઈ., એસ. એન. મુર અને હોમી ભાભા.


ડૉ. વિક્રમ સારાભાઈ

જૂન 1, 1945 : સ્વતંત્રતા પ્રાપ્તિનાં બે વર્ષ પહેલાં બૅંગાલુરુમાં TIFRના કાર્યની શરૂઆત થઈ. ભારત માટે એ સુવર્ણ દિવસ હતો. ડિસેમ્બર 1945થી સંસ્થા મુંબઈમાં સ્થિર થઈ. સપ્ટેમ્બર 1949માં ઇન્સ્ટિટ્યૂટ ગેઇટ વે ઇન્ડિયા પાસે સુંદર 35,800 સ્કે. ફૂટની વિશાળ જગ્યામાં અસ્તિત્વમાં આવી. પ્રો. કોસામ્બી, વિખ્યાત ગણિતશાસ્ત્રીને સૌથી પ્રથમ ઇન્સ્ટિટ્યૂટમાં નિમંત્રણ આપવામાં આવ્યું. એન. આર. પુથરન (N. R. Puthran) યુવાન એકાઉન્ટન્ટ પણ ઇન્સ્ટિટ્યૂટમાં જોડાયા. ડૉ. ભાભા સાથે તેમણે 20 વર્ષ કામ કર્યું. શરૂઆતમાં ઇન્સ્ટિટ્યૂટમાં છ વ્યક્તિઓ કુટુંબની જેમ સાથે મળી દિવસ-રાત સંશોધનકાર્ય દેશના ઉત્કર્ષનું લક્ષ રાખી કરતી હતી, ડૉ. ભાભા સ્વયમ્ નિષ્ઠાપૂર્વક સમયની ગણતરી કર્યા વિના કાર્યમાં મગ્ન રહેતા કે તેમની સાથે કામ કરનારને પણ એ જ પ્રેરણા મળતી અને એ જ રીતે તેઓ પણ કામ કરતા.

શરૂઆતનાં વર્ષોમાં ગણિત (Mathematics) અને (Theoratical Physics) સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્ર તેમજ કૉસ્મિક (Cosmic Rays) અને (હાઈ એનર્જી પાર્ટિકલ્સ) ઉચ્ચ અણુશક્તિ પર પ્રયોગાત્મક કાર્ય થતું હતું.

ડૉ. હોમી ભાભાએ ભારતના પરમાણુ સંશોધન અને પરમાણુ ઊર્જા કાર્યક્રમને દુનિયાના અગ્રિમ દેશોની કક્ષામાં મૂકવાનાં સ્વપ્નાં સેવ્યાં હતાં. ડૉ. હોમી ભાભાની રાહબરી નીચે ભારતના પરમાણુ કાર્યક્રમનાં બીજ રોપવામાં ડૉ. વિક્રમ સારાભાઈ, ડૉ. હોમી નસરવાનજી શેઠના, ડૉ. રાજા રામન્ના જેવા વૈજ્ઞાનિકો હતા. જેમણે પરમાણુ વિજ્ઞાનક્ષેત્રે ભારતની ભવ્યતાનાં સ્વપ્નાં સેવ્યાં હતાં અને ડૉ. ભાભા સાથે પરમાણુ કાર્યક્રમના રોપેલા બીજને વટવૃક્ષ વિકસાવવામાં સમર્પિત હતા. 1948માં

ઍટોનિક એનર્જી (અણુશક્તિ) કમિશન બન્યું. ડૉ. ભાભા એના ચૅરમૅન થયા અને 1954માં યુનિયન ગવર્નમેન્ટે અણુશક્તિ વિભાગ(ઍટૉમિક એનર્જી ડિપાર્ટમેન્ટ)ની શરૂઆત કરી. ભાભા જેના સેક્રેટરી હતા.

મુંબઈમાં ટ્રોમ્બેમાં ઍટૉમિક એનર્જી એસ્ટાબ્લિશમેન્ટ (AEE) શરૂ થયું. પાછળથી ભાભાના અવસાન પછી તેને ભાભા ઍટૉમિક રિસર્ચ સેન્ટર (BARC) નામ આપવામાં આવ્યું. આજે જ્યારે ભારત એક પરમાણુ શસ્ત્રો ધરાવતી પરમાણુ સત્તા બની ગયેલ છે અને ભારતમાં મળેલા થોરિયમના વિપુલ જથ્થાનો ઉપયોગ કરી પરમાણુ વિદ્યુત ઊર્જા ઉત્પન્ન કરવાના ત્રણ તબક્કાના કાર્યક્રમના ત્રીજા તબક્કે 2050 સુધીમાં પહોંચવા જઈ રહ્યું છે ત્યારે ડૉ. હોમી ભાભા અને તેમના સમર્પિત મહાન વૈજ્ઞાનિક સાથીદારોને કેમ વીસરી શકાય ? નિષ્ણાત ડૉક્ટરો, શ્રેષ્ઠ વૈજ્ઞાનિકો જેમાંના કેટલાકે ભારતને દુનિયામાં અગ્રગણ્ય ન્યૂક્લિયર રાષ્ટ્ર તરીકે પાંચમા ક્રમે સ્થાન અપાવ્યું. આ સૌ તૈયાર થયા ટાટા ટ્રસ્ટ સંકુલ દ્વારા.

સંશોધનો અને પ્રકાશનોનું કામ તો ટાટા કેન્દ્રો દ્વારા અવિરત વિસ્તરતું હતું, અને આના પરિણામે ભારતના કરોડો લોકોને નવજીવન પ્રાપ્ત થયું, અને તેઓના જ્ઞાનની સીમાનો વિસ્તાર થયો. ભારતનો વિજયવાવટો અન્ય ક્ષેત્રોમાં પણ ફરકવા લાગ્યો.

ગણિત અને ભૌતિકશાસ્ત્ર (ફિઝિક્સ) પર સંશોધન કરનાર ટાટા રિસર્ચ કેન્દ્ર સમય જતાં ભારતનું ઍટૉમિક એનર્જી કાર્યક્રમ માટેનું અદ્વિતીય કેન્દ્ર સ્થળ બન્યું. 1956માં ભારતની પ્રથમ પરમાણુ ભઠ્ઠી (ન્યૂક્લિયર રિએક્ટર) એશિયાનું પ્રથમ ઍટૉમિક રિએક્ટર 'અપ્સરા' ટ્રોમ્બેમાં લડાઈના સમયમાં ટી. આઈ. એફ. આર. (TIFR)ની અંદર ઍટૉમિક એનર્જી એસ્ટાબ્લિશમેન્ટ (AEE)માં તૈયાર થયું.

જ્યારે 1957માં ઍટૉમિક એનર્જી તાલીમશાળા ભાભા ઍટૉમિક રિસર્ચ સેન્ટર(BARC)ની શરૂઆત વિદ્યાર્થીઓને તૈયાર કરવા માટે થઈ. ત્યારે તાલીમ આપવાનો હેતુ વિકાસ પામતા ઍટૉમિક એનર્જી (અણુશક્તિ) કાર્યક્રમ માટે વિજ્ઞાનિકો તૈયાર કરવાનો હતો. અગત્યનું શિક્ષણકાર્ય TIFRના વિજ્ઞાનિકો ડૉ. ભાભાની નજર નીચે કામ કરતા.

'ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચ'ના વિકાસ માટે નવીન જગ્યાની જરૂર હતી. હોમી ભાભાએ ડિફેન્સ મિનિસ્ટ્રીના કબજાની જમીન પસંદ કરી. તેમની માંગણીનો શરૂઆતમાં અસ્વીકાર કરવામાં આવ્યો. અંતે પંડિત જવાહરલાલ નહેરુની સંમતિ મળતાં જગ્યા પ્રાપ્ત થઈ.

પંડિત જવાહરલાલ નહેરુની અનુમતિ મળતાં 2,50,000 સ્કે. ફૂટની ભવ્ય ઇમારત ડૉ. ભાભાની પરિકલ્પના પ્રમાણે તૈયાર કરવામાં આવી.

આ ઇમારત દુનિયાના કોઈ પણ ભાગમાં આવેલી ઉત્તમ સુંદર ઇમારત જેવી જ ભવ્ય-મનભાવન છે. ડૉ. હોમી ભાભા સ્વયમ્ ચિત્રકાર હતા, કલાપ્રેમી હતા અને કલાકારોના ચાહક હતા 1950થી 1960માં ભારતના ચિત્રકારો જે પાછળથી વિખ્યાત થયા તે હુસેન, ચાવડા, રક્ષ, ગાયતુંડે અને અન્યનાં ચિત્રોના સંગ્રહ તેમની પાસે હતા. કેટલીક પ્રખ્યાત શિલ્પાકૃતિઓ પણ તેમના સંગ્રહમાં હતી. કાષ્ટમાં કોતરેલી મૂર્તિઓ અને અન્ય નમૂના. અન્ય કલાકૃતિઓ તેમનો કલા પ્રત્યેનો પ્રેમ દર્શાવતાં હતાં અને આ કલાપ્રેમ TIFRના ઇમારત અને તેના બગીચાની રચનામાં પણ નજરે પડતો હતો. મુંબઈવાસીઓ આ ઇમારત માટે ગૌરવ અનુભવતા હતા. વર્ષો પછી પણ આ ઇમારત એવી જ કલાત્મક અને સુંદર લાગે છે.

ઇન્સ્ટિટ્યૂટમાં ગણિત શિક્ષણની શાળા શરૂ કરવા માટે ડૉ. ભાભા નિષ્ણાત ભારતીય વ્યક્તિની ખોજ કરતા હતા. પ્રોફેસર કે. ચન્દ્રશેખરન તે સમયે (Princeton) પ્રિન્સટોન ઇન્સ્ટિટ્યૂટમાં પ્રોફેસર હતા. ડૉ. ભાભાનું આમંત્રણ સ્વીકારી મુંબઈ TIFRમાં જોડાયા. 1950માં ગણિતના ઉત્કર્ષ માટે પ્લાન બનાવ્યો. રજાઓમાં શિબિરોનું આયોજન કરવામાં આવતું અને આખા દેશમાંથી શિબિરમાં શીખવા માટે વ્યક્તિઓ આવતી. પરદેશી ગણિતશાસ્ત્રીઓ TIFRની મુલાકાતે આવવા આતુર રહેતા.

યુએસએસઆર (USSR), યુએસએ (USA) જાપાન (Japan), ફ્રાન્સ (France), વેસ્ટ જર્મની (West Germany) અને યુકે (UK) ગણિતના વિષયમાં ખૂબ આગળ સ્થાન ધરાવે છે. આ બધાંમાં ગણિતશાસ્ત્રમાં ભારતનું સ્થાન વિશિષ્ટ છે. પરંતુ આ પહેલાં ડૉ. ભાભાએ સર દોરાબજી ટાટા ટ્રસ્ટને ઇન્સ્ટિટ્યૂટે શરૂમાં સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્ર - મુખ્ય કૉસ્મિક રે અને ગણિતના ક્ષેત્રમાં સંશોધન અને અભ્યાસ માટે આગ્રહ કર્યો ત્યારે દેશની વાસ્તવિક પરિસ્થિતિ વિશે પ્રોફેસર એમ. એસ. નરસિંહને જણાવતાં સત્ય પ્રકાશમાં આવ્યું હતું કે ભારતમાં તે સમયે અત્યંત અલ્પ સંખ્યામાં ગણિતશાસ્ત્રીઓ હતા; અને તે પણ એકબીજાથી અલગ કોઈ બે-ચાર યુનિવર્સિટીમાં કામ કરતા હતા. ગણિતની મુખ્ય ધારામાં પ્રતિભાવંત નિષ્ણાત વિદ્વાનો શોધવા છતાં ભાગ્યે જ મળતા હતા. પરંતુ ભારતીય ગણિતશાસ્ત્રની પરંપરા પ્રત્યે આકર્ષણ ધરાવતા તેજસ્વી વિદ્યાર્થીઓની ખોટ ન હતી; પરંતુ તેઓ સંશોધનક્ષેત્રમાં આગળ જતા નહીં, પ્રયત્નો ન કરતા, કારણ કે તેમને ઉચ્ચ સ્તરે ગણિતશાસ્ત્રમાં પારંગત થવાની તક મળતી નહીં તેમજ એ ક્ષેત્રમાં આગળ વધવા માટે આર્થિક સહાય પણ ન મળતી.

TIFRની સ્થાપના અને વિખ્યાત ગણિતશાસ્ત્રી પ્રો. કે. ચન્દ્રશેખરનના પ્રયત્નો પછી ભારતે ગણિતના ક્ષેત્રમાં હરણફાળ ભરી અને અગ્રગણ્ય દેશોમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું.

TIFR - ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચ ડૉ. હોમી ભાભા ભારતમાં વૈજ્ઞાનિક સંસ્થા ઉપરાંત વિશેષ વિશાળ પ્રગતિશીલ ઇન્સ્ટિટ્યૂશનની રચના કરવા વિચારતા હતા, તે સંશોધન માટે એવા કેન્દ્રની રચના કરવા માગતા હતા કે તેની અસર સમગ્ર દેશમાં થાય અને તેની પ્રતિષ્ઠા અને અભિવ્યક્તિ એવાં હોવાં જોઈએ કે સમગ્ર દુનિયામાં તે અગ્રગણ્ય સ્થાન પ્રાપ્ત કરે.

ડૉ. હોમી ભાભાના વિચારો લલિતકલા-સંગીત-વિજ્ઞાન અને ઉદ્યોગોનો વિકાસ માનવકલ્યાણ માટે કરવાનો હતો. વર્ષો પહેલાં 1952માં મુંબઈમાં સોલર એનર્જીનો ઉપયોગ ઍરકન્ડિશનની સગવડ માટે કરવા તે માગતા હતા. તેઓ ઇચ્છતા હતા કે પરદેશના શ્રેષ્ઠ વિજ્ઞાનવિજેતાઓ TIFRમાં વિદ્યાર્થીઓના સંપર્કમાં આવે અને ડૉ. ભાભાના આમંત્રણને માન આપી સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્રના કેટલાક નોબેલ ઇનામના વિજેતા TIFRમાં આવ્યા હતા; જેનો લાભ ભારતના ઊગતા વૈજ્ઞાનિકોને પણ થયો હતો.

ડૉ. હોમી ભાભાને TIFRમાં તેમના જીવનકાળમાં સંશોધનકાર્યો દરમિયાન પ્રેરણાદાયી નેતૃત્વ પૂરું પાડ્યું, એટલું જ નહીં, પણ સાથી વૈજ્ઞાનિકોને પોતાની પરંપરામાં તાલીમ આપી અને તેમણે શરૂ કરેલાં કાર્યોમાં સ્વતંત્ર રીતે તેમને વિચારીને આગળ જવાનું શીખવ્યું.

1955માં પ્રો. એમ. જી. કે. મેનન F.R.S. ભૌતિકશાસ્ત્રમાં રીડર તરીકે TIFRમાં આવ્યા હતા. હોમી ભાભાની ખૂબ નિકટ આવ્યા અને તેમની પાસે તાલીમ પામ્યા. અગિયાર વર્ષ પછી ડૉ. ભાભા પછી તે ડિરેક્ટર (નિયામક) તરીકે આવ્યા. ડૉ. ભાભાની પરંપરા જાળવવા સાથે ઇન્સ્ટિટ્યૂશનની ઉચ્ચ કક્ષાની સંશોધનપ્રવૃત્તિઓ માત્ર સાચવી જ નહીં, પણ તેનો વિકાસ ઇલેક્ટ્રૉનિક ક્ષેત્રમાં અને કમ્પ્યૂટર સાયન્સમાં કર્યો. ત્યાર પછી બી. વી. શ્રીધરન કૉસ્મિક-રેના નિષ્ણાત હતા. તેમની પાસે મુશ્કેલ સાયન્સના સિદ્ધાંત સરળતાથી સામાન્ય લોકોને સમજાવી શકવાની નૈસર્ગિક આવડત હતી. TIFRની દુનિયામાં ઉચ્ચકક્ષાની સંશોધન સંસ્થા તરીકે ગણના થતી હતી. સંસ્થામાં 600 વ્યક્તિઓ કામ કરતી ને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ તેમજ વિશાળ માઈલોના માઈલો સાથેની ઇમારતમાં ફક્ત પાંચ જ પટાવાળા ધ્યાન રાખવા માટે હતા. મહાન વૈજ્ઞાનિકોને મન કોઈ પણ કાર્ય ઊતરતું ન હતું અને નાનાં કામો કરવામાં શરમ ન હતી.

પ્રથમ કમ્પ્યૂટર (Computer) 1950માં પ્રિન્સટોન (Princeton) યુ.એસ.એ.માં તૈયાર થયું, અને 1954માં જ્યારે કમ્પ્યૂટર સાયન્સ અને ટૅક્નોલૉજી વિભાગનું TIFRમાં આયોજન કરવામાં આવ્યું ત્યારે વૈજ્ઞાનિકોના એક જૂથને તેમાં કાર્ય કરવા માટે સક્રિય કરવામાં આવ્યું. જૂથમાંના કોઈને પણ કમ્પ્યૂટર ચલાવવા માટેનું જ્ઞાન ન હતું, ફક્ત એ છ વ્યક્તિઓના વૈજ્ઞાનિક જૂથમાં આર. નરસિંહન પરદેશ ગયા હતા.

તાત્કાલિક સંપૂર્ણ સ્કેલ સાથે સામાન્ય વપરાશ માટેનું ડિજિટલ કમ્પ્યૂટર TIFRમાં તૈયાર કરવા માટે આ જૂથને આદેશ મળ્યો અને એ રીતે TIFRમાં 1960માં Princeton U.S.A.માં તૈયાર કરવામાં આવેલ પ્રથમ કમ્પ્યૂટર સાથે સરખાવી શકાય તેવું કમ્પ્યૂટર વપરાશ માટે તૈયાર થયું. 1960માં TIFR જૂની પદ્ધતિ પર કામ કરતા કમ્પ્યૂટર TIFRAC ઉપરાંત આધુનિક પદ્ધતિએ તૈયાર થયેલા U.S.A.ના કમ્પ્યૂટર પ્રમાણેના કમ્પ્યૂટર જેવી જ કમ્પ્યૂટરપદ્ધતિએ કામ કરવાનું શરૂ કર્યું, અને શિક્ષણસંસ્થાઓ, પેટ્રોલિયમ કંપનીઓ, સ્પેસ રિસર્ચ, ઍર લાઇન્સ અને અન્ય સ્થળોએ વાપરવા માટે કમ્પ્યૂટરની સગવડ થઈ. TIFRએ મૂળમાંથી કમ્પ્યૂટર અંગે માહિતી મેળવી હતી અને તે અંગેની ટૅક્નિકલ (તાંત્રિક) જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તેનો લાભ પામવા ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ્સ ઑફ ટેક્નૉલૉજીના વિદ્યાર્થીઓએ તાલીમ લેવા નૅશનલ સેન્ટરમાં આપવાનું શરૂ કર્યું. કમ્પ્યૂટર શિક્ષણ અંગેની માહિતી અને શિક્ષણ ખૂબ ઝડપથી દેશમાં વિસ્તાર પામ્યું અને 1973માં યુનાઇટેડ નૅશન્સ વિકાસ કાર્યક્રમે નક્કી કર્યું કે ભારતમાં કમ્પ્યૂટર ટૅક્નિક અને Softwareના વિકાસ માટે રાષ્ટ્રીય કેન્દ્ર તરીકે ભારતમાં TIFR ઉત્તમ સ્થળ છે. કમ્પ્યૂટર કાર્યક્રમ આર. નરસિંહનના પરિશ્રમથી ખૂબ વિસ્તાર પામ્યો અને ભારતમાં અગણિત યુવાનો તૈયાર થયા. ડૉ. ભાભાના પ્રેરણાદાયી નેતૃત્વનું અને તેમને પોતાની પરંપરામાં તૈયાર કરેલા વૈજ્ઞાનિક સાથીદારોના સંશોધનનું આ પરિણામ છે. ટાટા ટ્રસ્ટની મદદ ન હોત તો આટલા ટૂંકા સમયમાં ભારતમાં કમ્પ્યૂટરપદ્ધતિનો વિકાસ થયો ન હોત. આ પરિણામ પરથી નક્કી થાય છે કે પ્રજાને (ફન્ડામન્ટલ સાયન્સીસ) વિજ્ઞાનના મૂળભૂત સિદ્ધાંત દ્વારા તૈયાર કરવામાં આવે તો તેઓ કોઈ પણ ટૅક્નિકલ (યાંત્રિક) પ્રયોગો કે કાર્યક્રમમાં સફળતા પ્રાપ્ત કરે છે.

ડૉ. શ્રી કાનટંનના વિધાન પ્રમાણે ભારતીય પ્રજાએ ઍટૉમિક એનર્જી, ઇલેક્ટ્રૉનિક્સ અને સ્પેસ કાર્યક્રમો દ્વારા આ પુરવાર કર્યું છે. 1945થી 1980 સુધી TIFRને પ્રોફેસર આર. ડી. ચોકસી(R. D. Choksi)ની અનેક રીતે સહાય મળી. TIFRમાં પ્રો. ચોકસીએ ડૉ. ભાભાને શરૂઆતથી જ સંસ્થાનું સ્વરૂપ અને બંધારણ તૈયાર કરવામાં મદદ કરી. 35 વર્ષ સુધી મોટા નિર્ણયો TIFR માટે પ્રો. આર. એમ. સી.ની મદદથી લઈ શકાયા. મુંબઈનો વિકાસ વિધવિધ ક્ષેત્રોમાં ઝડપથી ટાટા ટ્રસ્ટને કારણે થયો એમ નજરે પડે છે, પણ એનું શ્રેય તો જમશેદજી નસરવાનજી ટાટાને ફાળે જાય છે. જેમણે દાન માટે અલગ પ્રકારની પરિકલ્પના વિચારી ને તે માટે મોટી આર્થિક સહાય કરી અને ટાટાની બધી વિશાળ સંસ્થાઓની માતૃસંસ્થા કહેવાય તે પ્રથમ 'ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ'ની બૅંગાલુરુમાં ભારતના સદ્ભાગ્યે શરૂઆત થઈ હતી.

પ્રો. આર. ડી. ચોકસીએ 1945થી 1980 સુધી TIRCને નક્કર સ્વરૂપ

આપવામાં અને બંધારણ તૈયાર કરવામાં ખૂબ સહાય કરી હતી. 35 વર્ષ સુધી મોટા નિર્ણયો TIFR માટે પ્રો. આર. ડી. ચોકસીની સહાયથી લઈ શકાયા. J.R.D. ટાટાની આર્થિક બાબતોનો ઉકેલ કરવામાં ઝડપી સહાય મળી હતી; અને સરકારી સ્તરે જવાહરલાલ નહેરુની અનુમતિ મેળવવા માટે ડૉ. ભાભા ભાગ્યશાળી હતા. ભાભાના શબ્દોમાં 'ઍટૉમિક એનર્જી એસ્ટાબ્લિશમેન્ટ કાર્યક્રમ ટ્રોમ્બેમાં અત્યંત ઝડપથી સફળ થયો ન હોત અને આંતરરાષ્ટ્રીય સ્તરે આટલી ખ્યાતિ પામ્યો ન હોત, જો ભારત સરકારની સહાય મળી ન હોત તો.'

ડૉ. ભાભાની પરિકલ્પના દ્વારા 1945માં અસ્તિત્વમાં આવેલી ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્સ ભારતનું અદ્વિતીય ઍટૉમિક એનર્જી (અણુશક્તિ) કાર્યક્રમ માટેનું કેન્દ્ર બન્યું. ટ્રોમ્બે દક્ષિણ મુંબઈમાં એલિફન્ટા ગુફાઓથી થોડા ગાઉના અંતરે ટાટા કંપનીના ચાર ઇલેક્ટ્રિક ઉત્પન્ન કરનાર જનરેટર આવેલાં છે અને ટેકરીઓની ઉપર હરિયાળી વચ્ચે 'ભાભા ઍટૉમિક સંશોધન કેન્દ્ર' છે. ભારત હેવી ઇલેક્ટ્રિકલ લિ. (BHEL) કેન્દ્રની ઇલેક્ટ્રિસિટી સંસ્થા અને રાજ્ય ઇલેક્ટ્રિસિટી સંસ્થા ટ્રોમ્બેમાં તાલીમ લેવા માટે નિયમિત ટુકડીઓ મોકલાવે છે. જ્યારે તારાપુર ઍટૉમિક પાવર સ્ટેશન તૈયાર થયું ત્યારે એન્જિનિયરોની બે ટુકડીઓને તૈયાર કરવામાં આવી હતી. બે કમ્પ્યૂટર સાથે ટ્રોમ્બેમાં આવેલું ટાટા ઇલેક્ટ્રિક, સ્થાનિક ઍરકન્ડિશન વિતરણ માટેનું કેન્દ્ર મુંબઈમાં ઇલેક્ટ્રિક પાવર પૂરો પાડે છે.

ટાટાનો સંશોધન અને વિકાસ વિભાગ સફળતાપૂર્વક કાર્ય કરે છે.

ટાટા ઇલેક્ટ્રિક કંપનીના સંશોધન અને વિકાસના શ્રેષ્ઠ કાર્ય માટે પ્રતિષ્ઠિત FICCI ઍવૉર્ડ પ્રાપ્ત થયો છે; ઉપરાંત ઇન્ડિયન મરચન્ટ્સ ચેમ્બર ઍવૉર્ડ પણ આપવામાં આવ્યો છે.

જ્યારે ઍટૉમિક એનર્જી એસ્ટાબ્લિશમેન્ટ (AEE) શરૂ થયું ત્યારે ડૉ. ભાભાએ તૈયાર થયેલા 46 વૈજ્ઞાનિક સાથીદારોને TIFRમાંથી AEEમાં મોકલાવ્યા જેમાં TIFRના ન્યૂક્લિયર ફિઝિક્સ જૂથના અધ્યક્ષ ડૉ. રામન્ના અને ઇલેક્ટ્રિક જૂથના વડા એ. એસ. રાવ પણ હતા. ક્યારેક એવો પણ સમય હતો ત્યારે AEE ટ્રૉમ્બેમાં કામકાજ બંધ રાખી TIFRમાં ડૉ. ભાભાની નજર નીચે કામ કરવા માટે આવતું. લડાઈના સમયમાં એશિયાના પ્રથમ ઍટૉમિક રેક્ટર 'અપ્સરા' ને તેના ભાગ TIFR વર્કશૉપમાં તૈયાર થયા હતા.

ઍટૉમિક એનર્જી ટ્રેનિંગ સ્કૂલ 1957માં વિકસિત ઍટૉમિક એનર્જી કાર્યક્રમ માટે વૈજ્ઞાનિકોની જરૂર હોવાથી શરૂઆતમાં શિક્ષણ આપવાનું કાર્ય TIFRમાં ડૉ. ભાભા તેમના સાથીદાર વિજ્ઞાનિકો સાથે કરતા હતા. આ રીતે ડૉ. ભાભાની પરંપરામાં યુવાન વૈજ્ઞાનિકોની બીજી પેઢી પણ તૈયાર થઈ. ટ્રૉમ્બેના ઍટૉમિક એનર્જી વિકાસના મૂળ TIFRમાં છે એમ જણાવવામાં સહેજ પણ અતિશયોક્તિ

નથી. જાન્યુઆરી 23, 1966, TIFRમાં નિયતિએ નિર્ધારેલો ડૉ. ભાભાનો અંતિમ દિવસ.

તે દિવસે રવિવાર હતો. દિવસભર ડૉ. ભાભાએ TIFRમાં તેમના નિકટના વિજ્ઞાનિકોનાં જૂથ અને અંતરંગના વ્યવસ્થાપકોના જૂથ સાથે અવિશ્રાંત કામ કર્યું હતું. આ સૌને ભાભાએ ભારતમાં (ઝડપથી) સાયન્સ, કલાવિજ્ઞાન અને ઉદ્યોગોમાં ઝડપી વિકાસ લાવવાના પોતાના આદર્શની વાત કરી હતી. એક રીતે ડૉ. ભાભાનો એ અમૂલ્ય અંતિમ સંદેશ હતો. તે જ રાત્રે ભાભા યુરોપના પ્રવાસે જવાના હતા. તે રાત્રે હંમેશના તેમના લાક્ષણિક રિવાજ પ્રમાણે TIFRના બધા સાથીદારો ઍરપોર્ટ પર હાજર હતા. કદાચ છેવટની ક્ષણે તેમને કંઈ સૂચના આપવાની હોય. આ તેમની પદ્ધતિ હતી. તે રાત્રે ડૉ. ભાભાએ સ્વિટ્ઝર્લૅન્ડ જિનીવા જવા પ્રયાણ કર્યું.

બીજે દિવસે વહેલી સવારે રાષ્ટ્ર અને દુનિયાને દુઃખદાયક-આઘાતજનક સમાચાર મળ્યા.

ઍર ઇન્ડિયાનું વિમાન કાંચનજંઘા મોન્ટ બ્લેંક પર ઊડતું હતું ત્યારે બરફ આચ્છાદિત (આલ્પ્સની) ઊંચાઈએ તૂટી પડ્યું. ભારતના પરમાણુ કાર્યક્રમના મોભી ડૉ. ભાભા અવસાન પામ્યા. ભારતે અણમોલ રત્ન ગુમાવ્યું. ડૉ. ભાભાને અંજલિ આપતાં લંડનના 'ધી ગાર્ડિયન' પત્રે જણાવ્યું : 'ભારતે પયગંબર અને માર્ગદર્શક ગુમાવ્યો.' ડૉ. ભાભાએ એકલવીર-એકલે હાથે કલાવિજ્ઞાનમાં પ્રયોગો કર્યા, વિજ્ઞાનમાં નિષ્ણાતો તૈયાર કર્યા. અને રાષ્ટ્રને કલા-વિજ્ઞાનના ટૅક્નૉલૉજીના ઉચ્ચતમ શિખરે સ્થાન અપાવ્યું. 'ન્યૂયૉર્ક ટાઇમ્સે' જાહેર કર્યું કે 'થોડાક જ દિવસો પહેલાં ભારતીય અણુ-વિજ્ઞાનિકે કહ્યું હતું કે ભારત હવે ન્યૂક્લિયર તાકાત મેળવવા માટે ફક્ત 18 મહિના જ દૂર છે. એ હતા ડૉ. ભાભા. એ જ પત્રે કહ્યું, TIFR ભારતની શ્રેષ્ઠ પ્રયોગશાળા છે. એક વ્યક્તિ જેને ડૉ. ભાભા પોતાના અણુ-કાર્યક્રમો ચાલુ રાખવા પાછળ રાખી ગયા તે ડૉ. હોમી નસરવાલજી શેઠના. ડૉ. ભાભાની વૈજ્ઞાનિકોને સ્વદેશ પાછા ફરવાની વિનંતીથી પ્રેરાઈને માન આપી 1949માં ડૉ. હોમી શેઠના ભારત પરત આવ્યા.

ડૉ. હોમી ભાભા સાથે ભારતમાં ન્યૂક્લિયર દ્રવ્યો મેળવવાના પ્રયોગોનો આરંભ થયો. 1956માં ભારતની પ્રથમ પરમાણુ ભઠ્ઠી (ન્યૂક્લિયર રિએક્ટર) 'અપ્સરા' ટ્રોમ્બેમાં ઍટૉમિક એનર્જી એસ્ટાબ્લિશમેન્ટમાં શરૂ થઈ. ડૉ. ભાભાના અવસાન પછી AEE હવે ભાભા ઍટૉમિક રિસર્ચ સેન્ટર (બીએઆરસી) કહેવાય છે.

ડૉ. ભાભાને પોતાના ગુરુ માનતા ડૉ. હોમી શેઠનાએ અંજલિ આપતાં કહ્યું હતું, 'બહુશ્રુત બુદ્ધિપ્રતિભા ધરાવનાર લોકોત્તર માનવી ડૉ. હોમી ભાભા ઉત્તમોત્તમ એન્જિનિયર અને મેધાવી વૈજ્ઞાનિક હતા. કલા અને સંસ્કારના ચાહક,

સ્વયમ્ સંવેદનશીલ કલાકાર, પ્રેરણાદાયી નેતા અને આધુનિક ભારતના ઘડવૈયા હતા. આથી વિશેષ ભવિષ્ય દર્શનશક્તિ ધરાવનાર ડૉ. ભાભા સ્વપ્નસેવી હતા.' ભારતના ભવિષ્ય પ્રત્યે લક્ષ આપી તેને ઘાટ આપવાના ભગીરથ પ્રયોગો કર્યા. ન્યૂક્લિયર ટૅક્નૉલૉજીનો મજબૂત પાયો ભારતમાં નાખ્યો. ભારતને સ્વાવલંબી બનાવ્યું.

9 નવેમ્બર, 1968 : હોમી ભાભા ઑડિટોરિયમના ઉદ્ઘાટન પ્રસંગે નૅશનલ સેન્ટર ફૉર ધ પરફૉર્મિંગ આર્ટસમાં આવેલાં વડાંપ્રધાન ઇન્દિરા ગાંધીએ ડૉ. હોમી ભાભાને યાદ કરતાં જણાવ્યું હતું, 'મારા પિતા જવાહરલાલ નહેરુને 1937માં હોમી ભાભા સ્ટીમર પર (Ship) મળ્યા ત્યારે તે 27 વર્ષના જ હતા.'

ભાભાને હૃદયપૂર્વક અંજલિ આપતાં શ્રીમતી ઇન્દિરા ગાંધીએ કહ્યું, 'સામાન્ય લોકોને તેમના રોજબરોજ જીવનમાં પ્રાપ્ત થતી અનુભવવા મળતી લાગણીસભર ક્ષણોથી, સંવેદનશીલ પ્રસંગોથી રાજકારણીઓ તેમના જીવનમાં વંચિત રહે છે; પરંતુ હું જાણું છું. મારા પિતાને ડૉ. ભાભાએ સંવેદનશીલ ક્ષણોનો અનુભવ કરાવ્યો હતો. મારા પિતા ગમે તેટલા થાકેલા હોય તોપણ અધરાતે મધરાતે તેમની પાસે હોમી ભાભા માટે હંમેશ સમય હતો. એવું ન હતું કે જે મુશ્કેલીઓ ડૉ. ભાભા રજૂ કરતા તેના તાત્કાલિક ઉકેલની જરૂર હતી; પણ મારા પિતા માટે તેમની સાથેની સંવેદનશીલ ક્ષણો આરામદાયક હતી; અને તે તદ્દન નવી જ દુનિયા હતી.'

ડૉ. હોમી ભાભા એવા નરોત્તમ હતા જેમણે બે પેઢી વચ્ચે સેતુ બાંધ્યો. જૂની અને નવી પેઢી, પૂર્વ અને પશ્ચિમ વચ્ચે સંબંધની રચના કરી. તેઓ વિજ્ઞાન અને કલા-સંસ્કૃતિમાં અપરંપાર રસ ધરાવતા હતા. તે સર્જક પણ હતા ને કર્મશીલ પણ હતા. વિચારપ્રધાન અને આચારપ્રધાન હતા. તેમની અસંખ્ય પ્રવૃત્તિઓ અને વ્યસ્ત જીવન વચ્ચે ભારતમાં સ્થાપના કરેલા ઇન્સ્ટિટ્યૂશન (TIFR) 'ધી ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચ' માટે ભારત ઋણી છે અને આપણે સૌ ભારતીયો ગૌરવ અનુભવીએ છીએ.

ડૉ. હોમી ભાભાએ કાર્ય પૂર્ણ કરવા માટે યોગ્ય વાતાવરણ અને યોગ્ય પરિસ્થિતિનું સર્જન કર્યું. તેમની આજુબાજુ કામ કરનારમાં પોતાના જેવો જ દેશ માટે સમર્પિત ભાવ જાગ્રત કરવામાં સફળ થયા; આના પરિણામે સાથીદારોને કર્મશીલ બનાવી ઉત્તમ વૈજ્ઞાનિક ધોરણ જાળવી શક્યા. તેમના દ્વારા તૈયાર થયેલું સંવેદનશીલ, સ્વાવલંબી જૂથ વિકસિત રાષ્ટ્ર માટે મોંઘી મિરાત છે.

ડૉ. હોમી ભાભાની પ્રેરણાદાયી અને પ્રેમાળ નેતાગીરી ભારત માટે અમૂલ્ય બક્ષિસ છે.

1963માં પ્રોફેસર બી. એમ. ચુડગાંવકરને ડૉ. ભાભાએ લખ્યું હતું, 'હજારો

વિજ્ઞાનિકો છે જેઓ સારા વૈજ્ઞાનિક વાતાવરણમાં જ સારું કામ કરી શકે છે, પણ એવી કોઈક વિરલ વ્યક્તિ જ્યાં વાતાવરણ ન હોય ત્યાં સ્વયં માટે વૈજ્ઞાનિક વાતાવરણનું સર્જન કરે છે, અને આ જ ઉત્તમ વિજ્ઞાનિકની કસોટી છે.' તેમના પછી ભારતના ઘણા વિજ્ઞાનિકોએ ભાભાનો માર્ગ સ્વીકાર્યો, પરદેશ ન ગયા અને તેમ કરી રાષ્ટ્રને વિજ્ઞાનની દુનિયામાં શ્રેષ્ઠ સ્થાન અપાવ્યું અને બીજા દેશોના વિજ્ઞાનિકોના આદર્શ બન્યા.

❑

# 26. માનવકલ્યાણ માટે અભિયાન

ટાટા ટ્રસ્ટની છત્રછાયા નીચે કેટલીક નાની સંસ્થાઓ પણ મહોરી ઊઠી અને અનેક શુભ કાર્યોની સાક્ષી બની.

1954 સુધી ઔદ્યોગિક સંસ્થાઓ દ્વારા મુંબઈમાં અંધજનો માટે શહેરમાં થોડુંઘણું કામ થતું હતું; પરંતુ ગામડામાં અંધજનોને કંઈ જ સહાય મળતી નહીં. 90 ટકા અંધજન ગામડામાં વસવાટ કરે છે; તેમાંના લગભગ બધા જ ખૂણામાં ધકેલાઈ અંધકાર ઓઢીને જીવન વ્યતીત કરે છે.

અજ્ઞાન હોવું, અત્યંત ગરીબ હોવું અને અંધ હોવું એના જેવું જીવનમાં બીજું કોઈ દુઃખ નહીં. એ તો જીવતું દોજખ.

1954માં પૅરિસમાં એકત્રિત થયેલી વર્લ્ડ ઍસેમ્બ્લીએ ગ્રામ અંધજનોના ઉત્કર્ષ અને તાલીમ માટે ઠરાવ કર્યો.

1959 : જોન વિલ્સન અંધજનો માટેની રૉયલ કૉમનવેલ્થ સોસાયટીના જનરલ સેક્રેટરી મુંબઈની મુલાકાતે આવ્યા હતા. ત્યારના કાયદા અને શ્રમ વિભાગના પ્રધાન શાંતિલાલ શાહ ગ્રામ અંધજનોના ઉત્કર્ષનાં કાર્યોમાં ઊંડો રસ ધરાવતા હતા. તેમની સહાય લઈ સર દોરાબ ટાટા ટ્રસ્ટને વિનંતી કરવામાં આવી; અને કેન્દ્ર અને રાજ્ય સરકાર સાથે ગુજરાતના ફણસા ગામમાં અંધજનો માટે જમીન મેળવી. ત્યારે મહારાષ્ટ્ર - ગુજરાત સાથે હતાં. 1960 સુધી. ગ્રામ અંધજનો માટે યોગદાન આપવા જણાવ્યું. યુનિયન અને સ્ટેટ ગવર્નમેન્ટની સહાય સમયસર મેળવી ન શક્યા ત્યારે સર દોરાબ ટાટા ટ્રસ્ટે શાંતિલાલ એચ. શાહ અને નૅશનલ ઍસોસિયેશનની વિનંતીથી 245 એકર ફાર્મના સંપૂર્ણ ખર્ચની જવાબદારી અને ગ્રામ અંધજનોની ખેતીવાડી દ્વારા ઉત્કર્ષના પ્રયાસની જવાબદારીનો સ્વીકાર કર્યો. હજારોની સંખ્યામાં નાળિયેરી, ચીકુ અને કેરીના આ ઉપવનમાં સંગીત સાથે અહીં ગ્રામ અંધજનોને આધુનિક પદ્ધતિએ ખેતીવિષયક જ્ઞાન આપવામાં આવે છે. આ આદર્શ વાતાવરણમાં 60 ગ્રામ્ય અંધજનને ફાર્મમાં ખેતી કરવાનું, ગાયોની સંભાળ લેવાનું, દૂધ દોહવાનું, તેમના માટે રસોઈ બનાવતાં શીખવાનું, પોતાનાં વસ્ત્રો જાતે

સ્વચ્છ કરવાનું અને આત્મવિશ્વાસ સાથે એકલા હરવા-ફરવાનું શીખવાય છે. દમણ પાસેના તાસેબ-સાગરકાંઠા પર ગુજરાત રાજ્યમાં આવેલું ફણસા ગામ સહેલાઈથી નજરે પડે તેવું નથી, પરંતુ આ ન જડે તેવા સ્થળે જેનો જોટો એશિયા આખામાં ન સાંપડે એવી એક સંસ્થા 26 જાન્યુઆરી, 1960ના રોજ સ્થપાઈ છે - 'ટાટા ઍગ્રિકલ્ચરલ ઍન્ડ રૂરલ ટ્રેનિંગ સેન્ટર ફૉર ધ બ્લાઇન્ડ' - 'તાસેબ' એનું ટૂંકું નામ. જમશેદજી ટાટાની માલિકીનું ગામ ફણસા અને સાગરકાંઠે આવેલા રૂપકડા આવાસને ટાટા ટ્રસ્ટના મોવડીઓએ દાનમાં આપ્યા.

તાસેબની એક બાજુ સાગર છે તો બીજી બાજુ ચાળીસ અને સાઠ એકરનાં બે મીઠા પાણીનાં સરોવર છે. સંસ્થાની બધી જમીનને પૂરતું મીઠું પાણી મળી રહે તે માટે પૂરતા કૂવા પણ છે ફળઉછેર અને ખેતીવાડીનું સિંચાઈકામ આ પાણીથી થાય છે.

તાસેબના સમગ્ર વિસ્તારમાં વહેલી પરોઢે સંગીતના સ્વરો, સમંદરનો ઘુઘવાટ અને વૃક્ષોનાં પાનનો મર્મર પણ અંધજનને સ્પર્શે છે. તાસેબ-ટાટા ઍગ્રિકલ્ચરલ ઍન્ડ રૂરલ ટ્રેનિંગ સંસ્થાના પ્રમુખ હતા ગાંધીવિચારધારાના અનુયાયી, ગુજરાતના પૂર્વશિક્ષણમંત્રી શ્રી નવલભાઈ શાહ.

એ આશ્ચર્યજનક દૃશ્યો ફણસાના ફાર્મમાં જોવા મળે છે, જ્યાં 60 અંધજન વિદ્યાર્થીઓ વહેલી સવારે વૃક્ષોને પાણી સીંચતા હોય, સાથે ભજન ગાતા હોય કે ગૌશાળામાં ગાયોને પ્રેમથી નવડાવતા હોય; તેની સાથે વાતચીત કરતા દૂધ દોહવાનું કાર્ય કરતા હોય અને ઉદ્યોગો શીખતા હોય.

ફણસામાં ખેતીવિષયક તાલીમ મેળવ્યા પછી તેમના જ ગામમાં જમીન ખરીદ કરી આપી, સાધનો આપી અંધજનને સ્વતંત્ર જીવનની શરૂઆત કરવામાં ટાટા ટ્રસ્ટ બધી જ મદદ કરે છે અને સમાજની મુખ્ય ધારા સાથે આ અંધજન જીવન વ્યતીત કરે છે.

ટાટા ટ્રસ્ટના કાર્યની સફળતા પછી ભારત સરકાર અને ગુજરાત સરકારે પણ સહાય કરી. યુ.એસ. સરકાર તરફથી પાંચ લાખ અનુદાનમાં પ્રાપ્ત થયા. રૉયલ કૉમનવેલ્થ સોસાયટીએ મદદ આપવાનું વચન પાળ્યું. અંધજનોની સંસ્થા અમેરિકન ફાઉન્ડેશને પણ મદદ કરી. શુભ કાર્યને પ્રજાની સહાય મળે છે. 16થી 35 વર્ષના અશક્ત, ભારતના કોઈ પણ રાજ્યના ભૂમિ પશુપાલન અથવા અન્ય ગ્રામીણ પ્રવૃત્તિ કરવાની ક્ષમતા ધરાવનાર અંધજનને અહીં આવકારવામાં આવે છે. નિવાસ, ભોજન, કપડાં, દવા અને પુનર્વસનની તમામ સગવડ નિઃશુલ્ક આપવામાં આવે છે.

રાજસ્થાન, ઉત્તરપ્રદેશ કે આસામ જેવાં સ્થળોથી આવેલ તાલીમાર્થી ટ્રેનમાં

એકલા મુસાફરી કરે એવી ખાતરી - આ બધુંય સંકુલમાં શક્ય બન્યું છે. રાતના અંધારામાં અંતેવાસીઓ પૂરી નિર્ભયતાથી હરેફરે છે. વર્ષો પહેલાં આ સંસ્થાની સુગંધ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ સુધી પહોંચી અને 1964માં તાસેબમાં પંડિતજીનું આગમન થયું. સંસ્થાના પ્રથમ વિદ્યાર્થી લક્ષ્મણને એમણે આશિષ આપ્યા. એમણે અહીં રોપેલી એક નાળિયેરીમાંથી અનેક તાસેબના ઉદ્યાનમાં મહોરી છે. અહીં વસે છે શાંતામન, રમેશ, નાનુ, નવીન, લક્ષ્મણ અને અન્ય બીજા. ન દેખતી તેમની આંખો સપનાં તો જુએ જ છે. નાનકડા ફણસાના રમણીય સાગરતટે એક વિરાટ યજ્ઞ આરંભાયો છે. ખેતીવાડી ઉપરાંત બ્રેઇલ લિપિ, મધમાખીઉછેર, કાથી ગૂંથણકામ જેવાં પ્રમાણમાં સુરક્ષિત કામની તાલીમ અહીં અપાય છે. ડેરી, જમીન અને ફળોદ્યાનના વિકાસનું કામ પણ થાય છે. સંસ્થા સંપૂર્ણ ખર્ચ આપે છે જે અંધજનો કમાણી કરી ધીમે ધીમે મુકરર રકમ દ્વારા સંસ્થાને પરત કરે છે. સંસ્થા સાથે સંપર્કમાં રહી તેમના જેવા ગુરુબંધુઓને ઉદાહરણ અને સહાયરૂપ બને છે.

એક શારીરિક ઊણપને ઈશ્વર એવી તો ખૂબીથી સરભર કરી દે છે કે અંધજનની બીજી ઇન્દ્રિયોને તે સજાગ અને અપૂર્વ ચેતનવંતી બનાવી દે છે.

વાવેતરની કુનેહ, પાકની માવજત અને લણણીની લગની, ત્રણેમાં અંધજન ઝડપથી પાવરધો થઈ જાય છે. ખેતઊપજને કોઠારોમાં જતનથી જાળવવામાંય એ જાણકાર બની જાય છે. એની આંખોના અંધકારમાં અહીં જ્ઞાનનો ઓજસ પ્રગટે છે. ભારતના જમીનવિહોણા ગ્રામ્ય ગરીબ અંધજનોને કૃષિક્ષેત્રે નિષ્ણાત કરી, જમીન, જરૂરી ખેતીવાડીલાયક સાધનો આપી સ્વાશ્રયી બનાવી લાચાર અને દુ:ખી પરિસ્થિતિમાંથી ઉગારવાનો અને સમાજની મુખ્ય ધારામાં ભેળવી ઉન્નતિ કરવાનો, ઉપેક્ષિત અને કાયમ માટે કુટુંબ અને સમાજને ભારરૂપ બની રહી લાચારી અનુભવતા માનવીઓના સામાજિક પુનર્જીવનનું વાવેતર કરવાનો તાસેબનો ઉદ્દેશ છે, તેમાં સફળતા મળી છે.

સમી સાંજે સંસ્થાના અતિથિગૃહનાં પગથિયાં સુધી આવતો સમંદર, ચીકુ અને આંબાથી ભર્યાં ભર્યાં વૃક્ષો. અહીં - તહીં ઠેકડા મારતાં બકરીનાં બચ્ચાં, નવા પાકની વચ્ચે ફરતા અંધજન, સમી સાંજે એક વધુ દિવસને સંગીતના સ્વરોથી વિદાય આપતા અંધજન દેખતાની નજર ઠારે તેવું સ્વર્ગ ખડું કરવામાં ન દેખનારનો આ કર્મયોગ છે.

તાસેબમાં અહીં આંખ વિનાય અજવાળું છે. અંધજનો માટે ‘સંસ્થાની સ્થાપના પછી ટાટા ટ્રસ્ટે શારીરિક રીતે અપંગ, માનસિક રીતે પછાત અને રક્તપિત્ત (લૅપ્રસી)ના દર્દીઓ માટે દાનનો પ્રવાહ વહેવડાવ્યો.’

અંધજનો અને સાંભળી ન શકતા માનવીઓને શીખવવા અને માવજત કરવા માટે યોગ્ય શિક્ષકો તૈયાર કરવાના કાર્ય માટે પણ ટ્રસ્ટે વિચારણા કરી શરૂઆત

કરી. અને આ પ્રકારની સંસ્થાઓને મદદ કરવાનું શરૂ કર્યું.

ઉપરોક્ત કામ સાથે ધ્યાન ખેંચે તેવાં મોટાં વ્યક્તિગત મદદનાં કાર્યો માટે ટાટા ટ્રસ્ટપ્રશંસાપાત્ર છે. પરદેશમાં કિડની ટ્રાન્સ પ્લાન્ટ્સ, ઓપનહાર્ટ સર્જરી અને કૅન્સરની ટ્રીટમેન્ટ (ભાવજત) માટે તે સમયે લગભગ દરેક દર્દી પાછળ બે લાખ સુધી ખર્ચ થતો હતો, તે સમયે આ મોટી રકમ ગણાય. સંપૂર્ણ રકમ કરતાં ઓછી રકમ ટ્રસ્ટ તરફથી મદદમાં આપવામાં આવતી પણ ટાટાની મદદ માટેની શરૂઆતથી ભારતમાં બીજાં ટ્રસ્ટ અને વ્યક્તિગત લોકો તરફથી જરૂરી રકમ પ્રાપ્ત થતી. આ રીતે ઘણી વ્યક્તિઓનાં જીવન ઉગારી શકાયાં હતાં. જેઓ પછી ટાટાના આ પ્રકારના કામમાં મદદરૂપ થતાં, સ્વયમ્ નાની સંસ્થા શરૂ કરતા.

યુવાનોના ઉત્કર્ષ માટે પ્રયાસ - સંઘર્ષ કરી અભ્યાસમાં આગળ આવેલા તેજસ્વી યુવાનો 25 વર્ષથી 35 વર્ષે જ્યારે પરિપક્વ હોય અને તેમના જ્ઞાનનો લાભ સંશોધન અને શિક્ષણ દ્વારા રાષ્ટ્રને આપી શકે ત્યારે તેઓ કૌટુંબિક અને સાંસારિક જવાબદારીને કારણે, આર્થિક મદદ ન હોવાથી આજીવિકા માટે સામાન્ય નોકરીઓમાં સમય વ્યતીત કરતા હતા. આવાં અસાધારણ બુદ્ધિપ્રતિભા ધરાવતાં યુવાન-યુવતીઓની શોધ કરી તેમની શક્તિને ઉત્તેજન આપવા, કલા-ઉદ્યોગો, કૃષિક્ષેત્રે, વ્યાપાર, સામાજિક સંસ્થાઓ માટે 1966માં ડૉ. ભાભાના મૃત્યુ પછી ‘ધી હોમી ભાભા ફેલોશિપ કાઉન્સિલ’ તેમની સ્મૃતિમાં ટાટા ટ્રસ્ટે આગેવાની લઈ શરૂઆત કરી.

વ્યક્તિગત ફેલોશિપ આપવાથી 1967 સુધીમાં 64થી વધુ યુવાન-યુવતીઓને આ ફેલોશિપનો લાભ મળ્યો. ફોર્ડ ફાઉન્ડેશને પણ સાથ આપ્યો. ફેલોશિપ માટે પસંદ થયેલાં યુવાન-યુવતીઓ એ સમયે અજાણ્યાં હતાં, પરંતુ થોડાં જ વર્ષોમાં દેશ-પરદેશમાં વિખ્યાત થયાં અને તેમની બુદ્ધિપ્રતિભાનો લાભ ભારતને મળ્યો.

અસાધારણ બુદ્ધિપ્રતિભા ધરાવનારાંમાં કેટલાક ફિલ્મ ડિરેક્ટર શ્યામ બેનેગલ, નાટ્યલેખક, કલાકાર ગિરીશ કર્નાડ, મેગ્સેસે ઍવૉર્ડવિજેતા અરુણ શૌરી, જેમને પત્રકારત્વક્ષેત્રે ઍવૉર્ડ પ્રાપ્ત થયો. એક ફેલોએ મોગલ સ્થાપત્યના ઇતિહાસ પર સંશોધન કર્યું તો બીજાએ હૃદયરોગ પર, એક વ્યક્તિએ ઓરિસાની આદિવાસી પ્રજા પર સંશોધન કરી પ્રકાશ પાડ્યો અને મિસિસ નેલી સેંથાએ લુપ્ત થતી ભારતની વણાટકલા પર સંશોધન કરી તેમના પ્રશ્નોના ઉકેલ શોધી તેને જીવંત રાખવાનો માર્ગ દર્શાવ્યો.

ડૉ. ભાભા ફેલોશિપ દ્વારા ભારતમાં વિવિધ ક્ષેત્રોમાં નિષ્ણાતો તૈયાર થતા ગયા. અંગ્રેજ શાસન સમયમાં-ગુલામીમાં ભારતમાં ઊભી થયેલી બૌદ્ધિક અવદશા દૂર કરવાનો આ અસરકારક પ્રયાસ હતો.

આ જ વિચારધારાને અનુલક્ષીને ટ્રસ્ટ દ્વારા ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ બૅંગાલુરુને 30 સ્કૉલરશિપ આપવામાં આવે છે. બીજી સાયન્સ અને ટૅક્નોલૉજીની 10 સંસ્થાને દરેકનો ચાર સ્કૉલરશિપ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

સર દોરાબજી ટાટાની ખાસ 60 સ્કૉલરશિપ મુંબઈની શ્રેષ્ઠ 8 કૉલેજોના ઉચ્ચકક્ષાના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓને ફાળે જાય છે.

તેઓના અભ્યાસ દરમિયાન જેઓ શ્રેષ્ઠ પરિણામ દાખવતાં રહે છે, તેઓ ટાટા સ્કૉલર તરીકે ઓળખાય છે અને તેઓ અભ્યાસ સંપૂર્ણ કરે ત્યાં સુધી એટલે જેઓ ડૉક્ટર બને કે એન્જિનિયર થાય ત્યાં સુધી લગભગ છ વર્ષ સુધી ટાટા સ્કૉલરશિપનો લાભ પામે છે.

યુવાનો પોતાના વિચારો, કલ્પનાઓ પ્રતિભા દર્શાવી શકે. સપનાં સાકાર કરી શકે તે માટે સર દોરાબ ટાટા ટ્રસ્ટની આ પહેલ હતી અને આ પ્રથા ચાલુ જ છે. પ્રતિવર્ષ સ્કૉલરશિપ પામતા મુંબઈની શ્રેષ્ઠ આઠ કૉલેજોના 60 વિદ્યાર્થીઓના સમુદાયનું મુંબઈના વિકાસમાં ઘણું મોટું યોગદાન છે.

દોરાબજી ટાટા ટ્રસ્ટની ત્વરિત મદદ પહોંચાડવાની પ્રથાનું ઉદાહરણ જોઈએ. જાન્યુઆરી 14, 1979માં 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'માં સમાચાર હતા કે 18 વર્ષની કુમારી ફરીદા બંગાળી બી. કૉમ.ની વિદ્યાર્થિનીને હૃદયના વાલ્વ બદલાવવા (Heart Valve replacement) માટે મદદની જરૂર હતી. હ્યુસ્ટન ટેક્સાસના વિખ્યાત ડૉક્ટર ડેનટોન કુલે વિનામૂલ્યે ઑપરેશન કરવાનું વચન આપ્યું હતું. ટાટા ટ્રસ્ટમાં આ સમાચાર પહોંચ્યા કે તરત જ આ પરિવારનો સંપર્ક કરવામાં આવ્યો અને મદદ પહોંચાડવામાં આવી.

ક્યાંક કોઈ અપંગ મદદ મળતાં હરતાંફરતાં થાય કે હૃદયના ઑપરેશન પછી બાળક તંદુરસ્ત બને. કોઈ દૃષ્ટિ-વિહીનને સ્કૉલરશિપ આપી પરદેશમાં આગળ અભ્યાસ કરવા જવાની તક આપી હોય, ત્યાં આંખના નિષ્ણાત ડૉક્ટરની મદદથી દૃષ્ટિ પામે. કોઈનું હિમાલયની ટોચે પહોંચવાનું સપનું ટાટા ટ્રસ્ટની સહાયથી સત્ય થાય. આવા અનેક પ્રસંગો છે. વ્યક્તિગત ઉપરાંત રૂ. 20 લાખ મુંબઈની 'બ્રિજકેન્ડી હૉસ્પિટલ' ને 'રિસર્ચ સેન્ટર'ને આપવામાં આવ્યા છે.

આશ્ચર્યજનક બાબત એ હતી કે ટાટાની બધી સંસ્થાઓના ટ્રસ્ટીઓ મોટે ભાગે ઉદ્યોગપતિઓ હતા, અને પોતાના વ્યવસાયમાં વ્યસ્ત રહેતા હતા; પરંતુ નિર્ણયો કરવાનું કાર્ય નિષ્ણાત વિદ્વાન ટાટા સ્ટીલ કંપનીના ડિરેક્ટર (નિયામક) અરદેશર દલાલ અને ડૉ. જોન મથાઈ કરતા. ભારતના ભૂતપૂર્વ નાણામંત્રી ડૉ. જોન મથાઈ 'સર દોરાબજી ટાટા ટ્રસ્ટ' અને 'ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ

સાયન્સીસ' બંનેના ચૅરમૅન હતા. ટ્રસ્ટીઓ મોટે ભાગે ઉદ્યોગપતિઓ હતા; પરંતુ બધા વિભાગો નિષ્ણાતો અને વિદ્વાનોને હસ્તક હતા. વિકાસ અને શિક્ષણનાં કાર્યોમાં તેઓને ટાટા ટ્રસ્ટ ને ટ્રસ્ટીઓ તરફથી અવરોધ ક્યારેય આવતો નહીં. ટ્રસ્ટ તરફથી મળતી સમયસર આર્થિક મદદને કારણે સંશોધનનાં કાર્યોમાં વિક્ષેપ થતો નથી. એક તરફ લોકસમૃદ્ધિનો ઉદય થતો હતો તો બીજી તરફ જ્ઞાન અને સેવા દ્વારા રાષ્ટ્રની સંપત્તિ ને ગરિમાનો વિકાસ થતો હતો.

જૂન 4, 1932 : સર દોરાબ ટાટાના અવસાન નિમિત્તે અંજલિ આપતાં 'ધી ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'એ કહ્યું હતું :

'સર દોરાબ ટાટાના જીવનની સફળતાનું શ્રેય - એકમાત્ર લક્ષ્ય રાખી ભારતીય ઉદ્યોગ-વિકાસને માટે જાતને સમર્પિત કરી, પિતાનાં સપનાંઓ સાકાર કર્યાં અને નિર્ધારેલી મહાન ઔદ્યોગિક યોજનાઓ પૂર્ણ કરી તેને આપવું જોઈએ.'

સર દોરાબ ટાટાની કીર્તિનો આધાર તેમણે પ્રાપ્ત કરેલી મહાન સફળતા તે ભવ્ય હોવા છતાં કે તેમની અઢળક સંપત્તિને કારણે નથી, પરંતુ તેમની કીર્તિ અંગત લક્ષ્મીનો તેમણે જે રીતે લોકકલ્યાણ માટે વહીવટ કર્યો તે માટે છે.

જગતનિયંતાની કૃપા અને દર્શનશક્તિ ધરાવનાર 72 વર્ષના વયોવૃદ્ધ માનવીએ પોતાની બધી જ સંપત્તિ ટ્રસ્ટમાં આપી અને ટ્રસ્ટે પરિશ્રમ લઈ વિચારપૂર્વક વર્ષોનાં વર્ષો (સખાવત) સુચારુ વહીવટ કર્યો ને દેશને આર્થિક અને માનવીય સમૃદ્ધિથી સંપન્ન બનાવ્યો.

❑

# 27. ડૉ. જમશેદજી ભાભા

નૅશનલ સેન્ટર ફૉર ધી પરફૉર્મિંગ આર્ટસ ટાટાનું નવું સાહસ 1966. 1945 : ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચ(TIFR)ની સ્થાપનાનાં 20 વર્ષ પછી અને આધુનિક સાયન્સની શાખાઓમાં, યાંત્રિક સંશોધનો ને શિક્ષણક્ષેત્રે, સામાજિક ક્ષેત્રમાં અને કૅન્સર જેવી જીવલેણ બીમારી પર સંશોધન અને સારવાર અંગે ટાટા સંકુલ દ્વારા ડૉ. ભાભાના ભારતમાં નક્કર કાર્ય પછી 1966માં જમશેદજી ભાભા ડૉ. હોમી ભાભાના ભાઈ, દોરાબજી ટ્રસ્ટ (નિયામક) ટાટાના ડિરેક્ટર અને ટાટા ટ્રસ્ટના ટ્રસ્ટીએ સાથી ટ્રસ્ટીઓ પાસે નૅશનલ સેન્ટર ફૉર ધી પરફૉર્મિંગ આર્ટસનો વિચાર અને પરિકલ્પનાની રજૂઆત કરી. કલા-વિજ્ઞાનને ભારતમાં મૂળભૂત સાયન્સથી એકબીજાથી અલગ કરવામાં આવે છે તે અયોગ્ય છે.

ભારતના પારંપરિક સાંસ્કૃતિક સંગીત, નૃત્ય, નાટ્ય અને અન્ય કલાઓના વારસાની રક્ષા માટે ને તેને ઉત્તેજન આપવા માટે 'નૅશનલ સેન્ટર ફૉર ધ પરફૉર્મિંગ આર્ટસ' મુંબઈમાં સ્થાપવાનો ટાટા ટ્રસ્ટ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો.

જમશેદજી ભાભાની સ્પષ્ટ માન્યતા હતી કે આ કેન્દ્ર દ્વારા મહાન કલાકારોનાં સંગીત, નૃત્ય, નાટ્ય અને લોકકલાકારોની કૃતિઓનું સાતત્ય જળવાય, તે માટે રેકૉર્ડ કરી ઉત્તમ કૃતિઓ 'નૅશનલ સેન્ટર ફૉર ધ પરફૉર્મિંગ આર્ટસ' સેન્ટરમાં સાચવી રાખવી જોઈએ. ભારતીય કેન્દ્ર પશ્ચિમના ન્યૂયૉર્કના લિંકનના સેન્ટર અથવા વૉશિંગ્ટનના કેનેડી સેન્ટર અથવા લંડનના દક્ષિણ બૅન્ક કૉમ્પ્લેક્સ થિયેટર્સ કરતાં અનન્ય હોવું જોઈએ. જમશેદજી ભાભાએ સ્પષ્ટતા કરી હતી કે ભારતીય સંગીતને સ્વરબદ્ધ કરી પુસ્તકોમાં પરદેશની જેમ જ જાળવવાં જોઈએ. અત્યાર સુધી ગુરુ-શિષ્યની પરંપરા દ્વારા કે કુટુંબના વારસદારો દ્વારા ભારતીય સંગીત-નૃત્ય કલાનું સાતત્ય જળવાઈ રહેતું, પરંતુ નવા ઉદ્યોગોનો વિકાસ અને નોકરીની વિશેષ સહુલિયત શહેરોમાં મળવાને કારણે જૂની ગુરુ-શિષ્યની પરંપરા જળવાતી નથી. જો ભારતની પ્રજા અને જાહેર સંસ્થાઓ ભારતીય સંગીત-નૃત્ય-નાટ્યના કલાવારસાને બચાવવાનો પ્રયત્ન નહીં કરે તો જેમ જૂના ગ્રીસનો સંગીતવારસો

લુપ્ત થયો તેમ આપણો પણ રેકૉર્ડિંગ વગર લુપ્ત થાય. પણ આધુનિક યાંત્રિક સગવડો દ્વારા ભારતીય સંગીત-નૃત્ય જીવંત રાખી શકાય અને તેમાં પ્રગતિ પણ કરી શકાય.

દોરાબજી ટાટા ટ્રસ્ટના કેટલાક ટ્રસ્ટીઓ તરફથી શરૂઆતમાં જમશેદજી ભાભાના આ વિચારને અનુમોદન મળ્યું નહીં; પરંતુ જે. આર.ડી. ટાટા (J. R. D. Tata) અને મૅનેજિંગ ટ્રસ્ટી પ્રોફેસર ચોકસીએ સંમતિ આપી ટાટાએ જણાવ્યું, જ્યારે આપણે તંદુરસ્ત, સુખી, સંસ્કૃત સમાજની રચના કરવા માગીએ છીએ ત્યારે આપણે આર્થિક રીતે જ સંપન્ન (સોસાયટી) સમાજ બની ન રહેવું જોઈએ. આ રજૂઆત પછી ભાભાના સ્વપ્ના પ્રમાણેનું કેન્દ્ર તૈયાર કરવા માટે મુંબઈમાં વિશાળ જગ્યા મેળવવા માટે જણાવ્યું. વિરોધીઓના મનમાં હતું કે મુંબઈમાં પાંચ એકર્સ જેટલી જમીન મેળવવાનું એટલું મુશ્કેલ હતું કે તેથી આ પ્રકારના કેન્દ્રની રચના કરવાનું અશક્ય થશે.

સંગીત-નૃત્ય-નાટ્ય ઇન્સ્ટિટ્યૂટ માટે જગ્યા મેળવવા મહારાષ્ટ્ર સરકારમાં અરજી કરી, સરકારે 'ઇલોરા ગુફા' પાસે જમીન આપવાની પ્રથમ મંજૂરી આપી. જે ભાભાને માન્ય ન હતી. મરીનડ્રાઇવની પાસેની જગ્યાની માંગણી મહારાષ્ટ્ર સરકારે મંજૂર રાખી, કેટલીક શરતો સાથે. સરકારની એ શરતો સ્વીકારી શકાય તેમ ન હતું. ત્યાર પછી ભાભાએ સરકાર પાસે એટલી જ જગ્યા મરીનડ્રાઇવના છેડા પર ઓબરૉય હોટલની જગ્યા પછીની માંગણી કરતાં સરકારે સંમતિ આપી, મંજૂરી પ્રાપ્ત થયા પછી ટ્રસ્ટે 'નૅશનલ સેન્ટર ફૉર ધ પરફૉર્મિંગ આર્ટસ' માટે રૂ. 40 લાખ આપ્યા. પાંચ એકર જમીન મેળવવામાં આ રકમ વપરાઈ, પણ પછી બીજી ત્રણ એકર જમીન રૂ. 1ના વ્યાજે 99 વર્ષ માટે મળી. આજે આ જમીનની કિંમત કરોડો કરોડો રૂપિયા થાય.

રૂ. 40 લાખ કરતાં ઘણી મોટી રકમ કલા-કેન્દ્ર માટે જરૂરી હતી. જે. આર. ડી. ટાટાની સહાયથી આ પ્રથમ જનતા કલા-કેન્દ્ર માટે અન્ય ટ્રસ્ટ પાસેથી આર્થિક મદદ મેળવવાના પ્રયત્નો થયા. અન્ય સંસ્થાઓ અને વ્યક્તિઓ પાસે પણ સહાય માંગવામાં આવી. શરૂઆતમાં મદદ આપી શકે તેવી કેટલીક વ્યક્તિઓએ ભારત જેવા ગરીબ દેશમાં આ ખર્ચ કરવાનું યોગ્ય ન હોવાનું જણાવી વિરોધ કર્યો.

બીજા વર્ગની દલીલમાં ધાર્મિક બાધની વાત હતી. સંગીત અને નૃત્ય હિન્દુ મંદિરોમાં વર્ચસ્વ ધરાવતાં હતાં. તેથી તે જળવાઈ રહ્યાં છે અને તેથી કેન્દ્રની આવશ્યકતા નથી.

આ દલીલ કરનારાને એ સમજ હોવી જરૂરી હતી કે ભારતીય સંસ્કૃતિમાં સંગીત બાળકના પારણાથી શરૂ થઈ મૃત્યુ સુધી છવાયેલું છે.

લલિતકલાઓમાં ધાર્મિક અવરોધ ક્યારેય ન હોઈ શકે. મુસ્લિમ શાસ્ત્રીય સંગીતકારો, ભક્ત કવિઓ, સૂફીગાયકો, હિન્દુ ગાયકોએ ગુરુ-શિષ્યની પરંપરા સાથે, ઉસ્તાદ સંગીતકારોએ ભારતીય સંગીતને ઉચ્ચશિખરે પહોંચાડ્યું છે. દુનિયાભરના સંગીત પર ભારતીય વાદ્યો ને શાસ્ત્રીય તેમજ લોકસંગીત છવાઈ ગયાં છે. અન્ય કોઈ પણ દેશો કે અન્ય દેશની વ્યક્તિઓ કરતાં ભારતીય પ્રજાનું જીવન વધુ સંગીતમય નૃત્યમય છે. સમય જતાં કેટલીક જાણીતી સંસ્થાઓ અને ઉદ્યોગભવનોનાં ટ્રસ્ટ દ્વારા દાનનો અસ્ખલિત પ્રવાહ વહેવા માંડ્યો. પહેલી ત્રણ દાનની મદદ રૂ. પાંચ લાખ દરેકના સર નેસ વાડિયા ફાઉન્ડેશન, મફતલાલ ફાઉન્ડેશન અને મહિન્દ્ર ફાઉન્ડેશનના મળ્યા. રૂ. દસ લાખ ગોદરેજ ફાઉન્ડેશન અને વી. ડી. ચોઉગલે ફાઉન્ડેશન, દોરાબ ટાટા ટ્રસ્ટ રૂ. દસ લાખ અને રતન ટાટા ટ્રસ્ટ તરફથી રૂ. 11 લાખ પ્રાપ્ત થયા.

મુખ્ય દાનવીરો ટાટા સ્ટીલ, ઇન્ડિયન હોટેલ્સ, ટેલકો, વોલ્ટાસ, ટાટા ઇલેક્ટ્રિક કંપની અને ભારતીય ટ્યૂબ કંપની, ટાટા કેમિકલ્સ તેમજ ઑઇલ મિલ.

નૅશનલ સેન્ટર ફૉર ધી પરફૉર્મિંગ આર્ટસમાં સલાહકાર મંડળમાં જેઓનું પરફૉર્મિંગ આર્ટસમાં મહાન યોગદાન હતું તેવા રવિશંકર, સત્યજિત રે, વિલાયતખાન, એમ. સેસ. શુબુલક્ષ્મી અને ઝુબિન મહેતા વિશેષમાં પરદેશમાં ભારતના મિત્રો. જેઓને પરફૉર્મિંગ આર્ટસ સેન્ટરનો અંગત અનુભવ હતો અને યહુદી મેન્યુહીન.

N.C.P.A.(નૅશનલ સેન્ટર ફૉર ધ પરફૉર્મિંગ આર્ટસ)ના પ્રથમ કાર્યકારી નિયામક તરીકે વિખ્યાત સંગીતજ્ઞ ડૉ. નારાયણ મેનન આવ્યા.

કેનેડી સેન્ટરને સંયુક્ત રાજ્યોની સંપૂર્ણ મદદ અને સહેલાઈથી સેન્ટર માટે જગ્યા મળી હોવા ઉપરાંત પૈસાની મુશ્કેલી ન હતી.

છતાં સંપૂર્ણ તૈયાર થતાં 14 વર્ષ લાગ્યાં જ્યારે એનસીપીએ(NCPA)ને જગ્યા અને ફંડ મેળવવાની તકલીફ છતાં તૈયાર થવામાં ઓછો સમય લાગ્યો હતો. દૂર દૂરનાં ગામડાંઓમાંથી વારસાગત લોકસંગીત રેકોર્ડ કરવા માટે ઍરકન્ડિશન વાન, ઉચ્ચ પ્રકારનાં રેકૉર્ડિંગ સાધનો સાથે તૈયાર કરવામાં આવી હતી. જે જોન ડી. રોકેફીલર સંસ્થા તરફથી ભેટ મળી હતી. આ વાન વર્ષોથી રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્રમાં પ્રવાસ કરી લોકસંગીત રેકૉર્ડ કરે છે. ઘણા કલાકોનું લોકસંગીત રેકૉર્ડ થયું છે. એવાં કેટલાંક ગામડાંઓ પણ છે જ્યાં રેકૉર્ડિંગ વાન એ રસ્તાઓ પરથી જઈ જ ન શકે; ત્યારે જીપ વાનમાં લોકકલાકારોને લઈ આવીને એ દૂર દૂરના ગ્રામ્ય (ગામડાંઓના) કલાકારોના લોકસંગીતનું જતન કરવામાં આવે છે.

સ્થાનિક લોકસંગીત કલાકારો પાસેથી ગ્રામ્ય કલાકારો વિશેની માહિતી

મેળવવામાં આવતી હતી.

NCPAમાં ગુજરાતના લોકસંગીતને જાળવવાનો પ્રયાસ થવો જોઈએ. ગુજરાત પાસે લોકસંગીતનો ને સુગમસંગીતનો અમૂલ્ય વારસો છે. ભારતના લોકસંગીતને મઢી લેવાનું, સ્વરબદ્ધ કરી લેવાનું, કામ ડૉ. નારાયણ મેનને કર્યું. તે આપણી ભૂમિમાંથી ખનીજ શોધવા જેટલું જ મુશ્કેલ છે. તે વર્ષોનાં વર્ષો સુધી ચાલ્યા જ કરે અને લોકગાયકો તેમાં દિવસે દિવસે પ્રગતિ કર્યા કરે, પણ તેને જાળવવાનું કામ ઝડપથી ન થાય તો અસ્ત થતાં એક સાથે તે પણ લુપ્ત થતું જાય.

સંશોધક વિદ્યાર્થીઓએ લોકસંગીત રેકૉર્ડિંગ થયા પછીનું કાર્ય સંભાળવું જોઈએ. જુદી જુદી લોકબોલીમાં લખાયેલાં ગીતો વિશે સમજણ, અન્ય ભાષામાં ભાષાંતર, સ્વરલિપિ તૈયાર કરવાનું કામ તેમાં ઉપયોગમાં લેવાતાં વાજિંત્રો વિશેની સમજણ. વૈજ્ઞાનિક ધોરણે આ કાર્ય થવું જોઈએ. સંગીતની જાળવણીને કારણે સંસ્કારવારસો તો જળવાઈ રહે છે; પરંતુ ભારતની ભાષાઓનું પણ સંવર્ધન થઈ શકે છે.

NCPA માટેની ઇમારત તૈયાર થાય ત્યાં સુધી નૅશનલ સેન્ટરની પ્રવૃત્તિઓ શ્રીમતી મધુરી દેસાઈ ચૅરમૅન ઑફ ધી ભુલાભાઈ અને ધીરજલાલ દેસાઈ મેમોરિયલ ટ્રસ્ટ તરફથી આપવામાં આવેલી ભુલાભાઈ દેસાઈ રોડ પરની જગ્યામાં શરૂ કરવામાં આવી, અહીં 1969માં શ્રીમતી ઇન્દિરા ગાંધી દ્વારા એન.સી.પી.એ.ના કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

પરફૉર્મિંગ આર્ટસ શબ્દમાં બધી જ કલાઓના સંગ્રહનો સંકેત મળી રહે છે. તે પરથી રૂ. છ લાખ 'જહાંગીર નિકોલસન મૉડર્ન આર્ટ' મ્યુઝિયમ તરફથી પ્રાપ્ત થયા.

ટાટા થિયેટર, કલાશિક્ષણ અને સંશોધન વિભાગનું બાંધકામ પૂરું થયું તે પહેલાં જ એન.સી.પી.એ. તરફથી ભારતમાં બિથોવનની (200) બસોમી જન્મજયંતી નિમિત્તે મુંબઈમાં ટપાલટિકિટ બહાર પાડવામાં આવી અને બિથોવન સંગીત ઉત્સવ જેમાં બિથોવનની વિખ્યાત સ્વરરચનાઓ, વિખ્યાત સંગીત કલાકારો યહુદી મેન્યુહીન (Yehudi Menuhin), લુઇસ કેન્ટનર (Louis Kertner) અને કોલિંગન (Cologne) દ્વારા રજૂ કરવામાં આવી હતી.

શાસ્ત્રીય સંગીત અને લોકસંગીતને મેળવવાનું ને જાળવવાનું કામ ખૂબ ખર્ચાળ છે. આ કામ માટે યોગ્ય વ્યક્તિઓ મેળવવાનું પણ કામ મુશ્કેલ છે. જ્યારે આ કામની શરૂઆત થઈ ત્યારે મુંબઈમાં ઇમારત તૈયાર કરવાનું કામ પણ સાથે સાથે થતું હતું. સંગીત તાલીમ અને સંશોધન માટે પ્રથમ મકાન તૈયાર થયું, જ્યાં વિશિષ્ટ હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતના ગુરુ તબલાવાદક ઉસ્તાદ અહમદજાન થીરકવા, વિખ્યાત સારંગીવાદક પંડિત રામનારાયણ અને તેમના જેટલાં જ વિખ્યાત

સૂરબહાર કલાધરિત્રી અન્નપૂર્ણા રવિશંકર, કથક અને ઓડિસી નૃત્યવિશારદ મોહનરાવ કલ્યાણપૂરકર અને કેલુચરન મહાપાત્ર કલાશિક્ષણ આપતા હતા. હિન્દુસ્તાની કેટલાક મોટા કલાકારો તેમના રેકૉર્ડિંગ વખતે પોતાના શિષ્યોને હાજર રાખવા જણાવતા. જેથી શિષ્યોને શીખવાનું મળે અને ગુરુના ઉત્સાહમાં ઉમેરો થાય. આ વિચારથી 114 બેઠકાનું નાનું રેકૉર્ડિંગ થિયેટર પસંદગી પામેલા પ્રેક્ષકોને માટે તૈયાર થયું. આ થિયેટર સંગીત-નૃત્ય અને નાટકોની નાના સ્તરે રજૂઆત માટે તેમજ ભૂતકાળની મહાન ફિલ્મોના દર્શન માટે ઉપયોગી થાય છે.

સંગીત, નૃત્ય, નાટ્યને અનુલક્ષીને પુસ્તકો, ટેઇપ્સ, રેકૉર્ડર માટે પુસ્તકાલય તૈયાર કરવામાં આવ્યું છે.

સંગીતપ્રેમીઓ પોતાની મનપસંદ રચનાઓ વિના રોકટોક સાંભળી શકે તે માટે વ્યવસ્થા કરવામાં આવી. ફિલ્મો અને ટેઇપ્સ સાચવવા માટે ઍરકન્ડિશન સગવડ છે.

300 સીટના પ્રયોગાત્મક થિયેટર માટે નવા મકાનની બાંધણી કરવામાં આવી. એ જ ઇમારતમાં 300 સીટના સિનેમા આર્ટ થિયેટરની વ્યવસ્થા છે. બધા જ પ્રકારની કલાને ઉત્તેજન આપવાનો આ પરફૉર્મિંગ આર્ટસ સેન્ટરનો ઉદ્દેશ હોવાથી 'જહાંગીર નિકોલસન મ્યુઝિયમ ઑફ મૉડર્ન આર્ટ' ગૅલરી આ ઇમારતમાં છે અને તે માટે રૂ. છ લાખ સખાવત મળી છે. 10,000 પ્રેક્ષકોની વ્યવસ્થા થાય તેવું 'ઓપન ઍર થિયેટર' પણ તૈયાર થયું છે.

આ પ્રયોગાત્મક થિયેટર કહેવાય છે; કારણ કે તેના આકારમાં ફેરફાર થઈ શકે છે. ફરતા રંગમંચ(Revolving Stage)નો પ્રયોગ પ્રથમ વાર ભારતમાં NCPAમાં થયો છે. ઉદાહરણ તરીકે રંગમંચને ફેરવીને વચ્ચે પણ લાવી શકાય છે. એ જ પ્રમાણે એની સાથે પ્રકાશ અને અવાજની રીત પણ બદલી શકાય છે.

આ (રિવૉલ્વિંગ સ્ટેજ) ફરતો રંગમંચ ઊગતી પેઢીના નાટ્યલેખકો, અભિનેતા, અભિનેત્રીઓ, નિર્માતાઓ અને દિગ્દર્શકો દ્વારા પ્રયોગાત્મક નાટકોની રજૂઆત થઈ શકે તેવું પ્રથમ થિયેટર ભારતમાં તૈયાર થયું છે; અને અહીં પ્રયોગાત્મક નાટકો ને નૃત્યોની રજૂઆત પણ થઈ છે. જ્યારે વર્ષો પહેલાં તાજમહલ હોટલ મુંબઈમાં બાંધવામાં આવી ત્યારે દેશ-પરદેશના પ્રવાસીઓ દૂરદૂરથી જોવા અને રહેવા માટે આવતા. NCPA તૈયાર થતાં જ્યારે બીજા દેશોના પ્રેસિડન્ટ રાજકુમાર કે વડાપ્રધાનનું મુંબઈમાં આગમન થાય ત્યારે તેમના માનમાં 'નૅશનલ સેન્ટર ફૉર ધી પરફૉર્મિંગ આર્ટસ'માં મનોરંજન કાર્યક્રમોનું આયોજન થતું. આજના સંજોગોમાં સંગીત, નૃત્ય અને નાટકના રસિયા મહાનુભાવો ટાટા થિયેટરમાં ફક્ત એક સંધ્યા મનોરંજન માણવા ઊડીને આવે છે. પણ ટાટા થિયેટરમાં દાખલ થવાના જ જે સંગીત, નૃત્ય, નાટ્યરસિયા શ્રોતાજનો-દર્શકો પાસે પૈસા નથી તેવાનું શું ? અને

જ્યારે પ્રેક્ષાગારની 1040મી જગ્યા સંપૂર્ણ ભરાઈ જાય ત્યારે જેઓ પાસે પૈસા હોવા છતાં દાખલ થવા ન મળે તેવાનું શું ?

રંગભવનના(ઑડિટોરિયમ)માં એક પણ જગ્યા બાકી ન હોય ત્યારે જમશેદજી ભાભાની દૂરદર્શિતાને લીધે નૅશનલ સેન્ટરના વિશાળ મેદાનમાં 10,000 પ્રેક્ષકો માટે ટાટા થિયેટરમાં રજૂઆત પામતા કાર્યક્રમો ટેલિવિઝનના વિશાળ પડદા પર સામાન્ય ટિકિટદરથી જોવા-સાંભળવાની સુંદર વ્યવસ્થા થઈ છે.

ફરતા રંગમંચને કારણે પડદાની જરૂર પડતી નથી, દરેક દશ્ય સમયે ફરતા રંગમંચનો અવાજ થતો નથી. દશ્ય ખૂબ ઝડપથી બદલી શકાય છે. ભારતનું આ પ્રથમ પ્રયોગાત્મક થિયેટર 1982માં ટાટા આયર્ન અને સ્ટીલ કંપનીની પ્લૅટિનમ જ્યૂબિલી સમયે બક્ષિસ મળ્યું.

દાનવીર ડૉ. જમશેદજી જહાંગીરજી ભાભા અને તેમના મહાન અણુવિજ્ઞાની ભાઈ ડૉ. હોમી ભાભાની પ્રાચીન અને અલભ્ય કલાકૃતિઓના લિલામમાંથી નરિમાન પૉઇન્ટ સ્થિત 'નૅશનલ સેન્ટર ફૉર ધ પર્ફોર્મિંગ આર્ટ્સ (એનસીપીએ) ને મોટી રકમ પ્રાપ્ત થઈ.

આ ઐતિહાસિક કલાકૃતિઓના લિલામમાંથી કરોડોની આવક પ્રાપ્ત થઈ. કલાકૃતિઓના ખજાનામાં સાતમી સદીની મૂર્તિઓ, મોગલકાળનાં મિનિયેચર પેઇન્ટિંગ, સુશોભન માટેની અનોખી ફૂલદાનીઓ અને ઇંગ્લિશ પોર્સેલીનની અવનવી ચીજોનો સમાવેશ હતો. ભાભાએ તેમના વસિયતમાં લખ્યા મુજબ લિલામની જે આવક થઈ તે એનસીપીએને આપવામાં આવી. આ ઉપરાંત ડૉ. જમશેદજી ભાભાની એસ્ટેટમાં રાખવામાં આવેલી કલાકૃતિઓ અને ચિત્રોનું પણ લિલામ કરવામાં આવ્યું હતું, જેમાં એમ. એફ. હુસેન અને જૈમિની રૉયનાં ચિત્રો પણ હતાં. આ લિલામમાંથી રૂ. 10 કરોડની આવક થઈ હતી. લિલામમાંની બધી આવક-સંપત્તિ એનસીપીએને અપાશે. આ અગાઉ પણ કલાકૃતિઓનું લિલામ ને વેચાણ કરી જે સંપત્તિ મળી તે એન.સી.પી.એ.ને આપવામાં આવી હતી. વસિયત દ્વારા કરોડો રૂપિયા સંસ્થાને મળી ચૂક્યા છે.

તે સમયે દંતકથા જેવું આવું થિયેટર ત્યારે ભારતમાં કે દુનિયામાં બીજે ક્યાંય મુંબઈમાં તૈયાર થયું ન હતું.

❑

# 28. મોહમયી નગરી મુંબઈ

1960માં ગુજરાત મહારાષ્ટ્ર અલગ થયાં; ત્યાં સુધીમાં ગુજરાતીઓએ મુંબઈ બેટમાંથી મુંબઈનું મોહમયી નગરીમાં સર્જન કર્યું. છેલ્લું નૅશનલ સેન્ટર ફૉર ધ પરફૉર્મિંગ આર્ટસ. વહાણઉદ્યોગ, મિલઉદ્યોગ, ઔદ્યોગિક ક્ષેત્ર, ધાર્મિક ક્ષેત્ર, શૈક્ષણિક ક્ષેત્ર, સાહિત્ય-કલા-સાંસ્કૃતિક ક્ષેત્રમાં આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓ, સામાજિક ક્ષેત્ર અને ઉચ્ચ વૈજ્ઞાનિક સંશોધનો, પત્રકારત્વ, દેશની આપત્તિ કાળે સહાય, કન્યાશિક્ષણ, દેશ અને દેશબાંધવોની ઉન્નતિ માટે જરૂરી સર્વની વ્યક્તિગત અલગઅલગ ક્ષેત્રમાં એકએક વિચારશીલ સાહસિક વ્યક્તિએ સંઘર્ષ કરી એ સમયની ગુલામી પરિસ્થિતિમાં શરૂઆત કરી; એટલું જ નહીં, અઢળક લક્ષ્મી દાનમાં આપી. પ્રત્યેક નવસર્જનના વિચારને અનોખું વાસ્તવિક સ્વરૂપ આપ્યું. તેના સાક્ષી રૂપે મુંબઈની વિશાળ ઇમારતો, કૅન્સર હૉસ્પિટલ, રાજાબાઈ ટાવર, સેન્ટ્રલ લાઇબ્રેરી, જહાંગીર આર્ટ ગૅલરી, જે. જે. સ્કૂલ ઑફ આર્ટ, ભારતીય વિદ્યાભવન, ટ્રોમ્બે થિયેટર, સ્વિમિંગ પુલ, મંદિરો, કૉલેજો, ઍટૉમિક એનર્જી કેન્દ્ર, ઉચ્ચ-શિક્ષણની સંસ્થાઓ, શૅરબજાર, તાજમહાલ હોટેલ, પુસ્તકાલયો, અન્ય વિશાળ આવાસો નાણાવટી, આશા પારેખ, હરકિસનદાસ, ભાટિયા જેવી હૉસ્પિટલો-આજે પણ ધ્યાન ખેંચે છે.

એ સૌ હતાં સપનાનાં સોદાગરો. કેટલાંક ગાઢ જંગલો ઓળંગી જમીન માર્ગે લૂંટારાઓના ભયને અવગણીને સમુદ્રમાર્ગે ચાંચિયાઓ તેમજ પીંઢારાઓ સાથે લડત આપી આ મરજીવા મુંબઈ બેટ પર આવ્યા. કપોળ આવ્યા. ગુજરાતના પારસીઓ, કચ્છ સૌરાષ્ટ્રથી કચ્છી, ભાટિયા, ગુજરાતના સાહિત્યકારો, સમાજસુધારકો, શિક્ષણકારો, વિજ્ઞાનિકો આ સૌ આવતા જ ગયા. મુંબઈને કર્મભૂમિ બનાવી, વતન જેવો જ સ્નેહ દાખવી રહ્યા. આ ભૂમિ પર પસીનો અને ધન વહાવ્યું. જુવાની ઓળઘોળ કરી દીધી. ખુમારીથી જીવ્યા. પરદેશી સલ્તનત સામે પ્રજાને જાગ્રત કરી દીધી; દેશસેવાને માર્ગે વાળી. ગુજરાતને દેશ-વિદેશમાં ગૌરવ અપાવ્યું અને નીચેની કાવ્યપંક્તિ સાર્થક કરી :

'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી
ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત.'

❑


# સંદર્ભસૂચિ


1. S. M. Edwardes - The Rise of Bombey
2. પારસી પ્રકાશ
3. બં. બે. પટેલ - પારસી પ્રકાશ.
4. વી. ગં. માહેશ્વર - જૂનું મુંબઈ.

- Sir J. J. Parsi
- Benevolent Institution Centenary Volume
- ત્રિભોવનદાસ જે. પી. જીવનચરિત્ર
- Jamsedjee Jejeebhoy
- The First Indian Knight Baronet by Jahagir R. P. Mody.
- વરજીવનદાસ માધવદાસનું જીવનચરિત્ર
- ગુજરાતનો સાંસ્કૃતિક અને રાજકીય ઇતિહાસ-પરિશિષ્ટ
- ભવાઈ ગુજરાતનું લોકનાટ્ય - સુધા દેસાઈ
- નર્મદ એક સમાલોચના - ડૉ. રાજેશ શુક્લ
- નર્મદશતાબ્દી - સ્મારક ચિત્રાવલી
- મહાજાતિ ગુજરાતી - ચંદ્રકાન્ત બક્ષી
- જ. ન. ટાટા આર્કાઇવ્ઝની સામગ્રી
- મારી હકીકત - નર્મદ
- ગુજરાતનું વહાણવટું દિવાળી વિશેષાંક વિ. સં. 2042 (ગુજરાત)
- ગુજરાત સ્વાતંત્ર્યપર્વ સુવર્ણજયંતી વિશેષાંક



કાલબાદેવી રોડ





ગોવાલિયા ટૅન્ક




ચર્ચગેટ સ્ટેશન




ગીરગામ




એશિયાટિક હૉલ




બીચ કેન્ડી - મહાલક્ષ્મી મંદિર




એપોલો બંદર



વાલકેશ્વર

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશન